# શ્રી બૃહત્સંગ્રહણી પ્રકરણ સાર્થ

શબ્દાર્થ-ગાથાર્થ-ઉપયોગી વિવેચન, પ્રશ્નો, યંત્રો, તથા મૂળ ગાથા સહિત

પ્રકાશક:
જશવંતલાલ ગીરધરલાલ શાહ
દોશીવાડાની પોળ : અમદાવાદ

કિંમત રૂ. ૫-૦૦

૧૦૫



# બે બોલ

અનંત ઉપકારી પરમાત્મા વીતરાગ–દેવના શાસનને પામ્યે પછી તેઓશ્રીએ જણાવેલા વિષયોનું સુક્ષ્માવલોકન કરી આત્મ નિર્મળ કરવાનો પ્રત્યેક પ્રાણીનો ઉદ્દેશ હોય જ તેમાં પણ ક્ષેત્રસં વિભાગોનું તથા દેવ–નરકનાં વિમાનો અને નરકાવાસાદિનું સવિસ્ત અને અતિસ્પષ્ટ વર્ણન પ્રાકર્ણિક ગ્રંથો પૈકી બૃહત્સંગ્રહણી ગ્રંથમ ગ્રંથકારે જેવું વિશદ કર્યું છે. તેવું અન્ય ગ્રંથોમાં ભાગ્યે જ હશે અને તે ચીજ વર્તમાન યુગમાં અધ્યયન કરતા અભ્યાસકોમાં આ પુસ્તકનું અધ્યયન સવિશેષ વ્યાપ્ત જોવાય છે.

આ ગ્રંથનીરચના જ એવી સરળ છે કે ભાષાન્તરની આવશ્યક્તા રહેતી નથી પરંતુ આબાલગોપાલ જીવો સહેલાઈથી લાભ લઈ શકે તેવા ઉત્તમ આશયથી ત્રીસવર્ષ પહેલાં પંડિત અમૃતલાલભાઈએ આ ગ્રંથનું ભાષાન્તર કરેલું. અને તે એટલું બધું લોકપ્રિય થઈ પડેલું કે આજે આ પુસ્તક અત્યંત અલભ્ય બન્યું છે.

તેથી સ્વ. પૂ. દેવીશ્રીજી મ. સા. ની પુનિતસ્મૃતિનિમિત્તે ગુરુ-ભક્તિ પ્રેરિત તેમનાં શિષ્યા–પ્રશિષ્યાઓએ સદુપદેશદ્વારા પુનઃપ્રકાશિત કરાવી આ ગ્રંથ તેમનાં કરકમલમાં સમર્પિત કર્યો છે.

આ ગ્રંથ છપાવતાં ગ્રંથનું ભાષાન્તર કરનાર પંડિત અમૃ લાલભાઈ સ્વર્ગવાસી થયેલાં હોઈ, તેમનાં ધર્મપત્ની હરકોર બેને ગ્રંથ છપાવવામાં સહર્ષ સાનુમતિ આપી છે તે બદલ તેમની અનુપ ઉદાર ભાવનાનો અમે આભાર માનીએ છીએ.

આ ગ્રંથને ખૂબ ઝડપથી અને કાળજી પૂર્વક સુંદર રીતે છાપ આપવા બદલ શ્રી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસના માલીક શ્રીયુ મણીલાલ છગનલાલ શાહનો તેમજ આ ગ્રંથને આધુનીક યુગ

અભ્યાસકોને અભ્યાસ કરવામાં ખૂબ જ અલભ્ય હોવાના કારણે શ્રીયુત્ જસવંતલાલ ગીરધરલાલ શાહે ખૂબ સાહસ કરીને છપાવી આપવા બદલ, તેમ જ આ ગ્રંથ ખૂબજ શુદ્ધ બને તે રીતે ખૂબજ કાળજી પૂર્વક પ્રુફો તપાસી આપવા બદલ શ્રીયુત્ પંડિત હરજીવનદાસ ભાયચંદ શાહનો,–આ ત્રણે મહાનુભાવોનો પણ આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથ પ્રકાશિત થવાથી ભણનારને સરળતા રહેશે. પ્રેસ-દોષાદિથી રહી ગયેલ ભૂલ બદલ ક્ષમા માગીએ છીએ.

લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

ઠે. ઝવેરીવાડ. ખડતરની ખડકી

અમદાવાદ-૧.

# અનુમોદનાનો અનુપમ અવસર

"શ્રી બૃહત્સંગ્રહણી સાર્થ" નામનું પુસ્તક અમારા તરફથી પ્રકાશિત થયા પછી એટલું બધું લોકપ્રિય અને અગોચર થયું હતું કે તેનું પુનર્મુદ્રણ થવાની ખાસ જરૂર હતી.

પૂજ્ય દેવીશ્રીજી મ. સાહેબની સ્મૃતિ નિમિત્તે તેમનાં શિષ્યા-પ્રશિષ્યાઓ તરફથી તથા **શ્રી. જસવંતલાલ ગીરધરલાલ શાહ** તરફથી આ પુસ્તકની આ બીજી આવૃત્તિ બહાર પડે છે. તે જાણી હું ઘણો જ આનંદ અનુભવું છું અને આવી શાસન પ્રભાવનાની અનુપમ અનુમોદના કરૂં છું.

આ ગ્રંથ છપાવવામાં મારી રજા માગતાં મેં રાજીખુશીથી રજા આપી છે. આ ગ્રંથ અભ્યાસકોના પઠન-પાઠનથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામો. એજ અભ્યર્થના:-

**સ્વ. શ્રાવક અમૃતલાલ પુરુષોત્તમદાસનાં**
**ધર્મપત્ની હરકોરબેન.**

# અનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણ, અભિધેય ( ૩૪ દ્વાર ), પ્રયોજન, સંબંધ અને અધિકારી. | ૧ |


## ૧. દેવોનું આયુષ્ય દ્વાર. ( દેવાધિકાર. )


| | |
|---|---|
| ભવનપતિનું જઘન્ય આયુષ્ય. ... ... ... | ૩ |
| ભવનપતિના દેવ અને દેવીનું ઉત્કૃષ્ટ આયુષ્ય. ... | ૩ |
| ભવનપતિના દેવ દેવીઓનું આયુ સંબંધી યંત્ર. ૧ ... | ૫ |
| વ્યંતરના દેવ દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય. ... | ૫ |
| ,, ,, ,, ,, ,, ,, ,, નું યંત્ર. ૨. | ૫ |
| જ્યોતિષી ,, ,, ઉત્કૃષ્ટ ,, જઘન્ય આયુષ્ય ... | ૬ |
| -પ્રશ્નો ૪ ... ... ... ... ... | ૭ |
| જ્યોતિષી દેવદેવીઓનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્યનું યંત્ર. ૩. | ૮ |
| વૈમાનિક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ... ... ... | ૯ |
| વૈમાનિક દેવોનું જઘન્ય આયુષ્ય ... ... ... | ૧૦ |
| વૈમાનિક દેવોના ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુનું યંત્ર. ૪ ... | ૧૧ |
| વૈમાનિક દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય. ... | ૧૨ |
| સૌધર્મ ઈશાન દેવલોકે દેવીઓનું જઘન્ય ઉત્કૃષ્ટ આયુનું યંત્ર. ૫. | ૧૩ |
| ૫૬ ઇંદ્રોની ૨૭૦ પટરાણીઓ. ... ... ... | ૧૩ |
| ભવનપત્યાદિકના ઇંદ્રોની અગ્રમહિષીઓની સંખ્યાનું યંત્ર. ૬. | ૧૪ |
| વૈમાનિક દેવલોકના ૬૨ પ્રતરો. ... ... ... | ૧૫ |
| સૌધર્મના તેરે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ. ... ... | ૧૬ |
| સૌધર્મ અને ઈશાન દેવલોકના તેરે પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૭. | ૧૬ |
| સનત્કુમારાદિ દેવલોકના દરેક પ્રતરના દેવોનું ઉત્કૃષ્ટાયુ. ... | ૧૭ |
| સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકના બારે પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૮ | ૧૮ |

બ્રહ્મ દેવલોકના ૬ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર ૯. ... ૧૯
લાંતક દેવલોકના ૫ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર ૧૦.... ૧૯
મહાશુક્ર દેવલોકના ૪ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૧૧. ૧૯
સહસ્રાર દેવલોકના ૪ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૧૨. ૧૯
આનત પ્રાણતના ૪ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૧૩. ૨૦
આરણ અચ્યુતના ૪ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૧૪. ૨૦
૯ ગ્રૈવેયકના ૯ પ્રતરનું ઉત્કૃષ્ટાયુનું યંત્ર. ૧૫. ... ૨૦
અનુત્તર વિમાનના ૧ પ્રતરના આયુષ્યનું યંત્ર. ૧૬. ૨૦
વૈમાનિક ઇન્દ્ર અને લોકપાલોનું આયુષ્ય. ૨૧ ... ૨૧
ચારે લોકપાલોનું આયુષ્ય. ... ... ... ૨૨
—પ્રશ્નો ૫ ... ... ... ... ૨૩

## ૨. ભવન દ્વાર.

(ભવનપતિની ૧૦ નિકાય)નાં નામો ... ... ૨૩
ભવનપતિની ૧૦ નિકાયના ૨૦ ઇંદ્રોનાં નામો ... ૨૪
દક્ષિણ દિશાના ઇંદ્રોનાં ભવનો. ... ... ૨૫
ઉત્તર દિશાના ઇંદ્રોનાં ભવનો. ... ... ૨૬
ભવનપતિના ઇંદ્રોનાં નામ અને ભવનોનું યંત્ર ૧૭. ૨૭
ભવનપતિના ભવનોનું સ્થાન અને પ્રમાણ. ... ૨૮
દશે ભવપતિનાં ચિહ્નો. ... ... ... ૨૯
દશે ભવનપતિના શરીરનો વર્ણ. ... ... ૩૦
અસુરકુમારાદિના વસ્ત્રનો વર્ણ. ... ... ૩૦
અસુર કુમારાદિકના સામાનિક અને આત્મરક્ષકો. ... ૩૧
ભવનપતિનાં ચિહ્ન, શરીર અને વસ્ત્રનો વર્ણ, સામાનિક અને આત્મરક્ષકનું યંત્ર. ૧૮. ૩૨
—પ્રશ્નો ૨ ... ... ... ... ... ૩૩
વ્યંતરોનાં નગરો કેટલાં અને કયાં આવ્યાં? ... ૩૩

ભવનપતિ અને વ્યંતરના ઇંદ્રોના ભવનોનો આકાર... ૩૩
વ્યંતરોનાં કાળનું વ્યતીતપણું. ... ... ૩૪
વ્યંતરના ભવનોનું પ્રમાણ અને તેના ૮ ભેદો ... ૩૫
વ્યંતરના ૧૬ ઇંદ્રોનાં નામો ... ... ... ૩૬
ધ્વજાને વિષે વ્યંતર દેવોનાં ચિહ્નો ... ... ૩૬
વ્યંતર દેવોના શરીરનો વર્ણ.... ... ... ૩૭
વાણવ્યંતરના ૮ ભેદ અને તેમનું સ્થાન ... ૩૮
વાણવ્યંતરના ૧૬ ઇંદ્રોનાં નામો ... ... ૩૮
વ્યંતર અને જ્યોતિષીના ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષક દેવો. ૪૦
વ્યંતરના ઇંદ્ર, ચિન્હ, વર્ણ, સામાનિક આત્મરક્ષકની
સંખ્યાનું યંત્ર ૧૯ ૪૦
વાણવ્યંતરના ઇંદ્રો, સામાનિક અને આત્મરક્ષકનું યંત્ર ૨૦. ૪૧
–પ્રશ્નો ૩ ... ... ... ... ... ૪૧
દશ પ્રકારના દેવો ... ... ... ... ૪૨
સાત પ્રકારનું સૈન્ય... ... ... ... ૪૩
ઇંદ્રના ત્રાયસ્ત્રિંશક, પર્ષદા અને લોકપાલાદિકની સંખ્યા ૪૪
વ્યંતર અને જ્યોતિષીમાં ૮ પ્રકારના દેવો ... ૪૪
જ્યોતિષી દેવોનું સ્થાન ... ... ... ૪૫
સમભૂતલાથી જ્યોતિષી દેવોનાં વિમાનો કેટલાં દૂર છે ? ૪૬
સમભૂતલાથી જ્યોતિષી વિમાનોના અંતરનું યંત્ર ૨૧. ૪૭
–પ્રશ્નો ૩ ... ... ... ... ... ૪૮
મેરૂ પર્વત અને અલોકથી જ્યોતિષી વિમાનનું અંતર. ૪૮
જ્યોતિષી વિમાનોનો આકાર અને તે કેટલાં ? ... ૪૯
જ્યોતિષીનાં વિમાનો શેનાં છે ? ... ... ૫૦
ચર જ્યોતિષીના વિમાનોની લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ. ૫૧
મનુષ્ય ક્ષેત્રનું પ્રમાણ અને સ્થિર જ્યોતિષીનાં વિમાનોની
... લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ. ૫૨

જ્યોતિષી દેવોની ગતિ, ઋદ્ધિ તથા તેના વિમાનને વહન કરનાર દેવોનાં વિકુર્વેલ વૈક્રિય રૂપો. ૫૪
—પ્રશ્નો. ૪ ... ... ... ... ... ૫૬
જ્યોતિષીના વિમાનોનું પ્રમાણ અને વિમાન વાહકની સંખ્યાનું યંત્ર. ૨૨. ૫૭
એક ચંદ્રનું સૈન્ય. ... ... ... ... ૫૭
મનુષ્ય ક્ષેત્રમાં તારાના વિમાનોની સંખ્યાના સમાવેશનું સમાધાન. ૫૮
રાહુના વિમાનનું વર્ણન ... ... ... ૫૯
મેરૂ પર્વતના વ્યાઘાતે તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અંતર ૬૧
મેરૂની વ્યાઘાતે તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અંતરનું યંત્ર. ૨૩. ૬૨
જ્યોતિષીનાં વિમાનોને પર્વતના વ્યાઘાતે જઘન્ય અંતર તથા નિર્વ્યાઘાતે ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર ... ૬૨
મનુષ્ય ક્ષેત્રમાં વ્યાઘાત અને નિર્વ્યાઘાતે તારાના વિમાનનું જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતરનું યંત્ર. ૨૪. ... ૬૪
નિષધ પર્વતની વ્યાઘાતે તારાના વિમાનનુ જઘન્ય અંતરનું યંત્ર. ૨૫. ... ... ... ૬૪
સ્થિર ચંદ્ર અને સૂર્યના વિમાનોનું પરસ્પર અંતર. ૬૫
સ્થિર ચંદ્રથી ચંદ્રના અને સૂર્યથી સૂર્યના ... વિમાનનું પરસ્પર અંતર ... ૬૫
સ્થિર ચંદ્ર અને સૂર્યના વિમાનના અંતરનું યંત્ર. ૨૬. ૬૬
સ્થિર ચંદ્ર અને સૂર્યની ઓળખાણ ... ... ૬૭
—પ્રશ્નો. ૪ ... ... ... ... ... ૬૭
દ્વીપ સમુદ્રો કેટલા, કેવડા અને કેવા આકારના ... ૬૮
પહેલો દ્વીપ અને છેલ્લો સમુદ્ર કયો ? ... ... ૬૯
દ્વીપોનાં નામ ... ... ... ... ૬૯
સમુદ્રોનાં નામો ... ... ... ... ૭૦

|  |  |
|---|---|
| ીપ સમુદ્રોનાં નામો ... ... ... | ૭૩ |
| પાણી અને મત્સ્યનું પ્રમાણ ... ... | ૭૬ |
| પાણી અને મત્સ્યના પ્રમાણનું યંત્ર. ૨૭... | ૭૮ |
| સમુદ્રને વિષે ચંદ્ર સૂર્યની ગણત્રી ... | ૭૮ |
| ા અને એ સમુદ્રના ચંદ્રાદિકની સંખ્યાનું યંત્ર. ૨૮ | ૮૦ |
| માં ચંદ્ર અને સૂર્યની પંક્તિની સંખ્યા ... | ૮૧ |
| માં ગ્રહાદિકની પંક્તિની સંખ્યા. ... | ૮૨ |
| ... ... ... ... ... | ૮૩ |
| સૂર્યનાં માંડલાં અને તેમનું ચાર ક્ષેત્ર.... | ૮૩ |
| સૂર્યના દરેક મંડલનું અંતર.... ... | ૮૪ |
| અને લવણ સમુદ્રમાં ચંદ્ર સૂર્યનાં માંડલાં કેટલાં ? | ૮૬ |
| ુદ્રમાં અને જંબૂદ્વીપમાં ચંદ્ર સૂર્યને ફરવાનું ક્ષેત્ર | ૮૭ |
| માં ગ્રહ, નક્ષત્ર અને તારાની સંખ્યા જાણવાનો ઉપાય. | ૮૮ |
| ... ... ... ... ..., | ૮૯ |
| દેવલોકનાં વિમાનોની સંખ્યા ... ... | ૮૯ |
| ાં વિમાનોની સંખ્યા તથા મધ્યમાં ... ઇંદ્રક વિમાનોની સંખ્યા. ... | ૯૧ |
| રે દરેક દિશામાં પંક્તિગત વિમાનની સંખ્યા. | ૯૨ |
| ષે ત્રિખુણાં આદિ વિમાનોનો ક્રમ. ... | ૯૩ |
| વેષે ત્રિખુણાં આદિ વિમાનોના ક્રમની સ્થાપના. ૨૯ | ૯૪ |
| ારના ઇંદ્રક વિમાનની ચારે દિશાએ ૬૨ વિમાનની પંક્તિનું સ્થાન ... | ૯૪ |
| રેક પ્રતરોમાં વાટલાદિ વિમાનોની સમશ્રેણિ. | ૯૬ |
| એક દિશામાં શ્રેણિગત વિમાનોની સ્થાપના. ૩૦. | ૯૭ |
| વિમાનોનાં દ્વાર ... ... ... | ૯૭ |
| ોને ગઢ અને કયા વિમાનોને વેદિકા હોય ? | ૯૮ |
| ાવાળા ગોળ વિમાનની ફરતા ગઢની સ્થાપના. ૩૧. | ૯૮ |

ચાર દરવાજાવાળા ચોખંડા વિમાનની ફરતી વેદિકાની સ્થાપના ૩૨. ૯૯
ત્રિખુણાં વિમાનની કઇ બાજુએ ગઢ અને કઈ બાજુએ વેદિકા. ૯૯
—પ્રશ્નો. ૩ ... ... ... ... ... ૧૦૦
ત્રણ દરવાજાવાળા ત્રિખુણીયા વિમાનની સ્થાપના. ૩૩, ૧૦૦
પંક્તિગત તથા પુષ્પાવકીર્ણ વિમાનોનું અંતર ... ૧૦૧
વિમાનોનું રમણિકપણું ... ... ... ૧૦૧
કયા ઇંદ્રનાં કઈ દિશાનાં પંક્તિગત વિમાનો ... ૧૦૨
દરેક દેવલોકે શ્રેણિનાં વિમાનોની સંખ્યા જાણવાનો ઉપાય. ૧૦૪
—પ્રશ્ન. ૧ ... ... ... ... ... ૧૦૫
ઉર્ધ્વલોકના દરેક દેવલોકનાં શ્રેણિગત વિમાનોની સંખ્યાનું યંત્ર. ૩૪. ૧૦૬
દેવલોકના દરેક પ્રતરનાં પંક્તિગત વાટલાદિક વિમાનોની સંખ્યા કરવાનો ઉપાય. ૧૦૭
દેવલોકના દરેક પ્રતરનાં પંક્તિગત વિમાનોની સંખ્યાનું યંત્ર. ૩૫. ૧૦૯
સૌધર્મેંદ્રના વાટલાં ત્રિખુણાં અને ચોખુણાં વિમાનોની સંખ્યા. ૧૧૧
ઇશાનેંદ્રનાં વાટલાં ત્રિખુણાં અને ચોખુણાં વિમાનોની સંખ્યા. ૧૧૧
દેવલોકનાં ત્રિખુણાં આદિ વિમાનોની સંખ્યા જાણવાનું યંત્ર. ૩૬. ૧૧૨
—પ્રશ્ન. ૧ ... ... ... ... ... ૧૧૨
તમસ્કાયનું સ્વરૂપ ... ... ... ... ૧૧૩
બાહેર અને અંદરની કૃષ્ણરાજી તથા લોકાન્તિકનું સ્વરૂપ. ૧૧૪
વૈમાનિકના ૧૦ ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષકો. ૧૧૬
—પ્રશ્ન. ૧ ... ... ... ... ... ૧૧૬
આઠ કૃષ્ણરાજીની સ્થાપના. ૩૭. ... ... ૧૧૭
સૌધર્માદિ બાર દેવલોકના દેવોનાં ચિહ્નો ... ... ૧૧૭

ઉર્ધ્વલોકનાં વિમાનો કોને આધારે રહ્યાં છે? તે કહે છે. ૧૧૯
વૈમાનિક દેવલોકે પૃથ્વીનો પિંડ અને વિમાનની ઉંચાઈ ૧૨૦
દેવોનાં વિમાનો અને ભવનોનો વર્ણ ... ... ૧૨૨
—પ્રશ્ન. ૧ ... ... ... ... ... ૧૨૩
સૌધર્માદિકમાં વિમાનનું લાંબપણું, પહોળપણું, માંહેની અને બહારની પરિધિ માપવાની રીતિ. ૧૨૩
સૌધર્માદિકના સામાનિક, આત્મરક્ષક, ચિહ્ન, વિમાનનો આધાર, પૃથ્વીપિંડ, વિમાનની ઉંચાઈ અને વર્ણનું યંત્ર. ૩૮. ૧૨૪
વિમાનનું પ્રમાણ માપવા માટે કલ્પના કરેલી દેવોની ગતિનું યંત્ર. ૩૯. ૧૨૭
—પ્રશ્ન. ૧ ... .. ... ... ... ૧૩૦
પહેલા અને છેલ્લા ઇંદ્રિક વિમાનની લંબાઈ અને પહોળાઈ. ૧૩૧
૬૨ પ્રતરના મધ્ય ભાગે ૬૨ ઇંદ્રક વિમાનોનાં નામો. ૧૩૧
૪૫ લાખ યોજન અને ૧ લાખ યોજન પ્રમાણનું શું શું? ૧૩૫
૧૪ રાજલોકની ગણત્રી. ... ... ... ૧૩૬
કયા જીવો કેટલા રાજલોક સ્પર્શે તથા ૧૪ રાજલોકની વ્યવસ્થા. ૧૩૭

### ૩. અવગાહના દ્વાર.

દેવોની અવગાહના ... ... ... ... ૧૩૮
સનત્કુમારાદિ દેવોને વિષે સ્થિતિ તથા એકેક સાગરોપમની વૃદ્ધિએ શરીરનું પ્રમાણ. ૧૪૦
—પ્રશ્નો. ૩ ... ... ... ... .. ૧૪૩
દરેક સાગરોપમે વૈમાનિક દેવોના શરીરના પ્રમાણનું યંત્ર ૪૦. ૧૪૪
વિકુર્વેલ વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ.... ... ૧૪૪
મૂલ વૈક્રિય અને વિકુર્વેલ વૈક્રિય શરીરનું જઘન્ય પ્રમાણ. ૧૪૫

---

દેવગત્યાદિકને વિષે ઉત્કૃષ્ટથી ઉપપાત અને ચ્યવન વિરહકાલ ૧૪૬

| | |
|---|---|
| ભવનપત્યાદિ દેવોને વિષે ઉત્કૃષ્ટથી ઉપપાત વિરહકાલ. | ૧૪૭ |
| દેવોનો જઘન્ય ઉપપાત અને ચ્યવન વિરહકાલ તથા ઉપપાત અને ચ્યવન સંખ્યા. | ૧૪૮ |
| —પ્રશ્ન. ૧ ... ... ... ... ... | ૧૪૯ |
| દેવોના ઉપપાત વિરહ અને ચ્યવન વિરહકાળનું યંત્ર ૪૧. | ૧૫૦ |
| **દેવતાની આગતિ** ... ... ... | ૧૫૧ |
| કયા જીવો દેવગતિજ પામે. ... ... ... | ૧૫૨ |
| સમૂચ્છિંમ તિર્યંચો મરીને ભવનપતિ અને વ્યંતરમાં કેટલા આયુષ્યે ઉપજે. | ૧૫૩ |
| જીવ કયા કારણોથી ભવનપતિમાં ઉપજે. ... | ૧૫૪ |
| જીવ કયા કારણોથી વ્યંતરમાં ઉપજે ... ... | ૧૫૫ |
| —પ્રશ્ન. ૨ ... ... ... ... ... | ૧૫૫ |
| કયા જીવો ઉત્કૃષ્ટથી કયા દેવલોક સુધી જાય ... | ૧૫૬ |
| મિથ્યાદષ્ટિનું લક્ષણ ... ... ... ... | ૧૫૭ |
| કોનું કોનું રચેલું સૂત્ર કહેવાય. ... ... | ૧૫૮ |
| છદ્મસ્થ સાધુઓની ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ અને તેમના... શ્રાવકોની જઘન્યથી ઉત્પત્તિ કયા દેવલોક સુધી. | ૧૫૯ |
| ચૌદપૂર્વી અને તાપસોની જઘન્યથી ઉત્પત્તિ કયા દેવો સુધી હોય ? | ૧૫૯ |
| —પ્રશ્નો. ૨ ... ... ... ... ... | ૧૬૦ |
| ૬ સંઘયણનું સ્વરૂપ ... ... ... ... | ૧૭૦ |
| કયા કયા જીવોને કેટલા સંઘયણ હોય ? ... | ૧૬૧ |
| કયા સંઘયણથી મરીને ઉત્કૃષ્ટથી કયા દેવલોક સુધી ગતિ હોય ? | ૧૬૨ |
| ૬ સંસ્થાનનું સ્વરૂપ અને કયા જીવોને કેટલાં સંસ્થાન હોય ? | ૧૬૩ |
| **દેવતાની ગતિ** ... ... ... ... | ૧૬૫ |

દેવોને દેવીઓની સાથે જે રીતે સંભોગ છે અથવા
સર્વથા નથી તે પ્રકાર કહે છે. ૧૬૭
વીતરાગનું સુખ ... ... ... ... ૧૬૯
દેવીઓની ઉત્પત્તિ તથા દેવી અને દેવોનું ગમનાગમન. ૧૭૦
કિલ્બીષિયાનું આયુષ્ય અને ઉત્પત્તિ સ્થાન. ... ૧૭૧
સૌધર્મમાં અપરિગૃહીતા દેવીનાં વિમાન, આયુષ્ય અને
તે દેવી કયા દેવોને ઉપભોગ યોગ્ય. ૧૭૨
—પ્રશ્ન ૧ ... ... ... ... ... ૧૭૪
ઈશાનમાં અપરિગૃહીતા દેવીનાં વિમાન, આયુષ્ય અને
તે દેવી કયા દેવોને ઉપભોગ યોગ્ય. ૧૭૪
૬ લેશ્યામાંથી કયા દેવોને કેટલી લેશ્યા હોય? તથા
વૈમાનિક દેવોના શરીરનો વર્ણ. ૧૭૬
સૌધર્મ અને ઈશાનમાં કેટલા આયુષ્યવાળી
અપરિગૃહીતા કયા દેવોને કેવી રીતે ભોગ્ય તથા વૈમાનિક
દેવોને લેશ્યા અને શરીરના વર્ણનું યંત્ર. ૪૨. ૧૭૮
—પ્રશ્ન. ૨ ... ... ... ... ... ૧૭૯
જઘન્ય આયુષ્યવાળા દેવોને આહાર અને શ્વાસોશ્વાસનું સ્વરૂપ. ૧૭૯
મુહૂર્ત અને અહોરાત્રિના શ્વાસોશ્વાસ કેટલા? તથા સાગરોપમ
આયુષ્યવાળા દેવોને શ્વાસોશ્વાસ અને આહારનું સ્વરૂપ. ૧૮૦
કાળના પ્રમાણનું કોષ્ટક. ૪૩. ... ... ... ૧૮૨
જઘન્ય આયુષ્યથી અધિક અને સાગરોપમથી ન્યૂન
આયુષ્યવાળા દેવોને આહાર અને શ્વાસોશ્વાસનું સ્વરૂપ. ૧૮૨
—પ્રશ્નો. ૨ ... ... ... ... ... ૧૮૩
દેવોને આયુષ્ય ઉપર આહાર અને ઉચ્છ્વાસના પ્રમાણનું
યંત્ર ૪૪. ૧૮૪
આહારના ૩ ભેદ ... ... ... ... ૧૮૫

ત્રણે આહાર કયા જીવોને કઈ અવસ્થાને વિષે હોય ૧૮૬
બીજી રીતે ૩ પ્રકારના આહાર. ... ... ૧૮૭
વિકલેંદ્રિય નારકી તિર્યંગ અને મનુષ્યને આહારને વિષે
કાલનું પ્રમાણ. ૧૮૮
કયા જીવો અણાહારી ને કયા જીવો આહારી. ... ૧૯૦
દેવોનું સ્વરૂપ. ... ... ... ... ૧૯૧
કયા કારણોથી દેવતા મનુષ્યલોકમાં આવે. ... ૧૯૩
કયા કારણોથી દેવતા મનુષ્યલોકમાં ન આવે. ... ૧૯૪
મનુષ્ય લોકની દુર્ગંધ કેટલા યોજન સુધી ઉંચે ઉછળે ? ૧૯૫
વૈમાનિક દેવો અવધિ જ્ઞાનથી ઉત્કૃષ્ટ કેટલું ક્ષેત્ર દેખે ? ૧૯૬
ગ્રૈવેયક અને અનુત્તર દેવોનું અવધિજ્ઞાન. ... ૧૯૭
ભવનપત્યાદિ દેવોનું અવધિજ્ઞાન. ... ... ૧૯૮
અવધિજ્ઞાનનું જઘન્ય વિષયક્ષેત્ર તથા નારકી અને દેવોને
અવધિજ્ઞાનનો આકાર ૨૦૦
કયા જીવો અવધિજ્ઞાનથી કઈ દિશા તરફ વધુ જુએ. ૨૦૧
ભવનપત્યાદિ દેવોના ભવપ્રત્યયિક અવધિજ્ઞાનના ક્ષેત્રાદિકનું
યંત્ર. ૪૫. ૨૦૩

(નરકાધિકાર) ૧. આયુષ્ય દ્વાર.

સાતે નરક પૃથ્વીના નારકીનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય ૨૦૪
,, ,, ,, ,, ,, જઘન્યાયુનું યંત્ર ૪૬. ૨૦૫
રત્નપ્રભાના ૧૩ પ્રતરના નારકીનું ,, જઘન્યનું પ્રમાણ ૨૦૫
,, ,, ,, ,, ,, પ્રમાણનું યંત્ર. ૪૭ ૨૦૬
શાર્કરા પ્રભા આદિ નરક પૃથ્વીને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ
જાણવાને માટે કરણ ૨૦૭
—પ્રશ્નો ૪ ... ... ... ... ... ૨૦૮
શાર્કરા પ્રભા આદિ પૃથ્વીના દરેક પ્રતરનું ઉત્કૃષ્ટ જઘન્યાયુ
યંત્ર. ૪૮. ૨૦૯

૧૦ પ્રકારની ક્ષેત્ર વેદના, ... ... ... ૨૧૦
બીજી રીતે ૧૦ પ્રકારની ક્ષેત્ર વેદના ... ... ૨૧૧
૩ વેદનામાંની કઈ વેદના કેટલી નરક સુધી હોય.... ૨૧૩

## ૨. ભવન દ્વાર.

સાતે નરક પૃથ્વીમાં ગોત્ર ... ... ... ૨૧૫
સાતે નરકનાં નામ તથા આકાર ... ... ૨૧૬
સાતે નરક પૃથ્વીનો પિંડ તથા તેનો આધાર ... ૨૧૭
—પ્રશ્નો, ૩ ... ... ... ... ... ૨૧૯
નરકનાં નામ, ગોત્ર, પૃથ્વીપિંડ, મધ્યભાગે ઘનોદધિ આદિ
વલયોના પ્રમાણનું યંત્ર. ૪૯ ૨૧૯
નરક પૃથ્વીના છેડે ચારે દિશાએ ઘનોદધિ આદિ ૩
વલયનો વિસ્તાર ૨૧૯
દરેકે દરકે પૃથ્વીના નરકાવાસા... ... ... ૨૨૨
દરેક પૃથ્વીના પ્રતરો ... ... ... ૨૨૩
નરક પૃથ્વીની ચારે દિશાએ છેડે ઘનોદધિ આદિ ૩
વલયના વિસ્તારનું યંત્ર. ૫૦. ૨૨૪
ઇંદ્રક નરકાવાસા થકી નીકળેલી ૮ શ્રેણિઓને વિષે નરકાવાસા. ૨૨૪
દરેક પ્રતરે દિશિ વિદિશિની શ્રેણિના મળેલા સર્વ
નરકાવાસાની સંખ્યા જાણવાનો ઉપાય. ૨૨૬
પહેલી પૃથ્વીના દિશિ વિદિશિના પંક્તિગત નરકાવાસાનું યંત્ર. ૫૧. ૨૨૮
બીજી ,, ,, ,, ,, ,, ,, ૫૨. ૨૨૯
ત્રીજી અને ચોથી ,, ,, ,, ,, ૫૩. ૨૩૦
પાંચમી છઠ્ઠી અને સાતમી ,, ,, ,, ૫૪. ૨૩૧
સાતે પૃથ્વીના પંક્તિગત નરકાવાસાની ગણત્રીનું ,, ૫૫. ૨૩૨
,, ,, આવલિકાગત નરકાવાસા અને
પુષ્પાવકીર્ણ નરકાવાસા. ૨૩૩

સાતે નરકના નરકાવાસાની કુલ સંખ્યાનું યંત્ર. ૫૬. ૨૩૪
નરકાવાસાનું ઉંચપણું પહોળપણું અને લાંબપણું ... ૨૩૫
સાતે નરક પૃથ્વીને વિષે નરકાવાસા રહિત ક્ષેત્ર ... ૨૩૬
નરક પૃથ્વીના દરેક પ્રતરનું અંતર ... ... ૨૩૬
નરક પૃથ્વીના પિંડના આંતરાની ગણત્રીનું યંત્ર. ૫૭. ૨૪૦
રત્નપ્રભા પૃથ્વી પિંડની ગણત્રીનું યંત્ર. ૫૮. ... ૨૪૧

૩. જું અવગાહના દ્વાર.

સાતે નરક પૃથ્વીને વિષે નારકીઓના શરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણુ ૨૪૩
રત્નપ્રભાના ૧૩ પ્રતરના નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન ... ૨૪૩
,, ,, ,, ,, ,, ,,નું યંત્ર. ૫૯. ૨૪૪
—પ્રશ્ન. ૧. ... ... ... ... ... ૨૪૪
શર્કરા પ્રભા વિગેરેના દરેક પ્રતરે નારકીના ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણુ ૨૪૫
—પ્રશ્ન ૧. ... ... ... ... ... ૨૪૭
શર્કરાદિક પૃથ્વીના દરેક પ્રતરે નારકીના ઉત્કૃષ્ટ દેહમાનનું યંત્ર. ૬૦. ૨૪૮
નારકીના ઉતર વૈક્રિય શરીરનું જઘન્ય અને ઉત્કૃષ્ટ પ્રમાણુ તથા મૂલ શરીરનું જઘન્ય પ્રમાણુ. ૨૪૯
**સાતે નારકીનો ઉત્કૃષ્ટ અને જઘન્ય ઉપપાત વિરહ અને ચ્યવનવિરહ, ઉપપાત અને ચ્યવનસંખ્યા તથા આગતિ.** ૨૪૯
કયા કરણોથી જીવ નરકાયુ બાંધે ... ... ૨૫૧
સાતે નરક પૃથ્વીના નારકીનું શરીર, વિરહકાલ, ...
ઉપપાત સંખ્યા, ચ્યવન સંખ્યા અને ગત્યાગતિનું યંત્ર. ૬૧. ૨૫૨
કયા જીવો ઉત્કૃષ્ટથી મરીને કેટલી નરક સુધી જાય ? ૨૫૩
કેટલાક તિર્યંચોની પ્રાયઃઆગતિ અને ગતિ ... ૨૫૪
કયા સંઘયણવાળો મરીને કેટલી નરક સુધી જાય ? તથા નારકીને લેશ્યા કેટલી ? ૨૫૫

રત્નપ્રભાદિ પૃથ્વીના નારકીને વિષે લેશ્યા. ... ૨૫૬
દ્રવ્ય અને ભાવ લેશ્યાનું સ્વરૂપ અને તે લેશ્યા ચારે ગતિમાં કેવી રીતે હોય ? ૨૫૭
**નારકીની** ગતિ અને આગામી ભવમાં વધુમાં વધુ પ્રાપ્તિ. ૨૫૯
—પ્રશ્ન. ૪. ... ... ... ... ... ૨૬૧
સાતે નારકીનું ઉત્કૃષ્ટ અને જઘન્યથી અવધિ ક્ષેત્ર. ૨૬૨
નારકીને લેશ્યા અવધિક્ષેત્ર ગતિ અને લબ્ધિનું યંત્ર. ૬૨. ૨૬૩

**મનુષ્યાધિકાર**

મનુષ્યનું આયુષ્ય અને અવગાહના દ્વાર ... ૨૬૪
મનુષ્યનો ઉત્કૃષ્ટ અને જઘન્ય ઉપપાત અને ચ્યવન વિરહકાળ તથા ઉપપાત અને ચ્યવન સંખ્યા ૨૬૫
મનુષ્યની આગતિ ... ... ... ... ૨૬૬
મનુષ્યનાં ૮ દ્વારનું યંત્ર. ૬૩.... ... ... ૨૬૭
ચક્રવર્તિ, બલદેવ અને અરિહંતની આગતિ ... ૨૬૮
૧૪ રત્નોની આગતિ ... ... ... ૨૬૯
૧૪ રત્નોનાં નામ અને પ્રમાણ ... ... ૨૭૦
વાસુદેવનાં ૬ રત્નોનાં નામ ... ... ... ૨૭૩
—પ્રશ્ન. ૧. ... ... ... ... ... ૨૭૩
ચક્રી અને વાસુદેવનાં રત્નોનાં નામ તથા અઢી દ્વીપમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી એકી વખતે થયેલ તીર્થંકરાદિકની સંખ્યાનું યંત્ર.૬૪ ૨૭૪
**મનુષ્યની** ગતિ અને ૧ સમયે મોક્ષમાં કેટલા જાય ? ૨૭૫
૩ વેદ અને ૩ લિંગને આશ્રયીને ૧ સમયે મોક્ષમાં કેટલા જાય ? ૨૭૫
અવગાહના, દિશા અને જલને આશ્રયિને ૧ સમયે મોક્ષમાં કેટલા જાય ? ૨૭૬
દરેક ગતિ આદિમાંથી આવેલા ૧ સમયે મોક્ષે કેટલા જાય ? ૨૭૮
—પ્રશ્ન. ૨. ... ... ... ... ... ૨૮૦
વેદ આશ્રયીને ૯ ભાંગામાંથી કયા ભાંગે કેટલા મોક્ષે જાય ? તથા સિદ્ધિ ગતિને વિષે જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાલ. ૨૮૦

કેટલા સમય સુધી કેટલા જીવો નિરંતર મોક્ષમાં જાય અને પછી અંતર પડે. ૨૮૩
મનુષ્યમાંથી ૧ સમયે ઉત્કૃષ્ટથી કેટલા સિદ્ધ થાય તેનું યંત્ર. ૬૫. ૨૮૪
નિરંતર સિદ્ધ થાય તેનું યંત્ર ૬૬ ... ... ૨૮૬
સિદ્ધનું ક્ષેત્ર ... ... ... ... ૨૮૭
—પ્રશ્ન. ૨. ... ... ... ... ... ૨૮૮

## (તિર્યંચાધિકાર) આયુષ્ય દ્વાર.

એકેંદ્રિય અને પચેંદ્રિય તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૮૯
પૃથ્વીકાયના ભેદો અને તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ... ૨૯૦
ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચના ભેદોનું ઉત્કૃષ્ટ આયુષ્ય... ૨૯૧
પૂર્વનું પ્રમાણ ... ... ... ... ૨૯૧
સમૂચ્છિંમ પંચેંદ્રિય તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ... ૨૯૨
પૃથ્વીકાયાદિ ચારની કાયસ્થિતિ ... ... ૨૯૩
વનસ્પતિ વિકલેંદ્રિય પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યની કાયસ્થિતિ ૨૯૪
સર્વની જઘન્ય ભવસ્થિતિ અને કાયસ્થિતિ તથા તિર્યંચ ગતિવાળા જીવોના ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ ૨૯૫
એકેંદ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના ... ... ૨૯૬
વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ દેહમાન ક્યાં હોય ? તે કહે છે. ૨૯૮
વિકલેંદ્રિય અને સમૂચ્છિંમ તિર્યંચોનું ઉત્કૃષ્ટ દેહમાન. ૨૯૮
ગર્ભજ તિર્યંચ જીવોના શરીરનું પ્રમાણ. ... ૨૯૯
બંને પ્રકારના ખેચરનું ઉત્કૃષ્ટ દેહમાન અને તિર્યંચ જીવોનું જઘન્ય દેહમાન ૩૦૦

---

વિકલેંદ્રિય અસંજ્ઞી અને ગર્ભજ જીવોનો ઉત્કૃષ્ટ અને જઘન્ય વિરહકાળ તથા સંખ્યા ૩૦૧
એકેંદ્રિયાદિ જીવોનો જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપપાત વિરહ

અને ચ્યવન વિરહકાલનું યંત્ર ૬૭. ૩૦૨
એકેંદ્રિય જીવોની ઉપપાત અને ચ્યવન સંખ્યા ... ૩૦૩
નિગોદનું સ્વરૂપ ... ... ... ... ૩૦૪
કયા કર્મથી જીવ એકેંદ્રિયપણું પામે? ... ... ૩૦૬
**તિર્યંચની આગતિ** તથા દેવતા અને નારકીની ગતિ ૩૦૭

---

**તિર્યંચની** ગતિમાંથી મરણ પામીને કયાં ઉપજે અને ત્યાં તેમને શી પ્રાપ્તિ થઈ શકે? ૩૦૮
તિર્યંચ ગતિ અને મનુષ્ય ગતિને વિષે લેશ્યા ... ૩૧૦
કયા ભવની લેશ્યા વડે જીવ મરણ પામે? ... ૩૧૧
તિર્યંચ અને મનુષ્યને વિષે લેશ્યાની સ્થિતિ ... ૩૧૩
તિર્યંચગતિ અને મનુષ્યગતિને વિષે ૭ દ્વારોનું યંત્ર. ૬૮. ૩૧૪
—પ્રશ્ન. ૨. ... ... ... ... ... ૩૧૬

---

ગત્યાદિકમાં રહેલા જીવોને વેદ કેટલા? તે કહે છે... ૩૧૬
ત્રણ પ્રકારના અંગુલે કરીને શું માપી શકાય? તે કહે છે. ૩૧૭
સૂક્ષ્મ પરમાણુનું સ્વરૂપ ... ... ... ૩૧૮
ઉત્સેધાંગુલાદિકનું સ્વરૂપ ... ... ... ૩૧૯
પ્રમાણાંગુલ અને આત્માંગુલનું સ્વરૂપ ... ... ૩૨૦
૮૪ લાખ યોનિમાંથી કયા જીવોની કેટલી યોનિ?... ૩૨૧
યોનિમાં કુલકોડી ... ... ... ... ૩૨૨
—પ્રશ્ન. ૧. ... ... ... ... ... ૩૨૪
પૃથ્વીકાયાદિ જીવોની યોનિ અને કુલ કોડીનું યંત્ર. ૬૯ ૩૨૫
ત્રણ રીતે ૩ પ્રકારે યોનિ કહે છે. ... ... ૩૨૬
મનુષ્યણીની ૩ પ્રકારે યોનિ ... ... ... ૩૨૯

---

આયુષ્ય સંબંધી ૭ દ્વારો ... ... ... ૩૩૦
આયુષ્યનો બંધકાળ ... ... ... ૩૩૧
આયુષ્યનો અબાધાકાળ અને સમયે ગતિ ... ૩૩૩
ૠજુગતિમાં આહારનો ઉદય કયા સમયે ? અને બંને ગતિમાં પરભવના આયુષ્યનો ઉદય કયા સમયે ? ૩૩૪
વક્રગતિમાં પરભવનો આહાર કયા સમયે હોય ? તથા કેટલા સમય સુધી જીવ અણાહારી હોય ? ૩૩૬
અપવર્તનીય આયુષ્ય... ... ... ... ૩૩૭
અનપવર્તનીય આયુષ્ય ... ... ... ૩૩૮
કયા જીવો નિરૂપક્રમી અને કયા જીવો સોપક્રમી ... ૩૩૯
સોપક્રમ અને નિરૂપક્રમનાં કારણ ... ... ૩૪૦
સોપક્રમી જીવોનાં આયુષ્ય ૭ પ્રકારે ઘટે, તે કહે છે. ૩૪૧

---

સર્વ જીવોને પર્યાપ્તિ કહે છે. ... ... ... ૩૪૨
પર્યાપ્તિનું લક્ષણ ... ... ... ... ૩૪૩
એકેંદ્રિયાદિક જીવોને પ્રાણ કેટલા ? તે કહે છે. ... ૩૪૪
આ ગ્રંથ કયા ગ્રંથમાંથી ઉદ્ધર્યો, તે કહે છે. ... ૩૪૫
ચોવીશ દ્વાર ... ... ... ... ૩૪૫
૨૪ દંડકને વિષે ૨૪ દ્વારનું યંત્ર. ૭૦ ... ... ૩૪૮
આ ગ્રંથના રચનાર કોણ ? તે કહે છે ... ... ૩૫૦
પ્રશ્ન. ૧૦.... ... ... ... ... ૩૫૧
પ્રક્ષેપ ગાથાઓ ૧૮ ... ... ... ... ૩૫૨
બૃહત્સંગ્રહણી મૂલ ... ... ... ... ૧ થી ૩૨

---

श्री

# બૃહત્સંગ્રહણી પ્રકરણસાર્થ.

## મંગળાચરણ અને ૩૪ દ્વાર.

**નમિઉં અરિહંતાઈં, ઠિઈ ભવણો-ગાહણા ય પત્તેયં,**
**સુર-નારયાણ વુચ્છં, નર તિરિયાણં વિણા ભવણં. ૧.**
**ઉવવાય-ચવણ-વિરહં, સંખં ઇગ-સમઇયં ગમા-ગમણે,**

**નમિઉં**-નમસ્કાર કરીને.
**અરિહંતાઇં**-અરિહંત ભગવાન વિગેરેને.
**ઠિઈ**-સ્થિતિ, આયુષ્ય.
**ભવણ**-ભવન કે વિમાન.
**ઓગાહણા**-શરીરનું પ્રમાણ.
**પત્તેયં**-દરેકની.
**સુર નારયાણ**-દેવ અને નારકીનું.
**વુચ્છં**-કહીશ.
**નરતિરિયાણં**-મનુષ્ય અને તિર્યંચોને.
**વિણા ભવણં**-ભવન વિના.
**ઉવવાય**-ઉત્પાત, જન્મ.
**ચવણ**-ચ્યવન, મરણ.
**વિરહં**-વિરહ.
**સંખં**-સંખ્યાએ ગણતાં.
**ઇગ સમઇયં**-એક સમયે.
**ગમાગમણે**-ગતિ અને આગતિ.

**શબ્દાર્થ**—અરિહંત ભગવાન વિગેરેને નમસ્કાર કરીને દેવતા અને નારકીનું, ૧ આયુષ્ય. ૨ ભવન. ૩ અવગાહના. અને મનુષ્ય અને તિર્યંચને ભવન વિના (બે દ્વાર). ૪ ઉપપાત વિરહ. ૫ ચ્યવન વિરહ. ૬ એક

સમયે સંખ્યાએ ગણુતાં ઉપપાત. ૭ એક સમયે સંખ્યાએ ગણુતાં ચ્યવન. ૮ ગતિ અને ૯ આગતિ એ દરેકની કહીશું.

**વિવેચન**—અરિહંતાદિ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીને દેવતા અને નારકીનું આયુષ્ય, ભવન અને શરીરનું પ્રમાણુ કહીશું. તથા મનુષ્ય અને તિર્યંચોને ભવન વિના એ દ્વાર કહીશું. કારણુ કે મનુષ્ય અને તિર્યંચોનાં ઘર અશાશ્વતાં છે તથા દેવતા અને નારકીનાં ભવનોમાં એકેંદ્રિય જીવોની ઉત્પત્તિ થતી હોવાથી તે ભવનો શાશ્વતાં હોય છે. એક દેવ ઉત્પન્ન થયા પછી બીજો દેવ કેટલા કાળને આંતરે ઉપજે તે ઉપપાત વિરહ, તથા એક દેવ મરણુ પામ્યા પછી બીજો દેવ કેટલા કાળને આંતરે મરણુ પામે તે ચ્યવન વિરહ. એક સમયે સંખ્યાએ ગણુતાં કેટલા દેવ ઉપજે તે ઉપપાત સંખ્યા. એક સમયે સંખ્યાએ ગણુતાં કેટલા દેવ ચ્યવે તે ચ્યવન સંખ્યા. દેવાદિ મરીને કઈ ગતિમાં જાય તે ગતિ. અને કઈ ગતિમાંથી નીકળેલા જીવો દેવાદિ ગતિમાં આવે તે આગતિ. એ પ્રમાણે દેવતાનાં ૯, નારકીનાં ૯, મનુષ્યનાં ૮ અને તિર્યંચનાં ૮ મળી કુલ ૩૪ દ્વાર કહીશું. એ **૧. અભિધેય** (ગ્રંથનો વિષય) કહ્યો.

**૨. પ્રયોજન** બે પ્રકારે–ગ્રંથ કર્ત્તા તથા શ્રોતાનું અનંતર અને પરંપર. તેમાં ગ્રંથ કર્ત્તાનું અનંતર (તાત્કાલિક) પ્રયોજન પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવો અને શ્રોતાનું અનંતર પ્રયોજન દેવાદિકનું સ્વરૂપ જાણવું. ગ્રંથકર્ત્તા અને શ્રોતાનું પરંપરાએ પ્રયોજન જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવી, એ પરંપર પ્રયોજન.

**૩. સંબંધ બે પ્રકારે**—સાધ્ય સાધન અને તેથી પર્વક્રમ લક્ષણ. તેમાં આ સંગ્રહણી ગ્રંથ તે સાધન અને તેથી થતું જ્ઞાન તે સાધ્ય તથા ગુરૂ પર્વક્રમ લક્ષણ તે આ ગ્રંથ અર્થથી મહાવીર સ્વામીએ કહ્યો તથા સુધર્માસ્વામીએ દ્વાદશાંગીમાં ગુંથ્યો. તેમાંથી શ્યામાચાર્યાદિકે પન્નવણાદિ સૂત્રોમાં ઉદ્ધર્યો, તેમાંથી જિનભદ્રગણી ક્ષમાશ્રમણે મોટી સંગ્રહણીમાં કહ્યો તેમાં અન્ય અન્ય ગાથા નાંખવા વડે ૪૦૦-૫૦૦ ગાથા વાળી થઈ તેથી ચંદ્રસૂરિએ તે અર્થને સંક્ષેપીને અલ્પબુદ્ધિશાળીઓને માટે આ સંગ્રહણી રચી.

**૪. અધિકારી**—આ સંગ્રહણીને જાણવાની ઇચ્છાવાળા ચતુર્વિધ સંઘ.

### ભવનપતિનું જઘન્ય આયુષ્ય.

**દસ વાસ સહસ્સાઇં, ભવણવઇણં જહન્ન ઠિઇ. ૨.**

| | |
|---|---|
| **દસ**—દશ | **ભવણવઈણં**—ભવનપતિની. |
| **વાસ**—વર્ષ. | **જહન્ન**—જઘન્ય. |
| **સહસ્સાઈં**—હજાર. | **ઠિઈ**—સ્થિતિ. |

**શબ્દાર્થ**—ભવનપતિનું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષનું હોય છે.

**વિવેચન**—ભવનપતિના દશે નિકાયના દેવો તથા દેવીઓનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે.

### ભવનપતિ દેવ અને દેવીનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

**ચમર બલિ સાર-મહિઅં, તદ્દેવીણં તુ તિન્નિ ચત્તારિ,**
**પલિયાઇં સડ્ઢાઇં, સેસાણં નવનિકાયાણં. ૩.**
**દાહિણ દિવડ્ઢ પલિયં, ઉત્તરઓ હુન્તિ દુન્નિ દેસૂણા,**
**તદ્દેવી-અદ્ધ પલિયં, દેસૂણં આઉ-મુક્કોસં. ૪.**

**ચમર બલિ**–ચમરેંદ્ર અને બલીંદ્રનું.
**સારં**–સાગરોપમ.
**અહિયં**–અધિક.
**તદ્દેવીણું**–તેઓની દેવીઓનું.
**તુ**–વળી.
**તિન્નિ**–ત્રણ.
**ચત્તારિ**–ચાર.
**પલિયાઇં**–પલ્યોપમ.
**સદ્ધાઇં**–અડધા સહિત.
**સેસાણં**–બાકીના.
**નવનિકાયાણં**-નવનિકાયોનું.
**દાહિણ**–દક્ષિણના.
**દિવડ્ઢંપલિયં**–દોઢ પલ્યોપમ.
**ઉત્તરઓ**–ઉત્તરનાનું.
**હુન્તિ**–હોય છે.
**દુન્નિદેસૂણા**–કાંઇક ઓછા બે પલ્યોપમ
**તદ્દેવીમ્**–તેની (દક્ષિણ નવ-નિકાયની દેવીનું).
**અદ્ધપલિયં**–અર્ધ પલ્યોપમ
**દેસૂણં**–દેશે ઉણું ૧ પલ્યોપમ
**આઉ–મુક્કોસં**–ઉત્કૃષ્ટ આયુષ્ય.

**શબ્દાર્થ**—ચમરેંદ્ર અને બલીંદ્રનું આયુષ્ય અનુક્રમે ૧ સાગરો૦ અને ૧ સાગરો૦ થી અધિક છે. તેઓની દેવીઓનું આયુષ્ય અનુક્રમે ૩ાા પલ્યોપમ અને ૪ાા પલ્યોપમ છે, બાકીના (ભવનપતિના) દક્ષિણ નવ નિકાયના દેવોનું (આયુષ્ય) ૧ાા પલ્યોપમ અને ઊત્તર દિશાના નવ નિકાયનું દેશે ઉણા બે પલ્યોપમ છે. દક્ષિણની નવનિકાયની દેવીનું ૦ાા પલ્યોપમ અને ઉત્તરની નવનિકાયની દેવીનું કાંઇક ઓછા એક પલ્યોપમ આયુષ્ય ઉત્કૃષ્ટથી હોય છે.

**વિવેચન**–દેવોમાં જ્યાં અધિક અને ઓછું આયુષ કહ્યું હોય ત્યાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક અને ઓછો જાણવો.

હ્રી શ્રી ધૃતિ કીર્તિ બુદ્ધિ અને લક્ષ્મી એ છ દેવીઓનું આયુષ્ય ૧ પલ્યોપમ છે માટે તે અસુર કુમાર નિકાયની જાણવી.

| ભવનપતિ | દક્ષિણ | ઉત્કૃષ્ટ આયુષ્ય | ઉત્તર | ઉત્કૃષ્ટ આયુષ્ય | *જઘન્યાયુ ૧૦ હજાર વર્ષ |
|---|---|---|---|---|---|
| અસુર કુમાર | ચમરેંદ્ર | ૧ સાગરોપમ | બલીંદ્ર | ૧ સાગરો૦ અધિક | |
| ,, | ચમરેંદ્રનીદેવી | ૩॥ પલ્યોપમ | બલીંદ્રની દેવી | ૪॥ પલ્યોપમ | |
| નાગાદિ ૯ | ઇંદ્રો | ૧॥ પલ્યોપમ | ઉત્તર દિશાના ઇંદ્રોનું | ૨ પલ્યોપમ દેશોન | |
| ,, | ઇંદ્રોની દેવી | ૦॥ પલ્યોપમ | ઉત્તરેંદ્રોની દેવી | ૧ પલ્યોપમ દેશોન | |

## વ્યંતર દેવ અને દેવીનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય.

**વંતરિયાણં જહન્નં, દસ વાસ સહસ્સ પલિય-મુક્કોસં;**
**દેવીણં પલિયદ્ધં,**

**વંતરિયાણ**-વ્યંતરોનું.
**જહન્નં**-જઘન્ય આયુષ્ય.
**દસ વાસ સહસ્સ**--૧૦ હજાર વર્ષ.
**પલિયં**-પલ્યોપમ.
**ઉક્કોસં**-ઉત્કૃષ્ટ આયુષ્ય.
**દેવીણં**-દેવીઓનું.
**પલિયદ્ધં**-અર્ધ પલ્યોપમ.

**શબ્દાર્થ**—વ્યંતરો ( દેવ અને દેવીઓ ) નું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ( દેવોનું ) ૧ પલ્યોપમનું હોય છે. તેમની ( વ્યંતર દેવોની ) દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૦॥ પલ્યોપમનું હોય છે.

| વ્યંતર | જઘન્યાયુ. | ઉત્કૃષ્ટાયુ. |
|---|---|---|
| વ્યંતર દેવ | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ |
| વ્યંતરની દેવી | ,, | ૦॥ પલ્યોપમ |

વાણવ્યંતર દેવોનું જઘન્યાયુ અને ઉત્કૃષ્ટાયુ વ્યંતરની જેમ જાણવું.

* અહીં જઘન્યાયુ ઇંદ્ર સિવાયના ભવનપતિ દેવ અને દેવીનું સમજવું.

## જ્યોતિષી દેવ અને દેવીનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય.

પલિયં અહિયં સસિ-રવીણં. ૫.
લક્ખેણ સહસ્સેણ ય, વાસાણ ગહાણ પલિય-મેએસિં,
ઠિઈ અદ્ધં દેવીણં, કમેણ નક્ખત્ત તારાણં. ૬.
પલિયદ્ધં ચઉભાગો, ચઉ અડ ભાગાહિગાઉ દેવીણં,
ચઉ જુઅલે ચઉભાગો, જહન્ન-મડ ભાગ પંચમએ. ૭.

પલિય અહિયં-પલ્યોપમ અધિક.
સસિ રવીણં-ચંદ્ર અને સૂર્યનું.
લક્ખેણ-લાખ.
સહસ્સેણ-હજાર.
વાસાણ-વર્ષનું.
ગહાણ-ગ્રહોનું.
પલિયં-પલ્યોપમ.
એએસિં-એ ત્રણેની.
ઠિઈ અદ્ધં-અર્ધ સ્થિતિ.
દેવીણં-દેવીઓની.
કમેણ-અનુક્રમે.
નક્ખત્ત તારાણં-નક્ષત્ર. અને તારાનું
પલિયદ્ધં-અર્ધ પલ્યોપમ.
ચઉભાગો-પલ્યોપમનો ચોથો ભાગ.
ચઉ અડ ભાગ-ચોથા અને આઠમા ભાગથી.
અહિગ-અધિક.
આઉ-આયુષ્ય.
દેવીણં-એ બેની દેવીનું.
ચઉ જુઅલે-ચાર યુગલનું.
જહન્નં-જઘન્ય આયુષ્ય.
અડભાગ-આઠમો ભાગ.
પંચમએ-પાંચમા યુગલનું.

**શબ્દાર્થ**—ચંદ્રનું ૧ પલ્યોપમ અધિક લાખ વર્ષનું, સૂર્યનું ૧ પલ્યોપમ અધિક ૧ હજાર વર્ષનું, અને ગ્રહોનું ૧ પલ્યોપમ આયુષ્ય હોય છે. એ ત્રણે (ચંદ્ર, સૂર્ય અને ગ્રહ) ની દેવીઓનું આયુષ્ય (એમનાથી) અડધું છે અનુક્રમે નક્ષત્ર અને તારાનું અર્ધ પલ્યોપમ અને ૦। પલ્યોપમ છે. તે (બંને નક્ષત્ર અને તારા) ની દેવીઓનું આયુષ્ય અનુક્રમે ૦। પલ્યોપમથી અધિક અને પલ્યોપમના આઠમા ભાગથી અધિક છે. ચાર યુગલ (ચંદ્ર, સૂર્ય ગ્રહ અને નક્ષત્રના વિમાન-વાસીઓ દેવ અને દેવીઓ)નું ૦। પલ્યોપમ અને પાંચમા (તારાના) યુગલનું પલ્યોપમનો આઠમો ભાગ જઘન્ય આયુષ્ય હોય છે.

**વિવેચન**—જ્યોતિષી દેવોના બે ભેદ છે. એક ચર અને બીજા સ્થિર, અઢી દ્વીપમાં જ્યોતિષી દેવોનાં વિમાનો ચર છે અને અઢી દ્વીપની બહારના જ્યોતિષી દેવોનાં વિમાનો સ્થિર છે.

ચંદ્ર અને સૂર્ય એ બે જ્યોતિષીના ઇંદ્રો છે. તથા બાકીના ત્રણ વિમાનના સ્વામી છે, તેથી ઇંદ્રો અને વિમાનના સ્વામીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય જ હોય છે.

## પ્રશ્નો

૧. આ બૃહત્સંગ્રહણીમાં મંગળ કોને કર્યું છે અને તે કરવાનું કારણ શું?
૨. અભિધેય, સંબંધ, પ્રયોજન અને અધિકારીનું વિવેચન કરો.
૩. દક્ષિણ અને ઉત્તર દિશાના દશે ભવનપતિ દેવ અને દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કહો.
૪. વ્યંતર અને પાંચે જ્યોતિષી દેવ અને દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કહો.

| જ્યોતિષીનું | | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુષ્ય |
|---|---|---|---|
| ચંદ્ર અને ચંદ્રના વિમાનવાસી | દેવ | ૧ પલ્યોપમ ને ૧ લાખ વર્ષ | ૦। પલ્યોપમ |
| ,, ,, ,, | દેવી | ૦॥ પલ્યોપમ ને ૫૦ હજાર વર્ષ | ,, |
| સૂર્ય અને સૂર્યના ,, | દેવ | ૧ પલ્યોપમ ને ૧ હજાર વર્ષ | ,, |
| ,, ,, ,, | દેવી | ૦॥ પલ્યોપમ ને પાંચસો વર્ષ | ,, |
| ગ્રહ અને ગ્રહના ,, | દેવ | ૧ પલ્યોપમ | ,, |
| ,, ,, ,, | દેવી | ૦॥ પલ્યોપમ | ,, |
| નક્ષત્ર અને નક્ષત્રના ,, | દેવ | ૦॥ પલ્યોપમ | ,, |
| ,, ,, ,, | દેવી | ૦। પલ્યોપમથી અધિક | ,, |
| તારા અને તારાના ,, | દેવ | ૦। પલ્યોપમ | ⅛ પલ્યોપમ |
| ,, ,, ,, | દેવી | પલ્યોપમના આઠમા ભાગથી અધિક | ,, |

## વૈમાનિક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

દો સાહિ સત્ત સાહિય, દસ ચઉદસ સત્તર અયર જા સુક્કો,
ઇક્કિક્ક-મહિય-મિત્તો, જા ઇગતિસુવરિ ગેવિજ્જે. ૮.
તિત્તીસ-ણુત્તરેસુ, સોહમ્માઇસુ ઇમા ઠિઇ જિટ્ઠા,

દો-બે સાગરોપમ.
સાહિ-બે સાગરોપમથી અધિક
સત્ત-સાત.
સાહિય-સાતથી અધિક
દસ-દશ.
ચઉદસ-ચૌદ.
સત્તર-સત્તર.
અયર-સાગરોપમ.
જા સુક્કો-મહાશુક્ર સુધી.
ઇક્કિક્કં-એક એક સાગરોપમ
અહિયં-અધિક.
ઇત્તો-એ પછી
જા-યાવત્, સુધી
ઇગતીસ-એકત્રીશ.
ઉવરિ-ઉપરના.
ગેવિજ્જે-ગ્રૈવેયકે.
તિત્તીસ-તેત્રીશ.
અણુત્તરેસુ-અનુત્તરને વિષે.
સોહમ્માઇસુ-સૌધર્માદિકને વિષે.
ઇમા-આ
ઠિઇ-સ્થિતિ, આયુષ્ય.
જિટ્ઠા-ઉત્કૃષ્ટ.

શબ્દાર્થ—સૌધર્મનું બે સાગરોપમ, ઇશાનનું બે સાગરોપમથી અધિક, સનત્કુમારનું ૭ સાગરો૦, માહેંદ્રનું ૭ સાગરોપમથી અધિક, બ્રહ્મદેવલોકનું ૧૦ સાગરો૦, લાંતકનું ૧૪ સાગરો૦, મહાશુક્રનું ૧૭ સાગરો૦ એ પછીના દેવલોકનું એકેક સાગરોપમ અધિક કરવું કે ઉપરના નવમા ગ્રૈવેયકનું ૩૧ સાગરોપમ થાય. અનુત્તરને વિષે ૩૩ સાગરો૦ છે. સૌધર્માદિ દેવલોકની આ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી.

## વૈમાનિક દેવોનું જઘન્ય આયુષ્ય.

**સોહમ્મે ઇસાણે, જહન્ન ઠિઇ પલિય-મહિયં ચ. ૯.**
**દો સાહિ સત્ત દસ ચઉદસ, સત્તર અયરાઇં જા સહસ્સારો,**
**તપ્પરઓ ઇક્કિક્કં, અહિયં જાણુત્તર-ચઉક્કે. ૧૦.**
**ઇગતીસ સાગરાઇં, સવ્વટ્ઠે પુણ જહન્ન ઠિઇ નત્થિ.**

| | |
|---|---|
| **સોહમ્મે**-સૌધર્મની. | **ઇક્કિક્કં**-એક એક સાગરોપમ |
| **ઇસાણે**-ઈશાનની. | **અહિયં**-અધિક. |
| **જહન્નઠિઈ**-જઘન્ય સ્થિતિ. | **જા**-યાવત્, સુધી. |
| **પલિયં**-પલ્યોપમ. | **અણુત્તર ચઉક્કે**-ચાર અનુત્તરને વિષે. |
| **અહિયં**-પલ્યોપમ અધિક. | **ઇગતીસ સાગરાઇં**-૩૧ સાગરોપમ. |
| **સાહિ**-બે સાગરોપમથી અધિક. | **સવ્વટ્ઠે**-સર્વાર્થ સિદ્ધને વિષે |
| **અયરાઇં**-સાગરોપમ | **પુણ**-વળી. |
| **જા સહસ્સારો**-સહસ્રાર સુધી. | **જહન્નઠિઇ**-જઘન્ય સ્થિતિ. |
| **તપ્પરઓ**-તે પછીના. | **નત્થિ**-નથી. |

**શબ્દાર્થ**—સૌધર્મની જઘન્ય સ્થિતિ ૧ પલ્યોપમ અને ઇશાનની ૧ પલ્યોપમથી અધિક છે. સનત્કુમારની બે સાગરોપમ, માહેંદ્રની બે સાગરો૦ અધિક, બ્રહ્મ દેવલોકની સાત સાગરો૦ લાંતકની દશ સાગરો૦, મહાશુક્રની ૧૪ સાગરો૦, સહસ્રારની ૧૭ સાગરો૦ સુધી થાય. તે પછીના દેવલોકે એકેક સાગરો૦ અધિક કરીએ. યાવત્ ચાર અનુત્તરને વિષે ૩૧ સાગરો૦ થાય. સર્વાર્થ સિદ્ધ વિમાનને વિષે જઘન્ય સ્થિતિ નથી.

| વૈમાનિક દેવો | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુષ્ય |
|---|---|---|
| સૌધર્મ | ૨ સાગરોપમ | ૧ પલ્યોપમ |
| ઇશાન | ૨ સાગરો૦ અધિક | ૧ પલ્યોપમ અધિક |
| સનત્કુમાર | ૭ સાગરો૦ | ૨ સાગરો૦ |
| માહેંદ્ર | ૭ સાગરો૦ અધિક | ૨ સાગરો૦ અધિક |
| બ્રહ્મ દેવલોક | ૧૦ સાગરો૦ | ૭ સાગરો૦ |
| લાંતક | ૧૪ ,, | ૧૦ ,, |
| મહાશુક્ર | ૧૭ ,, | ૧૪ ,, |
| સહસ્રાર | ૧૮ ,, | ૧૭ ,, |
| આનત | ૧૯ ,, | ૧૮ ,, |
| પ્રાણત | ૨૦ ,, | ૧૯ ,, |
| આરણ | ૨૧ ,, | ૨૦ ,, |
| અચ્યુત | ૨૨ ,, | ૨૧ ,, |
| ૧ લી ગ્રૈવેયક | ૨૩ ,, | ૨૨ ,, |
| ૨ જી ,, | ૨૪ ,, | ૨૩ ,, |
| ૩ જી ,, | ૨૫ ,, | ૨૪ ,, |
| ૪ થી ,, | ૨૬ ,, | ૨૫ ,, |
| ૫ મી ,, | ૨૭ ,, | ૨૬ ,, |
| ૬ ટ્ઠી ,, | ૨૮ ,, | ૨૭ ,, |
| ૭ મી ,, | ૨૯ ,, | ૨૮ ,, |
| ૮ મી ,, | ૩૦ ,, | ૨૯ ,, |
| ૯ મી ,, | ૩૧ ,, | ૩૦ ,, |
| વિજયાદિ ૪ | ૩૩ ,, | ૩૧ ,, |
| સર્વાર્થ સિદ્ધ | ૩૩ ,, | ૩૩ ,, |

## વૈમાનિક દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય.

**પરિગ્ગહિયાણિ–યરાણિ ય, સોહમ્મી–સાણ દેવીણં. ૧૧.**
**પલિયં અહિયં ચ કમા, ઠિઈ જહન્ના ઇઓ ય ઉક્કોસા,**
**પલિયાઈં સત્ત પન્નાસ, તહ ય નવ પંચવન્ના ય. ૧૨.**

**પરિગ્ગહિયાણિ**–પરિગૃહીતા.
**ઇયરાણિ**–અપરિગૃહીતા.
**સોહમ્મીસાણ**–સૌધર્મ અને ઈશાનની.
**દેવીણં**–દેવીનું.
**પલિયં**–પલ્યોપમ.
**અહિયં**–અધિક.
**કમા**–અનુક્રમે.
**ઠિઇ જહન્ના**–જઘન્ય સ્થિતિ.
**ઇઓ**–એ પછી એઓની.
**ઉક્કોસા**–ઉત્કૃષ્ટ.
**પલિયાઈ**–પલ્યોપમ.
**સત્ત**–સાત.
**પન્નાસ**–પચાશ.
**તહ**–તેમજ.
**નવ**–નવ.
**પંચવન્ના**–પંચાવન.

**શબ્દાર્થ**—સૌધર્મ અને ઈશાનની પરિગૃહીતા (પરણેલી) અને અપરિગૃહીતા (વેશ્યા સરખી) દેવીનું જઘન્ય આયુષ્ય અનુક્રમે પલ્યોપમ અને પલ્યોપમથી અધિક છે. એ પછી એઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય સૌધર્મની પરિગૃહીતાનું ૭ પલ્યોપમ અને અપરિગૃહીતાનું ૫૦ પલ્યોપમ, તેમજ ઈશાનની પરિગૃહીતાનું ૯ પલ્યોપમ અને અપરિગૃહીતાનું ૫૫ પલ્યોપમ છે.

**વિવેચન**–પરિગૃહીતા એટલે પરણેલી કુલાંગના સરખી અને અપરિગૃહીતા એટલે વેશ્યા સરખી. સૌધર્મ દેવલોકમાં અપરિગૃહીતા દેવીનાં વિમાન છ લાખ છે અને તે દેવી

૩–૫–૭–૯–૧૧ મા દેવલોકના દેવોને ભોગ યોગ્ય છે. તેમજ ઇશાન દેવલોકે અપરિગૃહીતા દેવીનાં વિમાન ૪ લાખ છે અને તે ૨–૪–૬–૮–૧૦ ને ૧૨ મા દેવલોકના દેવોને ભોગ યોગ્ય છે.

| સૌધર્મ–ઇશાન દેવલોકે | દેવીઓનું | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|
| સૌધર્મ દેવલોકે | પરિગૃહીતાનું | ૧ પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| ,, | અપરિગૃહીતાનું | ,, | ૫૦ પલ્યો૦ |
| ઇશાન દેવલોકે | પરિગૃહીતાનું | ૧ પલ્યો૦અધિક | ૯ પલ્યો૦ |
| ,, | અપરિગૃહીતાનું | ,, | ૫૫ પલ્યો૦ |

## ૫૬ ઇંદ્રોની ૨૭૦ પટરાણીઓ.

**પણ છ ચઉ ચઉ અટ્ઠ ય, કમેણ પત્તેય–મગ્ગમહિસીઓ,**
**અસુર નાગાઈ વંતર, જોઇસ કપ્પ દુગિંદાણં. ૧૩.**

**પણ છ**–પાંચ, છ.
**ચઉ ચઉ**–ચાર, ચાર.
**અટ્ઠ**–આઠ.
**કમેણ**–અનુક્રમે.
**પત્તેયં**–દરેકને.
**અગ્ગમહિસીઓ**–પટ-રાણીઓ.
**અસુર**–અસુરકુમાર.
**નાગાઇ**–નાગકુમારાદિ.
**વંતર**–વ્યંતર.
**જોઇસ**–જ્યોતિષી.
**કપ્પદુગ**–બે દેવલોકના.
**ઇંદાણં**–ઇંદ્રોને.

**શબ્દાર્થ**—અસુર કુમારના ચમરેંદ્ર અને બલીંદ્ર એ દરેકને પાંચ પટરાણીઓ છે. નાગકુમારાદિ ૯ નિકાયના ૧૮ ઇંદ્રો એ દરેકને છ પટરાણીઓ છે. વ્યંતરના ૧૬ અને વાણ-વ્યંતરના ૧૬ મળી ૩૨ ઇંદ્રો એ દરેકને ૪ પટરાણીઓ છે. જ્યોતિષીના ચંદ્ર અને સૂર્ય એ બે ઇંદ્રોને ચાર ચાર પટરાણીઓ છે. બે દેવલોકના ઇંદ્ર સૌધર્મેંદ્ર અને ઇશાનેંદ્રને અનુક્રમે આઠ આઠ પટરાણીઓ છે. કુલ ૨૭૦

**વિવેચન**—બે દેવલોકની ઉપરના દેવલોકે દેવીઓનું ઉપજવું નથી, માટે ત્યાં અપરિગૃહીતા દેવીઓ નથી. અસંખ્યાતા દ્વીપ સમુદ્રમાં અસંખ્યાતા ચંદ્ર સૂર્યો છે, તે દરેકને ચાર ચાર પટરાણીઓ હોવાથી અસંખ્યાતી પટરાણીઓ થાય છે. પણ અહીં ચંદ્ર સૂર્યને જાતિની અપેક્ષાએ ચાર ચાર પટરાણીઓ કહી છે.

## ભવનપત્યાદિક ઇંદ્રોની અગ્રમહિષીઓની સંખ્યા.

| ચાર નિકાયના | ઇંદ્રોની | | પટરાણીઓ | | કુલ. |
|---|---|---|---|---|---|
| અસુર કુમારના | ૨ | × | ૫ | = | ૧૦ |
| નાગ કુમારના | ૧૮ | × | ૬ | = | ૧૦૮ |
| વ્યંતરના | ૧૬ | × | ૪ | = | ૬૪ |
| વાણ વ્યંતરના | ૧૬ | × | ૪ | = | ૬૪ |
| જ્યોતિષીના | ૨ | × | ૪ | = | ૮ |
| સૌધર્મ | ૧ | × | ૮ | = | ૮ |
| ઇશાન | ૧ | × | ૮ | = | ૮ |
| | | | | | ૨૭૦ |

## વૈમાનિક દેવલોકના ૬૨ પ્રતરો.

**દુસુ તેરસ દુસુ બારસ, છ પણ ચઉ ચઉ દુગેદુગે ય ચઉ,**
**ગેવિજ્જ-ણુત્તરે દસ, બિસટ્ઠિ પયરા ઉવરિ લોએ. ૧૪.**

| | |
|---|---|
| **દુસુ**–બે દેવલોકના. | **ચઉ**–ચાર. |
| **તેરસ**–તેર. | **ગેવિજ્જ**–ગ્રવેયક. |
| **બારસ**–બાર. | **અણુત્તરે**–અનુત્તરમાં મળીને. |
| **છ પણ**–છ, પાંચ. | **દસ**–દશ. |
| **ચઉ ચઉ**–ચાર ચાર. | **બિસટ્ઠિ પયરા**–૬૨ પ્રતર. |
| **દુગે દુગે**–બબ્બે દેવલોકના. | **ઉવરિ લોએ**–ઉર્ધ્વલોકમાં. |

**શબ્દાર્થ**—બે દેવલોકને વિષે તેર, બે દેવલોકને વિષે બાર, છ, પાંચ, ચાર, ચાર, બે દેવલોકે ચાર **અને** બે દેવલોકે ચાર, ગ્રૈવેયકના ૯ અને અનુત્તરનો એક મળી દશ એમ ૬૨ પ્રતર ઉર્ધ્વલોકમાં **છે.**

**વિવેચન**-પ્રતર એટલે ઉપરા ઉપરી વલયાકારે માલ. સૌધર્મ અને ઇશાન દેવલોકના મળીને ૧૩ પ્રતર, સનત્કુમાર અને માહેંદ્ર એ બે દેવલોકના મળીને ૧૨ પ્રતર, બ્રહ્મ દેવલોકના ૬ પ્રતર, લાંતકના પાંચ પ્રતર, મહાશુક્રના ચાર પ્રતર, સહસ્રારના ૪ પતર, આનત, પ્રાણુત એ બે દેવલોકના મળીને ૪ પ્રતર, આરણ અને અચ્યુત એ બે દેવલોકના મળીને ૪ પ્રતર, નવ ગ્રૈવેયકના ૯ અને અનુત્તર વિમાનનો ૧ મળીને દશ એમ ૬૨ પ્રતર ઉર્ધ્વલોકમાં **છે.**

## સૌધર્મના તેરે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ.

**સોહમુક્કોસ ઠિઇ, નિય પયર વિહત્ત ઇચ્છ સંગુણિઓ,**
**પયરુક્કોસ ઠિઇઓ, સવ્વત્થ જહન્નઓ પલિયં. ૧૫**

**સોહમ્મ**- સૌધર્મની.
**ઉક્કોસ ઠિઇ**-ઉત્કૃષ્ટ સ્થિતિ.
**નિય પયર**-પોતાના પ્રતર સાથે.
**વિહત્ત**-વહેંચીયે. ભાગીએ.
**ઇચ્છ**-ઇચ્છિત પ્રતર સાથે.
**સંગુણિઓ**-ગુણીએ.
**પયર**-પ્રતરની.
**ઉક્કોસ ઠિઇઓ**-ઉત્કૃષ્ટ સ્થિતિ.
**સવ્વત્થ**-સર્વત્ર, સર્વ પ્રતરે.
**જહન્નઓ**-જઘન્યથી.
**પલિયં**-પલ્યોપમ.

**શબ્દાર્થ**—સૌધર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (બે સાગરોપમ)ને પોતાના પ્રતર (તેર) સાથે ભાગીએ. પછી ઇચ્છિત પ્રતર સાથે ગુણવાથી પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. સર્વ (તેરે) પ્રતરની જઘન્ય સ્થિતિ ૧ પલ્યોપમ છે.

## સૌધર્મ અને ઇશાન દેવલોકે તેરે પ્રતરનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ |
| ભાગ | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૦ |
| તેરીયા | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ |

**વિવેચન**–પહેલા બે દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨ સાગરોપમને તેર પ્રતરે ભાગતાં $\frac{2}{13}$ સાગરો૦ સ્થિતિ પહેલા પ્રતરની આવે, તે પછી બે ભાગને જેટલામા પ્રતરની સ્થિતિ કાઢવી હોય તેટલાએ ગુણતાં તે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. સૌધર્મના તેરે પ્રતરનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ છે. ઇશાન દેવલોકના દરેક પ્રતરે સૌધર્મ દેવલોક કરતાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક કહેવી

## સનત્કુમારાદિ દેવલોકના દરેક પ્રતરના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

**સુરકપ્પઠિઇ વિસેસો, સગ પયર વિહત્ત ઇચ્છિ સંગુણિઓ,**
**હિટ્ઠિલ્લ ઠિઇ સહિઓ, ઇચ્છિય પયરંમિ ઉક્કોસા. ૧૬.**

**સુરકપ્પ**–દેવલોકની.
**ઠિઇ**–સ્થિતિનો.
**વિસેસો**–વિશ્લેષ કરીએ.
**સગપયર**–પોતાના પ્રતર વડે.
**વિહત્ત**–ભાગીએ
**ઇચ્છ**–ઇચ્છિત પ્રતર સાથે
**સંગુણિઓ**–ગુણીએ.
**હિટ્ઠિલ્લઠિઇ**–હેઠલી સ્થિતિ.
**સહિઓ**–સહિત.
**ઇચ્છિય**–ઇચ્છિત
**પયરંમિ**–પ્રતરને વિષે.
**ઉક્કોસા**–ઉત્કૃષ્ટ સ્થિતિ.

**શબ્દાર્થ**–દેવલોકની સ્થિતિનો વિશ્લેષ કરીએ (અધિક સ્થિતિમાંથી ઓછી સ્થિતિ કાઢવી) પછી પોતાના પ્રતર વડે ભાગીએ અને ઇચ્છિત પ્રતર સાથે ગુણીએ પછી પાછલી સ્થિતિ સહિત કરીએ તો ઇચ્છિત પ્રતરને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ આવે.

**વિવેચન**—જેમકે સૌધર્મ દેવલોકે ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમ છે અને સનત્કુમાર દેવલોકે ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ સાગરોપમ છે તેમાંથી હેઠલી સ્થિતિ સૌધર્મ દેવલોકની બે સાગરોપમ સ્થિતિ બાદ કરીએ એટલે પાંચ સાગરોપમ રહે તેને સનત્કુમારના બાર પ્રતરે ભાગીએ એટલે બારીયા પાંચ ભાગ $\frac{૫}{૧૨}$ આવે તે ભાગને જેટલામા પ્રતરનું આયુષ્ય કાઢવું હોય તેટલાએ ગુણવા. પછી હેઠલી સ્થિતિ બે સાગરોપમ ઉમેરવી એટલે ઇચ્છિત પ્રતરની સ્થિતિ આવે. એવી રીતે ઉપરના સર્વ પ્રતરે ઉત્કૃષ્ટ સ્થિતિ કાઢવાનો ઉપાય કહ્યો.

## સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકના બારે પ્રતરનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

### ૭-૨=૫ સાગરોપમ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા૦ | ૨ | ૨ | ૩ | ૩ | ૪ | ૪ | ૪ | ૫ | ૫ | ૬ | ૬ | ૭ |
| ભાગ. | ૫ | ૧૦ | ૩ | ૮ | ૧ | ૬ | ૧૧ | ૪ | ૯ | ૨ | ૭ | ૦ |
| બારીયા | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |

સનત્કુમારના બારે પ્રતર કરતાં માહેંદ્ર દેવલોકના બારે પ્રતરે ઉત્કૃષ્ટ સ્થિતિ અધિક જાણવી. સનત્કુમારની જઘન્ય સ્થિતિ ૨ સાગરોપમ અને માહેંદ્રની તેથી અધિક સ્થિતિ બારે પ્રતરે કહેવી.

**બ્રહ્મ દેવલોકના ૬ પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**
૧૦-૭=૩ સાગરો૦ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|
| સાગરો૦ | ૭ | ૮ | ૮ | ૯ | ૯ | ૧૦ |
| ભાગ. | ૩ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ |
| છઠ્ઠીયા | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ |

જઘન્યાયુ ૭ સાગરોપમ છએ પ્રતરનું.

**લાંતક દેવલોકના પાંચ પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**
૧૪-૧૦=૪ સાગ૦ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| સાગરો૦ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ભાગ. | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |
| પાંચીયા | ૫ | ૫ | ૫ | ૫ | ૫ |

જઘન્યાયુ ૧૦ સાગરોપમ પાંચે પ્રતરનું.

**મહાશુક્રના ચારે પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**
૧૭-૧૪=૩ સાગ૦ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| સાગરો | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ભાગ. | ૩ | ૨ | ૧ | ૦ |
| ચારીયા | ૪ | ૪ | ૪ | ૪ |

જઘન્યાયુ ૧૪ સાગ૦ ચારે પ્રતરનું.

**સહસ્રારના ચારે પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**
૧૮-૧૭=૧ સાગ૦ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| સાગરો૦ | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૮ |
| ભાગ. | ૧ | ૨ | ૩ | ૦ |
| ચારીયા | ૪ | ૪ | ૪ | ૪ |

જઘન્યાયુ ૧૭ સાગરોપમ ચારે પ્રતરનું.

**આનત પ્રાણતના ચાર પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**

૨૦–૧૮=૨ સાગ૦ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| સાગરો | ૧૮ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ભાગ. | ૨ | ૦ | ૨ | ૦ |
| ચારીયા | ૪ | ૪ | ૪ | ૪ |

જઘન્યાયુ ચારે પ્રતરનું ૧૮ સાગરો૦

**આરણ અચ્યુતના ૪ પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**

૨૨–૨૦=૨ સાગ૦ વિશ્લેષ.

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| સાગરો | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૨ |
| ભાગ. | ૨ | ૦ | ૨ | ૦ |
| ચારીયા | ૪ | ૪ | ૪ | ૪ |

જઘન્યાયુ ચારે પ્રતરનું ૨૦ સાગરો૦

**૯ ગ્રૈવેયકના ૯ પ્રતરનું ઉત્કૃષ્ટાયુ.**

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સાગરો૦ ઉત્કૃષ્ટાયુ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |
| સાગરો૦ જઘન્યાયુ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

**અનુત્તર વિમાને ૧ પ્રતર.**

| પ્રતર | ૧ |
|---|---|
| ઉત્કૃષ્ટાયુ સાગરો૦ | ૩૩ |
| જઘન્યાયુ સાગરો૦ | ૩૧ |

## વૈમાનિકના કયા પ્રતરે અવતંસક વિમાનમાં ઇંદ્ર રહે છે.

**કપ્પસ્સ અંતપયરે, નિય કપ્પ-વડિંસયા વિમાણાઓ,**
**ઇંદ નિવાસા તેસિં, ચઉદ્દિસિ લોગપાલાણં. ૧૭.**

| | |
|---|---|
| **કપ્પસ્સ**–દેવલોકના. | **ઇંદ**–ઇંદ્રનો. |
| **અંતપયરે**–છેલ્લા પ્રતરે. | **નિવાસા**–નિવાસ. |
| **નિયકપ્પ**–પોતાના દેવલોકના નામે. | **તેસિં**–તેમાં, તેની. |
| **વડિંસયા**–અવતંસક. | **ચઉદ્દિસિ**–ચારે દિશાએ. |
| **વિમાણાઓ**–વિમાનો. | **લોગપાલાણં**–લોકપાલોનો. |

**શબ્દાર્થ**—દેવલોકના છેલ્લા પ્રતરે પોતાના દેવલોકના નામે અવતંસક વિમાનો છે તેમાં ઇંદ્રનો વાસ છે. અને તેની ચારે દિશાએ લોકપાલોનો વાસ છે.

**વિવેચન**—સૌધર્મ અને ઇશાન દેવલોકના ૧૩મા પ્રતરે સૌધર્માવતંસક અને ઇશાનાવતંસક વિમાન છે. સનત્કુમાર અને માહેંદ્રના ૧૨મા પ્રતરે સનત્કુમારાવતંસક અને માહેંદ્રાવતંસક. એવી રીતે દરેક દેવલોકના છેલ્લા પ્રતરે પોતાના દેવલોકના નામની સાથે અવતંસક શબ્દ જોડવો. પરંતુ એટલું વિશેષ સમજવું કે આનત પ્રાણત દેવલોકે એક ઇંદ્ર છે. તેના ચોથા પ્રતરે પ્રાણતાવતંસક વિમાન છે. અને આરણ અચ્યુત દેવલોકે એક ઇંદ્ર હોવાથી તેના ચોથા પ્રતરે અચ્યુતાવતંસક વિમાન છે. અને તેમાં ઇંદ્રનો નિવાસ છે.

## ચાર લોકપાલનું આયુષ્ય.

**સોમ જમાણં સતિભાગ, પલિય વરૂણસ્સ દુન્નિ દેસૂણા,**
**વેસમણે દો પલિયા, એસ ઠિઇ લોગપાલાણં. ૧૮.**

| | |
|---|---|
| **સોમ જમાણં**-સોમ અને યમનું. | **દુન્નિ દેસૂણા**-કાંઈક ઓછા બે (પલ્યોપમ). |
| **સતિભાગ**-ત્રીજા ભાગ સહિત. | **વેસમણે**-વૈશ્રમણને વિષે. |
| **પલિય**-પલ્યોપમ. | **દો પલિયા**-બે પલ્યોપમ. |
| **વરૂણસ્સ**-વરૂણનું. | **એસ ઠિઈ**-આ સ્થિતિ. |
| | **લોગપાલાણં**-લોકપાલોની. |

**શબ્દાર્થ**—સોમ અને યમનું આયુષ્ય ૧ પલ્યોપમ અને તેના ત્રીજા ભાગ સહિત છે. વરૂણનું આયુષ્ય કાંઈક ઓછા બે પલ્યોપમ છે. વૈશ્રમણનું આયુષ્ય બે પલ્યોપમ છે. આ સ્થિતિ ( આયુષ્ય ) લોકપાલોની છે.

**વિવેચન**—સોમ પૂર્વ દિશાનો, યમ દક્ષિણ દિશાનો, વરૂણ પશ્ચિમ દિશાનો અને વૈશ્રમણ ( કુબેર ) ઉત્તર દિશાનો લોકપાલ ( કોટવાળ ) છે.

**સૌધર્મ લોકપાલોનું કર્તવ્ય** :-અહીં બનેલા અકસ્માત્ બનાવોને સોમ જાણે છે. દક્ષિણ દિશાનો અધિપતિ યમ છે. તે રોગો અને મરણોને જાણે છે. તેથી કરીને જ અહિં મરણ સમયે અમુક માણસને લેવાને માટે યમ આવ્યા એમ કહેવાય છે. વરૂણ જલથી બનેલા બનાવોને જાણે છે. અને વૈશ્રમણ ધન સંબંધી બનાવોને જાણે છે. તથા જમીનમાં

દટાયેલાં માલીક વિનાનાં તે ધનોને તીર્થંકરાદિકના પુણ્યથી તેમને ઘેર દેવો મારફતે મુકાવે છે.

### પ્રશ્નો

૧. સૌધર્મ અને ઇશાન દેવલોકની પરિગૃહીતા અને અપરિગૃહીતા દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કહો.
૨. નાગકુમાર, જ્યોતિષી અને ઇશાન ઇંદ્રોની પટરાણીઓ કહો.
૩. પ્રતરની વ્યાખ્યા કહો તથા બાર, પાંચ, ચાર અને એક પ્રતર કયા દેવલોકના છે તે કહો.
૪. ૮–૧૨–૨૦–૨૮–૩૬–૪૨–૫૦ ને ૫૬મા પ્રતરનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય તથા તે કયા દેવલોકનો કેટલામો પ્રતર છે તે કહો.
૫ ૬૨ પ્રતરોમાંથી કયા કયા પ્રતરોમાં ઇંદ્રો રહે છે, તે કહો. તથા ચાર લોકપાલોનું આયુષ્ય કહો.

## ૧૦ ભવનપતિ (ભવનપતિની ૧૦ નિકાય.)

**અસુરા નાગ સુવન્ના, વિજ્જુ અગ્ગી ય દીવ ઉદહી અ,**
**દિસિ પવણ થણિય દસવિહ, ભવણવઇ તેસુ દુદુ ઇંદા. ૧૯.**

**દસવિહ**–દશ પ્રકારે | **તેસુ**–તેઓને વિષે.

**શબ્દાર્થ**—અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, પવનકુમાર, અને સ્તનિતકુમાર, એ દશ પ્રકારે ભવનપતિ દેવો છે. તેઓને વિષે બબ્બે ઇંદ્રો છે.

**વિવેચન**—ભવનપતિ દેવોની દશ જાતો છે અને તેઓ કુમારની માફક ક્રીડા કરનારા હોવાથી કુમાર કહેવાય છે

## ભવનપતિની ૧૦ નિકાયના ૨૦ ઇંદ્રો.

ચમરે બલી અ ધરણે, ભૂયાણંદે ય વેણુદેવે ય,
તત્તો ય વેણુદાલી, હરિકંતે હરિસ્સહે ચેવ. ૨૦.
અગ્ગિસિહ અગ્ગિમાણવ, પુન્ન વિસિટ્ઠે તહેવ જલકંતે,
જલપહ તહ અમિઅગઇ,મિયવાહણ દાહિણુત્તરઓ.૨૧.
વેલંબે ય પભંજણ ઘોસ,મહાઘોસ એસિ-મન્નયરો,
જંબુદ્દીવં છત્તં, મેરૂં દંડં પહુ કાઉં. ૨૨

| | |
|---|---|
| તત્તો-તે પછી | અન્નયરો-કોઈ પણ એક. |
| ચેવ-નિશ્ચે | જંબુદ્દીવં-જંબૂદ્વીપને. |
| તહ-તેમજ. | છત્તં-છત્ર. |
| દાહિણ-દક્ષિણ દિશામાં. | મેરું-મેરૂ પર્વતને. |
| ઉત્તરઓ-ઉત્તર દિશામાં. | પહુ-શક્તિમાન. સમર્થ. |
| એસિં-એઓમાંનો. | કાઉં-કરવાને. |

**શબ્દાર્થ**—દક્ષિણ અને ઉત્તર દિશામાં અનુક્રમે ચમરેંદ્ર અને બલીંદ્ર, ધરણેંદ્ર અને ભૂતાનેંદ્ર, તે પછી વેણુદેવેંદ્ર અને વેણુદાલીંદ્ર, હરિકાંતેંદ્ર અને હરિસહેંદ્ર, નિશ્ચે છે. અગ્નિશિખેંદ્ર અને અગ્નિમાણવેંદ્ર, પુર્ણેન્દ્ર અને વિશિષ્ઠેંદ્ર, તેમજ જલકાંતેંદ્ર, અને જલપ્રભેંદ્ર તેમજ અમિતગતીંદ્ર અને અમિતવાહનેંદ્ર,વેલંબેંદ્ર, અને પ્રભંજનેંદ્ર, ઘોષેંદ્ર અને મહાઘોષેંદ્ર છે. એઓમાંનો કોઈ પણ એક જંબૂદ્વીપને છત્ર અને મેરૂ પર્વતને દંડ માફક કરવાને શક્તિમાન છે.

**વિવેચન**—જે શક્તિ ફેરવી ન હોય તે શક્તિ વિષયી

કહેવાય તેમજ આ ઇંદ્રોએ કોઈપણ વખત આવી શક્તિ ફેરવી નથી, ફેરવતા નથી અને ફેરવશે નહિ, માટે શક્તિ-વિષયી કહેવાય. ચમરની ચમરચંચા રાજધાનીથી જંબૂદ્વીપ સુધી અસુરદેવો અને દેવીઓનાં વૈક્રિયરૂપો વડે પૂરવાને જે ચમરેંદ્ર શક્તિમાન્ છે. તેથી બલીંદ્ર અધિક શક્તિમાન્ છે. નાગકુમાર એક ફેણવડે જંબૂદ્વીપને આચ્છાદન કરે, સુવર્ણકુમાર પાંખ વડે ઢાંકે, વિદ્યુત્કુમાર વિજળી વડે પ્રકાશ કરે, અગ્નિકુમાર અગ્નિની જ્વાલા વડે બાળે, દ્વીપકુમાર એક હાથ વડે સ્થાપે, ઉદધિકુમાર એક ઉર્મીના જલ વડે ભરે, દિશિકુમાર પગની પાની વડે કંપાવે, વાયુકુમાર એક વાયુના શબ્દ વડે બહેરી કરે અને સ્તનિતકુમાર મેઘ વડે જંબૂદ્વીપને આચ્છાદન કરે એટલી તે ઇંદ્રોની શક્તિ છે.

## ભવનપતિના દક્ષિણ દિશાના ઇંદ્રોનાં ભવનો.

**ચઉતીસા ચઉચત્તા, અટ્ઠતીસા ય ચત્ત પંચણ્હં,**
**પન્ના ચત્તા કમસો, લક્ખા ભવણાણ દાહિણઓ. ૨૩.**

| | |
|---|---|
| **ચઉતીસા**–ચોત્રીશ. | **ચત્તા**–ચાલીશ. |
| **ચઉચત્તા**–ચુંમાલીશ. | **કમસો**–અનુક્રમે. |
| **અટ્ઠતીસા**–આડત્રીશ. | **લક્ખા**–લાખ. |
| **ચત્ત**–ચાલીશ. | **ભવણાણ**–ભવનો. |
| **પંચણ્હં**–પાંચનાં. | **દાહિણઓ**–દક્ષિણ શ્રેણિના. |
| **પન્ના**–પચાશ. | |

**શબ્દાર્થ**—ભવનપતિની દક્ષિણ શ્રેણિના ઇંદ્રોનાં ભવનો અનુક્રમે (ચમરેંદ્રનાં) ચોત્રીશ લાખ, (ધરણેંદ્રનાં) ચુંમાલીશ લાખ, (વેણુદેવેંદ્રનાં) આડત્રીશ લાખ, (હરિકાંતેંદ્ર, અગ્નિશિખેંદ્ર, પુર્ણેંદ્ર, જલકાંતેંદ્ર, અને અમિતગતીંદ્ર એ) પાંચનાં ચાલીશ લાખ, (વેલંબેંદ્રનાં) પચાશ લાખ અને (ઘોષેંદ્રનાં) ચાલીશ લાખ છે.

## ભવનપતિના ઉત્તર દિશાના ઇંદ્રોનાં ભવનો.

**ચઉ ચઉ લક્ખ વિહૂણા, તાવઇયા ચેવ ઉત્તર દિસાએ,**
**સવ્વેવિ સત્તકોડી, બાવત્તરિ હુન્તિ લક્ખા ય. ૨૪.**

| | |
|---|---|
| **ચઉ ચઉ લક્ખ**—ચાર ચાર લાખ. | **સવ્વે વિ**—સઘળાં પણ. |
| **વિહુ**—પણ નિશ્ચે. | **સત્ત કોડી**—સાત ક્રોડ |
| **ઉણા**—ઓછા. | **બાવત્તરિ**—બહોંતેર. |
| **તાવઇયા**—તેટલા. | **હુન્તિ**—થાય છે. |
| **ઉત્તર દિસાએ**—ઉત્તર દિશાએ | **લક્ખા**—લાખ. |

**શબ્દાર્થ**—દક્ષિણ શ્રેણિમાંથી પણ નિશ્ચે ચાર ચાર લાખ ભવનો ઓછા કરીએ, તો તેટલાં ભવનો નિશ્ચે ઉત્તર દિશાનાં થાય. સઘળાં ( બંને શ્રેણિનાં મળીને ) પણ સાત ક્રોડ અને બહોંતેર લાખ ભવનો થાય છે.

| ભવનપતિનાં નામ. | દક્ષિણના ઇંદ્રો | ભવનો | ઉત્તરના ઇંદ્રો | ભવનો |
|---|---|---|---|---|
| અસુરકુમાર | ચમરેંદ્ર | ૩૪ લાખ | બલીંદ્ર | ૩૦ લાખ |
| નાગકુમાર | ધરણેંદ્ર | ૪૪ લાખ | ભૂતાનેન્દ્ર | ૪૦ લાખ |
| સુવર્ણકુમાર | વેણુદેવેંદ્ર | ૩૮ લાખ | વેણુદાલીંદ્ર | ૩૪ લાખ |
| વિદ્યુત્ કુમાર | હરિકાંતિંદ્ર | ૪૦ લાખ | હરિસહેંદ્ર | ૩૬ લાખ |
| અગ્નિકુમાર | અગ્નિશિખેંદ્ર | ૪૦ લાખ | અગ્નિમાણવેંદ્ર | ૩૬ લાખ |
| દ્વીપકુમાર | પૂર્ણેંદ્ર | ૪૦ લાખ | વિશિષ્ટેંદ્ર | ૩૬ લાખ |
| ઉદધિકુમાર | જલકાંતેંદ્ર | ૪૦ લાખ | જલપ્રભેંદ્ર | ૩૬ લાખ |
| દિશિકુમાર | અમિતગતીંદ્ર | ૪૦ લાખ | અમિતવાહનેંદ્ર | ૩૬ લાખ |
| વાયુકુમાર | વેલંબેંદ્ર | ૫૦ લાખ | પ્રભંજનેંદ્ર | ૪૬ લાખ |
| સ્તનિતકુમાર | ઘોષેંદ્ર | ૪૦ લાખ | મહાઘોષેંદ્ર | ૩૬ લાખ |
| | | ૪ ક્રોડ ૬ લાખ | | ૩ ક્રોડ અને ૬૬ લાખ |

## ભવનપતિનાં ભવનો ક્યાં આવ્યાં અને તે ભવનોનું પ્રમાણ.

**રયણાએ હિટ્ઠુવરિં, જોયણ સહસ્સં વિમુત્તું તે ભવણા,**
**જંબુદ્દીવ સમા તહ, સંખ-મસંખિજ્જ વિત્થારા. ૨૫.**

| | |
|---|---|
| **રયણાએ**-રત્નપ્રભાની. | **જંબુદ્દીવ સમા**-જંબુદ્વીપ સમાન. |
| **હિટ્ઠુવરિં**-હેઠે અને ઉપર. | **સંખ**-સંખ્યાતા યોજન. |
| **જોયણ**-યોજન. | **અસંખિજ્જ**-અસંખ્યાતા યોજન. |
| **સહસ્સં**-હજાર. | **વિત્થારા**-વિસ્તારવાળાં. |
| **વિમુત્તું**-મૂકીને. | |
| **તે ભવણા**-તે ભવનો. | |

**શબ્દાર્થ**—રત્નપ્રભા પૃથ્વીની હેઠે અને ઉપર એક હજાર જોજન મૂકીને તે ભવનો છે નાનામાં નાનાં જંબૂદ્વીપ સમાન તેમજ મધ્યમ સંખ્યાતા કોડી યોજનનાં અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કોડાકોડી યોજનના વિસ્તારવાળાં છે.

**વિવેચન**—રત્નપભા પૃથ્વીનો પિંડ ૧ લાખ ને ૮૦ હજાર યોજન છે, તેમાંથી ઉપર અને નીચે ૧ હજાર યોજન મૂકીને બાકીના ૧ લાખને ૭૮ હજાર યોજનમાં ભવન પતિનાં ભવનો છે. કેટલાક આચાર્યો કહે છે કે ૯૦ હજાર યોજન નીચે ભવનો છે. અને ઉપર નીચે એક હજાર યોજન મૂકીને સર્વ ઠેકાણે આવાસ છે એમ ક્ષેત્ર લોકપ્રકાશમાં કહ્યું છે. ભવનપતિ કેટલીક વાર ભવન અને આવાસમાં રહે છે. આવાસો પોતાના દેહપ્રમાણ ઉંચા અને સમચોરસ હોય છે અને ભવનો સમચોરસ હોતાં નથી પણ લંબાઇ અને ઉંચાઇમાં વધુ પ્રમાણવાળાં હોય છે. અસુરકુમારો ઘણું

કરીને આવાસોમાં વસે છે અને કોઈક વખત ભવનોમાં વસે છે. નાગકુમારાદિ ઘણું કરીને ભવનોમાં અને કોઈક વખત આવાસોમાં વસે છે.

## ૧૦ ભવનપતિનાં ચિન્હો.

**ચુડામણિ ફણિ ગરુડે, વજ્જે તહ કલસ સીહ અસ્સે ય,**
**ગય મયર વદ્ધમાણે, અસુરાઇણં મુણસુ ચિંધે. ૨૬.**

**ચુડામણિ**–ચુડામણિ. મુકુટ. **મયર**–મગર.

| | |
|---|---|
| **ફણિ**–સર્પની ફેણ. | **વદ્ધમાણે**–સરાવ સંપુટ. |
| **ગરૂડે**–ગરૂડ. | **અસુરાઈણં**–અસુર કુમારાદિકનાં. |
| **વજ્જે**–વજ્ર. | **મુણસુ**–માન, જાણ. |
| **અસ્સે**–અશ્વ, ઘોડો. | **ચિંધે**–ચિન્હોને. |
| **ગય**–હાથી. | |

**શબ્દાર્થ**—અસુર કુમારાદિનાં ચિન્હો અનુક્રમે ચુડામણિ, સર્પની ફેણ, ગરૂડ, વજ્ર, તેમજ કલશ, સિંહ, ઘોડો, હાથી, મગર અને સરાવ સંપુટ તું જાણ.

**વિવેચન**—અસુર કુમારને મુકુટને વિષે ચુડામણિ (મુકુટ)નું ચિન્હ હોય છે અને બાકીના ૯ નિકાયના દેવોને આભરણમાં ચિન્હો હોય છે. નાગકુમારને સર્પની ફેણનું ચિન્હ, સુવર્ણકુમારને ગરૂડનું ચિન્હ, વિદ્યુત્કુમારને વજ્રનું ચિન્હ, અગ્નિકુમારને કલશનું ચિન્હ, દ્વીપકુમારને સિંહનું ચિન્હ, ઉદધિકુમારને ઘોડાનું ચિન્હ. દિશિકુમારને હાથીનું ચિન્હ, પવન (વાયુ) કુમારને મગરનું ચિન્હ, અને સ્તનિત કુમારને વર્દ્ધમાન (સરાવસંપુટ) નું ચિન્હ હોય છે. તે ચિન્હથી આ દેવતા અમુક નિકાયનો છે એમ ઓળખી શકાય છે.

## ૧૦ ભવનપતિના શરીરનો વર્ણ.

**અસુરા કાલા નાગુ-દહિ,પંડુરાતહ સુવન્ન દિસિ થણિયા,**
**કણગાભવિજ્જુસિહિદીવ,અરૂણા વાઉપિયંગુનિભા.૨૭**

| | |
|---|---|
| **અસુરા**-અસુરકુમાર. | **સિહિ**-અગ્નિકુમાર. |
| **નાગ**-નાગકુમાર. | **દીવ**-દ્વીપકુમાર. |
| ઉદહિ-ઉદધિકુમાર | **અરૂણા**-રાતા, લાલ. |
| **પંડુરા**-ગોરા, શ્વેત. | **વાઊ**-વાયુકુમાર. |
| **કણગાભ**-સોનાના જેવા. | **પિયંગુનિભા**-રાયણની જેવી લીલી કાન્તિવાળા. |
| **વિજ્જુ**-વિદ્યુત્કુમાર. | |

**શબ્દાર્થ**—અસુરકુમાર શરીરે કાળા રંગના છે. નાગકુમાર અને ઉદધિ કુમાર ગૌર ( અત્યંત શ્વેત ) વર્ણે છે. તેમજ સુવર્ણકુમાર, દિશિકુમાર અને સ્તનિતકુમાર સોનાના જેવા ( પીળા ) વર્ણે છે. વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર અને દ્વીપ-કુમાર લાલ રંગે છે. વાયુકુમાર રાયણના વૃક્ષની જેવી લીલી કાન્તિવાળા છે.

## અસુરકુમારાદિના વસ્ત્રનો રંગ

**અસુરાણ વત્થ રત્તા,નાગો-દહિ વિજ્જુ દીવ સિહિ નીલા,**
**દિસિ થણિય સુવન્નાણં,ધવલા વાઉણ સંઝ-રુઈ. ૨૮.**

| | |
|---|---|
| **અસુરાણ**-અસુર કુમારનાં. | **સુવન્નાણં**-સુવર્ણ કુમારનાં. |
| **વત્થ**-વસ્ત્ર. | **ધવલા**-ધોળાં. |
| **રત્તા**-લાલ, રાતાં. | **વાઉણ**-વાયુ કુમારનાં. |
| **સિહિ**-અગ્નિકુમારનાં. | **સંઝરૂઈ**-સંધ્યાના રંગ સરખાં. |
| **નીલા**-લીલાં. | |

**શબ્દાર્થ**—અસુર કુમારનાં વસ્ત્ર રાતા વર્ણે છે નાગકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, દ્વીપકુમાર, અને અગ્નિકુમારનાં વસ્ત્ર લીલા રંગનાં છે. દિશિકુમાર, સ્તનિતકુમાર અને સુવર્ણકુમારનાં વસ્ત્ર ધોળા રંગનાં છે. વાયુકુમારનાં વસ્ત્ર સંધ્યાના રંગ સરખાં છે. (ઘણું કરીને આવાં વસ્ત્રોનું પહેરવું તેઓને પ્રિય હોય છે)

### અસુરકુમારાદિકના સામાનિક અને આત્મરક્ષકો.

**ચઉ-સટ્ઠિ સટ્ઠિ અસુરે, છચ્ચ સહસ્સાઇં ધરણમાઇણં,**
**સામાણિયા ઇમેસિં, ચઉગ્ગુણા આયરક્ખા ય. ૨૯.**

**ચઉસટ્ઠિ**—ચોસઠ.
**સટ્ઠિ**—સાએઠ.
**અસુરે**—અસુરકુમારના બે ઇંદ્રોના.
**છચ્ચસહસ્સાઇં**—છ હજાર.
**ધરણમાઇણં**—ધરણેંદ્ર આદિના
**સામાણિયા**—સામાનિક દેવો [થી].
**ઇમેસિં**—એઓ (૨૦ ઇંદ્રો)ના.
**ચઉગ્ગુણા**—ચાર ગુણા.
**આયરક્ખા**—આત્મરક્ષક દેવો, અંગરક્ષક દેવો.

**શબ્દાર્થ**—અસુર કુમારના ચમરેંદ્રને ચોસઠ હજાર સામાનિક દેવો છે અને બલીંદ્રને સાઠ હજાર સામાનિક દેવો છે. ધરણેંદ્ર વિગેરે (અઢાર ઇંદ્રોને) દરેકને છ હજાર સામાનિક દેવો છે. એઓ (૨૦ ઇંદ્રો) ના સામાનિક દેવોથી ચાર ગુણા આત્મરક્ષક દેવો હોય છે.

**વિવેચન**—સામાનિક એટલે ઇંદ્રના સરખી રૂદ્ધિ અને કાન્તિવાળા અને આત્મરક્ષક એટલે ઇંદ્રોના શરીરની રક્ષા કરનાર દેવો.

| ભવનપતિનાં | ચિન્હ | શરીરનો વર્ણ | વસ્ત્રનો વર્ણ | સામાનિક | | આત્મરક્ષક | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | દક્ષિણના | ઉત્તરના | દક્ષિણના | ઉત્તરના |
| અસુરકુમાર | ચૂડામણિ | કાળાં | રાતો | ૬૪૦૦૦ | ૬૦૦૦૦ | ૨૫૬૦૦૦ | ૨૪૦૦૦૦ |
| નાગકુમાર | સર્પનીફેણ | ગૌર (શ્વેત) | લીલો | ૬૦૦૦ | ૬૦૦૦ | ૨૪૦૦૦ | ૨૪૦૦૦ |
| સુવર્ણકુમાર | ગરૂડ | સુત્રર્ણું જેવા પીળા | ધોળા | ,, | ,, | ,, | ,, |
| વિદ્યુત્ કુમાર | વજ્ર | રાતો | લીલો | ,, | ,, | ,, | ,, |
| અગ્નિકુમાર | કળશ | રાતો | લીલો | ,, | ,, | ,, | ,, |
| દ્વીપકુમાર | સીંહ | રાતો | લીલો | ,, | ,, | ,, | ,, |
| ઉદધિકુમાર | અશ્વ | ગૌર | લીલો | ,, | ,, | ,, | ,, |
| દિશિકુમાર | હાથી | સુવર્ણ જેવો | ધોળા | ,, | ,, | ,, | ,, |
| વાયુકુમાર | મગર | રાયણુની જેવો(લીલો) | સંધ્યા જેવો | ,, | ,, | ,, | ,, |
| સ્તનિતકુમાર | વર્ધમાન | સુવાર્ણું જેવો | ધોળા | ,, | ,, | ,, | ,, |
| | | | | ૨૩૨૦૦૦ | | ૯૨૮૦૦૦ | |

## પ્રશ્નો

૧. સુવર્ણકુમાર, ઉદધિકુમાર અને વાયુકુમારના ઇંદ્રોનાં નામ, ભવનસંખ્યા, ભવનનું પ્રમાણ, ચિન્હ, શરીર અને વસ્ત્રનો વર્ણ તથા સામાનિક અને આત્મરક્ષક દેવોની સંખ્યા કહો.

૨. ભવનપતિ દેવો ક્યાં રહે છે તે કહો. તથા આવાસ કોને કહે?

## વ્યંતરોનાં નગરો કેટલાં અને ક્યાં છે.

**રયણાએ પઢમ જોયણ, સહસ્સે હિટ્ઠુવરિં સય સય વિહૂણે,**
**વંતરિયાણં રમ્મા, ભોમા નયરા અસંખિજ્જા. ૩૦.**

**રયણાએ**-રત્નપ્રભાના.
**પઢમ જોયણ સહસ્સે**-પહેલા હજાર જોજનમાંથી.
**હિટ્ઠુવરિં**-હેઠે અને ઉપર.
**સય સય વિહૂણે**-સો સો યોજન ઓછા કર્યે છતે.
**વંતરિયાણં**-વ્યંતરોનાં.
**રમ્મા**-રમણીક, મનોહર
**ભોમા**-પૃથ્વીકાય સંબંધી.
**નયરા**-નગરો.
**અસંખિજ્જા**-અસંખ્યાતાં.

**શબ્દાર્થ**—રત્નપ્રભાના ઉપરના હજાર જોજનમાંથી હેઠે અને ઉપર સો સો યોજન ઓછા કર્યે છતે આઠસો જોજનમાં વ્યંતર દેવોનાં રમણીય પૃથ્વીકાયનાં નગરો અસંખ્યાતાં છે.

**વિવેચન**—મનુષ્યક્ષેત્રથી અસંખ્યાતા દ્વીપ અને સમુદ્ર જઇએ ત્યાં પણ અસંખ્યાતાં વ્યંતર દેવોનાં નગરો છે

## ભવનપતિ અને વ્યંતરના ઇંદ્રોના ભવનોનો આકાર.

**બાહિં વટ્ટા અંતો, ચઉરંસા અહો ય કણ્ણિઆયારા,**
**ભવણવઈણં તહ વંતરાણ, ઇંદ ભવણાઓ નાયવ્વા.૩૧.**

| | |
|---|---|
| બાહિં-બહારથી. | ભવણ વઇણં ભવનપતિના. |
| વટ્ટા-વાટલાં, ગોળ | તહ-તેમજ. |
| અંતો-અંદરથી, | વંતરાણ-વ્યંતરોના. |
| ચઉરંસા ચોખુણાં | ઇંદ-ઇંદ્રોનાં. |
| અહો-નીચે. | ભવણાઓ-ભવનો. |
| કણ્ણિઆયારા કર્ણિકાના આકારે. | નાયવ્વા-જાણવાં. |

**શબ્દાર્થ**—ભવનપતિ તથા વ્યંતરના ઇંદ્રો (દેવો) નાં ભવનો બાહેરથી ગોળ, અંદરથી ચોખુણાં અને નીચે કમળની કર્ણિકાના આકારે જાણવાં,

## વ્યંતરોના કાળનું વ્યતીતપણું.

**તહિં દેવા વંતરિયા, વર તરુણી ગીય વાઇય રવેણં,**
**નિચ્ચં સુહિયા પમુઇયા, ગયં પિ કાલં ન યાણંતિ. ૩૨.**

| | |
|---|---|
| તહિં-તે ભવનોમાં. | નિચ્ચ-નિરંતર. |
| દેવા વંતરિયા-વ્યંતર દેવો. | સુહિયા-સુખી. |
| વરતરુણી-પ્રધાન દેવાંગનાઓના | પમુઇયા-હર્ષિત થયેલા. |
| ગીય વાઇય-ગીત અને વાજીંત્રના | ગયં પિ કાલં-ગયેલા કાળને પણ. |
| રવેણ-નાદવડે. | ન યાણંતિ-જાણતા નથી. |

**શબ્દાર્થ**—તે ભવનોમાં વ્યંતર દેવો, પ્રધાન દેવાંગનાઓના ગીત અને વાજિંત્રના નાદ વડે નિરંતર સુખી અને હર્ષિત થયેલા, ગયેલા કાળને પણ જાણતા નથી.

વ્યંતરનાં ભવનોનું પ્રમાણ અને તેના ૮ ભેદો.

**તે જંબુદ્દીવ ભારહ, વિદેહ સમ ગુરૂ જહન્ન મજ્ઝિમગા,**
**વંતર પુણ અટ્ઠવિહા, પિસાય ભૂયા તહા જક્ખા. ૩૩.**
**રક્ખસ કિંનર કિંપુરિસા, મહોરગા અટ્ઠમા ય ગંધવ્વા,**
**દાહિણુત્તર ભેયા, સોલસ તેસિં ઇમે ઇંદા. ૩૪.**

**તે**–તે ભવનો.
**જંબુદ્દીવ**–જંબૂદ્વીપ.
**ભારહ**–ભરતક્ષેત્ર
**વિદેહ**–મહાવિદેહ.
**સમ**–સરખાં, જેવડાં
**ગુરુ**–મોટાં.
**જહન્ન**–જઘન્ય, નાનાં.
**મજ્ઝિમગા**–મધ્યમ
**વંતર**–વ્યંતર.
**પુણ**–વળી.
**અટ્ઠવિહા**–આઠ પ્રકારે.
**અટ્ઠમા**–આઠમા.
**દાહિણુત્તર**–દક્ષિણ અને ઉત્તરના
**ભેયા**–ભેદે કરીને.
**સોલસ**–સોળ.
**તેસિં**–તેઓના.
**ઇમે ઇંદા**–આ ઇંદ્રો.

**શબ્દાર્થ**—તે ભવનો મોટાં જંબૂદ્વીપ જેવડાં, નાનાં ભરતક્ષેત્ર જેવડાં અને મધ્યમ મહાવિદેહ ક્ષેત્ર જેવડાં છે. વ્યંતરો વળી આઠ પ્રકારે છે. ૧, પિશાચ, ૨, ભૂત, તેમજ ૩. યક્ષ, ૪. રાક્ષસ, ૫ કિંનર, ૬. કિંપુરૂષ, ૭. મહોરગ અને આઠમા ગંધર્વ. દક્ષિણ અને ઉત્તરના ભેદે કરીને તેઓના આ સોળ ઇંદ્રો છે.

**વિવેચન**—વ્યંતરનાં ભવનો મોટામાં મોટાં જંબૂદ્વીપ જેવડાં એટલે ૧ લાખ યોજન વિસ્તારવાળાં, નાનામાં નાનાં ભરતક્ષેત્ર જેવડાં એટલે ૫૨૬ યોજન અને ૬ કલાના પ્રમાણ-

વાળાં તથા મધ્યમ મહાવિદેહ ક્ષેત્ર જેવડાં એટલે ૩૩૬૮૪ યોજન અને ૪ કલાના પ્રમાણુવાળાં હોય છે.

### વ્યંતરના ૧૬ ઇંદ્રોનાં નામ.

કાલે ય મહાકાલે, સુરુવ પડિરુવ પુન્નભદ્દે ય,
તહ ચેવ માણિભદ્દે, ભીમે ય તહા મહાભીમે.. ૩૫.
કિંનર કિંપુરિસે સપ્પુરિસા, મહાપુરિસ તહય અઇકાયે,
મહાકાય ગીયરઇ, ગીયજસે દુન્નિ દુન્નિ કમા. ૩૬.

| | |
|---|---|
| સુરૂવ–સુરૂપેંદ્ર. | અઇકાયે–અતિકાય |
| પડિરૂવ–પ્રતિરૂપેંદ્ર. | ગીયરઇ–ગીતરતિ. |
| પુન્નભદ્દે–પૂર્ણભદ્ર. | ગીયજસે–ગીતયશ. |
| તહ ચેવ–તેમજ નિશ્ચે. | દુન્નિ દુન્નિ–બબ્બે. |
| માણિભદ્દે–માણિભદ્ર. | કમા–અનુક્રમે. |
| સપ્પુરિસા–સત્પુરુષ. | |

**શબ્દાર્થ**—પિશાચના કાલેંદ્ર અને મહાકાલેંદ્ર ભૂતના સુરુપેંદ્ર અને પ્રતિરુપેંદ્ર તેમજ નિશ્ચે યક્ષના પૂર્ણભદ્ર અને માણિભદ્ર, તથા રાક્ષસના ભીમ અને મહાભીમ, કિંનરના કિંનર અને કિંપુરૂષ, કિંપુરૂના સત્પુરુષ અને મહાપુરૂષ, તથા મહોરગના અતિકાય અને મહાકાય, અને ગંધર્વના ગીતરતિ અને ગીતયશ. એમ બબ્બે ઇંદ્રો અનુક્રમે (દરેક વ્યંતર નિકાયના દક્ષિણ અને ઉત્તર દિશાના) છે.

### ધ્વજાને વિષે વ્યંતર દેવોનાં ચિન્હો.

ચિંધં કલંબ સુલસે, વડ ખટ્ટંગે અસોગ ચંપયએ,
નાગે તુંબરૂ અ ઝએ, ખટ્ટંગ વિવજ્જિયા રૂક્ખા. ૩૭.

| | |
|---|---|
| **ચિંધં**–ચિન્હ. | **નાગે**–નાગવૃક્ષ. |
| **કલંબ**–કદંબ. | **ઝએ**–ધ્વજામાં. |
| **ખટ્ટંગે**–ખટ્વાંગ. | **વિવજ્જિયા**–વર્જિત. |
| **ચંપયએ**–ચંપક. | **રુક્ખા**–વૃક્ષો. |

**શબ્દાર્થ**—પિશાચાદિકની ધ્વજાને વિષે અનુક્રમે કદંબવૃક્ષ, સુલસવૃક્ષ, વડવૃક્ષ, ખટ્વાંગ (તાપસના ઉપકરણનું ચિન્હ) અશોકવૃક્ષ ચંપકવૃક્ષ, નાગવૃક્ષ અને તુંબરુવૃક્ષનું ચિન્હ છે, ખટ્વાંગને વર્જીને બાકીનાં વૃક્ષ છે

**વિવેચન**—પિશાચને કદંબવૃક્ષનું ચિન્હ, ભૂતને સુલસવૃક્ષનું ચિન્હ, યક્ષને વડવૃક્ષનું ખિન્હ, રાક્ષસને ખટ્વાંગ (ખપ્પર) નું ચિન્હ, કિંનરને અશોક વૃક્ષનું ચિન્હ કિંપુરૂષને ચંપકવૃક્ષનું ચિન્હ, મહોરગને નાગવૃક્ષનું ચિન્હ, અને ગંધર્વને તુંબરુવૃક્ષનું ચિન્હ હોય છે. આ ચિન્હ વ્યંતર દેવોની ધ્વજાને વિષે જાણવાં.

## વ્યંતર દેવોના શરીરનો વર્ણ.

**જક્ખ પિસાય મહોરગ, ગંધવ્વા સામ કિંનરા નીલા,**
**રક્ખસ કિંપુરિસા વિય, ધવલા ભૂયા પુણો કાલા. ૩૮.**

| | |
|---|---|
| **જક્ખ**–યક્ષ. | **વિ**–પણ. |
| **સામ**–કાંઇક કાળા | **ધવલા**–ધોળા. |
| **નીલા**–લીલા. | **પુણો**–વળી. |

**શબ્દાર્થ**—યક્ષ પિશાચ, મહોરગ અને ગંધર્વના શરીરનો વર્ણ કાંઇક કાળો છે. કિંનરો લીલા વર્ણે છે રાક્ષસ અને કિંપુરૂષ ધોળા વર્ણે છે. ભૂત વળી અત્યંત કાળા છે.

## વાણુવ્યંતરના ૮ ભેદ અને તેમનું સ્થાન.

**અણપન્ની પણપન્ની, ઇસિવાઇ ભૂયવાઇએ ચેવ,**
**કંદીય મહાકંદી, કોહંડે ચેવ પયંગે ય. ૩૯.**
**ઇય પઢમ જોયણ સએ, રયણાએ અટ્ઠ વંતરા અવરે,**
**તેસુ ઇહ સોલસિંદા, રુયગ અહો દાહિણુત્તરઓ. ૪૦.**

| | |
|---|---|
| **ઇસિવાઇ**–ઋષિવાદી | **અટ્ઠ**–આઠ (વાણુવ્યંતર) |
| **ભૂયવાઇએ**–ભૂતવાદી. | **વંતરા અવરે**–બીજા વ્યંતર |
| **કંદીય**–કંદિત. | **તેસુ**–તેઓને વિષે. |
| **મહાકંદી**–મહાકંદિત. | **ઇહ**–અહીયાં. |
| **પયંગે**–પતંગ. | **સોલસ**–સોળ. |
| **ઇય**–આ પ્રમાણે. | **ઇંદા**–ઇંદ્રો. |
| **પઢમ**–પ્રથમના, ઉપરના. | **રુયગ**–સમભૂતલાની, રૂચકથી. |
| **જોયણસએ**–સો જોજનમાંથી | **અહો**–નીચે. |
| **રયણાએ**–રત્નપ્રભાના. | **દાહિણ**–દક્ષિણ. |
| | **ઉત્તરઓ**–ઉત્તર દિશાએ, |

**શબ્દાર્થ**—અણપન્ની, પણપન્ની, ઋષિવાદી, નિશ્ચે ભૂતવાદી, કંદિત. મહાકંદિત, કોહંડ (કુષ્માણ્ડ) અને નિશ્ચે પતંગ. અહીંયાં રત્નપ્રભાના ઉપરના સો જોજનમાંથી ઉપર નીચે દશ દશ જોજન મૂકીને બાકીના ૮૦ જોજનમાં આઠ વાણુ વ્યંતર દેવો છે. તેઓને વિષે રૂચકથી દશ જોજન નીચે દક્ષિણ અને ઉત્તર દિશાએ સોળ ઇંદ્રો આ પ્રમાણે છે,

## વાણુવ્યંતરના ૧૬ ઇંદ્રોના નામ.

**સંનિહિએ સામાણે, ધાઇ વિહાએ ઇસીય ઇસીવાલે,**
**ઇસર મહેસરે વિય, હવઇ સુવચ્છે વિસાલે ય. ૪૧.**

**હાસ હાસરઇ વિય, સેએ ય ભવે તહા મહાસેએ,**
**પયંગે પયંગવઇ વિય, સોલસ ઇંદાણ નામાઇં. ૪૨.**

| | |
|---|---|
| **સંનિહિએ**–સંનિહિત | **હાસે**–હાસ્ય. |
| **સામાણે**–સામાન. | **હાસરઇ**–હાસ્યરતિ. |
| **ધાઇ**–ધાતા. | **વિ**–પણ. |
| **વિહાએ**–વિધાતા. | **સેએ**–શ્વેત. |
| **ઇસી**–ઋષીંદ્ર. | **ભવે**–હોય. |
| **ઇસીવાલે**–ઋષિપાલ. | **મહાસેએ**–મહાશ્વેત. |
| **ઇસર**–ઇશ્વર. | **પયંગે**–પતંગ. |
| **મહેસર**–મહેશ્વર. | **પયંગવઇ**–પતંગપતિ. |
| **હવઇ**–છે. | **ઇંદાણ**–ઇંદ્રોનાં. |
| **સુવચ્છે**–સુવત્સ. | **નામાઇં**–નામો. |
| **વિસાલે**–વિશાલ. | |

**શબ્દાર્થ**—સંનિહિત ઇંદ્ર અને સામાન ઇંદ્ર, ધાતા ઇંદ્ર અને વિધાતા ઇંદ્ર, ઋષીંદ્ર અને ઋષિપાલેંદ્ર, ઇશ્વર ઇંદ્ર અને મહેશ્વર ઇંદ્ર, સુવત્સ ઇંદ્ર અને વિશાલ ઇંદ્ર છે. હાસ્ય ઇંદ્ર અને હાસ્યરતિ ઇંદ્ર, શ્વેત ઇંદ્ર તથા મહાશ્વેત ઇંદ્ર, પતંગ ઇંદ્ર અને પગંતપતિ ઇંદ્ર. એ (દક્ષિણ અને ઉત્તર દિશાના વાણ વ્યંતરના) સોળ ઇંદ્રોના નામો છે.

**વિવેચન**—ભવનપતિના વીશ ઇંદ્ર, વ્યંતરના સોળ, વાણ વ્યંતરના સોળ, જો કે અસંખ્યાત દ્વીપ અને સમુદ્રમાં અસંખ્યાત સૂર્ય અને ચંદ્રો છે તો પણ જાતિની અપેક્ષાએ ચંદ્ર અને સૂર્ય એ બે જ જ્યોતિષીના ઇંદ્ર ગણીએ તથા વૈમાનિકમાં બાર દેવલોકના દશ ઇંદ્ર છે કારણ કે નવમા અને દશમા દેવલોકનો પ્રાણત ઇંદ્ર તેમજ અગીયારમા અને બારમા દેવલોકનો અચ્યુત ઇંદ્ર છે. કુલ મળીને ૬૪ ઇંદ્રો છે.

## વ્યંતર અને જ્યોતષી ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષક દેવો.

**સામાણિયાણ ચઉરો, સહસ્સ સોલસ ય આયરક્ખાણં,**
**પત્તેયં સવ્વેસિં, વંતરવઈસસિ રવીણં ચ. ૪૩.**

**સામાણિયાણ**–સામાનિક.
**ચઉરો સહસ્સ**–૪ હજાર.
**સોલસ**–સોલ (હજાર.)
**આયરક્ખાણં**–આત્મરક્ષકો.
**પત્તેયં**–દરેકને.
**સવ્વેસિં**-સર્વ.
**વંતરવઇ**–વ્યંતર અને વાણ વ્યંતર ઇંદ્રિ.
**સસિ રવીણં**–ચંદ્ર અને સૂર્યમાંના.

**શબ્દાર્થ**—સર્વ વ્યંતર અને વાણવ્યંતરના ઇંદ્રિ, ચંદ્ર અને સૂર્યમાંના દરેક (ઇંદ્ર)ને સામાનિક દેવો ચાર હજાર અને આત્મરક્ષક દેવો સોળ હજાર છે.

### વ્યંતરના ઇંદ્ર, ચિન્હ, વર્ણ અને સામાનિકાદિનું યંત્ર.

| વ્યંતર | દક્ષિણેંદ્ર | ઉતરેંદ્ર | ચિન્હ | શરીરનો વર્ણ | સામાનિક | આત્મરક્ષક |
|---|---|---|---|---|---|---|
| પિશાચ | કાલ | મહાકાલ | કદંબવૃક્ષ | શ્યામ | ૪હજાર | ૧૬ હજાર |
| ભૂત | સુરૂપ | પ્રતિરૂપ | સુલસવૃક્ષ | કાલા | ,, | ,, |
| યક્ષ | પૂર્ણભદ્ર | માણિભદ્ર | વડવૃક્ષ | શ્યામ | ,, | ,, |
| રાક્ષસ | ભીમ | મહાભીમ | ખટ્વાંગ | ધોળો | ,, | ,, |
| કિન્નર | કિન્નર | કિંપુરૂષ | અશોકવૃક્ષ | લીલા | ,, | ,, |
| કિંપુરૂષ | સત્પુરૂષ | મહાપુરૂષ | ચંપકવૃક્ષ | ધોળો | ,, | ,, |
| મહોરગ | અતિકાય | મહાકાય | નાગવૃક્ષ | શ્યામ | ,, | ,, |
| ગંધર્વ | ગીતરતિ | ગીતયશ | તુંબરૂવૃક્ષ | શ્યામ | ,, | ,, |

## વાણુ વ્યંતરના ઇંદ્રો, સામાનિક અને આત્મ-રક્ષકનું યંત્ર.

| વાણુવ્યંતરના | દક્ષિણેંદ્ર | ઉતરેંદ્ર | સામાનિક. | આત્મરક્ષક |
|---|---|---|---|---|
| અણુપન્ની | સંનિહિત | સામાન | ૪ હજાર | ૧૬ હજાર |
| પણુપન્ની | ધાતા | વિધાતા | ,, | ,, |
| ઇસિવાદી | રૂષિ | રૂષિપાલ | ,, | ,, |
| ભૂતવાદી | ઈશ્વર | મહેશ્વર | ,, | ,, |
| કંદિત | સુવત્સ | વિશાલ | ,, | ,, |
| મહાકંદિત | હાસ્ય | હાસ્યરતિ | ,, | ,, |
| કોહંડ | શ્વેત | મહાશ્વેત | ,, | ,, |
| પતંગ | પતંગ | પતંગપતિ | ,, | ,, |

### પ્રશ્નો.

૧. ભવનપતિ અને વ્યંતરોનાં ભવનો કેટલાં ? ક્યાં આવ્યાં, તેનો આકાર તથા પ્રમાણ કહો.

૨. ભૂત, કિંનર અને મહોરગના ઇંદ્રોનાં નામ, ચિન્હ, શરીરનો વર્ણ સામાનિક અને આત્મરક્ષક કહો.

૩. પણુપન્ની, કંદિત અને કોહંડના ઇંદ્રોનાં નામો, સામાનિક અને આત્મરક્ષક કહો.

## દશ પ્રકારના દેવો.

**ઈંદ સમ તાયતીસા, પરિસતિયા રક્ખ લોગપાલા ય,**
**અણિય પઈન્ના અભિઓગા,**
**કિબ્બિસં દસ ભવણ વેમાણી. ૪૪.**

| | |
|---|---|
| **ઈંદ**–ઇંદ્રિ. | **પઈન્ન**–પ્રકીર્ણ, પ્રજા. |
| **સમ**–સામાનિક. | **અભિયોગા**–ચાકર, નોકર. |
| **તાયતીસા**–ત્રાયત્રિંશક. | **કિબ્બિસં**–કિલ્બિષિક. |
| **પરિસતિયા**–ત્રણ પર્ષદા. | **દસ**–દશ પ્રકારના દેવો. |
| **રક્ખ**–આત્મરક્ષક. | |
| **લોગપાલા**–લોકપાલ | **ભવણ વેમાણી**–ભવનપતિ અને વૈમાનિકમાં. |
| **અણિય**–અનિક, સૈન્ય. | |

**શબ્દાર્થ**—૧. ઇંદ્રિ, ૨. સામાનિક (ઇંદ્રિ સરખા ઋદ્ધિવાળા દેવો,) ૩. ત્રાયત્રિંશક (ગુરૂ સ્થાનીય-ઇંદ્રને સલાહ પૂછવા યોગ્ય દેવો,) ૪. બાહ્ય મધ્યમ અને અભ્યંતર રૂપ ત્રણ પર્ષદાના દેવો, ૫. અંગરક્ષક દેવો, ૬ લોકપાલ (કોટવાલ), ૭. સૈન્યના દેવો, ૮. પ્રજાના દેવો, ૯. નોકર દેવો, અને ૧૦. કિલ્બિષિક દેવો. એ દશ પ્રકારના દેવો ભવનપતિ અને વૈમાનિકમાં હોય છે.

બાહ્ય પર્ષદા ઈન્દ્ર પાસે નિત્ય આવનાર અને સ્વભાવે ઉદ્ધત છે. મધ્યમ પર્ષદા કોઈક વખત આવનાર કાંઈક ઉદ્ધત અને કાંઈક શાન્ત છે. આ ત્રણે પર્ષદાના દેવ–દેવીઓ સાથે ઈન્દ્ર મસલત કરીને પછી જ લડાઈ કરવાનો વિચાર જાહેર કરે છે.

## સાત પ્રકારનુ સૈન્ય.

**ગંધવ્વ નટ્ટ હય ગય, રહ ભડ અણિયાણિ સવ્વ ઇંદાણં,**
**વેમાણિયાણ વસહા, મહિસા ય અહોનિવાસીણં. ૪૫.**

**ગંધવ્વ**–ગંધર્વ, મૃદંગ વગાડનારનું.
**નટ્ટ**–નાટક કરનારનું.
**હય**–અશ્વ, ઘોડાનું.
**ગય**–હાથીનું.
**રહ**–રથનું.
**ભડ**–સુભટનું
**અણિયાણિ**–સૈન્ય.
**સવ્વ ઇંદાણં**–સર્વ ઇંદ્રોને.
**વેમાણિયાણ**–વૈમાનિક ઇંદ્રોને.
**વસહા**–વૃષભ, બલદનું.
**મહિસા**–પાડાનું.
**અહોનિવાસીણં**–અધોનિવાસીને (ભવનપતિ અને વ્યંતર ઇન્દ્રને

**શબ્દાર્થ**—૧. મૃદંગ વગાડનારનું, ૨. નાટક કરનારનું, ૩. ઘોડાનું, ૪. હથીનું, ૫ રથનું, ૬. સુભટનું સૈન્ય સર્વ ઇંદ્રોને હોય અને વૈમાનિક (અને જ્યોતિષીના) ઇન્દ્રને સાતમું વૃષભનું અને અધોનિવાસી (ભવનપતિ અને વ્યંતર ઇન્દ્રો) ને પાડાનું સૈન્ય હોય છે.

**વિવેચન**—આ સાત સૈન્યમાંથી પ્રથમનાં બે સૈન્ય ઉપભોગને માટે અને બાકીનાં પાંચ સૈન્ય સંગ્રામને માટે હોય છે. દેવોમાં હાથી વિગેરે હોતા નથી, પરંતુ નોકર દેવો પોતાના સ્વામીને બેસવાને માટે તેવા પ્રકારનાં વૈક્રિય રૂપો વિકુર્વે છે.

### ઇંદ્રના ત્રાયત્રિંશક, પર્ષદા અને લોકપાલાદિકની સંખ્યા.

**તિત્તીસ તાયતીસા, પરિસતિયા લોગપાલ ચત્તારિ;**
**અણિઆણિ સત્ત સત્તય, અણિયાહિવ સવ્વઇંદાણં. ૪૬.**

| | |
|---|---|
| **તિત્તીસ**-તેત્રીશ. | **સત્ત**-સાત પ્રકારનું. |
| **તાયતીસા**-ત્રાયત્રિંશક | **સત્ત**-સાત. |
| **પરિસતિયા**-ત્રણ પર્ષદા | **અણિયાહિવ**-સૈન્યના અધિપતિ |
| **લોગપાલચત્તારિ**-ચારલોક પાલ. | **સવ્વ ઇંદા**-સર્વ ઇન્દ્રો |
| **અણિઆણિ**-સૈન્ય. | |

**શબ્દાર્થ**—તેત્રીશ ત્રાયત્રિંશક દેવો, ત્રણ પર્ષદા, ચાર લોકપાલ અને સાત પ્રકારનું સૈન્ય છે અને સાત સૈન્યના અધિપતિ સર્વ ઇન્દ્રો હોય છે.

### વ્યંતર અને જ્યોતિષીમાં ૮ પ્રકારના દેવો.

**નવરં વંતર જોઇસ, ઇંદાણ ન હુન્તિ લોગપાલાઓ,**
**તાયત્તીસ-ભિહાણા, તિયસાવિ ય તેસિં ન હુ હુન્તિ.૪૭.**

| | |
|---|---|
| **નવરં**-વિશેષ | **તાયત્તીસ**-ત્રાયત્રિંશક |
| **વંતર**-વ્યંતર. | **અભિહાણા**-નામના |
| **જોઇસ**-જ્યોતિષના | **તિયસા વિ**-દેવતા પણ. |
| **ઇંદાણ**-ઇન્દ્રોને | **તેસિં**-તેઓને. |
| **ન હુન્તિ**-નથી | **હુ**-નિશ્ચે |
| **લોગપાલાઓ**-લોકપાલો | |

**શબ્દાર્થ**—એટલું વિશેષ છે કે વ્યંતર અને જ્યોતિષીના ઇન્દ્રોને લોકપાલો નથી અને તેઓને (વ્યંતર ઇન્દ્રોને

તથા જ્યોષીના ઇન્દ્રોને) ત્રાયત્રિંશક નામના દેવો પણ નિશ્ચે નથી.

**વિવેચન**—વ્યંતર અને જ્યોતિષીમાં ઇન્દ્રાદિ આઠ પ્રકારના દેવો હોય છે. તે વ્યંતર ઇંદ્રો અને જ્યોતિષીના ઇંદ્રો સૌધર્મ અને ઇશાન ઇંદ્રના તાબે હોવાથી લોકપાલ અને ત્રાયત્રિંશક દેવો તેઓને હોતા નથી.

## જ્યોતિષી દેવોનું સ્થાન.

**સમભૂતલાઓ અટ્ઠહિં, દસૂણ જોયણ સએહિં આરબ્ભ,**
**ઉવરિ દસુત્તર જોયણ, સયંમિ ચિટ્ઠન્તિ જોઇસિયા. ૪૮.**

**સમભૂતલાઓ**—સમભૂતલાથી
**દસૂણજોયણ**—દશ યોજન ઓછાથી.
**અટ્ઠહિં સએહિં**—આઠસો યોજનમાંથી.
**આરબ્ભ**—આરંભીને
**ઉવરિ**—ઉપર.
**દસુત્તર**—દશ અધિક.
**જોયણ સંયમિ**—એકસો યોજનમાં.
**ચિટ્ઠન્તિ**—રહે છે.
**જોઇસિયા**—જ્યોતિષી દેવો..

**શબ્દાર્થ**—સમભૂતલાથી આરંભીને આઠસો યોજનમાંથી દશ યોજન ઓછા (સાતસો નેવું યોજન)થી ઉપર એકસો અધિક દશ (એકસો દશ) યોજનમાં જ્યોતિષી દેવો રહે છે.

**વિવેચન**—મેરૂ પર્વતના ૪ ઉપર અને ૪ મધ્યભાગે નીચે એમ ૮ રૂચક પ્રદેશ છે તેનું નામ સમભૂતલા. તેનાથી ઉપર ૯૦૦ યોજન અને ૯૦૦ યોજન મળી ૧૮૦૦ યોજન પ્રમાણ તિર્છાલોક છે. તે વિસ્તારમાં ૧ રાજલોક પ્રમાણ છે.

## સમભૂતલાથી જ્યોતિષી દેવોનાં વિમાનો કેટલાં દૂર છે?

**તત્થ રવી દસ જોયણ, અસીઈતદુવરિં સસીય રિક્ખેસુ,**
**અહ ભરણિ સાઈ ઉવરિં, બહિં મૂલો ભિંતરે અભિઈ.૪૯.**

| | |
|---|---|
| તત્થ–તે ઉપર | ભરણિ–ભરણી |
| રવી–સૂર્ય. | સાઈ–સ્વાતિ |
| દસ જોયણ–દશ યોજને | ઉવરિં ઉપર |
| અસીઈ–એંસી. | બહિં-બહારના. |
| તદુવરિં–તેની ઉપર. | મૂલો–મૂલ. |
| સસી–ચંદ્ર. | અભિંતરે–અંદરના. |
| રિક્ખેસુ–નક્ષત્રોમાં. | અભિઈ–અભિજિત. |
| અહ–નીચે. | |

શબ્દાર્થ—તે સાતસો નેવું યોજન ઉપર દશ યોજને સૂર્ય, તેની ઉપર એંસી યોજને ચંદ્ર, તેની ઉપર (ચાર યોજને નક્ષત્રો છે) નક્ષત્રોમાં સૌથી નીચે ભરણિ નક્ષત્ર ચાલે છે, ઉપર સ્વાતિ નક્ષત્ર ચાલે છે, બહારના મંડલે મૂલ નક્ષત્ર ચાલે છે અને સૌથી અંદરના મંડલે અભિજિત્ નક્ષત્ર ચાલે છે.

**તાર રવી ચંદ રિક્ખા, બુહ સુક્કા જીવ મંગલ સણિયા,**
**સગ સય નઉય દસ અસિઇ,**
**ચઉ ચઉ કમસો તિયા ચઉસુ. ૫૦.**

| | |
|---|---|
| તાર–તારા. | બુહ–બુધ. |
| રવી–સૂર્ય. | સુક્કા–શુક્ર |
| ચંદ્ર–ચંદ્ર. | જીવ–બૃહસ્પતિ. |
| રિક્ખા–નક્ષત્ર. | મંગલ–મંગલ. |

**સણિચ્છા**-શનિશ્ચર.
**સગ સય નઉય**-સાતસો નેવું.
**દસ**-દસ.
**અસીઈ**-એંસી.
**ચઉ**-ચાર.
**ચઉ**-ચાર.
**કમસો**-અનુક્રમે.
**તિયા**-ત્રણ યોજન
**ચઉસુ**-ચાર ગ્રહોને વિષે.

**શબ્દાર્થ**—૭૯૦ યોજને તારા, તેની ઉપર ૧૦ યોજને સૂર્ય. તેની ઉપર ૮૦ યોજને ચંદ્ર, તેની ઉપર ચાર યોજને નક્ષત્રો, તેની ઉપર ચારે યોજને બુધ ગ્રહ, તેની ઉપર શુક્ર, બૃહસ્પતિ, મંગલ અને શનિશ્ચર છે. એ ચાર ગ્રહોને વિષે અનુક્રમે ૩ યોજન અંતર છે (આ માપ પ્રમાણુ યોજને જાણવું)

## સમભૂતલાથી જ્યોતિષી વિમાનોનું અંતર.

| | | | |
|---|---|---|---|
| સમભૂતલાથી | ૭૯૦ | યોજન | તારા |
| તારાથી ૧૦ યોજને | ૮૦૦ | ,, | સૂર્ય |
| સૂર્યથી ૮૦ યો૦ | ૮૮૦ | ,, | ચંદ્ર |
| ચંદ્રથી ૪ યો૦ | ૮૮૪ | ,, | નક્ષત્ર |
| નક્ષત્રથી ૪ યો૦ | ૮૮૮ | ,, | બુધ |
| બુધથી ૩ યો૦ | ૮૯૧ | ,, | શુક્ર |
| શુક્રથી ૩ યો૦ | ૮૯૪ | ,, | બૃહસ્પતિ (ગુરૂ) |
| ગુરૂથી ૩ યો૦ | ૮૯૭ | ,, | મંગળ |
| મંગળથી ૩ યો૦ | ૯૦૦ | ,, | શનિ |

## પ્રશ્નો

૧. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકમાં દેવોના પ્રકાર કેટલા અને કયા કયા.

૨. ત્રાયત્રિંશક લોકપાલ અને પર્ષદા કેટલી ?

૩. જ્યોતિષી દેવોનાં વિમાનો કેટલા યોજનમાં છે તથા તે વિમાનોનું માંહોમાંહે અંતર કેટલું છે અને સમભૂતલાથી કેટલા યોજન ઉંચે છે તે કહો.

## મેરૂ પર્વતથી કેટલે દૂર ચર જ્યોતિષીના વિમાન અને અલોકથી કેટલે દૂર સ્થિર જ્યોતિષીનાં વિમાન.

**ઇક્કારસ જોયણ સય, ઇગવીસિક્કારસ સાહિયા કમસો,**
**મેરુ અલોગા–બાહં, જોઇસ ચક્કં ચરઇ ઠાઈ. ૫૧.**

| | |
|---|---|
| **ઇક્કારસ સય**–અગીયાર સો. | **મેરૂ**–મેરુ પર્વતની. |
| **જોયણ**–જોજન. | **અલોગ**–અલોકની. |
| **ઇગવીસ**–એકવીશ | **અબાહં**–અબાધાએ, અંતરે. |
| **ઇક્કારસ**–અગીયાર | **જોઇસ ચક્કં**–જ્યોતિષી ચક્ર. |
| **અહિયા**–અધિક. | **ચરઇ**–ચાલે છે. |
| **કમસો**–અનુક્રમે. | **ઠાઈ**–સ્થિર રહે છે. |

**શબ્દાર્થ**–મેરૂ પર્વતની અબાધાએ (દૂર) અગીઆર સો એકવીશ યોજન અને અલોકની અબાધાએ અગીઆર સો અગીઆર યોજન અનુક્રમે જ્યોતિષી ચક્ર ચાલે છે અને સ્થિર રહે છે.

**વિવેચન**—મનુષ્યક્ષેત્રમાં મેરૂ પર્વતથી ૧૧૨૧ યોજન છેટે જ્યોતિષી ચક્ર (તારા) ચાલે છે તથા અલોકથી લોકમાં ૧૧૧૧ યોજન ચારે તરફ આવીએ ત્યાં (સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલા છેલ્લા) જ્યોતિષીનાં વિમાનો સ્થિર છે. એટલે અલોકથી ૧૧૧૧ યોજન દૂર જ્યોતિષીનાં વિમાનો સ્થિર છે.

## જ્યોતિષીનાં વિમાનોનો આકાર અને તે કેટલાં?

**અદ્ધ કવિટ્ઠાગારા, ફલિહમયા રમ્મ જોઇસ-વિમાણા,**
**વંતર નયરેહિંતો, સંખિજ્જ ગુણા ઇમે હુન્તિ. ૫૨.**

**અદ્ધ કવિટ્ઠ**–અર્ધ કોઠ ફળના.
**આગારા**–આકારવાળાં
**ફલિહમયા**–સ્ફટિકરત્નનાં
**રમ્મ**–રમણીક, મનોહર.
**જોઇસ**–જ્યોતિષીનાં.
**વિમાણા**–વિમાનો.
**વંતર**–વ્યંતરોના.
**નયરેહિંતો**–નગરોથી.
**સંખિજ્જ**–સંખ્યાત
**ગુણા**–ગુણાં.
**ઇમે**–આ (જ્યોતિષીનાં વિમાનો.)
**હુન્તિ**–છે.

**શબ્દાર્થ**—અર્દ્ધ કોઠ ફળના આકારવાળાં, સ્ફટિક રત્નનાં, મનોહર આ જ્યોતિષી દેવોનાં વિમાનો વ્યંતરોના (અસંખ્યાત) નગરોથી સંખ્યાત ગુણાં છે.

**વિવેચન**—જ્યોતિષીનાં વિમાનો ઉદય અને અસ્તકાળે તિર્યગ્ પરિભ્રમણ કરતાં અર્ધ કોઠ ફ્લાકારે દેખાતાં નથી પણ ઉપર રહ્યા છતાં ગોળાકાર દેખાય છે. તેનું કારણ શું? તે વિમાનોની પીઠ (તળીયું-નીચેનો ભાગ) અર્ધ કોઠ

ફલાકારે છે અને તેની ઉપર ચંદ્રાદિક દેવોના પ્રાસાદો છે. તે પીઠ સહિત પ્રાસાદ વર્તુલાદિક કોઈપણ આકારે રહ્યા છતાં વાટલાકાર દેખાય છે કારણકે વસ્તુનો વાંકો આકાર પણ દૂરથી ગોળ કાર દેખાય છે, તે માટે દૂરથી વિમાન વાટલું દેખાય છે.

## જ્યોતિષીનાં વિમાનો શેનાં છે ?

**તાઈં વિમાણાઈં પુણ, સવ્વાઈં હુન્તિ ફાલિહ-મયાઈં,**
**દગ-ફાલિહ મયા પુણ, લવણે જે જોઇસ વિમાણા. ૫૩.**

**તાઇ**-તે.
**વિમાણાઇ**-વિમાનો.
**પુણ**-વળી.
**સવ્વાઇ**-સર્વ.
**હુન્તિ**-છે.
**ફાલિહમયાઈ**-સ્ફટિક રત્નનાં.
**દગ ફાલિહ મયા**-ઉદક સ્ફટિક રત્નમય
**લવણે**-લવણ સમુદ્રમાં.
**જે**-જે.
**જોઈસ**-જ્યોતિષી દેવોનાં.
**વિમાણા**-વિમાનો.

**શબ્દાર્થ**—તે સર્વ વિમાનો વળી સ્ફટિક રત્નનાં છે. પરંતુ લવણ સમુદ્રમાં જે જ્યોતિષી દેવોનાં વિમાનો છે, તે વળી ઉદક સ્ફટિક રત્નનાં છે.

**વિવેચન**—નદ્યાદિ પ્રવેશમાર્ગ રૂપ અત્યંત નીચો ભૂમિનો ભાગ તે ગોતીર્થ કહેવાય છે. જંબૂદ્વીપ અને ધાતકીખંડની વેદિકાથી ૯૫ હજાર યોજન સુધી ગોતીર્થ છે. તે પછી લવણ સમુદ્રની શિખા ૧૦ હજાર યોજન પહોળી અને ૧૬ હજાર યોજન ઉંચી છે, અને જ્યોતિષીનાં વિમાનો

ઉંચાં ૯૦૦ યોજન સુધી શિખા માંહે ચાલે છે, પરંતુ ઉદક સ્ફટિક રત્નના પ્રભાવથી પાણી ફાટીને મોકળું થઈ જાય છે, તેથી વિમાનોને પાણીમાંહે ફરવામાં બાધા થતી નથી, તથા વિમાનોમાં પાણી ભરાતું નથી, તેમજ વિમાનોના તેજના પ્રકાશને પાણીથી અંતરાય થતો નથી.

## ચર જ્યોતિષીના વિમાનોની લંબાઈ પહોળાઇ અને ઉંચાઈ.

**જોયણિ–ગસટ્ઠિ ભાગા, છપ્પન્ન અડયાલ ગાઉ દુ ઇગ-દ્ધં;**
**ચંદાઈ વિમાણા–યામ, વિત્થડા અદ્ધ–મુચ્ચત્તં. ૫૪.**

| | |
|---|---|
| **જોયણ**–યોજનના. | **ચંદાઈ**–ચંદ્રાદિકના. |
| **ઈગસટ્ઠિ**–એકસઠ | **વિમાણ**–વિમાનની |
| **ભાગા**–ભાગમાંથી. | **આયામ**–લંબાઈ. |
| **છપ્પન્ન**–છપ્પન્ન. | **વિત્થડા**–વિસ્તાર, પહોળાઈ |
| **અડયાલ**–અડતાલીશ | **અદ્ધં**–અર્ધ. |
| **ગાઉ દુ ઇગદ્ધં**–બે, એક, અને અર્ધ ગાઉ. | **ઉચ્ચત્તં**–ઉંચાઈ. |

**શબ્દાર્થ**—ચંદ્રાદિકના વિમાનની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે (ચંદ્રની) એક યોજનના એકસઠ ભાગમાંથી છપ્પન્ન ભાગ, (સૂર્યની) એક યોજનના એકસઠ ભાગમાંથી અડતાલીશ ભાગ, (ગ્રહની) બે ગાઉ, (નક્ષત્રની) એક ગાઉ, અને (તારાની) અર્ધ ગાઉ છે. (જ્યોતિષીના વિમાનની) ઉંચાઈ તે (લંબાઇ) થી અર્ધ હોય છે.

**વિવેચન**—મનુષ્યક્ષેત્રમાં ચંદ્રના વિમાનની લંબાઈ પહોળાઈ $\frac{૫૬}{૬૧}$ યોજન અને ઉંચાઈ $\frac{૨૮}{૬૧}$ યોજન, સૂર્યના વિમાનની લંબાઈ પહોળાઈ $\frac{૪૮}{૬૧}$ યોજન અને ઉંચાઈ $\frac{૨૪}{૬૧}$ યોજન, ગ્રહના વિમાનની લંબાઈ પહોળાઈ ૨ ગાઉ અને ઉંચાઇ ૧ ગાઉ, નક્ષત્રના વિમાનની લંબાઇ પહોળાઇ ૧ ગાઉ અને ઉંચાઇ ૦॥ ગાઉ, તથા ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તારાના વિમાનની લંબાઈ પહોળાઇ ૦॥ ગાઉ અને ઉંચાઇ ૦। ગાઉ હોય છે. જઘન્ય સ્થિતિવાળા તારાના વિમાનની લંબાઇ પહોળાઇ ૦। ગાઉ (૫૦૦ ધનુષ્ય) અને ઉંચાઇ ૨૫૦ ધનુષ્યની હોય છે.

## મનુષ્ય ક્ષેત્રનું પ્રમાણ અને સ્થિર જ્યોતિષીનાં વિમાનોની લંબાઈ પહોળાઈ અને ઉંચાઈ.

**પણયાલ લક્ખ જોયણ, નર–ખિત્તં તત્થિમે સયા ભમિરા,**
**નરખિત્તાઉ બહિં પુણ, અદ્ધ–પમાણા ઠિઆ નિચ્ચં. ૫૫.**

**પણયાલ લક્ખ**- ૪૫ લાખ
**જોયણ**–યોજનનું.
**નરખિત્તં**–મનુષ્ય ક્ષેત્ર.
**તત્થ**–તેમાં.
**ઇમે**–આ.
**સયા**–હમેશાં.
**ભમિરા**–ભમનારાં, ફરનારાં.
**નરખિત્તાઉ**–મનુષ્યક્ષેત્રની.
**બહિં**–બાહેર.
**પુણ**–વળી.
**અદ્ધપમાણા**–અર્ધ પ્રમાણ વાળાં.
**ઠિઆ**–સ્થિર.
**નિચ્ચં**- નિત્ય.

**શબ્દાર્થ**—૪૫ લાખ યોજનનું મનુષ્ય ક્ષેત્ર છે. તેમાં આ જ્યોતિષીનાં વિમાનો હંમેશાં ભમવાના સ્વભાવવાળાં છે. મનુષ્યક્ષેત્રની બહાર વળી સ્થિર જ્યોતિષીનાં વિમાનો (તે ચર જ્યોતિષીનાં વિમાનોથી) અર્ધ પ્રમાણવાળાં નિરંતર છે. (જઘન્યાયુવાળા તારાના વિમાનની લંબાઇ પહોળાઇ ૨૫૦ ધનુષ્ય અને ઉંચાઈ ૧૨૫ ધનુષ્યની હોય છે)

**વિવેચન**—મનુષ્યક્ષેત્રમાં ૧૫ કર્મભૂમિ ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપમાં મનુષ્યોનાં જન્મ મરણ થાય છે. પરંતુ સમુદ્ર અને વર્ષધર પર્વતાદિને વિષે પ્રાયઃ જન્મ થતો નથી, પરંતુ મરણ તો સંહરણ થકી અથવા વિદ્યાલબ્ધિથી ત્યાં ગયેલાઓનું થાય છે. મનુષ્યક્ષેત્રને વીંટીને રહેલો સુવર્ણમય માનુષ્યોત્તર પર્વત છે. તે ૧૭૨૧ યોજન ઉંચો એટલે બેઠેલા સિંહની જેમ અંદરના ભાગમાં ઉંચો અને બહારના ભાગમાં નીચો છે. પૂર્વભવનું વૈર લેવાની બુદ્ધિથી કોઇ દેવ દાનવ કે વિદ્યાધર ગર્ભિણી સ્ત્રી કે મનુષ્યને અઢી દ્વીપની બહાર મૂકે, તોપણ મરણ ત્યાં થતું નથી અને થશે પણ નહિ, કારણ કે તે દેવાદિકને અથવા બીજા કોઇ દેવાદિકને એવી બુદ્ધિ થાય કે તેને સંહરીને પાછો મનુષ્ય ક્ષેત્રમાં લાવીને મૂકે. વળી જંઘાચારણ (તપસ્યાના બળથી ચાલનારા) રૂચક દ્વીપ સુધી અને વિદ્યાચારણ (વિદ્યાના બળથી ચાલનારા) મુનિઓ નંદીશ્વર દ્વીપ સુધી યાત્રા માટે જાય છે. પરંતુ તેઓનું મરણ તો મનુષ્ય ક્ષેત્રમાં જ થાય છે.

જંઘાચારણ એક ઉત્પાત વડે રૂચકદ્વીપ સુધી જાય છે. પાછા વળતાં એક ઉત્પાત વડે નંદીશ્વર અને બીજા ઉત્પાતવડે સ્વસ્થાનમાં આવે છે.

એક ઉત્પાત વડે પાંડુક વન ઉપર ચઢે છે. પાછા વળતાં એક ઉત્પાત વડે નંદનવન અને બીજા ઉત્પાત વડે સ્વસ્થાને જંઘાચારણ આવે છે.

વિદ્યાચારણ એક ઉત્પાત વડે માનુષ્યોત્તર, બીજા ઉત્પાત વડે નંદીશ્વર યાત્રા કરીને, વળતાં એક ઉત્પાત વડે સ્વસ્થાને આવે છે.

એક ઉત્પાત વડે નંદનવન, બીજા ઉત્પાત વડે પાંડુકવન, પાછા વાળતાં એક ઉત્પાત વડે સ્વસ્થાને વિદ્યાચારણ આવે છે.

## જ્યોતિષી દેવોની ગતિ. ઋદ્ધિ તથા તેના વિમાનને વહન કરનાર દેવોનાં વિકુર્વેલ વૈક્રિય રૂપો.

**સસિ રવિ ગહ નક્ખત્તા, તારાઓ હુન્તિ જહુત્તરં સિગ્ઘા,**
**વિવરીયા ઉ મહડ્ઢિઅ, વિમાણ-વહગા કમેણે-સિં. ૫૬.**
**સોલસસોલસ અટ્ટચઉ, દોસુરસહસ્સા પુરઓ દાહિણઓ,**
**પચ્છિમ ઉત્તર સીહા, હત્થી વસહા હયા કમસો. ૫૭.**

**સસિ**-ચંદ્ર.
**રવિ**-સૂર્ય.
**ગહ**-ગ્રહ.
**નક્ખત્તા**-નક્ષત્ર.
**તારાઓ**-તારા.
**હુન્તિ**-છે.
**જહુત્તરં**-યથોત્તર, અનુક્રમે
**સિગ્ઘા**-ઉતાવળી ગતિવાળા.
**વિવરીયા ઉ**-વિપરીત, વળી.
**મહડ્ઢિઅ**-ઋદ્ધિમાં.

| | |
|---|---|
| **વિમાણ વહગા**–વિમાનને વહન કરનારા. | **પુરઓ**–પૂર્વમાં. |
| **કમેણ**–અનુક્રમે. | **દાહિણઓ**–દક્ષિણમાં. |
| **એસિં**–એઓના. | **પચ્છિમ**–પશ્ચિમમાં. |
| **સોલસ**–સોળ. | **ઉત્તર**–ઉત્તરમાં. |
| **અડ**–આઠ. | **સીહા**–સિંહ. |
| **ચઉ**–ચાર. | **હત્થી**–હાથી. |
| **દો**–બે. | **વસહા**–વૃષભ, બળદ. |
| **સુર સહસ્સા**–હજાર દેવો. | **હયા**–ઘોડાના રૂપે. |
| | **કસમો**–અનુક્રમે. |

**શબ્દાર્થ**—ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ અનુક્રમે ઉતાવળી ગતિવાળા છે અને ઋદ્ધિમાં વળી વિપરીત છે. અનુક્રમે એઓના વિમાનને વહન કરનારા સોળહજાર, સોળ હજાર, આઠ હજાર, ચાર હજાર અને બે હજાર દેવો છે. પૂર્વનાં સિંહના રૂપે, દક્ષિણમાં હાથીના રૂપે, પશ્ચિમમાં બળદના રૂપે અને ઉત્તરમાં ઘોડાના રૂપે અનુક્રમે વહન કરે છે.

**વિવેચન**—સર્વથી મંદગતિવાળા ચંદ્ર છે, તેથી સૂર્યની ગતિ ઉતાવળી, તેથી ગ્રહની ગતિ ઉતાવળી, તેથી નક્ષત્રની ગતિ ઉતાવળી અને તેથી તારાની ગતિ ઉતાવળી છે. તથા ગ્રહોમાં બુધથી શુક્ર ઉતાવળી ગતિવાળો, તેથી મંગળ ઉતાવળી ગતિવાળો, તેથી બૃહસ્પતિ ઉતાવળી ગતિવાળો અને તેથી શનિ ઉતાવળી ગતિવાળો છે. રૂદ્ધિમાં તેથી વિપરીત જાણવા એટલે સર્વથી અલ્પરૂદ્ધિવંત તારા, તેજ નક્ષત્ર વધારે રૂદ્ધિવાળાં, તેથી ગ્રહ વધારે રૂદ્ધિવાળા, તેથી સૂર્ય વધારે રૂદ્ધિવાળો, તેથી ચંદ્રની રૂદ્ધિ સર્વે જ્યોતિષી કરતાં વધારે છે.

તારા પાંચ વર્ણવાળા છે અને બીજા જ્યોતિષી તપાવેલા સોનાના જેવા (લાલ) વર્ણવાળા જાણવા. જ્યોતિષી દેવો સારાં વસ્ત્ર, આભૂષણો અને મુકુટ વડે શોભિત મસ્તકવાળા છે. ચંદ્રમા અને ચંદ્રના વિમાનવાસી દેવોને મુકુટને વિષે ચંદ્રાકારે ચિન્હ, સૂર્ય અને સૂર્યના વિમાનવાસી દેવોને સૂર્યાકારે ચિન્હ, ગ્રહ અને ગ્રહ વિમાનવાસી દેવોને ગ્રહાકારે ચિન્હ, નક્ષત્ર અને નક્ષત્ર વિમાનવાસી દેવોને નક્ષત્રાકારે ચિન્હ, તથા તારા અને તારાના વિમાનવાસી દેવોને તારાકારે ચિન્હ મુકુટના અગ્રભાગે હોય છે. જગત્સ્વભાવે ચંદ્રાદિકનાં વિમાન નિરાલંબ આકાશને વિષે પોતાની મેળે ચાલે છે, પણ આભિયોગિક દેવો તેવા પ્રકારના કર્મના ઉદયથી પોતાના પરિચિત કે અપરિચિત, સમાનજાતીય કે હીનજાતિ દેવોમાં પોતાની પ્રભુતા વધારવાને અર્થે અને હું આ પ્રસિદ્ધ નાયકને સમ્મત છું, એ પ્રમાણે સમૃદ્ધિ દેખાડવાને અર્થે વિમાનની નીચે રહીને પૂર્વમાં સિંહના રૂપે, દક્ષિણમાં હાથીના રૂપે, પશ્ચિમમાં વૃષભના રૂપે અને ઉત્તરમાં ઘોડાના રૂપે અત્યંત હર્ષથી વહન કરે છે. જેમ કોઈ મદોન્મત્ત સ્ત્રીને ઘણાં ઘરેણાં પહેરવાથી ભાર લાગતો નથી, તેમ તે આભિયોગિક દેવોને વિમાન વહેતાં ભાર લાગતો નથી. જ્યોતિષીનાં વિમાનને વહન કરનાર દેવો દરેક દિશાએ ચોથે ભાગે હોય છે.

## પ્રશ્નો.

૧. મેરૂ પર્વત અને અલોકથી જ્યોતિષી વિમાનોનું અંતર કેટલું ? તેનો આકાર અને સંખ્યા કહો.

૨. ઉદક સ્ફટિકમય જ્યોતિષીનાં વિમાનો ક્યાં હોય છે ? અને ત્યાં તેવા પ્રકારનાં હોવાનું કારણ શું ?

૩. ચર અને સ્થિર જ્યોતિષીના વિમાનોની લંબાઈ પહોળાઈ અને ઉંચાઈ કહો.

૪. ચંદ્ર અને ગ્રહની ગતિ અને રૂદ્ધિ કોનાથી વધારે છે ? તથા તેના વિમાનને વહન કરનાર દેવો દરેક દિશામાં કેટલા અને કેવા રૂપે વહન કરે છે ? તથા તેનું ચિન્હ અને વર્ણ કહો.

## જ્યોતિષીના વિમાનોની લંબાઈ, પહોળાઈ, ઉંચાઇ અને વિમાન વહન કરનાર દેવો.

| | મનુષ્ય ક્ષેત્રની અંદરના. | | | મનુષ્ય ક્ષેત્રની બહારના. | |
|---|---|---|---|---|---|
| નામ. | લંબાઇ પહોળાઇ | ઉંચાઈ | વિમાન વાહક | લંબાઈ પહોળાઇ | ઉંચાઇ |
| ચંદ્ર | ૫૬/૬૧ યોજન | ૨૮/૬૧ યોજન | ૧૬૦૦૦ | ૨૮/૬૧ યોજન | ૧૪/૬૧ યોજન |
| સૂર્ય. | ૪૮/૬૧ યોજન | ૨૪/૬૧ યોજન | ૧૬૦૦૦ | ૨૪/૬૧ યોજન | ૧૨/૬૧ યોજન |
| ગ્રહ. | ૨ ગાઉ | ૧ ગાઉ | ૮૦૦૦ | ૧ ગાઉ | ૦॥ ગાઉ |
| નક્ષત્ર. | ૧ ગાઉ | ૦॥ ગાઉ | ૪૦૦૦ | ૦॥ ગાઉ | ૦। ગાઉ |
| તારા | ૦॥ ગાઉ | ૦। ગાઉ | ૨૦૦૦ | ૦। ગાઉ | ૨૫૦ ધનુષ્ય |

## એક ચંદ્રનું સૈન્ય.

**ગહ અટ્ઠાસી નક્ખત્ત, અડવીસં તાર કોડિ–કોડીણું,**
**છાસટ્ઠ સહસ્સ નવસય, પણુહત્તરિ એગ સસિ સિન્નં. ૫૮.**

| | |
|---|---|
| **ગહ**- ગ્રહ. | **છાસટ્ઠિ સહસ્સ**-૬૬ હજાર |
| **અટ્ઠાસી**–અઠયાસી. | **નવ સય**–નવસો. |
| **નક્ખત્ત**–નક્ષત્ર. | **પણહત્તરિ**–પંચોતેર. |
| **અટ્ઠવીસં**–અઠયાવીશ. | **એક સસિ**–એક ચંદ્રમાનું |
| **તાર**–તારા. | **સિન્નં**–સૈન્ય. પરિવાર. |
| **કોડિ કોડીણં**–કોડાકોડી. | |

**શબ્દાર્થ**—અઠયાસી ગ્રહ, અઠયાવીશ નક્ષત્ર અને છાસઠ હજાર નવસો પંચોતેર કોડાકોડી તારા (એ સર્વ) એક ચંદ્રમાનું સૈન્ય છે.

**વિવેચન**—જ્યોતિષીમાં બે ઇંદ્ર છે. ચંદ્ર અને સૂર્ય. ચંદ્રનું સૈન્ય સૂર્યને ઉપભોગમાં આવે છે માટે તેને જુદું સૈન્ય ન હોય.

## મનુષ્યક્ષેત્રમાં તારાના વિમાનોની સંખ્યાનો સમાવેશ.

**કોડા કોડી સન્નં-તરં તુ મન્નન્તિ ખિત્ત-થોવતયા,**
**કેઇ અન્ને ઉસ્સે-હંગુલ-માણેણ તારાણં. ૫૯.**

| | |
|---|---|
| **કોડાકોડી**–કોડાકોડીને. | **કેઈ**–કેટલાક |
| **સન્નંતરં**–અન્ય સંજ્ઞા | **અન્ને**–બીજા. |
| **તુ**–વળી. | **ઉસ્સેહંગુલ**–ઉત્સેધાંગુલના |
| **મન્નંતિ**–માને છે. | **માણેણ**–પ્રમાણ વડે. |
| **ખિત્ત થોવતયા**–ક્ષેત્રના થોડાપણાથી. | **તારાણં**–તારાઓનું |

**શબ્દાર્થ**—ક્ષેત્રના થોડાપણાથી કોડાકોડીને અન્ય

સંજ્ઞા ( ક્રોડ ) તરીકે આચાર્યો માને છે. બીજા કેટલાક આચાર્યો તારાઓના વિમાનનું માન ઉત્સેધાંગુલના પ્રમાણ વડે કહે છે.

**વિવેચન**—મનુષ્યક્ષેત્ર પીસ્તાલીશ લાખ જોજન છે અને તેમાં ૧૩૨ ચંદ્રમાંથી દરેકને ૬૬૯૭૫ કોડાકોડી તારા છે તો આટલા ક્ષેત્રમાં પ્રમાણાંગુલે બધા તારાનાં વિમાનો શી રીતે સમાઈ શકે ? જેમ કોડી એટલે વીશ. એવી રીતે કોડાકોડી એટલે ક્રોડ. એ સંજ્ઞા પૂર્વાચાર્યોમાં પ્રસિદ્ધ છે. તેથી એક ચંદ્રનો પરિવાર ૬૬૯૭૫ ક્રોડ તારા. એ રીતે ગણવાથી પ્રમાણ યોજનવાળા ૪૫ લાખ યોજન મનુષ્ય ક્ષેત્રમાં તારાનાં વિમાનો સમાઈ શકે. બીજો મત એવો છે કે તારાના વિમાનોનું પ્રમાણ ઉત્સેધાંગુલથી ગણવું અને તારાઓ ૬૬૯૭૫ ક્રોડાક્રોડ સમજવા તથા મનુષ્ય ક્ષેત્રનું પ્રમાણ પ્રમાણાંગુલથી ગણવું, ૪૦૦ ઉત્સેધાંગુલે ૧ પ્રમાણાંગુલ થાય, એ રીતે ગણતાં મનુષ્ય ક્ષેત્રમાં તારાનાં વિમાનો સમાઈ શકે.

## રાહુના વિમાનનું વર્ણન.

**કિણ્હં રાહુ વિમાણં, નિચ્ચં ચંદેણ હોઈ અવિરહિયં,**
**ચઉરંગુલ–મપ્પત્તં, હિટ્ઠા ચંદસ્સ તં ચરઈ.** ૬૦

**કિણ્હં**–કાળું.
**રાહુ વિમાણં**–રાહુનું વિમાન
**નિચ્ચં**–નિરંતર.
**ચંદેણ**–ચંદ્રના વિમાનથી.
**હોઈ**–છે.
**અવિરહિયં**–આંતરા રહિત.
**ચઉરંગુલ**–ચાર આંગળ.
**અપ્પત્તં**–અપ્રાપ્ત, દૂર.
**હિય**–હેઠળ, નીચે.
**ચંદસ્સ**–ચંદ્રની.
**તં**–તે. (રાહુનું વિમાન)
**ચરઈ**–ચાલે છે.

**શબ્દાર્થ**—રાહુનું વિમાન કાળું છે. નિરંતર ચંદ્રના વિમાનથી આંતરા (છેટા) રહિત છે. તે રાહુનું વિમાન ચંદ્રની નીચે ચાર આંગળ દૂર ચાલે છે.

**વિવેચન**—રાહુ બે પ્રકારે છે. નિત્ય રાહુ અને પર્વ રાહુ. તેમાં પર્વ રાહુ પૂર્ણિમાએ અથવા અમાવાસ્યાએ કદાચિત્ અકસ્માત્ આવીને જઘન્યથી છ માસે ચંદ્રમા અને સૂર્યને ગ્રહણ કરે છે, એટલે પોતાના વિમાને કરીને તેમના વિમાનને આવરે છે. ઉત્કૃષ્ટથી ચંદ્રને ૪૨ મહિને અને સૂર્યને ૪૮ વર્ષે ગ્રહણ કરે છે રાહુની માફક કેતુગ્રહ પણ કોઈ વખત ગ્રહણ કરે છે. નિત્ય રાહુનું વિમાન વર્ણે કાલું છે. અને જગત્સ્વભાવે ચંદ્રમાના વિમાનની નીચે ૪ આંગળ છેટું ચાલે છે ચંદ્રમાના મંડલના ૧૫ ભાગ કરીએ તેમાંથી એકેક ભાગને અજવાલા પક્ષને વિષે રાહુનું વિમાન ખુલ્લો કરે છે. અને અંધારા પક્ષને વિષે આવરે છે. ત્યારે ચંદ્ર મંડલની વૃદ્ધિ હાનિનો ભાસ થાય છે. પ્રશ્ન-ચંદ્રનું વિમાન $\frac{૫૬}{૬૧}$ યોજન પ્રમાણ હોવાથી તેને ાા યોજન પ્રમાણનું રાહુગ્રહનું વિમાન કેવી રીતે ઢાંકી શકે ? ગ્રહનાં વિમાનો ાા યોજનનાં ઘણું કરીને હોય છે પણ રાહુનું વિમાન (૧ યોજન પ્રમાણ) મોટાં છે, તેથી ઢાંકી શકે છે. અથવા રાહુનું વિમાન નાનું છતાં કાળું હોવાથી ઢાંકી શકે છે. જેમ મસીના એક ટીપાથી સ્ફટિકનો બધો ભાગ કાળો દેખાય છે, તેમ રાહુના કાળા વિમાનને લીધે ચંદ્રમાનું વિમાન કાળું દેખાય છે.

પર્વતના વ્યાઘાતે તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અંતર.


**તારસ્સ ય તારસ્સ ય, જંબુદ્દીવંમિ અંતરં ગુરુયં,**
**બારસ જોયણ સહસ્સા, દુન્નિ સયા ચેવ બાયાલા. ૬૧.**

| | |
|---|---|
| **તારસ્સ**–એક તારાથી. | **જોયણ**–યોજન. |
| તારસ્સ–બીજા તારાનું. | **સહસ્સા**–હજાર. |
| જંબુદ્દીવંમિ–જંબૂદ્વીપમાં | **દુન્નિ સયા**–બસે. |
| **અંતરં**–અંતર. | **ચેવ**–નિશ્ચે. |
| ગુરુયં–ઉત્કૃષ્ટ. | **બાયાલા**–બેંતાલીશ. |
| **બારસ**–બાર. | |

**શબ્દાર્થ**—જંબૂદ્વીપમાં એક તારાથી બીજા તારાનું ઉત્કૃષ્ટ અંતર બાર હજાર બસેં ને બેંતાલીશ યોજન નિશ્ચે છે.

**વિવેચન**—મેરૂપર્વતનો વિસ્તાર સમભૂતલા પાસે ૧૦ હજાર યોજન છે, તેની બંને બાજુએ ૧૧૨૧ યોજન છેટે તારાનાં વિમાનો ઉપર ચાલે છે એટલે તારાથી મેરૂનું અંતર ૧૧૨૧ યોજન, મેરૂનો વિસ્તાર ૧૦ હજાર યોજન અને મેરૂથી તારાનું અંતર ૧૧૨૧ યોજન. એત્રણે (૧૧૨૧+૧૦૦૦૦+૧૧૨૧) સંખ્યા એકઠી કરીએ તો જંબૂદ્વીપમાં મેરૂપર્વતની વ્યાઘાતે એક તારાથી બીજા તારાનું ઉત્કૃષ્ટ અંતર ૧૨૨૪૨ યોજન થાય.

## મેરૂની વ્યાઘાતે તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અંતર.




## જ્યોતિષીનાં વિમાનોને પર્વતના વ્યાઘાતે જઘન્ય અંતર અને નિર્વ્યાઘાતે ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર.

**નિસઢો ય નીલવંતો,ચત્તારિ સય ઉચ્ચ પંચ સય કૂડા,**
**અદ્ધં ઉવરિં રિક્ખા, ચરંતિ ઉભય-ટ્ઠ બાહાએ. ૬૨.**

**છાવટ્ઠા દુન્નિ સયા, જહન્ન-મેયં તુ હોઈ વાઘાએ,**
**નિવ્વાઘાએ ગુરુ લહુ, દો ગાઉ ય ધણુ સયા પંચ. ૬૩**

**નિસઢો**–નિષધ.
**નીલવંતો**–નીલવંત.
**ચત્તારિસય**–ચારસો(યોજન)
**ઉચ્ચ**–ઉંચા.
**પંચસય**–પાંચસો (યોજન)
**કુડા**–કૂટ, શિખર.
**અદ્ધં**–અર્ધ.
**ઉવરિ**–ઉપર.

| | |
|---|---|
| **રિક્ખા**–નક્ષત્રો. | **ઉ**-વળી. |
| **ચરંતિ**–ચાલે છે. | **હોઈ**–હોય છે, થાય છે. |
| **ઉભય**–બંને બાજુએ. | **વાઘાએ**-વ્યાઘાતે. |
| **અટ્ઠ**–આઠ (યોજન) | **નિવ્વાઘાએ**–નિર્વ્યાઘાતે. |
| **અબાહાએ**–દૂર, છેટે. | **ગુરુ**–ઉત્કૃષ્ટ. |
| **છાવટ્ટા**–છાસઠ. | **લહુ**–જઘન્ય. |
| **દુન્નિ સયા**–બસેં. | **દોગાઉ**–બે ગાઉ. |
| **જહન્નં**–જઘન્ય. | **ધણુ**–ધનુષ્ય. |
| **એયં**–આ, એ. | **સયા પંચ**-પાંચસો |


**શબ્દાર્થ**—નિષધ અને નીલવંત પર્વત ચારસો યોજન ઉંચા છે અને તેની ઉપર કૂટ પાંચસો યોજન ઉંચાં અને મૂળમાં વિસ્તારે છે. તેનું અર્ધ (અઢીસો યોજન) ઉપર વિસ્તારે છે. તે (શિખર) ની બંને બાજુએ નક્ષત્ર આઠ યોજન દૂર ચાલે છે એટલે બસો ને છાસઠ યોજન એ જઘન્ય અંતર વ્યાઘાતે (પર્વત વચમાં આવવાથી) થાય છે. નિર્વ્યાઘાતે (પર્વતાદિના અંતર વિના) ઉત્કૃષ્ટ અંતર બે ગાઉ અને જઘન્ય અંતર પાંચસો ધનુષ્ય હોય છે.

**વિવેચન**—નિષધ અને નીલવંત પર્વત ચારસો યોજન ઉંચા છે અને તેના ઉપર ૯–૯ કૂટો પાંચશો યોજન ઉંચાં છે એટલે નવસો યોજન થયા. તે કૂટો મૂળમાં ૫૦૦ યોજન વિસ્તારે, મધ્યમાં ૩૭૫ યોજન વિસ્તારે અને ઉપર ૨૫૦ યોજન વિસ્તારે છે. તે કૂટોના ઉપરના ભાગની બંને બાજુએ નક્ષત્રો અને તારાનાં વિમાનો ૮ યોજન દૂર ચાલે

છે. એટલે નક્ષત્રથી ૮ યોજન દૂર નિષધનું શિખર, નિષધના શિખર ઉપરનો વિસ્તાર ૨૫૦ યોજન અને શિખરથી નક્ષત્રનું અંતર ૮ યોજન એમ ત્રણે સંખ્યા (૮+૨૫૦+૮) મળીને ૨૬૬ યોજન એક નક્ષત્રથી બીજા નક્ષત્રને જઘન્ય અંતર પર્વતની વ્યાઘાતે હોય છે.

| મનુષ્ય ક્ષેત્રમાં | તારાનું | ઉત્કૃષ્ટ અંતર | જઘન્ય અંતર |
|---|---|---|---|
| તારાનું | વ્યાઘાતે | ૧૨૨૪૨ યોજન | ૨૬૬ યોજન |
| તારાનું | નિર્વ્યાઘાતે | ૨ ગાઉ | ૫૦૦ ધનુષ્ય |

## નિષધ પર્વતની વ્યાઘાતે તારાના વિમાનનું જઘન્ય અંતર.




આવી રીતે નિષધ પર્વત ઉપર ૯ શિખરો છે ત્યાં બે તારાના વિમાનની વચ્ચે કૂટ આવવાથી ૮+૨૫૦+૮=૨૬૬ યોજન વ્યાઘાતે જઘન્ય અંતર થાય એમ સમજવું.

## સ્થિર જ્યોતષીમાં (ચંદ્ર અને સૂર્ય) ના વિમાનોનું પરસ્પર અંતર.

**માણુસ-નગાઓ બાહિં, ચંદા સુરસ્સ સૂર ચંદસ્સ,**
**જોયણ સહસ્સ પન્નાસ, ણુણગા અંતરં દિટ્ઠં. ૬૪**

| | |
|---|---|
| **માણુસ નગાઓ**–માનુષ્યોત્તર પર્વતની. | **ચંદસ્સ**–ચંદ્રને. |
| **બાહિં**–બહાર. | **જોયણ**–યોજનનું. |
| **ચંદા**–ચંદ્રથી. | **સહસ્સ પન્નાસ**–૫૦ હજાર |
| **સુરસ્સ**–સૂર્યને. | **અણૂણગા**–અન્યૂન, સંપૂર્ણ. |
| **સૂર**–સૂર્યથી. | **અંતરં**–અંતર, દૂર. |
| | **દિટ્ઠં**–જોયું છે. |

**શબ્દાર્થ**—માનુષ્યોત્તર પર્વતની બહાર ચંદ્રથી સૂર્યને અને સૂર્યથી ચંદ્રને સંપૂર્ણ પચાશ હાર યોજનનું અંતર (તીર્થંકરો અને ગણધરો વિગેરે એ) જોયું છે.

**વિવેચન**—મનુષ્યક્ષેત્રની અંદર સમશ્રેણિએ રહેલા ચંદ્ર અને સૂર્યોનું અંતરૂં નિયત નથી પરંતુ અઢી દ્વીપની બહારના ચંદ્ર અને સૂર્યો ઘંટાકારની માફક (સ્થિર) રહેલા છે અને પરસ્પર ચંદ્રથી સૂર્યને અને સૂર્યથી ચંદ્રને ૫૦ હજાર યોજનનું અંતર હોય છે.

## સ્થિર ચંદ્રથી ચંદ્રના અને સૂર્યથી સૂર્યના વિમાનનું પરસ્પર અંતર.

**સસિ સસિ રવિ રવિ સાહિય, જોયણ લક્ખેણ અંતરં હોઈ,**
**રવિ અંતરિયા સસિણો, સસિ અંતરિયા રવિ દિત્તા. ૬૫.**

| | |
|---|---|
| સસિ ચંદ્રમાથી. | હોઈ-હોય છે. |
| સસિ-ચંદ્રમાને. | રવિ સૂર્યના. |
| રવિ-સૂર્યથી. | અંતરિયા-આંતરે. |
| રવિ-સૂર્યને. | સસિણો-ચંદ્રમા. |
| સાહિય-અધિક. | સસિ-ચંદ્રમાના. |
| જોયણ લક્ખેણ-લાખ યોજનથી. | અંતરિયા-આંતરે. |
| | રવિ-સૂર્ય. |
| અંતરં-અંતર. | દિત્તા-દેદીપ્યમાન, તેજવાળા. |

**શબ્દાર્થ**-(એક) ચંદ્રમાથી (બીજા) ચંદ્રમાને અને (એક) સૂર્યથી (બીજા) સૂર્યને અનુક્રમે એક લાખ યોજનથી. અધિક ($\frac{૨૪}{૬૧}$ યો૦ અને $\frac{૨૮}{૬૧}$ યો૦) અંતર છે. (બે) સૂર્યના આંતરે ચંદ્રમા અને (બે) ચંદ્રમાના અંતરે સૂર્ય તેજવાળા છે.

**વિવેચન**—અઢી દ્વીપની બહાર એક ચંદ્રમાથી બીજા ચંદ્રમાને ૧ લાખ યોજન અને એક યોજનના ૬૧ ભાગ કરીએ તેમાંથી ૨૪ ભાગનું (સૂર્યનું વિમાન મધ્યમાં હોવાથી) અંતર થાય છે. એક સૂર્યથી બીજા સૂર્યને ૧ લાખ યોજન અને એક યોજનના ૬૧ ભાગ કરીએ તેમાંથી ૨૮ ભાગનું (ચંદ્રનું વિમાન મધ્યમાં હોવાથી) અંતર થાય છે.

| ચંદ્રથી સૂર્યનું અંતર | સૂર્યનું વિમાન | સૂર્યથી ચંદ્રનું અંતર | ચંદ્રથી ચંદ્રનું અંતર |
|---|---|---|---|
| ૫૦૦૦૦ | $\frac{૨૪}{૬૧}$ | ૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ $\frac{૨૪}{૬૧}$ |
| **સૂર્યથી ચંદ્રનું અંતર** | **ચંદ્રનું વિમાન** | **ચંદ્રથી સૂર્યનું અંતર** | **સૂર્યથી સૂર્યનું અંતર** |
| ૫૦૦૦૦ | $\frac{૨૮}{૬૧}$ | ૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ $\frac{૨૮}{૬૧}$ |

## સ્થિર ચંદ્ર સૂર્યની ઓળખાણ.

**બહિયા ઉ માણુસુત્તરઓ, ચંદા સૂરા અવટ્ઠિ-ઉજ્જોયા;**
**ચંદા અભિઇ-જુત્તા, સૂરા પુણ હુન્તિ પુસ્સેહિં. ૬૬.**

**બહિયા**-બહાર.
**માણુસુત્તરઓ**-માનુષ્યોત્તરની
**ચંદા** ચંદ્રમા.
**સૂરા**-સૂર્ય.
**અવટ્ઠિઆ**-અવસ્થિત, નિશ્ચલ.
**ઉજ્જોયા**-ઉદ્યોત કરનારા.
**ચંદા**-ચંદ્રમા.
**અભિઈ**-અભિજિત્ નક્ષત્રવડે
**જુત્તા**-યુક્ત.
**સૂરા**-સૂર્ય.
**પુણ**-વળી.
**હુન્તિ**-છે.
**પુસ્સેહિં**-પુષ્ય નક્ષત્ર વડે.

**શબ્દાર્થ**—માનુષ્યોત્તર પર્વતની બહાર ચંદ્રમા અને સૂર્ય નિશ્ચલ (સ્થિર) અને ઉદ્યોત કરનારા છે. ચંદ્રમા અભિજિત્ નક્ષત્ર વડે યુક્ત છે અને સૂર્ય વળી પુષ્ય નક્ષત્ર વડે યુક્ત છે.

**વિવેચન**—માનુષ્યોત્તર પર્વતની બહાર ચંદ્ર અત્યંત શીતળતા કરતા નથી અને સૂર્ય અત્યંત તાપ કરતા નથી, પણ બંને ઉદ્યોત (પ્રકાશ) કરે છે.

### પ્રશ્નો.

૧ એક ચંદ્રનો પરિવાર કેટલો? અને મનુષ્ય ક્ષેત્રમાં આટલા બધા તારા કઇ રીતે સમાઇ શકે તેનું સમાધાન કરો.

૨. રાહુના વિમાનનું વર્ણન કરો.

૩. મનુષ્ય ક્ષેત્રમાં વ્યાઘાતે તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર કેટલું? અને શી રીતે? તથા નિર્વ્યાઘાતે તારાના વિમાનનું ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર કહો.

૪. સ્થિર જ્યોતિષીમાં ચંદ્રથી ચંદ્રને અને સૂર્યથી ચંદ્રને અંતર કેટલું? ચર અને સ્થિર જ્યોતિષીના ચંદ્ર સૂર્યમાં શું ફેર? તે કહો.

## દ્વીપ સમુદ્રો કેટલા, કેવડા અને કેવા આકારના.

**ઉદ્ધાર સાગર દુગે, સડ્ઢે સમએહિં તુલ્લ દીવુદહિ,**
**દુગુણા દુગુણ પવિત્થર, વલયાગારા પઢમ વજ્જં. ૬૭**

ઉદ્ધાર સાગર–ઉદ્ધાર સાગરોપમના.
દુગે સડ્ઢે–અઢી.
સમએહિં–સમયની.
તુલ્લ–તુલ્ય, સરખા.
દીવુદહિ–દ્વીપ અને સમુદ્ર.
દુગુણા દુગુણ–બમણા બમણા.
પવિત્થર–વિસ્તારવાળા.
વલયાગારા–વલયના આકારવાળા.
પઢમ–પ્રથમને, પહેલાને.
વજ્જં–મૂકીને, છોડીને.

**શબ્દાર્થ**—અઢી ઉદ્ધાર સાગરોપમના સમયની તુલ્ય દ્વીપ અને સમુદ્ર બમણા બમણા વિસ્તારવાળા છે. પહેલા જંબૂદ્વીપને મૂકીને બાકીના સર્વે (સમુદ્ર અને દ્વીપો) વલય (ચૂડી) ના આકારવાળા છે.

**વિવેચન**—જંબૂદ્વીપ પ્રમાણાંગુલે કરીને ૧ લાખ યોજન વિસ્તારે છે. લવણ સમુદ્ર બે લાખ, ધાતકીખંડ ૪ લાખ, કાલોદધિ ૮ લાખ, પુષ્કરવર દ્વીપ ૧૬ લાખ અને પુષ્કરવર સમુદ્ર ૩૨ લાખ યોજન વિસ્તારે છે. એવી રીતે

સ્વયંભૂરમણ સમુદ્ર સુધી બમણા બમણા વિસ્તારે દ્વીપ અને સમુદ્રો છે.

### પહેલો દ્વીપ અને છેલ્લો સમુદ્ર કયો ?

**પઢમો જોયણ લક્ખં, વટ્ટો તં વેઢિઉં ઠિઆ સેસા,**
**પઢમો જંબુદ્દીવો, સયંભૂરમણોદહી ચરમો. ૬૮.**

| | |
|---|---|
| **પઢમો**–પહેલો. | **સેસા**–બાકીના. |
| **જોયણ લક્ખં**–લાખ યોજન | **પઢમો**–પહેલો. |
| **વટ્ટો**–ગોળાકાર. | **જંબુદ્દીવો**–જંબૂદ્વીપ. |
| **તં**–તે (જંબુદ્વીપ)ને. | **સયંભૂરમણ**–સ્વયંભૂરમણ. |
| **વેઢિઉં**–વીંટીને. | **ઉદહી**–સમુદ્ર. |
| **ઠિઆ**–રહેલા છે. | **ચરમો**–છેલ્લો. |

**શબ્દાર્થ**—પહેલો જંબૂદ્વીપ લાખ યોજનનો ગોળાકાર ( પૂડા સરખો ) છે. તેને વીંટીને બાકીના સમુદ્ર અને દ્વીપો રહેલા છે. પહેલો જંબૂદ્વીપ છે અને છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે.

### દ્વીપોનાં નમો.

**જંબૂધાયઇપુક્ખર,વારુણીવર ખીર ઘય ખોય નંદીસરા,**
**અરુણ–રૂણવાય કુંડલ,સંખરુયગ ભુયગ કુસકુંચા. ૬૯.**

| | |
|---|---|
| **જંબુ**–જંબૂદ્વીપ. | **ખીર**–ક્ષીરવર. |
| **ધાયઈ**–ધાતકી ખંડ. | **ઘય**–ઘૃતવર. |
| **પુક્ખર**–પુષ્કરવર. | **ખોય**–ઈક્ષુવર |
| **વારુણીવર**–વારુણીવર. | |

| | |
|---|---|
| નંદીસરા–નંદીશ્વર. | રુયગ–રુચક. |
| અરુણ–અરુણ. | ભુયગ-ભુજંગ. |
| અરુણવાય–અરુણોપપાત. | કુસ–કુસ. |
| કુંડલ–કુંડલ. | કુંચ–કૌંચ. |
| સંખ–સંખ. | |

શબ્દાર્થ—૧ જંબૂદ્વીપ, ૨ ધાતકીખંડ, ૩ પુષ્કરવર દ્વીપ, ૪ વારૂણીવર દ્વીપ, ૫ ક્ષીરવર દ્વીપ, ૬ ઘૃતવર દ્વીપ, ૭ ઇક્ષુવર દ્વીપ, ૮ નંદીશ્વર દ્વીપ, ૯ અરુણ દ્વીપ, અરુણોપ-પાત એટલે અરુણથી માંડીને સમીપે વર અને અવભાસ શબ્દનું પડવું છે જેમાં એવા દ્વીપો જેમકેઃ–૧૦ અરુણ વર, ૧૧ અરુણવરાવભાસ. ૧૨ કુંડલ દ્વીપ, ૧૩ કુંડલવર અને ૧૪ કુંડલવરાવભાસ. ૧૫ સંખ દ્વીપ, ૧૬ સંખવર અને ૧૭ સંખવરાવભાસ. ૧૮ રુચક દ્વીપ, ૧૯ રુચકવર અને ૨૦ રુચકવરાવભાસ. ૨૧ ભુજંગ દ્વીપ, ૨૨ ભુજંગવર અને ૨૩ ભુજંગવરાવભાસ. ૨૪ કુસ દ્વીપ ૨૫ કુસવર અને ૨૬ કુસવરાવભાસ. ૨૭ કૌંચ દ્વીપ, ૨૮ કૌંચવર અને ૨૯ કૌંચવરાવભાસ.

## સમુદ્રોનાં નામો.

**પઢમે લવણો જલહી, બીએ કાલોય પુક્ખરાઇસુ,**
**દીવેસુ હુન્તિ જલહી, દીવ–સમાણેહિં નામેહિં. ૭૦**

| | |
|---|---|
| **પઢમે**–પહેલો. | **દીવેસુ**-દ્વીપને વિષે. |
| **લવણો જલહી**–લવણ સમુદ્ર. | **હુન્તિ**-છે. |
| **બીએ**–બીજો. | **જલહી**–સમુદ્રો. |
| **કાલોય**–કાલોદધિ. | **દીવસમાણેહિં**–દ્વીપનાસમાન |
| **પુક્ખરાઈસુ**–પુષ્કરવર આદિ. | **નામેહિં**–નામ વડે. |

**શબ્દાર્થ—**પહેલો લવણ સમુદ્ર છે, બીજો કાલોદધિ છે, અને પુષ્કરવર આદિ દ્વીપને વિષે દ્વીપના સમાન નામવાળા સમુદ્રો છે.

**વિવેચન—**જંબૂદ્વીપમાં ઘણાં જાંબૂનાં વનો અને જાંબૂના ખંડો નિત્ય ફુલવાળાં અને શોભાવાળાં છે. એક જાતનાં વૃક્ષોનો સમુહ તે વન અને જુદી જુદી જાતનાં વૃક્ષોનો સમુહ તે વન ખંડ. ઉત્તર કુરૂક્ષેત્રમાં જંબૂદ્વીપના અધિપતિ અનાદૃત દેવના સ્થાનભૂત જંબૂ વૃક્ષ છે, તેથી જંબૂદ્વીપ તરીકે ઓળખાય છે. આ દ્વીપ અને સમુદ્રોનાં નામો શાશ્વતાં છે. લવણ એટલે ખારૂં પાણી છે જેમાં તે માટે લવણ સમુદ્ર. તેનો અધિપતિ સુસ્થિતદેવ છે. ઘણાં ધાવડીનાં વૃક્ષો હોવાથી તથા પૂર્વ અને પશ્ચિમ ધાતકી ખંડમાં ધાતકી અને મહાધાતકી વૃક્ષો અનુક્રમે સુદર્શન અને પ્રિય દર્શન દેવનાં છે માટે ધાતકી ખંડ. કાળું પાણી હોવાથી તથા કાલ અને મહાકાલ અધિપતિ હોવાથી કાલોદધિ. પુષ્કર=કમલ. સ્વચ્છ જલ અને ઘણાં કમળનાં વનો હોવાથી તથા પદ્મ અને પુંડરિક અધિપતિ હોવાથી પુષ્કરવર દ્વીપ. સ્વચ્છ અને પથ્ય જલ હોવાથી પુષ્કરવર સમુદ્ર. પ્રધાન

મદિરા સરખું વાવોમાં પાણી હોવાથી તથા વરૂણ અને વરૂણપ્રભ અધિપતિ હોવાથી વારૂણીવર દ્વીપ. પ્રધાન વારૂણી સરખું પાણી હોવાથી વારૂણીવર સમુદ્ર. સાકરમિશ્રિત ક્ષીર (દૂધ) સરખું વાવોમાં પાણી હોવાથી ક્ષીરવર દ્વીપ અને દૂધના જેવું પાણી હોવાથી ક્ષીરવર સમુદ્ર. ઘૃતના જેવું વાવોમાં પાણી હોવાથી ઘૃતવર દ્વીપ. ગાયના ઘી જેવું પાણી હોવાથી ઘૃતવર સમુદ્ર. ક્ષોદ=ઈક્ષુરસ. શેરડીના રસ જેવું વાવોમાં પાણી હોવાથી ઈક્ષુવર દ્વીપ. ત્રણ ભાગ શેરડીનો રસ તથા એક ભાગ તજ એલચી મરી અને કેશર સાથે મિશ્રિત કરેલું પાણી હોવાથી ઈક્ષુવર સમુદ્ર. નંદીશ્વર દ્વીપની ચારે દિશાએ અંજન રત્નમય ચાર અંજનગિરિ છે. તે દરેક અંજનગિરિની ચારે દિશાએ ૪-૪ વાવો હોવાથી ૧૬ વાવોના મધ્ય ભાગે સ્ફટિક રત્નમય ૧૬ દધિમુખ પર્વત છે. ૧૬ વાવોના ૧૬ આંતરાને વિષે બે બે રતિકર પર્વત હોવાથી ૩૨ રતિકર પર્વત છે. એ દરેક (૪+૧૬+૩૨) પર્વતો ઉપર એક એક ચૈત્ય હોવાથી બાવન ચૈત્ય થાય છે. તેને વિષે દેવો જિનેશ્વરોના કલ્યાણકો અને ૬ અઠ્ઠાઈઓમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરે છે. એવા પ્રકારની સમૃદ્ધિવાળો હોવાથી નંદીશ્વર દ્વીપ. નંદીશ્વર દ્વીપને લાગ્યું છે પાણી જેનું તે નંદીશ્વર સમુદ્ર. સર્વ વજ્રરત્નમય પર્વતાદિની પ્રભા વડે લાલ થવાથી અરૂણ દ્વીપ. તથા અરૂણ સમુદ્રના અધિપતિ સુભદ્ર અને સુમનોભદ્ર દેવોના આભરણની પ્રભા વડે કાંઈક રાતું પાણી થવાથી અરૂણ સમુદ્ર. આવી રીતે દરેક દ્વીપ અને સમુદ્ર યથાર્થ નામવાળા છે.

દરેક દ્વીપ અને સમુદ્રના અધિપતિ દેવો વ્યંતર હોવાથી તેમનું આયુષ્ય ૧ પલ્યોપમનું હોય છે.

કેટલાક દ્વીપ સમુદ્રનાં નામો કેવાં કેવાં છે તે જણાવે છે.

**આભરણ વત્થ ગંધે, ઉપ્પલતિલએ ય પઉમ નિહિરયણે,**
**વાસહર દહ નઈઓ, વિજયા વક્ખાર કપ્પિંદા. ૭૧.**
**કુરૂ મંદર આવાસા, કૂડા નક્ખત્ત ચંદ સૂરા ય,**
**અન્નેવિ એવમાઇ, પસત્થ–વત્થૂણ જે નામા. ૭૨.**

**આભરણ**–આભૂષણ.
**વત્થ**-ગંધ.
**ગંધે**-ગંધ.
**ઉપ્પલ**-ચંદ્રવિકાસી કમલ.
**તિલએ**–તિલક વૃક્ષ
**પઉમ**–સૂર્ય વિકાસી કમલ.
**નિહિ**–નિધિ.
**રયણે**–રત્ન.
**વાસહર**-વર્ષધર પર્વત.
**દ્રહ**-દ્રહ, સરોવર.
**નઈઓ**–નદીઓ.
**વિજયા**-વિજયા.
**વક્ખાર**-વક્ષસ્કાર પર્વત.
**કપ્પ**-૧૨ દેવલોક.
**ઈંદા**-ઈંદ્રો,
**કુરુ**–દેવકુરુ ઉત્તરકુરુ.
**મંદર**–મેરુ પર્વત.
**આવાસા**-ભવન.
**કૂડા**-શિખર.
**નક્ખત્ત**–નક્ષત્ર.
**ચંદ**-ચંદ્રમા.
**સુરા**-સૂર્ય.
**અન્નેવિ**-બીજાં પણ.
**એવમાઈ**–એ વિગેરે.
**પસત્થ**–પ્રશસ્ત, શ્રેષ્ઠ.
**વત્થૂણ**–વસ્તુઓનાં.
**જે**-જે.
**નામા**-નામો

**શબ્દાર્થ**—આભૂષણ, વસ્ત્ર, ગંધ, ચંદ્ર વિકાસી કમલ, તિલકાદિ વૃક્ષ, સૂર્ય વિકાસી કમલ, નવનિધિ, રત્ન, વર્ષધર

પર્વત, દ્રહ, નદીઓ, વિજયો, વક્ષસ્કાર પર્વત, બાર દેવલોક, ઈંદ્રો દેવકુરુ–ઉત્તરકુરુ, મેરુ પર્વત, ભવન, શિખરો, નક્ષત્રો, ચંદ્રમા અને સૂર્ય એ વિગેરે શ્રેષ્ઠ વસ્તુઓનાં બીજા પણ જે નામો છે. (તે નામવાળા દ્વીપ સમુદ્રો છે.)

**વિવેચન**—હાર, અર્ધહાર, રત્નાવલી વિગેરે આભરણનાં જે નામો છે તે નામે દ્વીપ સમુદ્રો છે, એવી રીતે કૌશેયાદિ (રેશમી વસ્ત્રાદિ)ના નામે, કોષ્ટપુટાદિ ગંધના નામે, નીલોત્પલ વિગેરે ચંદ્ર વિકાશી કમલને નામે, વૃત તિલકાદિ વૃક્ષોના નામે એટલે બીજાં પણ સારાં વૃક્ષોના નામે, પદ્મ પુંડરિકાદિ સૂર્ય વિકાસી કમલના નામે, મહાપદ્માદિ નવનિધિના નામે, કર્કેતનાદિ રત્નના નામે અથવા વાસુદેવ અને ચક્રવર્તિનાં રત્નોના નામે, હિમવંતાદિ વર્ષધર પર્વતોને નામે, પદ્માદિ દ્રહોને નામે, ગંગાદિ નદીઓના નામે, કચ્છાદિ વિજયોના નામે, ચિત્રાદિ વક્ષસ્કાર પર્વતોને નામે, સૌધર્માદિ દેવલોકના નામે, શક્રાદિ ઈંદ્રોને નામે દેવકુરુ ઉત્તરકુરુના નામે, મેરૂ (સુમેરૂ) પર્વતના નામે, ઈંદ્રોના આવાસને નામે, હિમવત આદિ શિખરોના નામે, કૃતિકાદિ નક્ષત્રોના નામે, ચંદ્ર અને સૂર્યનાં જે નામો છે તે નામે, એવી રીતે બીજી પણ શુભ વસ્તુઓના જે નામો છે.

**તન્નામા દીવુદહી, તિપડોયાયાર હુન્તિ અરુણાઈ,**
**જંબૂ–લવણાઈયા, પત્તેયં તે અસંખિજ્જા. ૭૩.**
**તાણં–તિમ સૂરવરા–વભાસ જલહી પરંતુ ઇક્કિક્કા,**
**દેવે નાગે જક્ખે, ભૂએ ય સયંભૂરમણે ય. ૭૪.**

તન્નામા-તે નામવાળા.
દીવુદહી-દ્વીપ અને સમુદ્રો.
તિપડોયાયાર-ત્રિપત્યવતાર.
હુન્તિ-થાય છે.
અરુણાઈ-અરૂણાદિ.
જંબૂ-જંબૂદ્વીપ.
લવણાઇયા-લવણ સમુદ્ર વિગેરે.
પત્તેયં-દરેક.
અસંખિજ્જા-અસંખ્યાતા.
તાણ-તેમાંનો.
અંતિમ-છેલ્લો.
સુરવરાવભાસ-સૂર્યવરાવભાસ
જલહી-સમુદ્ર.
પરંતુ-આગળતો.
ઇક્કિક્કા-એક એક નામવાળા.
દેવે-દેવ.
નાગે-નાગ.
જક્ખે-યક્ષ.
ભૂએ-ભૂત.
સ્યંભૂરમણે-સ્વયંભૂરમણ.

**શબ્દાર્થ**—તે નામવાળા દ્વીપ અને સમુદ્રો છે. ત્રિપ્રત્યવતાર અરુણ આદિ દ્વીપથી થાય છે. જંબૂદ્વીપ અને લવણ સમુદ્ર વિગેરે દરેક ( તે દ્વીપ અને સમુદ્રો ) અસંખ્યાતા છે, તેમાંનો છેલ્લો સૂર્યવરાવભાસ સમુદ્ર છે. તે પછી આગળ તો દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ એ (પાંચ) એક એક નામવાળા છે. ( તેઓનો ત્રિપ્રત્યવતાર થતો નથી.)

**વિવેચન**—અરૂણથી માંડીને ક્રૌંચ સુધી ત્રિપ્રત્યવતાર કહ્યો તેમજ આભરણાદિમાં ત્રિપ્રત્યવતાર દેખાડે છે, જેમકે હાર દ્વીપ, હાર સમુદ્ર, હારવર દ્વીપ, હારવર સમુદ્ર, હારવરાવભાસ દ્વીપ, હારવરાવભાસ સમુદ્ર, એવી રીતે સૂર્યવરાવભાસ સમુદ્ર સુધી ત્રિપત્યવતાર કહેવો. જંબૂદ્વીપ અને લવણ સમુદ્ર વિગેરે દ્વીપ સમુદ્રો દરેક

અસંખ્યાતા છે. તેમાંનો છેલ્લો સૂર્યવરાવભાસ સમુદ્ર છે, તે પછી દેવાદિ પાંચ દ્વીપો અને સમુદ્રો એકેકા નામવાળા છે, એટલે તેમનો ત્રિપ્રત્યવતાર થતો નથી, તેમજ તે દરેક અસંખ્યાતા પણ નથી. જેમકે દેવ દ્વીપ, દેવ સમુદ્ર, નાગ દ્વીપ, નાગ સમુદ્ર, યક્ષ દ્વીપ, યક્ષ સમુદ્ર, ભૂત દ્વીપ, ભૂત સમુદ્ર, સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર તથા સર્વે દ્વીપ સમુદ્રો વિજયાદિ ૪ દરવાજાવાળા અને વજ્ર રત્નમય જગતી વડે વીંટાએલા છે. તે જગતી ૮ યોજન ઉંચી, મૂલમાં ૧૨ યોજન પહોળી અને ઉપર ૪ યોજન પહોળી છે. તેના ઉપર મધ્ય ભાગે ૨ ગાઉ ઉંચી અને ૫૦૦ ધનુષ્ય પહોળી પદ્મવેદિકા છે. તેની બંને બાજુએ દેશોન ( અઢીસો ધનુષ્ય ઓછાં એવાં ) બે યોજન પ્રમાણ વનખંડ છે.

## સમુદ્રોનાં પાણી અને મત્સ્યનું પ્રમાણ.

**વારુણીવર ખીરવરો ઘયવર લવણો ય હુન્તિ ભિન્નરસા,**
**કાલોય પુક્ખરો-દહિ, સયંભૂરમણો ય ઉદગરસા. ૭૫.**
**ઇક્ખુરસ સેસ જલહી,લવણે કાલોએ ચરિમિ બહુમચ્છા,**
**પણ સગ દસ જોયણ સય, તણુ કમા થોવ સેસેસુ. ૭૬.**

**વારુણીવર**–વારૂણીવર.
**ખીરવરો**–ક્ષીરવર.
**ઘયવર**–ઘૃતવર.
**લવણો ય**-અને લવણ.
**હુન્તિ**-છે.
**ભિન્નરસા**-જુદા સ્વાદવાળાં.
**કાલોય** કાલોદ, કાલોદધિ.
**પુક્ખરોદહિ**-પુષ્કરવર સમુદ્ર.
**સયંભૂરમણો**–સ્વયંભૂરમણ

**ઉદગરસા**-પાણી જેવાં સ્વાદવાળાં.
**ઈક્ખુરસ**-શેરડીનાં રસ જેવાં.
**સેસજલહી**-બાકીના સમુદ્રોનાં.
**લવણે**-લવણ સમુદ્ર.
**કાલોએ**-કાલોદધિ.
**ચરિમિ**-છેલ્લાં (સ્વયંભૂરમણ)માં

**બહુમચ્છા**-ઘણાં માછલાં
**પણ સય**-પાંચશો.
**સગ સય**-સાતસો.
**દસસય**-દશ સો.
**જોયણ**-યોજનના.
**તણુ**-શરીરવાળાં.
**કમા**-અનુક્રમે.
**થોવ**-થોડાં.
**સેસેસુ**-બાકીના(સમુદ્રો)માં.

**શબ્દાર્થ**—વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર અને લવણ સમુદ્ર એ ચાર સમુદ્રનાં પાણી ભિન્ન સ્વાદવાળાં છે. કાલોદધિ, પુષ્કરવર સમુદ્ર અને સ્વયંભૂરમણ એ ત્રણનાં પાણી વરસાદના પાણી જેવાં સ્વાદવાળાં છે. બાકીના સમુદ્રોનાં પાણી શેરડીના રસ જેવાં સ્વાદવાળાં છે. લવણ સમુદ્ર, કાલોદધિ અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ઘણાં માછલાં છે અને અનુક્રમે પાંચસો, સાતસો અને હજાર યોજન પ્રમાણ શરીરવાળાં છે બાકીના સમુદ્રોમાં થોડા માછલાં છે.

**વિવેચન**-વારુણીવર સમુદ્રનું પાણી મદિરાથી સુસ્વાદિષ્ટ, ક્ષીરવર સમુદ્રનું પાણી ત્રણ ભાગ ગાયનું દૂધ અને એક ભાગ સાકર સાથે મિશ્રિત જાણવું. ઘૃતવર સમુદ્રનું પાણી ગાયના ઘી કરતાં અત્યંત સ્વાદિષ્ટ, લવણ સમુદ્રનું પાણી ખારૂં. એ ચાર સમુદ્રનાં પાણી પોતાના નામના જેવા ગુણવાળાં છે. કાલોદધિ, પુષ્કરવર અને સ્વયંભૂરમણ સમુદ્ર એ ત્રણનાં પાણી વરસાદના પાણી જેવાં છે. બાકીના નંદીશ્વર

સમુદ્રથી માંડીને ભૂત સમુદ્ર સુધીના સર્વ સમુદ્રનાં પાણી ત્રણ ભાગ શેરડીનો રસ અને ૧ ભાગ તજ મરી એલચી અને કેશર એ ચાર ચીજોની સાથે મિશ્રિત જાણવું. લવણ સમુદ્રમાં ૫૦૦ યોજન પ્રમાણ, કાલોદધિમાં ૭૦૦ યોજન પ્રમાણ અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ૧૦૦૦ યોજન પ્રમાણ શરીરવાળા મત્સ્ય હોય છે. તેમજ તેમની કુલકોટી (જુદી જુદી જાતો) ૭ લાખ લવણ સમુદ્રમાં, ૯ લાખ કુલ કોટી કાલોદધિમાં અને ૧૨ાા લાખ કુલ કોટી સ્વયંભૂરમણ સમુદ્રમાં હોય છે.

| | સમુદ્રનાં નામ | જળ | મત્સ્યનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧ | વારૂણીવર | મદિરા જેવું | વિવિધ પ્રમાણ |
| ૨ | ક્ષીરવર | દૂધ જેવું | વિવિધ પ્રમાણ |
| ૩ | ઘૃતવર | ગાયના ઘી જેવું | વિવિધ પ્રમાણ |
| ૪ | લવણ સમુદ્ર | ખારૂં | ૫૦૦ યોજન |
| ૫ | કાલોદધિ | વરસાદના પાણી જેવું | ૭૦૦ યોજન |
| ૬ | પુષ્કરવર | વરસાદના પાણી જેવું | વિવિધ પ્રમાણ |
| ૭ | સ્વયંભૂરમણ | વરસાદના પાણી જેવું | ૧ હજાર યોજન |
| ૮ | બાકીના સમુદ્રો | શેરડીના રસ જેવું | વિવિધ પ્રમાણ |

## દ્વીપ અને સમુદ્ર ઉપરના ચંદ્ર સૂર્યની ગણત્રી.

**દો સસિ દો રવિ પઢમે, દુગુણા લવણંમિ ધાયઈસંડે,**
**બારસસસિબારસરવિ,તપ્પભિઇનિદ્દિટ્ઠસસિરવિણો. ૭૭.**

તિગુણા પુવ્વિલ્લ જુયા, અણંતરા-ણંતરંમિ ખિત્તંમિ,
કાલોએ બાયાલા, બિસત્તરી પુક્ખરદ્ધંમિ. ૭૮.

દો સસિ-બે ચંદ્ર.
દો રવિ-બે સૂર્ય.
પઢમે-પહેલાં જંબૂદ્વીપને વિષે
દુગુણા-બમણા.
લવણંમિ-લવણ સમુદ્રને વિષે.
ધાયઈસંડે-ધાતકી ખંડને વિષે.
બારસ સસિ-બાર ચંદ્ર
બારસ રવિ-બાર સૂર્ય.
તપ્પભિઈ-ત્યાંથી માંડીને.
નિદિટ્ઠ-કહ્યા છે.
સસિરવિણો-ચંદ્ર અને સૂર્યો.
તિગુણા-ત્રણ ગુણા.
પુવ્વિલ્લ જુયા-પૂર્વના યુક્ત
અણંતરાણંતરંમિ-પછી પછીનાં.
ખિત્તંમિ-ક્ષેત્રમાં.
કાલોએ-કાલોદધિને.
બાયાલા-બેંતાલીશ.
બિસતરી-બહોંતેર
પુક્ખરદ્ધંમિ-અર્દ્ધપુષ્કરવર દ્વીપને વિષે.

**શબ્દાર્થ**—પહેલા જંબૂદ્વીપને વિષે બે ચંદ્ર અને બે સૂર્ય છે. લવણ સમુદ્રને વિષે બમણા એટલે ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડને વિષે બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. ત્યાંથી માંડીને પછી પછીના ક્ષેત્રમાં ત્રણ ગુણા અને પૂર્વના યુક્ત કરવાથી ચંદ્ર અને સૂર્યો કહ્યા છે. જેમકે:—કાલોદધિને વિષે બેંતાલીશ અને અર્ધ પુષ્કરવર દ્વીપને વિષે બહોંતેર ચંદ્ર અને સૂર્ય છે.

**વિવેચન**—ધાતકી ખંડમાં ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્યો છે તેને ૩ ગુણા કરતાં ૧૨×૩=૩૬ તેની સાથે પૂર્વના જંબૂદ્વીપના

બે અને લવણ સમુદ્રના ૪ એમ ૬ ઉમેરતાં ૩૬+૬=૪૨ ચંદ્ર તથા સૂર્યો કાલોદધિમાં થાય છે. તે ૪૨ ચંદ્ર સૂર્યોને ૩ ગુણા કરતાં ૪૨×૩=૧૨૬ તથા પૂર્વના જંબૂદ્વીપના બે, લવણ સમુદ્રના ચાર અને ધાતકી ખંડના ૧૨ મળી ૧૮ ચંદ્ર સૂર્યો ઉમેરતાં ૧૨૬+૧૮=૧૪૪ પુષ્કરવર દ્વીપના થાય, પણ અર્ધપુષ્કરવર દ્વીપના તેનાથી અડધા એટલે ૭૨ થાય છે, સર્વ દ્વીપ અને સમુદ્રના ચંદ્ર સૂર્યો જાણવાને માટે આ રીતિ છે. અઢી દ્વીપની અંદર ચંદ્ર અને સૂર્યો સમશ્રેણિએ રહેલા છે, પણ તેના આંતરાનું પ્રમાણ અનિયત છે. તથા અઢી દ્વીપની બહારના ચંદ્રથી સૂર્યના આંતરાનું પ્રમાણ ૫૦ હજાર યોજન છે પણ તેઓ સમ શ્રેણિ કે વર્તુલ (ગોળ) પંક્તિમાં રહ્યા છે એવું ચંદ્ર-પ્રજ્ઞપ્તિમાં જણાવ્યું નથી.

## અઢીદ્વીપ અને બે સમુદ્રના ચંદ્રાદિકની સંખ્યા.

| દ્વીપ સમુદ્ર | ચંદ્ર | સૂર્ય | ગ્રહ | નક્ષત્ર | તારાની કોડાકોડી |
|---|---|---|---|---|---|
| જંબુદ્વીપે | ૨ | ૨ | ૧૭૬ | ૫૬ | ૧,૩૩,૯૫૦ |
| લવણસમુદ્રે | ૪ | ૪ | ૩૫૨ | ૧૧૨ | ૨ ૬૭,૯૦૦ |
| ધાતકીખંડે | ૧૨ | ૧૨ | ૧૦૫૬ | ૩૩૬ | ૮,૦૩,૭૦૦ |
| કાલોદધિ | ૪૨ | ૪૨ | ૩૬૯૬ | ૧૧૭૬ | ૨૮,૧૨,૯૫૦ |
| પુષ્કરવરાર્ધે | ૭૨ | ૭૨ | ૬૩૩૬ | ૨૦૧૬ | ૪૮,૨૨,૨૦૦ |

## મનુષ્યલોકમાં ચંદ્ર અને સૂર્યની પંક્તિની સંખ્યા.

**દો સસિ દો રવિપંતી, એગંતરિયા છસટ્ઠિ સંખાયા,**
**મેરું પયાહિણુંતા, માણુસ-ખિત્તે પરિઅડન્તિ. ૭૯.**

**દો સસિ**-બે ચંદ્રની.
દો રવિ-બે સૂર્યની.
**પંતી**-પંક્તિ.
**એગંતરિયા**-એક એકને આંતરે.
**છસટ્ઠિ સંખાયા**-છાસઠની સંખ્યાવાળી.
**મેરું**-મેરુ પર્વતને.
**પયાહિણુંતા**-પ્રદક્ષિણા દેતી.
**માણુસખિત્તે**-મનુષ્યક્ષેત્રમાં.
**પરિઅડંતિ**-ભમે છે.

**શબ્દાર્થ**—છાસઠની સંખ્યાવાળી બે ચંદ્ર અને બે સૂર્યની પંક્તિ એક એકને આંતરે, મેરુ પર્વતને પ્રદક્ષિણા દેતી મનુષ્ય ક્ષેત્રને વિષે ભ્રમણ કરે છે.

**વિવેચન**—જંબૂદ્વીપના મેરૂની દક્ષિણ દિશાએ એક ચંદ્ર અને ઉત્તર દિશાએ એક ચંદ્ર ચાર ચરે છે (ગોળાકાર ફરે છે) તેજ રીતે લવણ સમુદ્રની એક દિશામાં બે ચંદ્રો, ધાતકી ખંડમાં ૬ ચંદ્રો, કાલોદધિમાં ૨૧ ચંદ્રો અને અર્ધ પુષ્કરવર દ્વીપમાં ૩૬ ચંદ્રો ચાલે છે. ૧+૨+૬+૨૧+૩૬=૬૬ ચંદ્રોની એક પંક્તિ દક્ષિણ દિશાથી ચાલે છે અને ૬૬ ચંદ્રોની બીજી પંક્તિ ઉત્તર દિશાથી ચાલે છે તે બંને પંક્તિને આંતરે પૂર્વ દિશામાં ૬૬ સૂર્યની એક પંક્તિ અને પશ્ચિમદિશામાં ૬૬ સૂર્યની બીજી પંક્તિ છે. સમશ્રેણિએ રહેલી આ ચંદ્ર અને સૂર્યની બબ્બે

પંક્તિઓ જંબૂદ્વીપના મેરૂ પર્વતને પ્રદક્ષિણા દેતી ગોળાકાર ભ્રમણ કરે છે. બંને પંક્તિના છાસઠ છાસઠ ચંદ્રો મળીને ૧૩૨ ચંદ્રો અને સૂર્યો અઢી દ્વીપમાં હોય છે.

## મનુષ્યક્ષેત્રમાં ગ્રહાદિકની પંક્તિની સંખ્યા.

**એવં ગહાઇણો વિ હુ, નવરં ધુવ પાસવત્તિણો તારા,**
**તં ચિય પયાહિણંતા, તત્થેવ સયા પરિભમન્તિ. ૮૦**

| | |
|---|---|
| **એવં**-એવી રીતે. | **તારા**-તારા. |
| **ગહાઇણં વિ**-ગ્રહાદિકની પણ. | **તં**-તેને |
| **હુ**-નિશ્ચે. | **ચિય**-નિશ્ચે જ |
| **નવરં**-એટલું વિશેષ | **પયાહિણંતા**-પ્રદિક્ષણા દેતા. |
| **ધુવ**-ધ્રુવ તારાની. | **તત્થેવ**-ત્યાંજ. |
| **પાસવત્તિણો**-પાસે વર્તતા. | **સયા**-હંમેશાં. |
| | **પરિભમંતિ**-ભમે છે. |

**શબ્દાર્થ**—એવી રીતે ગ્રહાદિકની પણ નિશ્ચે પંક્તિઓ છે પણ એટલું વિશેષ છે કે ધ્રુવ તારાની પાસે વર્તતા (સપ્તર્ષિ આદિ) તારાઓ તે ધ્રુવતારાને જ પ્રદક્ષિણા દેતા ત્યાંજ હમેશાં ભમે છે.

**વિવેચન**—એક ચંદ્ર કે સૂર્યની પાછળ ૮૮ ગ્રહ રૂપ એક પંક્તિ અને ૨૮ નક્ષત્ર રૂપ એક પંક્તિ હોય છે. અને અઢી દ્વીપમાં એકેકી દિશાએ છાસઠ ચંદ્ર અથવા સૂર્ય હોય છે. માટે છાસઠ ગ્રહોની પંક્તિઓ અને છાસઠ નક્ષત્રોની પંક્તિઓ પણ મેરૂ પર્વતને પ્રદક્ષિણા દે છે.

જંબૂદ્વીપમાં ચારે દિશાએ ૪ ધ્રુવ તારા સ્થિર હોય છે. અને તેની પાસે રહેલા ૭ ઋષિના તારા વિગેરે ધ્રુવતારાનેજ પ્રદક્ષિણા દે છે પણ મેરૂ પર્વતને પ્રદક્ષિણા દેતા નથી.

### પ્રશ્નો

૧. દ્વીપ અને સમુદ્રો કેટલા, કેવડા અને કેવા આકારના છે. તથા પાંચમા, આઠમા, વીશમા અને પચીશમા દ્વીપનાં નામ કહો.

૨. દ્વીપ અને સમુદ્રનાં નામો કેવા પ્રકારનાં છે? તથા તે સમુદ્રનાં પાણી કેવાં છે? અને તેમાંના મત્સ્યનું પ્રમાણ કહો.

૩. પુષ્કરવર દ્વીપ ઉપર પાંચે જ્યોતિષીનાં વિમાનો કેટલાં છે તેની ગણત્રીની રીત કહો.

૪. મેરૂ પર્વત અને ધ્રુવના તારાને કોના વિમાનો પ્રદક્ષિણા દે છે તે કહો.

## ચંદ્ર અને સૂર્યનાં માંડલાં અને તેમનું ચાર ક્ષેત્ર.

**પન્નરસ ચુલસી ઇ સયં,**
**ઇહિ-સસિ-રવિ મંડલાઇં તક્ખિત્તં,**
**જોયણ પણ-સય દસહિય, ભાગા અડયાલ ઇગસટ્ઠા. ૮૧.**

**પન્નરસ**-પંનર.
**ચુલસી સયં**-એકસો ચોરાસી
**ઇહ**-અહીંયાં, આમાં.
**સસિ રવિ મંડલાઇં**-ચંદ્ર અને સૂર્યનાં માંડલાં.
**તક્ખિત્ત**-તેનું ક્ષેત્ર.
**જોયણ**-યોજન.
**પણસય**-પાંચસો.
**દસહિય**-અધિક દશ.
**ભાગા**-ભાગ.
**અડયાલ**-અડતાલીશ.
**ઇગસટ્ઠા**-એકસઠ ભાગમાંથી.

**શબ્દાર્થ**—આ (જંબૂદ્વીપ) માં ચંદ્ર અને સૂર્યનાં માંડલાં અનુક્રમે પંનર અને એકસો ચોરાસી છે. તે (મંડલ) નું ક્ષેત્ર પાંચસો દશ જોજન અને એક જોજનના એકસઠ ભાગમાંથી અડતાલીસ ભાગ છે.

**વિવેચન**—એક સૂર્ય દક્ષિણ દિશાથી ચાલી ઉત્તર દિશાએ આવે, ત્યારે અહોરાત્રિમાં અર્દ્ધ મંડળ ક્ષેત્ર ઉલ્લંઘે, તેવીજ રીતે બીજો સૂર્ય ઉત્તર દિશાથી ચાલી દક્ષિણ દિશામાં આવે, ત્યારે અહોરાત્રિમાં અર્દ્ધ મંડલ ક્ષેત્ર ઉલ્લંઘે. બંને મળીને એક મંડળ થાય.

### ચંદ્ર અને સૂર્યના મંડલનું અંતર.

**તીસિ-ગસટ્ઠા ચઉરો, ઇગ ઇગસટ્ઠસ્સ સત્ત ભઇયસ્સ,**
**પણતીસં ચ દુ જોયણ, સસિ-રવિણો મંડલં-તરયં ૮૨.**

**તીસ**-ત્રીશ ભાગ.
**ઇગસટ્ઠા**-એકસઠમાંથી.
**ચઉરો**-ચાર ભાગ.
**ઈગ**-એક.
**ઇગસટ્ઠસ્સ**-એકસઠીયા ભાગના.
**સત્ત ભઇયસ્સ**-સાત ભાગમાંથી.
**પણતીસં**-પાંત્રીસ.
**ચ**-અને
**દુ જોયણ**-બે જોજન.
**સસિ રવિણો**-ચંદ્ર અને સૂર્યનાં.
**મંડલ**-માંડલાનું.
**અંતરયં**-આંતરૂં.

**શબ્દાર્થ**—ચંદ્ર અને સૂર્યના માંડલાંનું અંતર અનુક્રમે પાંત્રીસ જોજન, એક જોજનના એકસઠીયા ત્રીસ ભાગ અને એકસઠીયા એક ભાગના સાત ભાગમાંથી ચાર ભાગ (૩૫ જો. $\frac{30}{61}$ $\frac{4}{7}$) અને બે યોજન છે.

**વિવેચન**—સૂર્યનાં ૧૮૪ માંડલા છે, તેના ૧૮૩ આંતરા થાય છે, તે દરેક આંતરાનું પ્રમાણ બે યોજન છે. તેથી ૧૮૩ ને બે ગુણા કરતાં ૩૬૬ યોજન આંતરાના થાય, અને સૂર્યના વિમાનની પહોળાઈ ૪૮/૬૧ યોજન છે. તેને ૧૮૪ માંડલે ગુણીએ, તો ૮૮૩૨/૬૧ યોજન, તેના ૧૪૪ ૪૮/૬૧ યોજન થાય, તે આંતરાના ૩૬૬ યોજનમાં ઉમેરીએ, તો ૫૧૦ ૪૮/૬૧ યોજન સૂર્યને વિચરવાનું ક્ષેત્ર પોતાના વિમાન સહિત થાય છે.

ચંદ્રના ૧૫ માંડલાં છે, તેના ૧૪ આંતરા થાય છે, તે દરેક આંતરાનું પ્રમાણ ૩૫ ૩૦/૬૧ યોજન અને એકસઠીયા ૧ ભાગના સાત ભાગ કરીએ તેવા ૪ ભાગ છે. તેથી તેને ૧૪ આંતરાએ ગુણવા અને ચંદ્રના વિમાનની પહોળાઈ ૫૬/૬૧ યો. છે, તેને ૧૫ માંડલે ગુણવા, તે પછી તે બંનેનો સરવાળો કરીએ તો ૫૧૦ ૪૮/૬૧ યોજન ચંદ્રને વિચરવાનું ક્ષેત્ર પોતાના વિમાન સહિત થાય.

| | |
|---|---|
| ૧૮૩ | ૪૮ |
| ×૨ | ×૧૮૪ |
| ૩૬૬ | ૬૧)૮૮૩૨(૧૪૪ |
| ૧૪૪–૪૮/૬૧ | ૬૧ |
| ૫૧૦–૪૮/૬૧ યોજન | ૨૭૩ |
| | ૨૪૪ |
| | ૨૯૨ |
| | ૨૪૪ |
| | ૪૮ |

| | | | |
|---|---|---|---|
| યોજન | | | |
| ૩૫ | ૩૦ | ૪ | ૫૬ |
| ×૧૪ | ×૧૪ | ×૧૪ | ×૧૫ |
| ૧૪૦ | ૪૨૦ | ૭)૫૬(૮ | ૨૮૦ |
| ૩૫× | +૮ | ૫૬ | ૫૬× |
| ૪૯૦ | ૬૧)૪૨૮(૭ | ૦૦ | ૬૧)૮૪૦(૧૩ |
| ૭—૧ | ૪૨૭ | | ૬૧ |
| ૧૩—૪૭ | ૧ | | ૨૩૦ |
| ૫૧૦—૪૮/૬૧ | | | ૧૮૩ |
| યોજન | | | ૪૭ |

## ચંદ્ર સૂર્યનાં કેટલાં માંડલાં જંબૂદ્વીપમાં અને કેટલાં લવણ સમુદ્રમાં છે ? તે કહે છે.

**મંડલ દસમં લવણે, પણગં નિસઢંમિ હોઈ ચંદસ્સ,**
**મંડલ–અંતર–માણં, જાણ પમાણં પુરા કહિયં. ૮૩.**
**પણસટ્ઠી નિસઢંમિ ય, દુન્નિ ય બાહા દુજોયણં–તરિયા;**
**ઇગુણવીસં તુ સયં, સૂરસ્સ ય મંડલા લવણે. ૮૪**

**મંડલ દસગં**–દશ માંડલાં.
**લવણે**–લવણ સમુદ્રમાં
**પણગં**–પાંચ.
**નિસઢંમિ**–નિષધ પર્વત ઉપર.
**હોઇ**–છે.
**ચંદસ્સ**–ચંદ્રનાં.
**મંડલ અંતર માણં**–માંડલાના આંતરાનું પ્રમાણ.
**જાણ**–તું જાણ.
**પમાણં**–વિમાનનું પ્રમાણ.
**પુરા**–પહેલાં.
**કહિયં**–કહેલું.
**પણ સટ્ઠી**–પાંસઠ.
**નિસઢંમિ**–નિષધ પર્વત ઉપર.
**દુન્નિ**–બે માંડલાં..
**બાહા**–બહાર, બાહા ઉપર.
**દુજોયણ**–બે જોજનના.
**અંતરિયા**–આંતરે

| | |
|---|---|
| **ઈગુણવીસં**-ઓગણીશ. | **સૂરસ્સ**-સૂર્યનાં. |
| **તુ**-વળી. | **મંડલા**-માંડલાં. |
| **સયં**-એક સો. | **લવણે**-લવણ સમુદ્રમાં. |

**શબ્દાર્થ**—ચંદ્રનાં દશ માંડલાં લવણ સમુદ્રમાં અને પાંચ માંડલાં નિષધ પર્વત ઉપર છે. માંડલાના આંતરાનું પ્રમાણ ( ૩૫ યો. $\frac{૩૦}{૬૧}$—$\frac{૪}{૭}$) અને વિમાનનું પ્રમાણ ( $\frac{૫૬}{૬૧}$ યો. ) પહેલાં કહેલું તું જાણ. સૂર્યનાં બબ્બે જોજનના આંતરે પાંસઠ માંડલાં નિષધ પર્વત ઉપર, તેમાંથી બે માંડલાં ( હરિવર્ષ ક્ષેત્રની ) બાહા ઉપર છે અને વળી એકસો ઓગણીશ માંડલાં લવણ સમુદ્રમાં છે.

### લવણ સમુદ્રમાં અને જંબૂદ્વીપમાં ચંદ્ર સૂર્યને ફરવાનું ક્ષેત્ર.

**સસિ-રવિણોલવણંમિય,જોયણસયતિન્નિતીસઅહિયાઈ;**
**અસીયં તું જોયણ સયં, જંબુદ્દીવંમિ પવિસન્તિ. ૮૫.**

| | |
|---|---|
| **સસિ રવિણો**-ચંદ્ર અને સૂર્યનું. | **અસીયં**-એંસી. |
| **લવણંમિ**-લવણ સમુદ્રમાં. | **તુ**-પણ |
| **જોયણ**-જોજન. | **જોયણ**-જોજન સુધી. |
| **સય તિન્નિ**-ત્રણસો. | **સયં**-એકસો. |
| **તીસ અહિયાઇ**-ત્રીશથી અધિક. | **જંબુદ્દીવંમિ**-જંબૂદ્વીપમાં. |
| | **પવિસન્તિ**-પ્રવેશ કરે છે. |

**શબ્દાર્થ**— ચંદ્ર અને સૂર્યનું ફરવાનું ક્ષેત્ર લવણ સમુદ્રમાં ત્રણસો ત્રીશ જોજનથી અધિક ૪૮/૬૧ યોજન છે. પણ (પાછા ફરતાં) જંબૂદ્વીપમાં એકસો એંસી જોજન સુધી પ્રવેશ કરે છે.

**વિવેચન**—જંબૂદ્વીપના ચંદ્ર અને સૂર્યનું છેલ્લું મંડલ લવણ સમુદ્રમાં ૩૩૦૪૮/૬૧ યોજને છે અને સર્વ અભ્યંતર મંડલ જંબૂદ્વીપની જગતીથી ૧૮૦ યોજન દૂર નિષધ પર્વત ઉપર છે. નક્ષત્ર અને તારાઓ પોતપોતાના મંડળમાં જ ફરે છે, ગ્રહો અનિયમિત ચાલે છે. એટલે કોઇ વખત સવળા કે અવળા ગોળ ફરે છે.

## દ્વીપ સમુદ્રમાં ગ્રહ નક્ષત્ર અને તારાની સંખ્યા જાણવાનો ઉપાય.

**ગહ રિક્ખ તાર સંખં, જત્થે-ચ્છસિ નાઉ મુદહિ-દીવે વા,**
**તસ્સસિહિ એગ-સસિણો, ગુણ સંખં હોઇ સવ્વગ્ગં. ૮૬.**

**ગહ**-ગ્રહ.
**રિક્ખ**-નક્ષત્ર.
**તાર**-તારાની
**સંખં**-સંખ્યાને.
**જત્થ**-જેને વિષે.
**ઇચ્છસિ**-તું ઇચ્છે.
**નાઉં**-જાણવાને.
**ઉદહિ**-સમુદ્ર.
**દીવે**-દ્વીપમાં.
**વા**-અથવા, કે
**તસ્સસિહિ**-તે (દ્વીપ કે સમુદ્રના) ચંદ્રોની સાથે.
**એગ સસિણો**-એક ચંદ્રની
**ગુણ**-ગુણતાં, ગુણો.
**સંખં**-સંખ્યાને.
**હોઇ**-થાય છે.
**સવ્વગ્ગં**-સર્વ સંખ્યા.

**શબ્દાર્થ**—જે દ્વીપ કે સમુદ્રમાં ગ્રહ નક્ષત્ર અને તારાની સંખ્યાને જાણવા માટે તું ઈચ્છે, તો તે દ્વીપ કે સમુદ્રના ચંદ્રોની સાથે એક ચંદ્રની સંખ્યાએ ( પરિવારે ) ગુણતાં સર્વ ( ગ્રહ, નક્ષત્ર અને તારાની ) સંખ્યા થાય છે.

**વિવેચન**—જેમકે:-લવણ સમુદ્રમાં ૪ ચંદ્રમા છે અને એક ચંદ્રમાનો પરિવાર ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર અને ૬૬૯૭૫ કોડાકોડી તારા છે. તેથી તે ચંદ્રોને તેટલાએ ગુણતાં ગ્રહ નક્ષત્ર અને તારાની સંખ્યા તે સમુદ્રમાં આવે. એવી રીતે સર્વત્ર સમજવું.

| | | |
|---|---|---|
| ૪ | ૪ | ૪ |
| ×૮૮ | ×૨૮ | ×૬૬૯૭૫ કોડાકોડી |
| ૩૫૨ ગ્રહો | ૧૧૨ નક્ષત્રો | ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારા. |

**પ્રશ્નો**

૧. સ્થિર ચંદ્ર અને સૂર્યનું સ્વરૂપ કહો. જંબૂદ્વીપ અને લવણ સમુદ્રમાં ચંદ્ર સૂર્યનાં માંડલાં કેટલાં? તેનું ક્ષેત્ર કેટલું? અને માંડલાના આંતરાનું પ્રમાણ કેટલું?

૨. દ્વીપ અને સમુદ્રમાં ગ્રહ નક્ષત્ર અને તારાની સંખ્યા જાણવાની શી રીતિ છે? તે કહો.

## વૈમાનિક દેવલોકનાં વિમાનો.

**બત્તીસ-ટ્ઠાવીસા, બારસ અડ ચઉ વિમાણ લક્ખાઈં,**
**પન્નાસ ચત્ત છ સહસ્સ, કમેણ સોહમ્માઈસુ. ૮૭.**
**દુસુસયચઉ દુસુ સય-તિગ, મિગારસહિયં સયં તિગે હિટ્ઠા,**
**મજ્ઝે સત્તુત્તર-સય,મુવરિ તિગે સય-મુવરિ પંચ. ૮૮.**

બત્તીસ-બત્રીશ.
અટ્ઠાવીસા-અઠયાવીશ.
બારસ-બાર.
અડ-આઠ.
ચઉ-ચાર
વિમાણુ-વિમાન
લક્ખાઈ-લાખ.
પન્નાસ-પચાશ.
ચત્ત-ચાલીશ.
છ-છ.
સહસ્સ-હજાર.
કમેણુ-અનુક્રમે.
સોહમ્માઈસુ-સૌધર્માદિકને વિષે.
દુસુ-બે દેવલોકમાં.

સય ચઉ-ચાર સો.
દુસુ-બે દેવલોકમાં.
સય તિગં-ત્રણસો.
ઇગારસહિયં સયં-એક સો અગીયાર.
તિગે હિટ્ઠા-હેઠલી ત્રિકને વિષે.
મજ્ઝે-મધ્યની ત્રિકને વિષે.
સત્તુત્તર સયં-એકસો સાત.
ઉવરિ તિગે-ઉપરની ત્રિકને વિષે.
સયં-એક સો.
ઉવરિ-ઉપર.
પંચ-પાંચ.

**શબ્દાર્થ**—સૌધર્માદિક (૮ દેવલોક)ને વિષે અનુક્રમે બત્રીશ લાખ, અઠયાવીશ લાખ, બાર લાખ, આઠ લાખ, ચાર લાખ પચાશ હજાર, ચાલીશ હજાર, છ હજાર વિમાનો છે. તે પછી બે દેવલોકમાં ચારસો, બે દેવલોકમાં ત્રણસો, હેઠલી ત્રિકને વિષે એકસો અગીયાર, મધ્યની ત્રિકને વિષે એકસો સાત અને ઉપરની ત્રિકને વિષે એકસો અને ઉપર પાંચ વિમાનો છે.

**વિવેચન**—સૌધર્મ દેવલોકે ૩૨ લાખ, ઇશાન દેવલોકે ૨૮ લાખ, સનત્કુમારે ૧૨ લાખ, માહેંદ્રે ૮ લાખ, બ્રહ્મ દેવલોકે ચાર લાખ, લાંતકે ૫૦ હજાર, મહાશુક્રે ૪૦ હજાર, સહસ્રારે ૬ હજાર, આનત પ્રાણુત એ બે દેવલોકનાં મળી ચાર સો, આરણ અચ્યુત એ બે દેવલોકનાં મળી ત્રણસો, પહેલી (હેઠલી) ત્રણ ગ્રૈવેયકનાં એકસો અગીયાર, વચલી ત્રણ ગ્રૈવેયકનાં એકસો સાત, ઉપરલી ત્રણ ગ્રૈવેયકનાં એકસો, અને ઉપર પાંચ અનુત્તરનાં પાંચ વિમાનો છે.

## ઉર્ધ્વલોકમાં વિમાનોની સંખ્યા તથા મધ્યમાં ઇંદ્રિક વિમાનોની સંખ્યા.

**ચુલસીઇ લક્ખ સત્તાણવઇ, સહસ્સા વિમાણ તેવીસં,**
**સવ્વગ્ગ મુદ્ધ લોગંમિ, ઇંદયા બિસટ્ઠિ પયરેસુ. ૮૯.**

**ચુલસીઇ લક્ખ**–ચોરાશી લાખ
**સત્તાણવઇ સહસ્સા**-૯૭ હજાર.
**વિમાણ**–વિમાનની.
**તેવીસં**–તેવીશ.
**સવ્વગ્ગં**–સર્વ સંખ્યા
**ઉડ્ઢલોગંમિ**–ઉર્દ્ધ્વ લોકમાં.
**ઇંદયા**–ઇંદ્રિક વિમાન.
**બિસટ્ઠિ**–બાસઠ.
**પયરેસુ**–પ્રતરને વિષે.

**શબ્દાર્થ**—ચોરાશી લાખ સત્તાણું હજાર ને ત્રેવીશ વિમાનની સર્વ સંખ્યા ઉર્ધ્વલોકમાં છે. બાસઠ પ્રતરને વિષે બાસઠ ઇંદ્રક વિમાન છે.

**વિવેચન**—ઇંદ્રિક વિમાન પંક્તિ અને પ્રતરના મધ્ય ભાગમાં હોય છે.

## પ્રતરે પ્રતરે દરેક દિશામાં પંક્તિગત વિમાનની સંખ્યા.

**ચઉ દિસિ ચઉ પંતીઓ, બાસટ્ઠિ વિમાણિયા પઢમપયરે,**
**ઉવરિ ઇક્કિક્ક હીણા, અણુત્તરે જાવ ઇક્કિક્કં ૯૦.**

**ચઉદિસિ**—ચારે દિશાએ.
**ચઉ પંતીઓ**—ચાર પંક્તિઓ.
**બાસટ્ઠિ**—બાસઠ.
**વિમાણિયા**—વિમાનની.
**પઢમ પયરે**—પહેલા પ્રતરને વિષે.
**ઉવરિ**—ઉપર
**ઇક્કિક્કહીણા**—એક એક ઓછું.
**અણુત્તરે**—અનુત્તરને વિષે.
**જાવ**—યાવત્
**ઇક્કિક્ક**—એકેક

**શબ્દાર્થ**—પહેલા પ્રતરને વિષે ચારે દિશાએ ચાર પંક્તિઓ બાસઠ વિમાનની છે, ઉપરના પ્રતરને વિષે એક એક ઓછું વિમાન છે. યાવત્ અનુત્તરને વિષે એકેક વિમાન ચારે દિશામાં છે.

**વિવેચન**—પહેલા પ્રતરના મધ્ય ભાગે ઉડુ નામના ઇંદ્રક વિમાનની ચારે દિશાએ બાસઠ બાસઠ વિમાનની ચાર પંક્તિઓ છે. ઉપરના દરેક પ્રતરોમાં એકેક ઓછા વિમાનની પંક્તિ છે. જેમકે:–બીજા પ્રતરે ૬૧ વિમાનની પંક્તિ. એમ પ્રતરે પ્રતરે પંક્તિમાંથી એકેક વિમાન ઘટાડતાં સર્વાર્થ સિદ્ધ નામના બાસઠમા પ્રતરની ચારે દિશાએ એકેક વિમાનની પંક્તિ દેવદ્વીપ ઉપર છે.

## પંક્તિને વિષે ત્રિખુણાં આદિ વિમાનોનો ક્રમ.


**ઇંદય વટ્ટા પંતીસુ, તો કમસો તંસ ચઉરંસા વટ્ટા,**
**વિવિહા પુપ્ફવકિન્ના, તયંતરે મુત્તું પુવ્વ-દિસિં. ૯૧.**

| | |
|---|---|
| **ઇંદય**–ઇંદ્રક વિમાન. | **વટ્ટા**–વાટલાં |
| **વટ્ટા**–વાટલાં. ગોળ. | **વિવિહા**–જુદા જુદા. |
| **પંતીસુ**–પંક્તિઓને વિષે. | **પુપ્ફવકિન્ના**–પુષ્પાવકીર્ણ. |
| **તો**–તે પછી. | **તયંતરે**–તેના આંતરામાં. |
| **કમસો**–અનુક્રમે | **મુત્તું**–મૂકીને. |
| **તંસ**–ત્રિખુણાં. | **પુવ્વદિસિં**–પૂર્વ દિશાને. |
| **ચઉરંસા**–ચોખુણાં. | |

**શબ્દાર્થ**—પંક્તિઓને વિષે ઇંદ્રક વિમાન ગોળ છે. તે પછી અનુક્રમે ત્રિખુણાં ચોખુણાં અને વાટલાં વિમાન છે. તે (પંક્તિઓ)ના આંતરામાં પૂર્વ દિશાને મૂકીને બાકીની (ત્રણ) દિશામાં જુદા જુદા આકારવાળાં પુષ્પાવકીર્ણ વિમાનો હોય છે.

**વિવેચન**—દરેક પંક્તિઓના મધ્ય ભાગે ઇંદ્રિક વિમાન ગોળ હોય છે, પછી અનુક્રમે ત્રિખુણું ચોખુણું અને વાટલું વિમાન જ્યાં સુધી પંક્તિગત વિમાનોની સંખ્યા હોય, ત્યાં સુધી વારંવાર કહેવું. પુષ્પની માફક છૂટાં છૂટાં વિખરાએલાં તે પુષ્પાવકીર્ણ વિમાન નંદાવર્ત સ્વસ્તિક વિગેરે આકારવાળાં હોય છે. તે પુષ્પાવકીર્ણ વિમાનો તે પંક્તિગત વિમાનોના આંતરામાં પૂર્વ દિશા મૂકીને બાકીની ત્રણ દિશાએ અને વિદિશાઓમાં પણ હોય છે.

મધ્યના ઈંદ્રક વિમાનની ચારે દિશામાં ત્રણ ત્રણ વિમાન બતાવેલાં છે, પણ દરેક દિશાએ બાસઠ બાસઠ વિમાન સમજવા.




પહેલા પ્રતરના ઈંદ્રક વિમાનની ચારે દિશાએ પંક્તિગત ૧૨ વિમાનો કયા કયા સ્થાનકે છે? તે કહે છે.

**એગં દેવે-દીવે, દુવે ય નાગોદહીસુ બોધવ્વે,**
**ચત્તારિ જક્ખ-દીવે, ભૂય-સમુદ્દેસુ અટ્ઠેવ. ૯૨.**
**સોલસ સયંભૂરમણે, દીવેસુ પઇટ્ઠિયા ય સુરભવણા,**
**ઇગતીસં ચ વિમાણા, સયંભૂરમણે સમુદ્દે ય. ૯૩.**

**એગં**-એક (વિમાન.)
**દેવે દીવે**-દેવ દ્વીપ ઉપર
**દુવે**-બે ( વિમાન. )
**નાગોદહીસુ**-નાગ સમુદ્ર ઉપર.
**બોધવ્વે**-જાણવાં.
**ચત્તારિ**-ચાર (વિમાન)
**જક્ખદીવે**-યક્ષ દ્વીપ ઉપર.
**ભૂય સમુદ્દેસુ**-ભૂત સમુદ્ર ઉપર.
**અટ્ઠેવ**-આઠ જ (વિમાન.)
**સોલસ**-સોળ (વિમાન.)
**સયંભૂરમણે**-સ્વયંભૂરમણ.
**દીવેસુ**-દ્વીપ ઉપર.
**પઇટ્ઠિયા**-રહેલાં છે
**સુરભવણા**-દેવ વિમાનો.
**ઇગતીસં**-એકત્રીશ.
**વિમાણા**-વિમાનો.
**સયંભૂરમણે**-સ્વયંભૂરમણ
**સમુદ્દે**-સમુદ્ર ઉપર.

**શબ્દાર્થ**—એક વિમાન દેવ દ્વીપ ઉપર, બે વિમાન નાગ સમુદ્ર ઉપર જાણવાં. ચાર વિમાન યક્ષ દ્વીપ ઉપર, આઠ જ વિમાન ભૂત સમુદ્ર ઉપર, સોળ વિમાન સ્વયંભૂરમણ દ્વીપ ઉપર અને એકત્રીશ દેવવિમાન સ્વયંભૂરમણ સમુદ્ર ઉપર રહેલાં છે.

**વિવેચન—**ઉપર કહેલાં આવલિકા (પંક્તિ)ગત વિમાનો સર્વ (૧+૨+૪+૮+૧૬+૩૧) મેળવતાં ૬૨ થાય છે તે વિમાનો

× અનુક્રમે ત્રિખુણું ચોખુણું અને વાટલું વિમાન છે, એ રીતે ૬૨ વિમાનો સુધી કહેવું.

પ્રથમ પ્રતરના ઉડુ નામના ઇંદ્રક વિમાનની ચારે દિશાએ છે, તે પછી ઉપરના દરેક પ્રતરના છેડેથી પંક્તિગત વિમાન ઘટાડીએ તો આસઠમા પ્રતરે ઇંદ્રક વિમાનની ચારે દિશાએ દેવ દ્વીપ ઉપર એકેક ત્રિખુણું વિમાન આવે. વાટલાં વિમાન વલયાકારે, ત્રિખુણાં વિમાન સિંઘોડાના આકારે અને ચોખુણાં વિમાન નાટકના અખાડાના આકારે હોય છે.

## ઉપરના દરેક પ્રતરોમાં વાટલાદિ વિમાનોની સમશ્રેણિ દેખાડે છે.

**વટ્ટં વટ્ટસ્સુવરિં, તંસં તંસસ્સ ઉવરિમં હોઇ,**
**ચઉરંસે ચઉરંસં, ઉડ્ઢં તુ વિમાણ સેઢીઓ.** ૯૪

**વટ્ટં**–વાટલું વિમાન.
**વટ્ટસ્સ**–વાટલાની.
**ઉવરિં**–ઉપર.
**તંસં**-ત્રિખુણું.
**તંસસ્સ**–ત્રિખુણાની.
**ઉવરિમં**–ઉપર.
**હોઇ**–હોય છે.
**ચઉરંસે**–ચોખુણા ઉપર.
**ચઉરંસં**–ચોખુણું.
**ઉડ્ઢં**–ઉર્ધ્વ, ઉપર.
**તુ**–વળી.
**વિમાણ**–વિમાનની.
**સેઢીઓ**–શ્રેણિઓ, પંક્તિઓ.

**શબ્દાર્થ**—વાટલા વિમાનની ઉપર વાટલું વિમાન હોય છે. ત્રિખુણા વિમાનની ઉપર ત્રિખુણું વિમાન હોય છે. ચોખુણા ઉપર ચોખુણું વિમાન હોય છે. એમ ઉપર વળી વિમાનની પંક્તિઓ છે.

## ઉર્ધ્વલોકે એક દિશામાં શ્રેણિગત વિમાનોની સ્થાપના.

ઈંદ્રક

◁ ○ છઠ્ઠા પ્રતરનું ઈંદ્રક વિમાન.
□ ◁ ○ પાંચમા " " "
○ □ ◁ ○ ચોથા " " "
◁ ○ □ ◁ ○ ત્રીજા " " "
□ ◁ ○ □ ◁ ○ બીજા " " "
○ □ ◁ ○ □ ◁ ○ પહેલા " " "

જો કે પહેલે પ્રતરે એક દિશાની શ્રેણિના વિમાનો ૬૨ છે, પણ સમજવા માટે ઈંદ્રિક વિમાન પછી છ વિમાનોની સ્થાપના કરી છે.

### વાટલાદિક વિમાનોનાં દ્વાર.

**સવ્વે વટ્ટ-વિમાણા, એગ-દુવારા હવન્તિ નાયવ્વા,**
**તિન્નિ ય તંસ વિમાણે, ચત્તારિ ય હુન્તિ ચઉરંસે. ૯૫.**

**સવ્વે**-સર્વે.
**વટ્ટ વિમાણા**-વાટલાં વિમાનો
**એગ દુવારા**-એક દ્વારવાળાં.
**હવન્તિ**-હોય છે.
**નાયવ્વા**-જાણવાં.
**તિન્નિ**-ત્રણ બારણાં.
**તંસ વિમાણે**-ત્રિખુણા વિમાનને વિષે.
**ચત્તારિ**-ચાર બારણાં.
**હુન્તિ**-હોય છે.
**ચઉરંસે**-ચોખુણાને વિષે.

**શબ્દાર્થ**—સર્વે વાટલાં વિમાનો એક બારણાવાળાં હોય છે. એમ જાણવું. ત્રિખુણા વિમાનને વિષે ત્રણ બારણાં અને ચોખુણા વિમાનને વિષે ચાર બારણાં હોય છે.


## ક્યા વિમાનોને ગઢ અને ક્યા વિમાનોને વેદિકા હોય, તે કહે છે.

**પાગાર-પરિક્ખિત્તા વટ્ટવિમાણા હવન્તિ સવ્વેવિ,**
**ચઉરંસ વિમાણાણં, ચઉદિસિં વેઇયા હોઈ.** ૯૬


**પાગાર**—પ્રાકાર, ગઢ, કો: વડે.
**પરિક્ખિત્તા**—વીંટાયેલા.
**વટ્ટવિમાણા**—વાટલાં વિમાનો
**હવન્તિ**—હોય છે.
**સવ્વે વિ**—સર્વે, પણ.
**ચઉરંસ**—ચોખુણા.
**વિમાણાણં**—વિમાનોની
**ચઉદિસિં**—ચારે દિશાએ.
**વેઇયા**—વેદિકા, સાદો કોટ.
**હોઈ**—હોય છે.

**શબ્દાર્થ**—સર્વે વાટલાં વિમાનો ગઢ (કાંગરાવાળા કોટ) વડે વીંટાએલાં હોય છે. પણ ચોખુણા વિમાનોની ચારે દિશાએ વેદિકા (સાદો કોટ અથવા કાંગરાં વિનાનો કોટ) હોય છે.

એક દરવાજા વાળા ગોળ વિમાનની ફરતો ગઢ.



## ચાર દરવાજા વાળા ચોખંડા વિમાનની ફરતી વેદિકા




ત્રિખુણાં વિમાનોનો કઈ બાજુ ગઢ અને કઈ બાજુએ વેદિકા હોય તે કહે છે.

**જત્તો વટ્ટ વિમાણા, તત્તો તંસસ્સ વેઇયા હોઈ,**
**પાગારો બોધવ્વો, અવસેસેસું તુ પાસેસુ. ૯૭.**

**જત્તો**-જે દિશાએ.
**વટ્ટવિમાણા**-વાટલું વિમાન.
**તત્તો**-તે દિશાએ,
**તંસસ્સ**-ત્રિખુણા વિમાનને.
**વેઇયા**-વેદિકા.
**હોઈ**-હોય છે.
**પાગારો**-ગઢ.
**બોધવ્વો**-જાણવો.
**અવસેસેસું**-બાકીની.
**તુ**-વળી.
**પાસેસુ**-બાજુને વિષે.

**શબ્દાર્થ**—જે દિશાએ વાટલું વિમાન હોય છે, તે દિશાએ ત્રિખુણા વિમાનને વેદિકા હોય છે. બાકીની બાજુને વિષે વળી ગઢ જાણવો.

**વિવેચન**—ત્રિખુણીયા વિમાનની જે દિશાએ વાટલું વિમાન હોય છે તે દિશાએ કાંગરાં વિનાનો કોટ હોય છે. અને બાકીની બંને બાજુએ કાંગરાવાળો કોટ હોય છે


**પ્રશ્નો**

૧. ઉર્ધ્વલોકમાં વિમાનોની સંખ્યા તથા ઇંદ્રક વિમાનો કેટલાં? પુષ્પાવકીર્ણ વિમાનોનો આકાર અને તે કયાં હોય? તે કહો.

૨, પહેલા તેરમા અને પચીશમા પ્રતરનાં પંક્તિગત વિમાનો કયા દ્વીપ અને સમુદ્ર ઉપર કેટલાં આવ્યાં છે? તે કહો.

૩. ગોળ ત્રિખુણા અને ચોખુણા વિમાનને દરવાજા કેટલા? ગઢ અને વેદિકા કોને કહે? તથા ત્રિખુણા વિમાનની ત્રણે બાજુએ શું હોય? તે કહો.

## ત્રણ દરવાજાવાળા ત્રિખુણીયા વિમાનની સમજણ.



## પંક્તિગત વિમાનો તથા પુષ્પાવકીર્ણ વિમાનોનું અંતર.

**આવલિય-વિમાણાણં, અંતરં નિયમસો અસંખિજ્જં,**
**સંખિજ્જ-મસંખિજ્જં, ભણિયં પુપ્ફાવકિન્નાણં. ૯૮.**

**આવલિય**-પંક્તિગત.
**વિમાણાણં**-વિમાનોનું.
**અંતર**-આંતરૂં.
**નિયમસો**-નિશ્ચયથી.
**અસંખિજ્જં**-અસંખ્યાત. યોજન.
**સંખિજ્જં**-સંખ્યાત.
**અસંખિજ્જં**-અસંખ્યાત.
**ભણિયં**-કહ્યું છે.
**પુપ્ફાવકિન્નાણં**-પુષ્પાવકીર્ણ વિમાનોનું.

**શબ્દાર્થ**—પંક્તિગત વિમાનોનું આંતરૂં નિશ્ચયથી અસંખ્યાત યોજન છે અને પુષ્પાવકીર્ણ વિમાનોનું આંતરૂં સંખ્યાતા અથવા અસંખ્યાતા યોજનનું કહેલું છે.

**વિવેચન**—પૂર્વ દિશિ મૂકીને બાકીની ત્રણ દિશામાં અને વિદિશામાં પુષ્પાવકીર્ણ વિમાન છે તેમનું પરસ્પર અંતર કેટલાએક વિમાનોમાં સંખ્યાતા યોજનનું અને કેટલાએક વિમાનોમાં અસંખ્યાતા યોજનનું છે.

## વિમાનોનું રમણીકપણું.

**અચ્ચંત-સુરહિ ગંધા, ફાસે નવણીય-મઉય સુહફાસા,**
**નિચ્ચુજ્જોયા રમ્મા, સયં પહા તે વિરાયંતિ. ૯૯.**

**અચ્ચંત**–અત્યંત.
**સુરહિગંધા**–સુગંધવાળાં.
**ફાસે**–સ્પર્શમાં.
**નવણીય**–માખણની જેમ.
**મઉય**–કોમળ.
**સુહફાસા**–સુખકારી સ્પર્શવાળાં.
**નિચ્ચ**–નિત્ય.
**ઉજ્જોયા**–ઉદ્યોતવાળાં.
**રમ્મા**–રમણીક, મનોહર.
**સયંપહા**–પોતાની પ્રભાથી.
**તે**–તે વિમાનો.
**વિરાયંતિ**–શોભે છે.

**શબ્દાર્થ**—અત્યંત સુગંધવાળાં, સ્પર્શમાં માખણની જેમ કોમળ **અને સુખકારી સ્પર્શ**વાળાં, નિરંતર ઉદ્યોતવાળાં રમણીક તે વિમાનો પોતાની પ્રભાથી શોભે છે.

## કયા ઈંદ્રનાં કઈ દિશાનાં પંકિતગત વિમાનો.

**જે દક્ખિણેણ ઇંદા, દાહિણઓ આવલી મુણેયવ્વા,**
**જે પુણ ઉત્તર ઇંદા. ઉત્તરઓ આવલી મુણે તેસિં.૧૦૦.**

**જે**–જે.
**દક્ખિણેણ**–દક્ષિણ દિશાએ.
**ઇંદા**–ઇંદ્રો.
**દાહિણઓ**–દક્ષિણ દિશાની.
**આવલી**·આવલિકાગતવિમાનો
**મુણેયવ્વા**–જાણવાં.
**જે**–જે.
**પુણ**–વળી.
**ઉત્તરઇંદા**–ઉત્તર દિશાના ઇંદ્રો.
**ઉત્તરઓ**–ઉત્તર દિશાનાં.
**આવલી**–આવલી, પંકિત.
**મુણે**–માનવાં, જાણવાં.
**તેસિં**–તેઓનાં.

**શબ્દાર્થ**—જે દક્ષિણ **દિશાએ** ઇંદ્રો ( **સૌધર્મ અને** સનત્કુમાર )**છે. તેઓનાં દક્ષિણ દિશાની આવલિકાગત વિમાનો**

જાણવાં જે વળી ઉત્તર દિશાના ઇંદ્રો (ઇશાન અને માહેંદ્ર) છે. તેઓના ઉત્તર દિશાનાં આવલિકાગત વિમાનો જાણવાં.

**પુવ્વેણ પચ્છિમેણ ય, સામન્ના આવલી મુણેયવ્વા,**
**જે પુણ વટ્ટ વિમાણા, મજ્ઝિલ્લા દાહિણિલ્લાણં. ૧૦૧.**

**પુવ્વેણ**-પૂર્વ દિશાનાં.
**પચ્છિમેણ**-પશ્ચિમ દિશાનાં.
**સામન્ના**-સામાન્યથી.
**આવલી**-પંક્તિગત વિમાનો.
**મુણેયવ્વા**-માનવાં, જાણવાં.
**જે**-જે.
**પુણ**-વળી.
**વટ્ટવિમાણા**-વાટલાં વિમાનો
**મજ્ઝિલ્લા**-મધ્યનાં.
**દાહિણિલ્લાણં**-દક્ષિણવાળાનાં.

**શબ્દાર્થ**—પૂર્વ અને પશ્ચિમ દિશાનાં આવલિકાગત વિમાનો સામાન્યથી (બંનેનાં) જાણવાં. જે વળી મધ્યનાં વાટલાં વિમાનો છે. તે દક્ષિણ દિશાના ઇંદ્રોનાં જાણવાં.

**વિવેચન**—પૂર્વ અને પશ્ચિમ દિશાનાં આવલિકાગત (ત્રિખુણાં અને ચોખુણાં) વિમાનો સૌધર્મ અને ઇશાન ઇંદ્રનાં સરખાં જાણવાં. અને જે વળી પૂર્વ અને પશ્ચિમ દિશાનાં આવલિકાગત વાટલાં વિમાનો છે. તે દક્ષિણ દિશાના ઇંદ્ર (સૌધર્મ કે સનત્કુમાર) નાં જાણવાં.

**પુવ્વેણ પચ્છિમેણ ય, જે વટ્ટા તે વિ દાહિણિલ્લસ્સ,**
**તંસ ચઉરંસગા પુણ, સામન્ના હુન્તિ દુણ્હં પિ. ૧૦૨.**

પુવ્વેણ–પૂર્વ દિશામાં.
પચ્છિમેણ–પશ્ચિમ દિશામાં.
જેવટ્ટા–જે વાટલાં.
તે વિ–તે પણ.
દાહિણિલ્લસ્સ–દક્ષિણ દિશાના.
તંસ–ત્રિખુણાં.
ચઉરંસગા–ચોખુણાં.
પુણ–વળી.
સામન્ના–સામાન્યથી.
હુન્તિ–હોય છે.
દુણ્હંપિ–બંને (ઇંદ્રો)નાં પણ.

શબ્દાર્થ—પૂર્વ અને પશ્ચિમ દિશામાં જે વાટલાં વિમાનો છે તે પણ દક્ષિણ દિશાના ઇંદ્રનાં જાણવાં. ત્રિખુણાં અને ચોખુણાં વિમાનો વળી સામાન્યથી ( અર્ધ અર્ધ ) બન્ને દિશાના ઇંદ્રોનાં પણ હોય છે.

## દરેક દેવલોકે શ્રેણિનાં વિમાનની સંખ્યા જાણવાનો ઉપાય.

પઢમં–તિમ પયરાવલિ,વિમાણ મુહ ભૂમિ તસ્સમાસદ્ધં,
પયર ગુણ–મિટ્ઠ કપ્પે, સવ્વગ્ગં પુપ્ફકિન્નિયરે. ૧૦૩.

પઢમ–પહેલાં.
અંતિમ–છેલ્લા.
પયરાવલિ–પ્રતરનાં પંક્તિગત
વિમાણ–વિમાનો.
મુહ–મુખ.
ભૂમિ–ભૂમિ.
તસ્સમાસ-તેનોસરવાળો કરીને
અદ્ધં–અર્દ્ધ.
પયર ગુણં–પ્રતરે ગુણતાં.
ઇટ્ઠ કપ્પે–વાંછિત દેવ લોકે.
સવ્વગ્ગં–સર્વ સંખ્યા.
પુપ્ફકિન્ન–પુષ્પાવકીર્ણ.
ઇયરે–બાકીનાં.

**શબ્દાર્થ**—પહેલા અને છેલ્લા પ્રતરનાં પંક્તિગત વિમાનોને અનુક્રમે મુખ અને ભૂમિ કહીએ, તેનો સરવાળો કરીને અર્ધ કરીએ, પછી વાંછિત દેવલોકના પ્રતરે ગુણતાં સર્વ (પંક્તિગત વિમાનોની) સંખ્યા આવે, અને બાકીનાં પુષ્પાવકીર્ણ વિમાનો જાણવાં.

**વિવેચન**—જેમકે સૌધર્મ અને ઇશાનના પહેલા પ્રતરની એકેક દિશાએ ૬૨ વિમાનની પંક્તિ છે, તો ચાર દિશાનાં ૬૨×૪=૨૪૮ વિમાનો થાય, તેની સાથે મધ્યભાગનું એક ઇંદ્રક વિમાન મેળવતાં ૨૪૯ વિમાનો થાય. તે મુખ કહેવાય. તથા તેના તેરમા પ્રતરની એકેક દિશાએ ૫૦ વિમાનની પંક્તિ છે તો ચાર દિશાનાં ૫૦×૪=૨૦૦ વિમાનો થાય, તેની સાથે મધ્યભાગનું એક ઇંદ્રક વિમાન મેળવતાં ૨૦૧ વિમાનો થાય તેને ભૂમિ કહીએ. તે મુખ વિમાન ૨૪૯ અને ભૂમિ વિમાન ૨૦૧ નો સરવાળો કરીએ તો ૪૫૦ વિમાનો થાય, તેનું અર્ધ કરતાં ૨૨૫ વિમાનો થાય, તે બે દેવલોકનાં મળીને તેર પ્રતર છે તેથી ૨૨૫ને તેરે ગુણતાં ૨૯૨૫ આવલિકાગત વિમાનો થાય. તથા સૌધર્મેન્દ્રનાં ૩૨ લાખ અને ઇશાનેંદ્રનાં ૨૮ લાખ મળી ૬૦ લાખ વિમાનો છે, તેમાંથી ૨૯૨૫ શ્રેણિનાં વિમાનો બાદ કરતાં બાકી રહેલ ૫૯,૯૭,૦૭૫ પુષ્પાવકીર્ણ વિમાનો જાણવાં.

**પ્રશ્નો**

પંક્તિગત વિમાનો અને પુષ્પાવકીર્ણ વિમાનોનું અંતર કેટલું ? સૌધર્મેંદ્રનાં વાટલાં વિમાનો કઇ દિશાનાં હોય તથા ત્રિખુણાં અને ચોખુણાં વિમાનોમાં અર્ધોઅર્ધ ભાગ કઇ દિશામાં છે તે કહો.

## ઉર્ધ્વલોકના દરેક દેવલોકે શ્રેણિગત વિમાનની સંખ્યા લાવવા માટે ઉપાય.

| નામ | [illegible] | [illegible] | મુખ | ભૂમિ | સમાસ અર્ધ પ્રતર શ્રેણીનાં વિમાનો | પુષ્પાવકીર્ણ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|
| સૌધર્મ–ઈશાન | ૬૨ | ૫૦ | ૨૪૯ | ૨૦૧ | ૪૫૦×૦॥=૨૨૫×૧૩=૨૯૨૫ | ૫૯૯૭૦૭૫ | ૬૦ લાખ |
| સનત્કુમાર–માહેંદ્ર | ૪૯ | ૩૮ | ૧૯૭ | ૧૫૩ | ૩૫૦×૦॥=૧૭૫×૧૨=૨૧૦૦ | ૧૯૯૭૯૦૦ | ૨૦ લાખ |
| બ્રહ્મ દેવલોક | ૩૭ | ૩૨ | ૧૪૯ | ૧૨૯ | ૨૭૮×૦॥=૧૩૯× ૬= ૮૩૪ | ૩૯૯૧૬૬ | ૪ લાખ |
| લાંતક | ૩૧ | ૨૭ | ૧૨૫ | ૧૦૯ | ૨૩ ×૦॥=૧૧૭× ૫= ૫૮૫ | ૪૯૪૧૫ | ૫૦ હજાર |
| મહાશુક્ર | ૨૬ | ૨૩ | ૧૦૫ | ૯૩ | ૧૯૮×૦॥= ૯૯× ૪= ૩૯૬ | ૩૯૬૦૪ | ૪૦ હજાર |
| સહસ્રાર | ૨૨ | ૧૯ | ૮૯ | ૭૭ | ૧૬૬×૦॥= ૮૩× ૪= ૩૩૨ | ૫૬૬૮ | ૬ હજાર |
| આનત, પ્રાણત. | ૧૮ | ૧૫ | ૭૩ | ૬૧ | ૧૩૪×૦॥= ૬૭× ૪= ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| આરણ, અચ્યુત. | ૧૪ | ૧૧ | ૫૭ | ૪૫ | ૧૦૨×૦॥= ૫૧× ૪= ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| પહેલી ત્રિક | ૧૦ | ૮ | ૪૧ | ૩૩ | ૭૪×૦॥= ૩૭× ૩= ૧૧૧ | નથી | ૧૧૧ |
| બીજી ત્રિક | ૭ | ૫ | ૨૯ | ૨૧ | ૫૦×૦॥= ૨૫× ૩= ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ત્રીજી ત્રિક | ૪ | ૨ | ૧૭ | ૯ | ૨૬×૦॥= ૧૩× ૩= ૩૯ | ૬૧ | ૧૦૦ |
| અનુત્તર. | ૧ | ૦ | ૫ | ૦ | × ૧ = ૫ | નથી | ૫ |

## દેવલોકના દરેક પ્રતરનાં પંક્તિગત વાટલાદિક વિમાનોની સંખ્યા કરવાનો ઉપાય.

**ઇગદિસિ-પંતિ વિમાણા, તિવિભત્તા તંસ ચઉરંસા વટ્ટા**
**તંસેસુ સેસ-એગં, ખિવ સેસ દુગસ્સ ઇક્કિક્કં. ૧૦૪.**

**તંસેસુ ચઉરંસેસુ ય, તો રાસિ તિગંપિ ચઉગુણં કાઉં,**
**વટ્ટેસુ ઇંદયં ખિવ, પયર ધણં મીલિયં કપ્પે. ૧૦૫.**

**ઇગદિસિ**–એક દિશાનાં.
**પંતિ વિમાણા**–પંક્તિગત વિમાનોને.
**તિ વિભત્તા**–ત્રણે ભાગતાં.
**તંસ**–ત્રિખુણાં.
**ચઉરંસા**–ચોખુણાં.
**વટ્ટા**–વાટલાં.
**તંસેસુ**–ત્રિખુણામાં.
**સેસં**–બાકી રહેલ.
**એગં**–એકને.
**ખિવ**–નાંખો.
**સેસ દુગસ્સ**–બાકી રહેલ બેમાંના.
**ઇક્કિક્કં**–એકેકને.

**તંસેસુ**–ત્રિખુણામાં
**ચઉરંસેસુ**–ચોખુણામાં.
**તો**–તે પછી.
**રાસિતિગંપિ**–ત્રણે રાશિને પણ.
**ચઉગુણં**–ચારગુણા.
**કાઉં**–કરીને.
**વટ્ટેસુ**–વાટલામાં.
**ઇંદયં**–ઇંદ્રક વિમાનને.
**ખિવ**–નાખીએ.
**પયર**–પ્રતરનાં.
**ધણં**–વિમાનોની સંખ્યા.
**મિલિયં**–મેળવતાં.
**કપ્પે**–દેવલોકને વિષે.

**શબ્દાર્થ**—એક દિશાનાં પંક્તિગત વિમાનોને ત્રણે ભાગતાં ત્રિખુણું ચોખુણું અને વાટલાં વિમાન આવે, બાકી રહેલ એકને ત્રિખુણામાં નાંખો અને બાકી રહેલ બેમાંના એકેકને ત્રિખુણું અને ચોખુણામાં નાખો. તે પછી ત્રણે રાશિને પણ ચારગુણા કરીને વાટલા વિમાનમાં ઇંદ્રિક વિમાનને નાંખીને ( ત્રણ રાશિને ) મેળવતાં દેવલોકને વિષે પ્રતરનાં (આવલિકા ગત) વિમાનોની સંખ્યા થાય.

**વિવેચન**—જેમકે:-સૌધર્મ અને ઈશાન દેવલોકના પહેલા પ્રતરે એક દિશાએ ૬૨ વિમાન છે તેને ત્રણે ભાગીએ તો ૨૦ ત્રિખુણું ૨૦ ચોખુણું અને ૨૦ વાટલાં વિમાન આવે, બાકી બે વધે તેમાંથી એક ત્રિખુણામાં અને એક ચોખુણામાં નાખતાં ૨૧ ત્રિખુણું ૨૧ ચોખુણું અને ૨૦ વાટલાં વિમાન થાય. તેને ચારે ગુણતાં ૮૪ ત્રિખુણું, ૮૪ ચોખુણું, અને ૮૦ વાટલાં. તે વાટલાં વિમાનમાં ૧ ઇંદ્રક વિમાન નાખતાં ૮૧ વાટલાં વિમાન થાય છે. બીજા પ્રતરે એક દિશાએ ૬૧ વિમાન તેને ત્રણે ભાગતાં ૨૦ ત્રિખુણું ૨૦ ચોખુણું અને ૨૦ વાટલાં આવે, બાકી ૧ વધે તે ત્રિખુણામાં નાંખતાં ૨૧ ત્રિખુણું, ૨૦ ચોખુણું અને ૨૦ વાટલાં વિમાન થાય. તે ત્રણે રાશિને ચારે ગુણતાં ૮૪ ત્રિખુણું, ૮૦ ચોખુણું અને ૮૦ વાટલાં. તે વાટલાં વિમાનોમાં ૧ ઇંદ્રક વિમાન નાખતાં ૮૧ વાટલાં. એવી રીતે સર્વ પ્રતરોને વિષે ત્રિખુણું ચોખુણું અને વાટલાં વિમાનોની સંખ્યા વિચારવી.

## દેવલોકના દરેક પ્રતરનાં પંક્તિગત વિમાનોની સંખ્યા.

| દેવલોક | પ્રતર | ત્રિખુણાં | ચોખુણાં | ગોળ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| સૌધર્મ અને ઈશાન દેવલોકના પ્રતર ૧૩ | ૧ | ૮૪ | ૮૪ | ૮૦ | ૨૪૮ |
| | ૨ | ૮૪ | ૮૦ | ૮૦ | ૨૪૪ |
| | ૩ | ૮૦ | ૮૦ | ૮૦ | ૨૪૦ |
| | ૪ | ૮૦ | ૮૦ | ૭૬ | ૨૩૬ |
| | ૫ | ૮૦ | ૭૬ | ૭૬ | ૨૩૨ |
| | ૬ | ૭૬ | ૭૬ | ૭૬ | ૨૨૮ |
| | ૭ | ૭૬ | ૭૬ | ૭૨ | ૨૨૪ |
| | ૮ | ૭૬ | ૭૨ | ૭૨ | ૨૨૦ |
| | ૯ | ૭૨ | ૭૨ | ૭૨ | ૨૧૬ |
| | ૧૦ | ૭૨ | ૭૨ | ૬૮ | ૨૧૨ |
| | ૧૧ | ૭૨ | ૬૮ | ૬૮ | ૨૦૮ |
| | ૧૨ | ૬૮ | ૬૮ | ૬૮ | ૨૦૪ |
| | ૧૩ | ૬૮ | ૬૮ | ૬૪ | ૨૦૦ |
| સનત્કુમાર અને માહેંદ્રના પ્રતર ૧૨ | ૧ | ૬૮ | ૬૪ | ૬૪ | ૧૯૬ |
| | ૨ | ૬૪ | ૬૪ | ૬૪ | ૧૯૨ |
| | ૩ | ૬૪ | ૬૪ | ૬૦ | ૧૮૮ |
| | ૪ | ૬૪ | ૬૦ | ૬૦ | ૧૮૪ |
| | ૫ | ૬૦ | ૬૦ | ૬૦ | ૧૮૦ |
| | ૬ | ૬૦ | ૬૦ | ૫૬ | ૧૭૬ |
| | ૭ | ૬૦ | ૫૬ | ૫૬ | ૧૭૨ |
| | ૮ | ૫૬ | ૫૬ | ૫૬ | ૧૬૮ |
| | ૯ | ૫૬ | ૫૬ | ૫૨ | ૧૬૪ |
| | ૧૦ | ૫૬ | ૫૨ | ૫૨ | ૧૬૦ |
| | ૧૧ | ૫૨ | ૫૨ | ૫૨ | ૧૫૬ |
| | ૧૨ | ૫૨ | ૫૨ | ૪૮ | ૧૫૨ |
| બ્રહ્મ દેવલોકના પ્રતર ૬ | ૧ | ૫૨ | ૪૮ | ૪૮ | ૧૪૮ |
| | ૨ | ૪૮ | ૪૮ | ૪૮ | ૧૪૪ |
| | ૩ | ૪૮ | ૪૮ | ૪૪ | ૧૪૦ |
| | ૪ | ૪૮ | ૪૪ | ૪૪ | ૧૩૬ |
| | ૫ | ૪૪ | ૪૪ | ૪૪ | ૧૩૨ |
| | ૬ | ૪૪ | ૪૪ | ૪૦ | ૧૨૮ |

| દેવલોક | પ્રતર | ત્રિખુણાં | ચોખુણાં | ગોળ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| લાંતક દેવલોક | ૧ | ૪૪ | ૪૦ | ૪૦ | ૧૨૪ |
| | ૨ | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૨૦ |
| | ૩ | ૪૦ | ૪૦ | ૩૬ | ૧૧૬ |
| | ૪ | ૪૦ | ૩૬ | ૩૬ | ૧૧૨ |
| | ૫ | ૩૬ | ૩૬ | ૩૬ | ૧૦૮ |
| મહાશુક્ર | ૧ | ૩૬ | ૩૬ | ૩૨ | ૧૦૪ |
| | ૨ | ૩૬ | ૩૨ | ૩૨ | ૧૦૦ |
| | ૩ | ૩૨ | ૩૨ | ૩૨ | ૯૬ |
| | ૪ | ૩૨ | ૩૨ | ૨૮ | ૯૨ |
| સહસ્રાર | ૧ | ૩૨ | ૨૮ | ૨૮ | ૮૮ |
| | ૨ | ૨૮ | ૨૮ | ૨૮ | ૮૪ |
| | ૩ | ૨૮ | ૨૮ | ૨૪ | ૮૦ |
| | ૪ | ૨૮ | ૨૪ | ૨૪ | ૭૬ |
| આનત-પ્રાણત | ૧ | ૨૪ | ૨૪ | ૨૪ | ૭૨ |
| | ૨ | ૨૪ | ૨૪ | ૨૦ | ૬૮ |
| | ૩ | ૨૪ | ૨૦ | ૨૦ | ૬૪ |
| | ૪ | ૨૦ | ૨૦ | ૨૦ | ૬૦ |
| આરણ-અચ્યુત | ૧ | ૨૦ | ૨૦ | ૧૬ | ૫૬ |
| | ૨ | ૨૦ | ૧૬ | ૧૬ | ૫૨ |
| | ૩ | ૧૬ | ૧૬ | ૧૬ | ૪૮ |
| | ૪ | ૧૬ | ૧૬ | ૧૨ | ૪૪ |
| ગ્રૈવેયક — પહેલી ત્રિક | ૧ | ૧૬ | ૧૨ | ૧૨ | ૪૦ |
| | ૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૩૬ |
| | ૩ | ૧૨ | ૧૨ | ૮ | ૩૨ |
| ગ્રૈવેયક — બીજી ત્રિક | ૪ | ૧૨ | ૮ | ૮ | ૨૮ |
| | ૫ | ૮ | ૮ | ૮ | ૨૪ |
| | ૬ | ૮ | ૮ | ૪ | ૨૦ |
| ગ્રૈવેયક — ત્રીજી ત્રિક | ૭ | ૮ | ૪ | ૪ | ૧૬ |
| | ૮ | ૪ | ૪ | ૪ | ૧૨ |
| | ૯ | ૪ | ૪ | ૦ | ૮ |
| અનુત્તર | ૧ | ૪ | ૦ | ૦ | ૪ |

## સૌધર્મેન્દ્રનાં વાટલાં ત્રિખુણાં અને ચોખુણાં વિમાનોની સંખ્યા.

**સત્ત-સય સત્તવીસા, ચત્તારિ-સયા ય હુન્તિ ચઉનઉયા,**
**ચત્તારિ ય છાસીયા, સોહમ્મે હુન્તિ વટ્ટાઇ. ૧૦૬.**

**સત્તસય**-સાતસો.
**સત્તવીસા**-સત્યાવીશ.
**ચત્તારિ સયા**-ચારસો.
**હુન્તિ**-હોય છે.
**ચઉનઉયા**-ચોરાણું.
**ચત્તારિ**-ચાર સો.
**છાસીયા**-છયાસી.
**સોહમ્મે**-સૌધર્મ દેવલોકને વિષે.
**હુન્તિ**-હોય છે.
**વટ્ટાઇ**-વાટલાં આદિ.

**શબ્દાર્થ**—સૌધર્મ દેવલોકને વિષે વાટલાં આદિ અનુક્રમે સાતસો સત્યાવીશ (વાટલાં) ચારસો ચોરાણું (ત્રિખુણાં) અને ચારસો છયાસી (ચોખુણાં) પંક્તિગત વિમાનો છે.

## ઈશાનેંદ્રનાં વાટલાં ત્રિખુણાં અને ચોખુણાં વિમાનોની સંખ્યા.

**એમેવ ય ઇસાણે, નવરં વટ્ટાણ હોઇ નાણુત્તં,**
**દો સય અટ્ઠતીસા, સેસા જહ ચેવ સોહમ્મે. ૧૦૭.**

**એમેવ**-એ પ્રમાણે જ.
**ઇસાણે**-ઈશાન દેવલોકે.
**નવરં**-એટલું વિશેષ.
**વટ્ટાણ**-વાટલાંનું.
**હોઇ**-છે.
**નાણુત્તં**-ભિન્નપણું.
**દો સય**-બસો.
**અટ્ઠતીસા**-આડત્રીશ.
**સેસા**-બાકીનાં.
**જહ**-જેમ
**ચેવ**-નિશ્ચે.
**સોહમ્મે**-સૌધર્મ દેવલોકમાં.

**શબ્દાર્થ**—એ પ્રમાણે જ (સૌધર્મ દેવલોકની માફક) ઇશાન દેવલોકમાં પંક્તિગત વિનાનો છે. એટલું વિશેષ છે કે વાટલાં વિમાનોનું જૂદાપણું છે, કારણ કે વાટલાં વિમાનો બસેં ને આડત્રીશ છે. બાકીનાં (ત્રિખુણાં ૪૯૪ અને ચોખુણાં ૪૮૬) જેમ સૌધર્મ દેવલોકમાં છે. તેમ નિશ્ચે છે.

**દેવલોકનાં ત્રિખુણાં આદિ વિમાનોની સંખ્યા જાણવાનું યંત્ર**

| દેવલોકનાં | ત્રિ ખુણાં | ચો ખુણાં | વાટલા | શ્રેણિનાં વિમાનો | પુષ્પાવકીર્ણ | કુલ વિમાન |
|---|---|---|---|---|---|---|
| સૌધર્મ | ૪ | ૪૮૬ | ૭૨૭ | ૧૭૦૭ | ૩૧૯૮૨૯૩ | ૩૨૦૦૦૦૦ |
| ઇશાન | ૪૯૪ | ૪૮૬ | ૨૩૮ | ૧૨૧૮ | ૨૭૯૮૭૮૨ | ૨૮૦૦૦૦૦ |
| સનત્કુમાર | ૩૫૬ | ૩૪૮ | ૫૨૨ | ૧૨૨૬ | ૧૧૯૮૭૭૪ | ૧૨૦૦૦૦૦ |
| માહેંદ્ર | ૩૫૬ | ૩૪૮ | ૧૭૦ | ૮૭૪ | ૭૯૯૧૨૬ | ૮૦૦૦૦૦ |
| બ્રહ્મ દેવલોક | ૨૮૪ | ૨૭૬ | ૨૭૪ | ૮૩૪ | ૩૯૯૧૬૬ | ૪૦૦૦૦૦ |
| લાંતક | ૨૦૦ | ૧૯૨ | ૧૯૩ | ૫૮૫ | ૪૯૪૧૫ | ૫૦૦૦૦ |
| મહાશુક્ર | ૧૩૬ | ૧૩૨ | ૧૨૮ | ૩૯૬ | ૩૯૬૦૪ | ૪૦૦૦૦ |
| સહસ્રાર | ૧૧૬ | ૧૦૮ | ૧૦૮ | ૩૩૨ | ૫૬૬૮ | ૬૦૦૦ |
| આનત, પ્રાણુત | ૯૨ | ૮૮ | ૮૮ | ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| આરણ, અચ્યુત | ૭૨ | ૬૮ | ૬૪ | ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| પહેલાં ૩ ગ્રૈવેયક | ૪૦ | ૩૬ | ૩૫ | ૧૧૧ | નથી | ૧૧૧ |
| બીજી ૩ ગ્રૈવેયક | ૨૮ | ૨૪ | ૨૩ | ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ત્રીજી ૩ ગ્રૈવેયક | ૧૬ | ૧૨ | ૧૧ | ૩૯ | ૬૧ | ૧૦૦ |
| અનુત્તર | | ૦ | ૧ | ૫ | નથી | ૫ |
| ત્રિખુણાદિની કુલ સંખ્યા | ૨૬૮૮ | ૨૬૦૪ | ૨૫૮૨ | ૭૮૭૪ | ૮૪૮૯૧૪૯ | ૮૪૯૭૦૨૩ |

૧ બ્રહ્મદેવલોક અને આરણ અચ્યુતની મુખ, ભૂમ, પુષ્પાવકીર્ણ અને કુલ વિમાનો કેટલાં? તથા તેમના દરેક પ્રતરનાં ત્રિખુણાં ચોખુણાં અને ગોળ પંક્તિગત વિમાનોની સંખ્યા કહો.

## ૧. તમસ્કાયનું સ્વરૂપ.

આ જંબૂદ્વીપથી તિર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ઓળંગીએ તે વારે અરૂણવર દ્વીપ આવે. તે દ્વીપની વેદિકાના છેડાથી ૪૨ હજાર યોજન અરૂણવર સમુદ્રમાં જઈએ, ત્યાં પાણીના ઉપરના તલીયાથી ઉંચો અપ્કાયમય મહા અંધકારરૂપ તમસ્કાય નીકળ્યો છે ૧૭૨૧ યોજન સુધી ભીંત સરખો થઈને, તીર્છો વિસ્તાર પામતો સૌધર્મ ઈશાન સનત્કુમાર અને માહેંદ્ર એ ચાર દેવલોકને આવરી, ઉંચો બ્રહ્મ દેવલોકે રિષ્ટ નામના ત્રીજા પ્રતરે જઇ રહ્યો છે. આ તમસ્કાય નીચે સરખી ભીંતરૂપ વર્તુલ આકારપણે, મધ્યમાં શરાવલાના આકારે અને ઉપર કુકડાના પાંજરાના આકારે છે તે નીચે સંખ્યાતા યોજન ઉંચો અને વિસ્તારે છે, તે પછી વિસ્તારમાં અસંખ્યાતા યોજન પ્રમાણ છે. અહીંથી અસંખ્યાતમે સમુદ્રે તમસ્કાય ઉત્પન્ન થવાથી તે તમસ્કાયની પરિધિ અસંખ્યાત યોજનની જાણવી. આગમને જાણનાર ગીતાર્થો તમસ્કાયના મહત્ત્વને આ પ્રમાણે કહે છે. કોઈક મહર્દ્ધિક દેવ ત્રણ ચપટી વગાડીએ, તેટલા વખતમાં જંબૂદ્વીપને એકવીશ વાર પ્રદક્ષિણા કરીને આવે, તેજ દેવ તેજ ગતિવડે છ માસ સુધી તમસ્કાયના સંખ્યાતા યોજનના વિસ્તારને ઉલ્લંઘે, પરંતુ ઉપર રહેલ અસંખ્યાતા યોજનના વિસ્તારને ઉલ્લંઘે નહિ.

૧ બળવાન દેવના ભયથી નાસતા દેવને સંતાવા માટે આ અંધકારવાળી જગ્યા અત્યંત અનુકુલ છે, કારણ કે દેવતા અવધિ કે વિભંગ જ્ઞાનથી શોધવાને માટે ઉપયોગ મૂકે તેટલામાં તે ભય પામેલ દેવતા બીજે નાસી જાય.

## બાહેર અને અંદરની કૃષ્ણરાજી અને લોકાન્તિકનું સ્વરૂપ

**પુવ્વા-વરા છ લંસા, તંસા પુણ દાહિણુત્તરા બજ્ઝ,**
**અબ્ભિન્તર ચઉરંસા સવ્વા-વિ ય કણ્હરાઇઓ.૧૦૮.**

**પુવ્વાવરા**-પૂર્વ અને પશ્ચિમની.
**છલંસા**-છ ખુણાવાળી.
**તંસા**-ત્રણ ખુણાવાળી.
**પુણ**-વળી.
**દાહિણુત્તરા**-દક્ષિણ અને ઉત્તરની.
**બજ્ઝ**-બાહેરની, બહારની.
**અબ્ભિન્તર**-અંદરની.
**ચઉરંસા**-ચાર ખુણાવાળી.
**સવ્વાવિ**-સર્વ પણ.
**કણ્હરાઇઓ**-કૃષ્ણરાજીઓ.

**શબ્દાર્થ**—પૂર્વ અને પશ્ચિમ દિશાની બહારની કૃષ્ણરાજી છ ખુણાવાળી છે. દક્ષિણ અને ઉત્તર દિશાની બાહેરની કૃષ્ણરાજી વળી ત્રણ ખુણાવાળી છે. અને અંદરની સર્વે પણ કૃષ્ણરાજીઓ ચાર ખુણાવાળી છે.

**વિવેચન**—પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રતરને વિષે રિષ્ટ નામના વિમાનની ચારે દિશાએ સચિત્ત અચિત્ત પૃથ્વીમય બે બે કૃષ્ણરાજી છે. તેમાં પૂર્વ અને પશ્ચિમની બે બે કૃષ્ણરાજી દક્ષિણ ઉત્તર દિશાએ લાંબી છે. તથા ઉત્તર અને દક્ષિણ દિશાની બે બે કૃષ્ણરાજી પૂર્વ પશ્ચિમ દિશાએ લાંબી છે. પૂર્વ દિશાની અભ્યંતર કૃષ્ણરાજી દક્ષિણ દિશાની બાહેરની કૃષ્ણરાજીને સ્પર્શે, દક્ષિણ દિશાની અભ્યંતર કૃષ્ણરાજી પશ્ચિમ દિશાની બાહેરની કૃષ્ણરાજીને સ્પર્શે,

પશ્ચિમ દિશાની અભ્યંતર કૃષ્ણરાજી ઉત્તર દિશાની બાહેરની કૃષ્ણરાજીને સ્પર્શે, ઉત્તર દિશાની અભ્યંતર કૃષ્ણરાજી પૂર્વ દિશાની બાહેરની કૃષ્ણરાજીને સ્પર્શે, એ રીતે નાટકના અખાડાના આકારે ચારે દિશાની આઠ કૃષ્ણરાજી છે. એ આઠે કૃષ્ણરાજી વિસ્તારમાં સંખ્યાતા યોજન તથા લંબાઈ અને પરિધિમાં અસંખ્યાતા હજાર યોજન છે. એ આઠે કૃષ્ણરાજીના આઠ આંતરાને વિષે ૧. અર્ચિ, ૨. અર્ચિમાલી, ૩. વૈરોચન, ૪. પ્રભંકર, ૫. ચંદ્રાભ, ૬. સૂર્યાભ, ૭ શુક્રાભ, ૮. સુપ્રતિષ્ઠાભ નામે ૮ વિમાનો ઇશાન ખુણાથી અનુક્રમે છે, અને નવમું રિષ્ટ નામે વિમાન કૃષ્ણરાજીના મધ્યભાગે છે. તે વિમાનોમાં લોકાન્તિક દેવો રહે છે તેમનું આયુષ્ય ૮ સાગરોપમ છે. બ્રહ્મ દેવલોકના સમીપે વસે તેને લોકાન્તિક કહીએ અથવા નવમા રિષ્ટ વિમાનના દેવો એકાવતારી જ હોવાથી લોક એટલે સંસાર, તેના અંતે થયા માટે લોકાન્તિક. બાકીના ૮ વિમાનના દેવો એકાંતે એકાવતારી ન હોય. એ નવે વિમાનોમાં અનુક્રમે રહેનારા લોકાન્તિક દેવોનાં નામ. ૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વન્હિ, ૪ વરૂણ, ૫ ગર્દતોય. ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ આગ્નેય, (મરૂત) અને ૯ રિષ્ટ. તે દેવોનો પરિવાર–સારસ્વત અને આદિત્યના સાત દેવો અને સાતસો દેવોનો પરિવાર. વહ્નિ અને વરૂણના ૧૪ દેવો અને ૧૪ હજાર દેવોનો પરિવાર. ગર્દતોય અને તુષિતના સાત દેવો અને ૭ હજાર દેવોનો પરિવાર. અવ્યાબાધ મરૂત અને રિષ્ટના ૯ દેવો અને નવસો દેવોનોપરિવાર છે.[1]

---

૧ તમસ્કાય અને કૃષ્ણરાજીનું વિશેષ સ્વરૂપ આગમોથી જાણી લેવું.

## વૈમાનિકના ૧૦ ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષકો.

**ચુલસી અસિઇ બાવત્તરિ, સત્તરિ સટ્ઠીય પન્ન ચત્તાલા.**
**તુલ્લ સુર તીસ વીસા,**
**દસ સહસ્સ આયરક્ખ ચઉગુણિયા. ૧૦૯.**


| | |
|---|---|
| **ચુલસી**–૮૪ હજાર. | **તુલ્લ સુર**–સામાનિક દેવો. |
| **અસિઈ**– ૦ હજાર. | **તીસ**–૩૦ હજાર. |
| **બાવત્તરિ**–૭૨ હજાર. | **વીસા**–૨૦ હજાર. |
| **સત્તરિ**–૭૦ હજાર. | **દસ સહસ્સ**–૧૦ હજાર. |
| **સટ્ઠી**–૬૦ હજાર. | **આયરક્ખ**–આત્મરક્ષક. |
| **પન્ન**–૫૦ હજાર. | **ચઉગુણિયા**–ચારગુણા. |
| **ચત્તાલા**–૪૦ હજાર. | |

**શબ્દાર્થ**—સૌધર્મના સામાનિક દેવો ૮૪ હજાર, ઇશાનના ૮૦ હજાર, સનત્કુમારના ૭૨ હજાર, માહેંદ્રના ૭૦ હજાર, બ્રહ્મ દેવલોકના ૬૦ હજાર, લાંતકના ૫૦ હજાર, મહાશુક્રના ૪૦ હજાર, સહસ્રારના ૩૦ હજાર, પ્રાણતના ૨૦ હજાર અને અચ્યુતના ૧૦ હજાર છે. તે સામાનિક દેવોથી તેમના આત્મરક્ષક દેવો ચાર ગુણા છે.

**વિવેચન**—જેમકે સૌધર્મેંદ્રના સામાનિક દેવો ૮૪ હજાર તેને ચારે ગુણીએ એટલે ૩ લાખ ૩૬ હજાર આત્મરક્ષક દેવો છે. એવી રીતે દરેક વૈમાનિક ઇંદ્રોના આત્મરક્ષક જાણવા.

પ્રશ્ન ૧ તમસ્કાય, કૃષ્ણરાજી અને લોકાન્તિકનું સ્વરૂપ કહો.

## આઠ કૃષ્ણરાજીની સ્થાપના.




## સૌધર્માદિ બાર દેવલોકના દેવોનાં ચિન્હો.

કુ ય મિય મહિસો, વરાહ સીહા ય છગલ સાલૂરા,
હય ગય ભુયંગ ખગ્ગી, વસહા વિડિમાઈ ચિંધાઈ.૧૧૦.

| | |
|---|---|
| **કપ્પેસુ**–૧૨ દેવલોકમાં. | **હય**–ઘોડો. |
| **મિય**–મૃગ. | **ગય**–હાથી. |
| **મહિસો**–પાડો. | **ભુયંગ**–સર્પ. |
| **વરાહ**–ભુંડ. | **ખગ્ગી**–ગેંડો. |
| **સીહા**–સિંહ. | **વસહા**–બળદ. |
| **છગલ**–બકરો, બોકડો. | **વિડિમાઇ**–મૃગ વિશેષ. |
| **સાલૂરા**–દેડકો. | **ચિંધાઇ**–ચિન્હો. |

**શબ્દાર્થ**—દેવલોકનાં ( અનુક્રમે ) ચિન્હો ૧. મૃગ, ૨. પાડો, ૩. ભુંડ, ૪. સિંહ, ૫. બકરો, ૬. દેડકો, ૭. ઘોડો, ૮. હાથી, ૯. સર્પ, ૧૦. ગેંડો, ૧૧. બળદ, અને ૧૨. મૃગવિશેષ છે.

**વિવેચન**—૧૨ દેવલોકમાંહેના સૌધર્મ દેવલોકના દેવોને મૃગનું ચિન્હ, ઈશાન દેવલોકના દેવોને પાડાનું ચિન્હ, સનત્કુમાર દેવલોકના દેવોને ભુંડનું, માહેંદ્ર દેવલોકના દેવોને સિંહનું, બ્રહ્મ દેવલોકના દેવોને બોકડાનું, લાંતક દેવલોકનાં દેવોને દેડકાનું, મહાશુક્રદેવલોકના દેવોને ઘોડાનું, સહસ્રાર દેવલોકના દેવોને હાથીનું, આનત દેવલોકના દેવોને સર્પનું, પ્રાણત દેવલોકના દેવોને ગેંડાનું, આરણ દેવલોકના દેવોને બળદનું અને અચ્યુત દેવલોકના દેવોને મૃગ વિશેષનું ચિન્હ હોય છે. આ ચિન્હ એોના મુગટમાં હોય છે. આ ચિન્હથી આ દેવતા અમુક દેવલોકનો છે એમ ઓળખાય છે.

ઉર્ધ્વલોકનાં વિમાનો કોને આધારે રહ્યાં છે? તે કહે છે.

**દુસુ તિસુ તિસુ કપ્પેસુ.**
**ઘણુદહિ ઘણુવાય તદુભયં ચ કમા,**
**સુર–ભવણ–પઇટ્ઠાણં, આગાસ પઇટ્ઠિયા ઉવરિં. ૧૧૧.**

**દુસુ**–બે (દેવલોક)નાં.
**તિસુ**–ત્રણ (દેવલોક)નાં.
**તિસુ**–ત્રણ.
**કપ્પેસુ**–દેવલોકનાં.
**ઘણુદહિ**–ઘનોદધિ.
**ઘણુવાય**–ઘનવાત
**તદુભયં**–તે બંને.
**કમા**–અનુક્રમે.
**સુર ભવણ પઇટ્ઠાણં**–વિમાનોનો આધાર.
**આગાસ**–આકાશના.
**પઇટ્ઠિયા**–રહ્યાં છે.
**ઉવરિં**–ઉપરનાં

**શબ્દાર્થ**—બે ( સૌધર્મ અને ઈશાન ) દેવલોકનાં વિમાનોનો આધાર ઘનોદધિ છે. ત્રણ ( સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મ ) દેવલોકનાં વિમાનોનો આધાર ઘનવાત છે. ત્રણ (લાંતક, મહાશુક્ર અને સહસ્રાર) દેવલોકનાં વિમાનોનો આધાર અનુક્રમે તે બંને ( ઘનોદધિ અને ઘનવાત છે.) ઉપરનાં વિમાનો આકાશના આધારે રહ્યાં છે.

**વિવેચન**—સૌધર્મ અને ઇશાન દેવલોકનાં વિમાનો ઘનોદધિને આધારે રહેલાં છે. ઘનોદધિ એટલે જામેલું પાણી, તે સ્વભાવે હાલે ચાલે નહિ, તેમજ તેને આધારે રહેલાં વિમાનો પણ નાશ પામે નહિ. સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મ દેવલોકનાં વિમાનો ઘનવાત (જામેલા વાયુ)ને આધારે રહેલાં છે. લાંતક મહાશુક્ર અને સહસ્રાર દેવલોકનાં વિમાનો

ઘનોદધિ અને ઘનવાતને આધારે રહેલાં છે ઉપરનાં આનતાદિ દેવલોકનાં વિમાનો આકાશને આધારે રહેલાં છે.

## વૈમાનિક દેવલોકે પૃથ્વીનો પિંડ અને વિમાનની ઉંચાઈ.

**સત્તાવીસ સયાઇં, પુઢવિ-પિંડો વિમાણ-ઉચ્ચત્તં;**
**પંચ સયા કપ્પ દુગે, પઢમે તત્તો ય ઇક્કિક્કં. ૧૧૨.**
**હાયઇ પુઢવીસુ સયં, વડ્ઢઇ ભવણેસુ દુ દુ દુ કપ્પેસુ,**
**ચઉગે નવગે પણગે, તહેવ જા-ણુત્તરેસુ ભવે. ૧૧૩.**
**ઇગવીસ સયા પુઢવી, વિમાણ-મિક્કારસેવ ય સયાઇં,**
**બત્તીસ જોયણ સયા, મિલિયા સવ્વત્થ નાયવ્વા. ૧૧૪.**

**સત્તાવીસ સયાઇં**-સત્યાવીશ સો.
**પુઢવી પિંડો**-પૃથ્વીનો પિંડ.
**વિમાણ**-વિમાનનું, વિમાનની.
**ઉચ્ચત્તં**-ઉંચપણું, ઉંચાઈ.
**પંચ સયા**-પાંચસો
**કપ્પ દુગે**-બે દેવલોકને વિષે
**પઢમે**-પહેલાં.
**તત્તો**-તે પછી.
**ઇક્કિક્કં સયં**-એકેક સો.
**હાયઇ**-હીન થાય છે.
**પુઢવીસુ**-પૃથ્વી પિંડમાંથી.
**વડ્ઢઇ**-વધે છે.
**ભવણેસુ**-વિમાનોમાં.
**દુ દુ દુ કપ્પેસુ**-બે બે બે દેવલોકને વિષે.
**ચઉગે**-ચાર દેવલોકને વિષે
**નવગે**-નવ ગ્રૈવેયકને વિષે.
**પણગે**-પાંચ.
**તહેવ**-તેમજ.
**જા**-યાવત્.
**અણુત્તરેસુ**-અનુત્તરને વિષે.
**ભવે**-થાય.
**ઇગવીસ સયા**-એક્વીશ સો.
**પુઢવી**-પૃથ્વી પિંડ.

**વિમાણં**-વિમાન.
**ઇક્કારસેવ સયાઇં**-અગી યાર સો.
**બત્તીસ સયા**-બત્રીશ સો.
**જોયણ**-યોજન.
**મિલિયા**-મેળવતાં.
**સવ્વત્થ**-સર્વ ઠેકાણે.
**નાયવ્વા**-જાણવા.

**શબ્દાર્થ**—પહેલાં બે દેવલોકમાં પૃથ્વીપિંડ ૨૮૦૦ યોજન અને વિમાનની ઉંચાઇ ૫૦૦ યોજન છે. તે પછી પૃથ્વી પિંડમાંથી એકેક સો યોજન હીન થાય છે અને વિમાનોમાં એકેક સો યોજન વધે છે, બે દેવલોકે, બે દેવલોકે, બે દેવલોકે, ચાર દેવલોકે, નવ ગ્રવેયકે તેમજ યાવત્ અનુત્તર સુધી કરતાં ૨૧૦૦ યોજન પૃથ્વી પિંડ અને વિમાનની ઉંચાઈ ૧૧૦૦ યોજન થાય છે. સર્વ ઠેકાણે મેળવતાં ૩૨૦૦ યોજન જાણવા.

**વિવેચન**—પહેલા બે (સૌધર્મ અને ઇશાન) દેવલોકમાં પૃથ્વી પિંડ સત્યાવીશ સો યોજન અને વિમાનની ઉંચાઇ પાંચસો યોજન છે. તે પછી પૃથ્વી પિંડમાંથી એકેક સો યોજન વધે છે. જેમકે બે ( સનત્ કુમાર અને માહેંદ્ર ) દેવલોકે પૃથ્વીપિંડ ૨૬૦૦ યોજન અને વિમાનની ઉંચાઇ ૬૦૦ યોજન, બે (બ્રહ્મલોક અને લાંતક) દેવલોકે પૃથ્વીપિંડ ૨૫૦૦ યોજન અને વિમાનની ઉંચાઈ ૭૦૦ યોજન, બે (મહાશુક્ર અને સહસ્રાર) લોકે પૃથ્વીપિંડ ૨૪૦૦ યોજન અને વિમાનની ઉંચાઈ ૮૦૦ યોજન, આનતાદિ ચાર દેવલોકે પૃથ્વીપિંડ ૨૩૦૦ યોજન અને વિમાનની ઉંચાઇ ૯૦૦ યોજન, નવ ગ્રૈવેયકે પૃથ્વીપિંડ ૨૨૦૦ યોજન અને

વિમાનની ઉંચાઈ ૧૦૦૦ યોજન અને પાંચ અનુત્તરને વિષે પૃથ્વીપિંડ ૨૧૦૦ યોજન અને વિમાનની ઊંચાઇ ૧૧૦૦ યોજન થાય છે. સર્વ ઠેકાણે પૃથ્વીપિંડ અને વિમાનની ઉંચાઇ એકઠી કરતાં ૩૨૦૦ યોજન જાણવા.

સૌધર્મ દેવલોક કરતાં ઈશાન દેવલોકનાં વિમાનની ઉંચાઈ ૧ હાથ વધુ જાણવી. એટલે ૫૦૦ યોજન ને ૧ હાથ. તેવી જ રીતે માહેંદ્રના વિમાનની ઉંચાઈ ૬૦૦ યોજનને ૧ હાથ જાણવી તથા ઈશાન અને માહેન્દ્ર દેવલોકનાં પૃથ્વીપિંડમાંથી એક હાથ ઓછો કરવો.

## દેવોનાં વિમાનો અને ભવનોનો વર્ણ.

**પણ ચઉ તિ દુ વન્ન વિમાણ,**
**સધય દુસુ દુસુ ય જા સહસ્સારો,**
**ઉવરિ સિય ભવણવંતર, જોઇસિયાણં વિવિહવન્ના. ૧૧૫.**

**પણ**–પાંચ.
**ચઉ**–ચાર.
**તિ**–ત્રણ.
**દુ**–બે.
**વન્ન**–વર્ણવાળાં.
**વિમાણ**–વિમાનો.
**સધય**–ધ્વજા સહિત.
**દુસુ દુસુ**–બબ્બે દેવલોકમાં.
**જા સહસ્સારો**–સહસ્રાર સુધી.
**ઉવરિ**–ઉપરના દેવલોકે.
**સિય**–શ્વેત.
**ભવણ**–ભવન, ભવનપતિ.
**વંતર**–વ્યંતર.
**જોઈસિયાણં**–જ્યોતિષીનાં.
**વિવિહ**–જુદા જુદા.
**વન્ના**–વર્ણવાળ.

**શબ્દાર્થ**—સહસ્રાર દેવલોક સુધી બબ્બે દેવલોકમાં ધ્વજા સહિત વિમાનો અનુક્રમે પાંચ. ચાર, ત્રણ અને બે વર્ણવાળાં છે. ઉપરનાં દેવલોકનાં વિમાનો ધોળા વર્ણવાળાં છે. ભવનપતિ વ્યંતર અને જ્યોતિષી દેવોનાં વિમાનો જુદા જુદા વર્ણવાળાં છે.

**વિવેચન**—સૌધર્મ અને ઈશાન દેવલોકનાં વિમાન ધ્વજા સહિત કાળો-લીલો-રાતો-પીળો ને ધોળો એ પાંચ વર્ણનાં, સનત્ કુમાર અને માહેંદ્રનાં વિમાનો કાળો વર્જીને ૪ વર્ણનાં, બ્રહ્મ અને લાંતકનાં વિમાનો કાળો અને લીલો અને રાતો વર્જીને બે વર્ણનાં, અનતાદિ ૪ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તરનાં વિમાનો ધોળા વર્ણનાં છે. જેવો વિમાનનો વર્ણ હોય તેવોજ ધ્વજાનો વર્ણ સર્વત્ર જાણવો. ભવનપતિનાં ભવન, વ્યંતરનાં નગર તથા જ્યોતિષીનાં વિમાન વિવિધ પ્રકારના વર્ણવાળાં છે. એટલે કોઈક વિમાન કાળા વર્ણનું, કોઈક લીલા વર્ણનું, કોઈક રાતા વર્ણનું, કોઈક પીળા વર્ણનું અને કોઈક ધોળા વર્ણનું જાણવું.

---

૧. ઈશાન લાંતક પ્રાણત અને અચ્યુત ઇંદ્રના સામાનિક, આત્મરક્ષક, ચિન્હ, વિમાનનો આધાર, પૃથ્વીપિંડ, વિમાનની ઉંચાઈ અને વિમાનનો વર્ણ કહો.

**સૌધર્માદિકનાં વિમાનનું લાંબપણું, પહોળપણું, વિમાનની માંહેની પરિધિ અને બાહેરની પરિધિ માપવાની રીતિ.**

**રવિણો ઉદય-ત્થંતર, ચઉનવઇ સહસ્સ પણસય છવ્વીસા,**
**બાયાલ સટ્ઠિ ભાગા, કક્કડ-સંકંતિ દિયહંમિ. ૧૧૬.**

| દેવલોકના | સામાનિક | આત્મરક્ષક | ચિન્હ | આધાર | પૃથ્વીપિંડ યોજના | વિમાનની ઊંચાઈ યોજના | વિમાનનો રંગ |
|---|---|---|---|---|---|---|---|
| સૌધર્મ | ૮૪ હજાર | ૩૩૬ હજાર | મૃગ | ઘનોદધિ | ૨૭૦૦ | ૫૦૦ | ૫ |
| ઇશાન | ૮૦ ,, | ૩૨૦ ,, | પાડો | ,, | ,, | ,, | ૫ |
| સનત્કુમાર | ૭૨ ,, | ૨૮૮ ,, | ભુંડ | ઘનવાત | ૨૬૦૦ | ૬૦૦ | ૪ |
| માહેંદ્ર | ૭૦ ,, | ૨૮૦ ,, | સિંહ | ,, | ,, | ,, | ૪ |
| બ્રહ્મ | ૬૦ ,, | ૨૪૦ ,, | બકરો | ,, | ૨૫૦૦ | ૭૦૦ | ૩ |
| લાંતક | ૫૦ ,, | ૨૦૦ ,, | દેડકો | ઘનોદધિ–ઘનવાત | ,, | ,, | ૩ |
| મહાશુક્ર | ૪૦ ,, | ૧૬૦ ,, | ઘોડો | ,, | ૨૪૦૦ | ૮૦૦ | ૨ |
| સહસ્રાર | ૩૦ ,, | ૧૨૦ ,, | હાથી | ,, | ,, | ,, | ૨ |
| આનત–પ્રાણુત | ૨૦ ,, | ૮૦ ,, | સર્પ, ગેંડો | આકાશ | ૨૩૦૦ | ૯૦૦ | ધોળો |
| આરણ–અચ્યુત | ૧૦ ,, | ૪૦ ,, | બળદ મૃગ વિશેષ | ,, | ,, | ,, | ,, |
| | ૫૧૬ હજાર | ૨૦૬૪ હજાર | | | | | |
| ગ્રૈવેયક–૯ | × | × | × | ,, | ૨૨૦૦ | ૧૦૦૦ | ,, |
| અનુત્તર–૫ | × | × | × | ,, | ૨૧૦૦ | ૧૧૦૦ | ,, |
| | | | | | કુલ | ૩૨૦૦ | |

એયંમિ પુણો ગુણિએ,તિ પંચસગ નવય હોઈ કમમાણું,
તિગુણંમિ ય દો લક્ખા,તેસીઇ સહસ્સ પંચ સયા.૧૧૭.
અસીઇ છ સટ્ઠિ ભાગા, જોયણ ચઉ લક્ખ બિસત્તરિ
સહસ્સા;
છચ્ચ સયા તેત્તીસા,તીસ કલા પંચ ગુણિયંમિ. ૧૧૮.

**રવિણો**–સૂર્યના.
**ઉદયત્થ**–ઉદય અને અસ્તનું.
**અંતર**–અંતર.
**ચઉનવઈ સહસ્સ**–૯૪ હજાર.
**પણસય**–પાંચસો.
**છવીસા**–છવીસ.
**બાયાલ**–બેંતાલીશ.
**સટ્ઠિભાગા**–સાઠ ભાગમાંથી,
**કક્કડ સંકંતિ**–કર્ક સંક્રાતિના.
**દિયહંમિ**–પહેલા દિવસે.
**એયંમિ**–એ અંતરને.
**પુણો**–વળી.
**ગુણિએ**–ગુણે છતે, ગુણતા.
**તિ પંચ સગ નવ ય**–ત્રણ પાંચ, સાત અને નવે.
**હોઇ**–થાય છે.
**કમ**–પગનું.
**માણું**–માન.
**તિ ગુણંમિ**–ત્રણે ગુણે છતે.
**દો લક્ખા**–બે લાખ.
**તેસાઇ સહસ્સ**–ત્યાસી હજાર.
**પંચ સયા**–પાંચસો.
**અસીઇ**–એંસી.
**છ**–છ ભાગ.
**સટ્ઠિભાગા**–સાઠ ભાગમાંથી.
**જોયણ**–યોજનના.
**ચઉ લક્ખ**–ચાર લાખ.
**બિસત્તરિ સહસ્સા**–૭૨ હજાર.
**છચ્ચ સયા**–છસો.
**તેત્તીસા**–તેત્રીશ
**તીસ કલા**–ત્રીશ કલા(૩૦ભાગ).
**પંચ**–પાંચે.
**ગુણિયંમિ**–ગુણે છતે, ગુણતા.

**શબ્દાર્થ**—કર્ક સંક્રાન્તિના પહેલા દિવસે સૂર્યના ઉદય અને અસ્તનું અંતર ચોરાણું હજાર પાંચસો છવીસ યોજન અને એક યોજનના સાએઠ ભાગમાંથી બેંતાલીશ ભાગ છે. (૯૪૫૨૬ ૪૨/૬૦ યો૦) એ અંતરને વળી ત્રણ પાંચ સાત અને નવે ગુણતાં દેવના પગનું (એક પગ ઉપાડી બીજો મૂકે તેનું) માન થાય ત્રણે ગુણતાં બે લાખ ત્યાસી હજાર પાંચસો એંસી અને એક યોજનના સાએઠ ભાગમાંથી છ ભાગ. (૨૮૩૫૮૦ ૬/૬૦ યો૦) પાંચે ગુણતાં ચાર લાખ બહોંતેર હજાર છસો તેત્રીશ યોજન અને (ઉપર) એક યોજનના સાએઠ ભાગમાંથી ત્રીશ ભાગ. (૪૭૨૬૩૩ ૩૦/૬૦ યો૦)

**વિવેચન**—(અષાડ માસમાં) કર્ક સંક્રાન્તિના પ્રથમ દિવસે સૂર્ય ઉદય પામે ત્યાંથી ૯૪૫૨૬ ૪૨/૬૦ યોજન છેટે અસ્ત થાય (એટલું સૂર્યનું તાપક્ષેત્ર). તે (તાપક્ષેત્ર)થી અર્ધ (૪૭૨૬૩૩ ૨૧/૬૦ યોજન) ક્ષેત્રમાં રહેલ વસ્તુને જંબૂદ્વીપના મનુષ્યો જુએ છે.

**સત્તગુણે છ લક્ખા, ઇગિસટ્ઠિ સહસ્સ છ સય છાસીયા,**
**ચઉપન્ન કલા તહ નવ,ગુણંમિ અડલક્ખ સટ્ઠાઓ.૧૧૯.**
**સત્તસયા ચત્તાલા, અટ્ઠારસ કલા યઇયિ કમા ચઉરો,**
**ચંડા ચવલા જયણા, વેગા ય તહા ગઇ ચઉરો. ૧૨૦.**

**સત્તગુણે**–સાતે ગુણતાં.
**છ લક્ખા**–છ લાખ.
**ઇગસટ્ઠિસહસ્સ**–૬૧ હજાર.
**છ સય**–છસો.
**છાસીયા**–છ્યાસી.
**ચઉપન્ન કલા**–૫૪ કલા.
**તહ**–તથા.
**નવ ગુણંમિ**–નવે ગુણતાં.

**અડલક્ખ**–આઠ લાખ.
**સદ્ધાઓ**–અર્ધ લાખ સહિત.
**સત્ત સયા**–સાતસે.
**ચત્તાલા**–ચાલીશ.
**અટ્ઠારસ કલા**–અઢાર કલા
**ઈય**–એ પ્રમાણે.
**કમા**–અનુક્રમે ગતિ.
**ચઉરો**–ચાર પ્રકારે.
**ચંડા**–ચંડા
**ચવલા**–ચપલા
**જયણા**–યવના.
**વેગા**- વેગા.
**તહા**–તથા.
**ગઇ ચઉરો**–ચાર ગતિ.

**શબ્દાર્થ**—સાતે ગુણતાં છ લાખ એકસઠ હજાર છસો છયાસી તેમજ ચોપન્ન કલા (૬,૬૧,૬૮૬ $\frac{૫૪}{૬૦}$ યો૦) નવે ગુણતાં સાડા આઠ લાખ સાતસોં ચાલીસ અને અઢાર કલા. ( ૮, ૫૦,૭૪૦ $\frac{૧૮}{૬૦}$ યો૦) એ પ્રમાણે ચાલવાની ગતિ અનુક્રમે ચાર પ્રકારે છે. (તેનાં નામ) ચંડા, ચપલા, યવના, અને વેગા. તથા એ ચાર ગતિઓ અનુક્રમે શીઘ્ર શીઘ્રતર જાણવી.

## વિમાનનું પ્રમાણ માપવા માટે કલ્પના કરેલી દેવોની ગતિ.

| | | |
|---|---|---|
| કર્ક સંક્રાંતિના પ્રથમ દિવસે | ૯૪,૫૨૬ $\frac{૪૨}{૬૦}$ યોજન | સૂર્યના ઉદય અસ્તનું અંતર. |
| ચંડાગતિવાળા દેવનું પગલું | ૨ ૮૩,૫૮૦ $\frac{૬}{૬૦}$ યોજનથી | વિમાનની પહોળાઇ મપાય |
| ચપલાગતિવાળા " | ૪,૭૨,૬૩૩ $\frac{૩૦}{૬૦}$ " | " લંબાઈ મપાય |
| યવનાગતિવાળા " | ૬,૬૧,૬૮૬ $\frac{૫૪}{૬૦}$ " | " અભ્યંતર પરિધિ ,, |
| વેગા ગતિવાળા " | ૮૫૦,૭૪૦ $\frac{૧૮}{૬૦}$ " | " બાહ્ય " " |

**ઇત્થ ય ગઇં ચઉત્થિં, જયણયરિં નામ કેઇ મન્નંતિ,**
**એહિં કમેહિ-મિમાહિં, ગઇહિં ચઉરો સુરા કમસો.૧૨૧.**
**વિક્ખંભં આયામં, પરિહિં અબ્ભિંતરં ચ બાહિરિયં,**
**જુગવં મિણંતિ છમ્માસ, જાવ ન તહાવિ તે પારં.૧૨૨.**

**ઇત્થ**-અહીંયાં.
**ગઇ ચઉત્થિં**-ચોથી ગતિને.
**જયણયરિં**-જવનતરી.
**કેઇ**-કેટલાક.
**મન્નંતિ**-માને છે.
**એહિં કમેહિં**-એ ક્રમ રૂપ.
**ઇમાહિં ગઇહિં**-આ ગતિ વડે.
**ચઉરો સુરા**-ચાર દેવો.
**કમસો**-અનુક્રમે.
**વિક્ખંભં**-પહોળાઈ.
**આયામં**-લંબાઇ.
**પરિહિં**-પરિધિને.
**અબ્ભિંતરં**-અંદરની.
**બાહિરિયં**-બહારની.
**જુગવં**-એકી વખતે.
**મિણંતિ**-માપે.
**છમ્માસ**-છ માસ.
**જાવ**-સુધી.
**ન**-ન પામે.
**તહાવિ**-તો પણ.
**તે**-તે દેવો.
**પારં**-પારને.

**શબ્દાર્થ**—અહીંયાં કેટલાક આચાર્યો ચોથી ગતિ (વેગા)ને જવનતરી માને છે. એ ક્રમ (પગલાં)રૂપ આ ગતિ વડે ચાર વૈમાનિક દેવો અનુક્રમે પહોળાઈ, લંબાઈ, અંદરની પરિધિ અને બહારની પરિધિને એકી વખતે છ માસ સુધી માપે, તો પણ તે દેવો વિમાનનો પાર ન પામે.

**વિવેચન**—ચોથી વેગાગતિનું બીજું નામ જવનતરી છે એ પ્રમાણે કેટલાક આચાર્યો માને છે. આ પગલાંવાળી ચાર ગતિઓમાંથી ચંડાગતિ વડે એક દેવ વિમાનની પહોળાઇને, ચપલા ગતિ વડે બીજો દેવ વિમાનની લંબાઇને,

જવનાગતિ વડે ત્રીજો દેવ વિમાનની અંદરની પરિધિને અને વેગાગતિ વડે ચોથો દેવ વિમાનની બહારની પરિધિને એકી વખતે છ માસ સુધી માપે, તો પણ તે વૈમાનિક દેવો કેટલાંક વિમાનોનો પાર ન પામે. કારણ કે ચંડાદિ ગતિ વડે સંખ્યાતા યોજનવાળા વિમાનનો પાર પમાય, પણ અસંખ્યાતા યોજનવાળા વિમાનનો પાર ન પમાય.

**પાવંતિ વિમાણાણં; કેસિં પિહુ અહવ તિગુણયાઇએ,**
**કમ ચઉગે પત્તેયં, ચંડાઈ ગઈ઼ ઉ જોઈજ્જા. ૧૨૩.**

**તિગુણેણ કપ્પ ચઉગે, પંચ ગુણેણં તુ અટ્ઠસુ મુણિજ્જા,**
**ગેવિજ્જે સત્ત ગુણેણં, નવ ગુણે-ણુત્તર ચઉક્કે. ૧૨૪.**

**પાવંતિ**–પાર પામે.
**વિમાણાણં**–વિમાનોનો.
**કેસિં**–કેટલાંક.
**પિહુ**–પણ નિશ્ચે
**અહવ**–અથવા.
**તિગુણયાઈ એ**–ત્રણ ગુણા આદિ વડે.
**કમ**–પગલાં રૂપ, અનુક્રમે.
**ચઉગે**–ચાર.
**પત્તેયં**–દરેક.
**ચંડાઈ ગતિ**–ચંડાદિ ગતિને.
**જોઈજ્જા**–જોડતાં.
**તિ ગુણેણ**–ત્રણે ગુણવાથી.
**કપ્પ ચઉગે**–૪ દેવલોકનાં
**પંચ ગુણેણં તુ**–પાંચે ગુણવાથી વળી.
**અટ્ઠસુ**–આઠ (દેવલોક)નાં.
**મુણિજ્જા**–જાણવું.
**ગેવિજ્જે**–ગ્રૈવેયકનાં.
**સત ગુણેણં**–સાત ગુણવાથી.
**નવ ગુણે**–નવે ગુણવાથી.
**અણુત્તર ચઉક્કે**–૪ અનુત્તરનાં.

**શબ્દાર્થ**—અથવા ચાર પગલાં રૂપ ચંડાદિ દરેક ગતિ ત્રણ ગુણા આદિ વડે જોતાં કેટલાંક વિમાનોનો પણ નિશ્ચે પાર પામે. ત્રણે ગુણવાથી ચાર દેવલોકનાં, વળી પાંચે ગુણવાથી આઠ દેવલોકનાં, સાતે ગુણવાથી ૯ ગ્રૈવેયકનાં અને નવે ગુણવાથી ૪ અનુત્તરનાં વિમાનોનો પાર પામે. એમ જાણવું.

**વિવેચન**—ચંડાદિ ચારે ગતિને ત્રણે ગુણતાં ચાર દેવલોકનાં વિમાનની પહોળાઈ, લંબાઈ, અભ્યંતર પરિધિ, અને બાહ્ય પરિધિનો પાર પામે. એવી રીતે ચંડાદિ ચારે ગતિને પાંચે ગુણતાં બ્રહ્મદેવલોકથી અચ્યુત દેવલોક સુધીનાં કેટલાંક વિમાનોનો પાર પામે અને ચંડાદિ ચારે ગતિને સાતે ગુણતાં ૯ ગ્રૈવેયકનાં વિમાનનો પાર પામે અને ચંડાદિ ચારે ગતિને નવે ગુણતાં સર્વાર્થ સિદ્ધ વર્જીને ૪ અનુત્તર વિમાનોનો પાર પામે.

આ ક્રમ ( પગલાં ) રૂપ ચંડાદિ ગતિ વડે છ માસ સુધી નિરંતર ચાલતા દેવો કેટલાંક વિમાનોનો પાર ન પણ પામે. દેવોની આટલી જ ગતિ છે એમ ન સમજવું, કારણકે સૌધર્માદિ દેવલોકમાંથી દેવો જિનેશ્વરોના કલ્યાણકોમાં તેજ દિવસે તેજ સમયે મનુષ્યક્ષેત્ર અત્યંત દૂર હોવા છતાં પણ આવે છે, તેનું કારણ એ છે કે દેવતાઓ ભવ સ્વભાવથી અચિંત્ય શક્તિવાળા હોવાથી શીઘ્ર ગતિવાળા હોય છે. જેમ પલ્યોપમનું પ્રમાણ કલ્પિત છે તેમ આ કલ્પિત ગતિનું પ્રમાણ પણ બાળ જીવોને સમજાવવા માટે દેખાડયું છે.

૧ સૂર્યનું તાપક્ષેત્ર કેટલું? ચંડાદિ ચાર ગતિનું વર્ણન કરો.

### પહેલા અને છેલ્લા ઇંદ્રિક વિમાનની લંબાઈ પહોળાઈ.

**પઢમ પયરંમિ પઢમે, કપ્પે ઉડુ નામ ઇંદય વિમાણું,**
**પણયાલ લક્ખ જોયણ, લક્ખં સવ્વુવરિ સવ્વટ્ઠં. ૧૨૫.**

| | |
|---|---|
| **પઢમ પયરંમિ**–પહેલા પ્રતરને વિષે. | **પણયાલ લક્ખ**–૪૫ લાખ. |
| **પઢમ કપ્પે**–પહેલા દેવલોકના. | **જોયણ**–યોજન. |
| **ઉડુ નામ**–ઉડુ નામનું. | **લક્ખં**–૧ લાખ. |
| **ઇંદય વિમાણં**–ઇંદ્રક વિમાન. | **સવ્વુવરિ**–સર્વની ઉપર. |
| | **સવ્વટ્ઠં**–સર્વાર્થ સિદ્ધ. |

**શબ્દાર્થ**—પહેલા દેવલોકના પહેલા પ્રતરને વિષે ઉડુ નામનું ઇંદ્રક વિમાન પીસ્તાલીશ લાખ યોજનનું (લાંબું પહોળું) છે અને સર્વની ઉપર સર્વાર્થ સિદ્ધ વિમાન એક લાખ યોજનનું છે.

### ૬૨ પ્રતરના મધ્યભાગે ૬૨ ઇંદ્રિક વિમાનોનાં નામો.

#### સૌધર્મ ઇશાન દેવલોકના ૧૩ પ્રતરનાં ઇંદ્રક વિમાનોનાં નામો.

**ઉડુ ચંદ રયય વગ્ગુ, વીરિય વરુણે તહેવ આણંદે,**
**બંભે કંચણ રુઇરે, ચંદ અરુણે ય વરુણે ય. ૧૨૬.**

| | |
|---|---|
| **ઉડુ ચંદ**–ઉડુ, ચંદ્ર. | **બંભે કંચણ**–બ્રહ્મ, કાંચન. |
| **રયણ વગ્ગુ**–રજત, વલ્ગુ. | **રૂઇરે**–રૂચિર. |
| **વીરિય વરૂણે**–વીર્ય વરૂણ. | **ચંદ અરુણે**–ચંદ્ર, અરૂણ. |
| **તહેવ આણંદે**–તેમજ આનંદ. | **વરૂણે**–વરૂણ. |

**શબ્દાર્થ**—૧, ઉડુ, ૨. ચંદ્ર, ૩. રજત, ૪. વલ્ગુ, ૫. વીર્ય, ૬. વરુણ, તેમજ ૭. આનંદ, ૮. બ્રહ્મ, ૯. કાંચન,

૧૦. રુચિર, ૧૧. ચંદ્ર, ૧૨. અરુણ અને ૧૩. વરુણ. (એ તેર ઇંદ્રક વિમાનો પહેલા બીજા દેવલોકનાં છે.)

## સનત્કુમાર માહેન્દ્ર દેવલોકના બાર પ્રતરનાં ઇંદ્રક વિમાનોનાં નામો.

**વેરૂલિય રુયગ રુઇરે, અંકે ફલિહે તહેવ તવણિજ્જે;**
**મેહે અગ્ઘ હલિદ્દે, નલિણે તહ લોહિયક્ખે ય. ૧૨૭**

| | |
|---|---|
| **વેરુલિય**–વૈડુર્ય. | **મેહે**–મેઘ. |
| **રુહગ**–રૂચક. | **અગ્ઘ**–અર્ઘ. |
| **રુઇરે**–રૂચિર. | **હલિદ્દે**–હાલિદ્ર. |
| **અંકે**–અંક | **નલિણે**–નલિન. |
| **ફલિહે**–સ્ફટિક. | **તહ**–તથા. |
| **તહેવ**–તેમજ. | **લોહિયક્ખે**-લોહિતાક્ષ. |
| **તવણિજ્જે**–તપનીય. | **ય**–અને |

**શબ્દાર્થ**—૧. વૈડુર્ય, ૨. રુચક, ૩ રુચિર, ૪. અંક, ૫ સ્ફટિક, તેમજ ૬ તપનીય, ૭ મેઘ, ૮. અર્ઘ, ૯. હાલિદ્ર, ૧૦. નલિન તથા ૧૧. લોહિતાક્ષ અને

## બ્રહ્મ દેવલોકનાં ૬ અને લાંતક દેવલોકનાં ૫ ઇંદ્રક વિમાનોનાં નામો.

**વઇરે અંજણ વરમાલ. રિટ્ઠ દેવે ય સોમ મંગલએ,**
**બલભદ્દે ચક્ક ગયા, સોવત્થિય ણંદિયાવત્તે. ૧૨૮.**

| | |
|---|---|
| **વઈરે**-વજ્ર. | **મંગલએ**-મંગળ. |
| **અંજણુ**-અંજન. | **બલભદ્દે**-બલભદ્ર. |
| **વરમાલ**-વરમાલ. | **ચક્ક**-ચક્ર. |
| **રિટ્ઠ**-રિષ્ટ. | **ગયા**-ગદા. |
| **દેવે**-દેવ. | **સોવત્થિય**-સ્વસ્તિક. |
| **સોમ**-સોમ. | **ણંદિયાવત્તે**-નંદાવર્ત. |

**શબ્દાર્થ**—૧૨. વજ્ર. આ બાર ઇંદ્રિક વિમાન સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકે છે. ૧ અંજન, ૨ વરમાલ, ૩ રિષ્ટ, ૪ દેવ, ૫ સોમ અને ૬ મંગળ એ છ ઇંદ્રક વિમાન બ્રહ્મ દેવલોકે છે. ૧. બલભદ્ર, ૨. ચક્ર, ૩. ગદા, ૪ સ્વસ્તિક અને ૫ નંદાવર્ત. એ પાંચ ઇંદ્રિક વિમાનો લાંતક દેવલોકે છે.

## સાતમા દેવલોકનાં ૪ અને આઠમા દેવલોકનાં ૪ ઇંદ્રિક વિમાનનાં નામો.

**આભંકરે ય ગિદ્ધી, કેઉ ગરુલે ય હોઇ બોધવ્વે,**
**બંભે બંભહિએ પુણ, બંભુત્તર લંતએ ચેવ. ૧૨૯.**

| | |
|---|---|
| **આભંકરે**-આભંકર. | **બંભે**-બ્રહ્મ. |
| **ગિદ્ધી**-ગૃદ્ધિ. | **બંભહિયે**-બ્રહ્મહિત |
| **કેઉ**-કેતુ. | **પુણ**-વળી. |
| **ગરૂલે**-ગરુડ. | **બંભુત્તર**-બ્રહ્મોત્તર. |
| **બોધવ્વે**-જાણવાં. | **લંતએ**-લાંતક. |

**શબ્દાર્થ**—૧ આભંકર, ૨. ગૃદ્ધિ, ૩. કેતુ અને ૪. ગરૂડ એ ચાર ઇંદ્રક વિમાનો મહાશુક્ર દેવલોકે છે. ૧ બ્રહ્મ, ૨ બ્રહ્મહિત, વળી ૩. બ્રહ્મોત્તર અને નિશ્ચે ૪. લાંતક. એ ૪ ઇંદ્રક વિમાનો સહસ્રાર દેવલોકે જાણવાં.

## આનત પ્રાણુત દેવલોકનાં ૪ અને આરણ અચ્યુત દેવલોકનાં ૪ ઇંદ્રિક વિમાનનાં નામો.

**મહસુક્ક સહસ્સારે, આણય તહ પાણએ ય બોધવ્વે,**
**પુપ્ફે-લંકાર આરણ, તહા વિય અચ્ચુએ ચેવ. ૧૩૦.**

| | |
|---|---|
| **મહસુક્કે**–મહાશુક્ર. | **પુપ્ફે**–પુષ્પ. |
| **સહસ્સારે**–સહસ્રાર. | **અલંકાર**–અલંકાર. |
| **આણય**–આનત. | **આરણ**–આરણ. |
| **તહ**–તથા. | **અચ્ચુએ**–અચ્યુત. |
| **પાણએ**–પ્રાણુત. | **ચેવ**–નિશ્ચે. |

**શબ્દાર્થ**—૧. મહાશુક્ર, ૨. સહસ્રાર, ૩. આનત ૪. પ્રાણુત. એ ચાર ઇંદ્રક વિમાનો આનત પ્રાણુત દેવલોકે જાણવાં. ૧. પુષ્પ, ૨. અલંકાર, ૩. આરણ તેમજ નિશ્ચે ૪. અચ્યુત. એ ચાર ઇંદ્રિક વિમાન આરણ અને અચ્યુત દેવલોકે જાણવાં.

## ૯ ગ્રૈવેયક અને અનુત્તરનાં ઇંદ્રિક વિમાનનાં નામો.

**સુદંસણ સુપડિબધ્ધે, મણોરમે ચેવ હોઈ પઢમ તિગે,**
**તત્તો ય સવ્વભદ્દે, વિસાલએ સુમણે ચેવ. ૧૩૧.**

**સોમણસે પીઈકિરે, આઇચ્ચે ચેવ હોઈ તઇય તિગે,**
**સવ્વટ્ઠસિદ્ધિ નામે, ઇંદયા એવ બાસટ્ઠી. ૧૩૨**

| | |
|---|---|
| **સુદંસણ**–સુદર્શન. | **સોમસણે**–સોમનસ. |
| **સુપડિબધ્ધે**–સુપ્રતિબદ્ધ. | **પીઈકરે**–પ્રીતિકર. |
| **મણોરમે**–મનોરમ. | **આઇચ્ચે**–આદિત્ય. |
| **ચેવ હોઇ**–અને નિશ્ચે છે. | **તઈય તિગે**–ત્રીજી ત્રિકને વિષે. |
| **પઢમ તિગે**–પહેલી ત્રિકને વિષે. | **સવ્વટ્ઠસિદ્ધિ**-સર્વાર્થ સિદ્ધ. |
| **તત્તો**–તે પછી. | **નામે**–નામે. |
| **સવ્વભદ્દે**–સર્વતો ભદ્ર. | **ઇંદયા**–ઇંદ્રિક વિમાન. |
| **વિસાલએ**–વિશાલ. | **એવ**–એ પ્રમાણે. |
| **સુમણે**–સુમન. | **બાસટ્ઠી**–બાસઠ. |

**શબ્દાર્થ**—૧. સુદર્શન, ૨. સુપ્રતિબદ્ધ, અને નિશ્ચે મનોરમ. (એ ત્રણ ઇંદ્રક વિમાનો ગ્રૈવેયકની) પહેલી ત્રિકને વિષે છે તે પછી ૪. સર્વતો ભદ્ર, ૫ વિશાલ અને નિશ્ચે ૬. સુમન (એ ત્રણ) બીજી ત્રિકને વિષે છે. ૭. સોમનસ, ૮ પ્રીતિકર અને નિશ્ચે ૯. આદિત્ય ત્રીજી ત્રિકને વિષે છે. ૧ સર્વાર્થ સિદ્ધ નામે ઇંદ્રિક વિમાન એ પ્રમાણે બાસઠ ઇંદ્રક વિમાનો છે.

૪૫ લાખ યોજન અને ૧ લાખ યોજનનું શું શું છે? તે કહે છે.

**પણયાલીસં લક્ખા, સીમંતય માણુસં ઉડુ સિવં ચ;**
**અપયટ્ઠાણો સવ્વટ્ઠ, જંબૂદીવો ઇમં લક્ખં. ૧૩૩.**

| | |
|---|---|
| **પણયાલીસં**-પીસ્તાલીશ. | **ચ**-અને. |
| **લક્ખા**-લાખ. | **અપયટ્ઠાણો**-અપ્રતિષ્ઠાન. |
| **સીમંતય**-સીમંતક. | **સવ્વટ્ઠે**-સર્વાર્થ સિદ્ધ. |
| **માણુસં**-મનુષ્ય ક્ષેત્ર. | **જંબુદીવો**-જંબૂદ્વીપ. |
| **ઉડુ**-ઉડુ વિમાન. | **ઈમં**-એ ત્રણ. |
| **સિવં**-સિદ્ધ શિલા. | **લક્ખ**-લાખ. |

**શબ્દાર્થ**—(રત્નપ્રભાના પહેલા પ્રતરનો) સીમંતક નરકાવાસ, મનુષ્ય ક્ષેત્ર, ઉડુ વિમાન અને સિદ્ધ શિલા એ (ચાર) પીસ્તાલીસ લાખ જોજનના વિસ્તારે છે. (સાતમી નરકનો) અપ્રતિષ્ઠાન નરકાવાસ. સર્વાર્થ સિદ્ધ વિમાન અને જંબૂદ્વીપ એ ત્રણે) લાખ જોજનના વિસ્તારે છે.

## ૧૪ રાજલોકની ગણત્રી.

**અહ ભાગા સગ પુઢવીસુ, રજ્જુ ઇક્કિક્ક તહેવ સોહમ્મે,**
**માહિંદ લંત સહસ્સાર, અચ્ચુઅ ગેવિજ્જ લોગંતે.૧૩૪.**

| | |
|---|---|
| **અહ**-નીચે, અધોલોકનાં. | **માહિંદ**-માહેંદ્ર. |
| **ભાગા સગ**-સાત ભાગ. | **લંત**-લાંતક. |
| **સગ પુઢવીસુ**-સાત પૃથ્વીમાં. | **સહસ્સાર**-સહસ્રાર. |
| **રજ્જુ**-રાજલોક. | **અચ્ચુઅ**-અચ્યુત. |
| **ઇક્કિક્ક**-એકેક, | **ગેવિજ્જ**-ગ્રૈવેયક. |
| **સોહમ્મે**-સૌધર્મ. | **લોગંતે**-લોકના અંત સુધી. |

**શબ્દાર્થ**—અધોલોકના સાત ભાગ સાત પૃથ્વીને વિષે એકેક રાજલોક પ્રમાણ છે, તેમજ સૌધર્મ, માહેંદ્ર, લાંતક, સહસ્રાર. અચ્યુત, ગ્રૈવેયક અને લોકાન્ત સુધી સાત રાજલોક ('ઉર્દ્ધલોક') છે.

**વિવેચન**—મેરૂપર્વતના મધ્ય ભાગે ગોસ્તનાકારે ૪ ઉપર અને ૪ નીચે એમ ૮ રૂચક પ્રદેશ છે. ત્યાંથી સાત રાજલોક ઉપર ઉર્ધ્વલોક અને સાત રાજલોક નીચે અધોલોક મળી ૧૪ રાજલોક ઉંચપણે લોકાકાશ છે. રત્નપ્રભાના ઉપરના તલાથી શર્કરાપ્રભાના ઉપરના તલા સુધી અસંખ્યાત યોજન પ્રમાણ ૧ રાજલોક છે, તેની અંદર રત્નપ્રભા પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશ છે. એવી રીતે સાતે નરક પૃથ્વીઓએ કરીને અધોલોક ૭ રાજલોક પ્રમાણ ઉંચપણે થાય છે. રત્નપ્રભાના ઉપરના તલા (સમભૂતલા)થી માંડીને સૌધર્મ દેવલોકના તેરમા પ્રતરના વિમાનની ધ્વજાના અંત સુધી એક રાજલોક, માહેંદ્રના બારમા પ્રતરના વિમાનના અંત સુધી બીજો રાજલોક, લાંતકના પાંચમા પ્રતરના વિમાનના અંત સુધી ત્રીજો રાજલોક, સહસ્રારના ચોથા પ્રતરના વિમાનના અંત સુધી ચોથો રાજલોક, અચ્યુતના છેલ્લા પ્રતરના વિમાનના અંત સુધી પાંચમો રાજલોક, ગ્રૈવેયકના નવમા પ્રતરના વિમાનના અંત સુધી છઠ્ઠો રાજલોક અને લોકાન્ત સુધી સાતમો રાજલોક થાય છે.[1]

## કયા જીવો કેટલા રાજલોક સ્પર્શે, તથા ૧૪ રાજલોકની સ્થાપના.

**સમ્મત્ત ચરણ સહિયા, સવ્વં લોગં ફુસે નિરવસેસં,**
**સત્ત ય ચઉદસ ભાએ, પંચ ય સુય દેસ વિરઇએ.૧૩૫.**

---

૧ ચૌદરાજની ગણત્રીમાં કેટલાક આચાર્યોનો જુદો પણ મત છે. જુઓ પંચસંગ્રહ દ્વાર–૨

| | |
|---|---|
| **સમ્મત્ત ચરણ**-સમ્યકત્વ અને ચારિત્ર. | **સત્ત**–સાત. |
| **સહિયા**–સહિત. | **ચઉદસ**–ચૌદીયા |
| **સવ્વં લોગં**–સર્વ રાજલોકને | **ભાએ**–ભાગ. |
| **ફુસે**–સ્પર્શે. | **પંચ**–પાંચ ભાગ. |
| **નિરવસેસં**–સમસ્ત | **સુય**–શ્રુતજ્ઞાની. |
| | **દેસ વિરઇએ**- દેશવિરતિ. |

**શબ્દાર્થ**—સમ્યકત્વ ચારિત્ર સહિત (કેવળ જ્ઞાની) સમસ્ત સર્વ (૧૪) રાજલોકને (કેવળી સમુદ્ઘાતે) સ્પર્શે. સમ્યકત્વ ચારિત્ર સહિત શ્રુતજ્ઞાની ચૌદીયા સાત ભાગ (૭ રાજલોક) સ્પર્શે, અને સમ્યકત્વ સહિત દેશવિરતિ ચૌદીયા પાંચ ભાગ (૫ રાજલોક) સ્પર્શે.

**વિવેચન**—કેવળી ભગવાન્ કેવળી સમુદ્ઘાત કરે, તે વખતે પોતાનો એકેક આત્મપ્રદેશ એકેક આકાશ પ્રદેશને વિષે સ્થાપન કરે, કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને એક જીવ એ ચારેના પ્રદેશો સરખા છે. સમ્યકૂત્વ ચારિત્ર સહિત શ્રુતજ્ઞાની મરીને જે વારે અનુત્તર વિમાને ઇલિકા ગતિએ ઉપજે, તે વારે સાત રાજલોક સ્પર્શે, તથા પૂર્વે નરકાયુ બાંધ્યું હોય, અને તે પછી સમ્યગ્દૃષ્ટિ શ્રુતજ્ઞાની ચારિત્ર સહિત થયો હોય, તે મરીને છઠ્ઠી નારકીમાં ઇલિકા ગતિએ ઉપજે, તે વારે પાંચ રાજલોક સ્પર્શે, કારણ કે ચૌદરાજ લોકનો મધ્યભાગ, રત્નપ્રભાની નીચે અસંખ્યાત કોડી યોજન ગયા પછી જ થાય છે. એટલે છઠ્ઠી નરકપૃથ્વી માંહે પણ અસંખ્યાત કોડી યોજન જઈએ, ત્યારે પાંચ

રાજલોક થાય છે. દેશવિરતિ અચ્યુત દેવલોકે ઇલિકા ગતિએ (આગળના સ્થાનકને પામીને પછીનો ભાગ મૂકે તેમ) ઉપજે, તો પાંચ રાજલોક સ્પર્શે.

**૧૪ રાજલોકની વ્યવસ્થા**-મેરૂના મધ્યભાગે ત્રસ-નાડી ૧ રાજલોક પહોળી અને ૧૪ રાજલોક ઉંચી છે, તેમાં ત્રસ જીવો ઉત્પન્ન થાય છે રૂચક (સમભૂતલા)ની નીચે ૭ રાજલોક કાંઈક અધિક છે અને ઉપરનો ૭ રાજલોક કાંઈક ઓછો છે. સાતમી નરક પૃથ્વી તલે (પગે) તિર્છો વિસ્તાર ૭ રાજલોકથી કાંઈક ઓછો, મધ્યભાગે (નાભિના સ્થાને) ૧ રાજલોક, બ્રહ્મદેવલોકે (કોણીના સ્થાને) પાંચ રાજલોક અને ઉપર (મસ્તકે) ૧ રાજલોક પ્રમાણ તિર્છો વિસ્તાર છે. એટલે ૧૪ રાજલોકનો આકાર કેડે હાથ દઈને તથા પગ પહોળા કરીને ઊભેલા, વલોણું વલોવતા મનુષ્યના આકારે છે.

## દેવોની અવગાહના (શરીરની ઉંચાઈ)

**ભવણ વણ જોઇ સોહમ્મી-સાણે સત્ત હત્થ તણુ-માણં;**
**દુ દુ દુ ચઉક્કે ગેવિજ્જ-ણુત્તરે હાણિ ઇક્કિક્કં. ૧૩૬.**

**ભવણ**-ભવનપતિ.
**વણ**-વ્યંતર.
**જોઇ**-જ્યોતિષી.
**સોહમ્મ**-સૌધર્મ.
**ઈસાણે**-ઈશાન દેવોના.
**સત્ત હત્થ**-સાત હાથ.
**તણુ માણં**-શરીરનું પ્રમાણ.
**દુ દુ દુ**-બે બે બે દેવલોકે.
**ચઉક્કે**-ચાર (દેવલોકે).
**ગેવિજ્જ**-ગ્રૈવેયકે.
**અણુત્તરે**-અનુત્તરને વિષે.
**હાણિ**-હાનિ.
**ઇક્કિક્કં**-એક એક હાથની.

**શબ્દાર્થ**—ભવનપતિ વ્યંતર જ્યોતિષી સૌધર્મ અને ઇશાન દેવોના શરીરનું પ્રમાણ સાત હાથ છે. (તે પછી અનુક્રમે) બે બે બે દેવલોકે, ચાર દેવલોકે, ગ્રૈવેયકે અને અનુત્તરને વિષે એક એક હાથની હાનિ કરવી.

**વિવેચન**—ભવનપતિ વ્યંતર વાણવ્યંતર જ્યોતિષી સૌધર્મ અને ઈશાન દેવોના શરીરની ઉંચાઇ ૭ હાથ, સનત્કુમાર અને માહેંદ્ર દેવોની ૬ હાથ, બ્રહ્મ અને લાંતક દેવોની ૫ હાથ, મહાશુક્ર અને સહસ્રાર દેવોની ૪ હાથ, આનત પ્રાણુત આરણ અને અચ્યુત દેવોની ૩ હાથ; ૯ ગ્રૈવેયકના દેવોની ૨ હાથ અને અનુત્તર વિમાનવાસી દેવોની ૧ હાથ શરીરની ઉંચાઈ છે. એ રીતે સામાન્યપણે દેવોના શરીરનું માન કહ્યું.

## સનત્કુમારાદિ દેવોને વિષે સ્થિતિ તથા એકેક સાગરોપમની વૃદ્ધિએ શરીરનું પ્રમાણ.

**કપ્પ દુગ દુ દુ દુ ચઉગે, નવગે પણગે ય જિટ્ઠ-ઠિઈ અયરા,**
**દો સત્ત ચઉદ-ટ્ઠારસ, બાવીસિગતીસ તિત્તીસા. ૧૩૭.**

**કપ્પ દુગ**–બે દેવલોકની.
**દુ દુ દુ**–બે બે બે દેવલોકે.
**ચઉગે**–ચાર દેવલોકે.
**નવગે**–નવ ગ્રૈવેયકે.
**પણગે**–પાંચ અનુત્તરને વિષે.
**જિટ્ઠઠિઈ**–ઉત્કૃષ્ટ સ્થિતિ.
**અયરા**–સાગરોપમ.
**દો**–બે.
**સત્ત**–સાત.
**ચઉદ**–ચૌદ.

અટ્ઠારસ-અઢાર.
બાવીસ-બાવીશ.
ઈગતીસ-એકત્રીશ.
તિત્તીસા-તેત્રીશ.

**શબ્દાર્થ**—બે દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨ સાગરોપમ, બે દેવલોકે ૭ સાગરો૦, બે દેવલોકે ૧૪ સાગરો૦, બે દેવલોકે ૧૮ સાગરો૦, ૪ દેવલોકે ૨૨ સાગરો૦, ૯ ગ્રૈવેયકે ૩૧ સાગરો૦ અને પાંચ અનુત્તરને વિષે ૩૩ સાગરો૦ છે.

**વિવેચન**—જો કે ઈશાન દેવલોકના દેવોની ૨ સાગરોપમથી અધિક સ્થિતિ છે. તેમજ માહેંદ્ર દેવલોકના દેવોની ૭ સાગરોપમથી અધિક સ્થિતિ છે. તે અધિક સ્થિતિ આ સાગરોપમ ઉપર શરીરનું પ્રમાણ કાઢવામાં ઉપયોગી ન હોવાથી ગણવી નહિ.

**વિવરે તાણિ કુકુણે, ઇક્કારસગા ઉ પાડિએ સેસા,**
**હત્થિક્કારસ ભાગા, અયરે અયરે સમહિયંમિ. ૧૩૮.**
**ચય પુવ્વ સરીરાઓ, કમેણ ઇગુત્તરાઇ વુડ્ઢીએ,**
**એવં ઠિઈ વિસેસા, સણંકુમારાઈ તણુ-માણં. ૧૩૯.**

વિવરે-બાદ, વિશ્લેષ.
તાણ-તે સ્થિતિનો.
ઇક્કુ-એક.
ઉણે-ઓછો.
ઈક્કારસગા-૧૧ ભાગ.
પાડિએ-પાડીએ.
સેસા-બાકી રહેલા.
હત્થ-હાથના.
ઇક્કારસ ભાગા-અગીઆરીઆ ભાગો.
અયરે અયરે-સાગરોપમ સાગરોપમ.
સમહિયંમિ-વધારે છતે.
ચય-ઓછી કર.

પુવ્વ સરીરાઓ–પૂર્વના શરીરમાંથી.
કમેણ–અનુક્રમે.
ઈગુત્તરાઈ–એકેક ભાગની
વુડ્ઢીએ–વૃદ્ધિને.
એવં-એ પ્રમાણે.
ઠિઈ–સ્થિતિના.
વિસેસા–વિશ્લેષથી.
સણંકુમારાઇ–સનત્કુમારાદિના.
તણુમાણં–શરીરનું પ્રમાણ.

**શબ્દાર્થ**—તે સ્થિતિનો વિશ્લેષ કરીએ (મોટી સ્થિતિમાંથી નાની સ્થિતિ બાદ કરીએ) તેમાંથી ૧ ઓછો કરીને અગીયારીયા ભાગ પાડીએ, તે બાકી રહેલા ૧ હાથના અગીયારીઆ ભાગો જાણવા. સાગરોપમ વધારે છતે પૂર્વે કહેલા શરીરના પ્રમાણમાંથી અનુક્રમે એકેક ભાગની વૃદ્ધિને તું ઓછી કર. એ પ્રમાણે સ્થિતિના વિશ્લેષથી સનત્કુમારાદિ દેવોના શરીરનું પ્રમાણ થાય.

**વિવેચન**—જેમકેઃ—સૌધર્મ અને ઇશાન દેવોનું શરીર સાત હાથનું અને આયુષ્ય ૨ સાગરોપમનું છે, તથા સનત્કુમાર અને માહેંદ્રનું શરીર ૬ હાથનું અને આયુષ્ય ૭ સાગરોપમનું છે, માટે મોટી સ્થિતિ ૭ સાગરોપમમાંથી નાની સ્થિતિ ૨ સાગરોપમ બાદ કરતાં પાંચ વધે, તેમાંથી ૧ ઓછો કરીએ તો ચાર બાકી રહે. સૌધર્મ અને ઈશાન દેવોનું ૭ હાથ શરીર છે, તેમાંથી ૬ હાથ પૂરા રાખીએ, અને સાતમા હાથના અગીઆર ભાગ કરીએ. તેમાંથી ૪ ભાગ રાખીએ, અને બાકી રહેલા ૭ ભાગ પડતા મૂકીએ પછી એકેક સાગરોપમની વૃદ્ધિ કરવી અને ભાગમાંથી

એકેક ભાગ ઘટાડવો એટલે સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકના ૩ સાગરોપમ આયુષ્યવાળા દેવોનું શરીર ૬ હાથ ને અગીયારીયા ૪ ભાગ. ચાર સાગરોપમ આયુષ્યવાળા દેવોનું શરીર ૬ હાથને અગીયારીયા ૩ ભાગ, પાંચ સાગરોપમ આયુષ્યવાળા દેવોનું શરીર ૬ હાથને અગીયારીયા ૨ ભાગ, ૭ સાગરોપમ આયુષ્યવાળા દેવોનું શરીર ૬ હાથ ને અગીઆરીયો ૧ ભાગ અને ૭ સાગરોપમ આયુષ્યવાળા દેવોનું શરીર ૬ હાથ પૂર્ણ જાણવું.

## પ્રશ્નો

૧. નીચેનાં ઈંદ્રિક વિમાનો કયા દેવલોકના કેટલામા પ્રતરનાં છે તે કહો. ચંદ્ર, રૂચિર, નલિન, સોમ, બલભદ્ર, ગરૂડ, લાંતક, સહસ્રાર, અલંકાર, સુમન અને આદિત્ય.

૨. ૪૫ લાખ યોજન અને એક લાખ યોજનનું શું શું છે? ધૂમપ્રભાના ઉપરના તલા સુધી અને અચ્યુતના ચોથા પ્રતરના વિમાનના અંત સુધી કેટલા રાજલોક થાય?

૩. કયા જીવો ચૌદ, સાત અને પાંચ રાજલોક સ્પર્શે. ૧૪ રાજલોકનું સ્વરૂપ કહો.

## દરેક સાગરોપમે વૈમાનિક દેવોના શરીરનું પ્રમાણ.

| સાગરો૦ | હાથ | અગીયારીયા ભાગ | સાગરો૦ | હાથ | અગીયારીયા ભાગ |
|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૦ | ૧૮ | ૪ | ૦ |
| ૩ | ૬ | ૪ | ૧૯ | ૩ | ૩ |
| ૪ | ૬ | ૩ | ૨૦ | ૩ | ૨ |
| ૫ | ૬ | ૨ | ૨૧ | ૩ | ૧ |
| ૬ | ૬ | ૧ | ૨૨ | ૩ | ૦ |
| ૭ | ૬ | ૦ | ૨૩ | ૨ | ૮ |
| ૮ | ૫ | ૬ | ૨૪ | ૨ | ૭ |
| ૯ | ૫ | ૫ | ૨૫ | ૨ | ૬ |
| ૧૦ | ૫ | ૪ | ૨૬ | ૨ | ૫ |
| ૧૧ | ૫ | ૩ | ૨૭ | ૨ | ૪ |
| ૧૨ | ૫ | ૨ | ૨૮ | ૨ | ૩ |
| ૧૩ | ૫ | ૧ | ૨૯ | ૨ | ૨ |
| ૧૪ | ૫ | ૦ | ૩૦ | ૨ | ૧ |
| ૧૫ | ૪ | ૩ | ૩૧ | ૨ | ૦ |
| ૧૬ | ૪ | ૨ | ૩૨ | ૧ | ૧ |
| ૧૭ | ૪ | ૧ | ૩૩ | ૧ | ૦ |

### વિકુર્વેલ વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ઠ પ્રમાણ.

**ભવ ધારણિજ્જ એસા, ઉત્તર વેઉવ્વિ જોયણા લક્ખં,**
**ગેવિજ્જ-ણુત્તરેસુ, ઉત્તર વેઉવ્વિયા નત્થિ. ૧૪૦.**

**ભવ**-ભવને વિષે.

**ધારણિજ્જ**-ધારણ કરવા યોગ્ય.

**એસા**-આ

**ઉત્તર વેઉવ્વિ**-ઉત્તર વૈક્રિય.

**જોયણા**-જોજન.

**લક્ખં**-લાખ.

**ગેવિજ્જ**-ગ્રૈવેયક.

**અણુત્તરેસુ**-અનુત્તરમાં.

**ઉત્તર વેઉવ્વિયા**-ઉત્તર વૈક્રિય શરીર.

**નત્થિ**-નથી.

**શબ્દાર્થ**—આ ભવધારણીય શરીરનું પ્રમાણ કહ્યું અને ઉત્તર વૈક્રિય શરીર (દેવોનું) લાખ જોજન હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરને વિષે ઉત્તર વૈક્રિય શરીર નથી.

**વિવેચન**—દેવતા પોતાના ભવમાં જીવે, ત્યાં સુધી જે શરીર ધારણ કરે તે ભવધારણીય શરીર કહેવાય અને કાંઈક કાર્ય કરવા માટે અન્ય શરીર વિકુર્વે તે ઉત્તર વૈક્રિય શરીર પોતાની શક્તિના અનુસારે ઉત્સેધ યોજને, આત્મ યોજને અથવા પ્રમાણ યોજને ૧ લાખ યોજન પ્રમાણ વધુમાં વધુ થાય છે. ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવોને ઉત્તર વૈક્રિય શરીર કરવાની શક્તિ હોવા છતાં પણ કાર્યના અભાવે તેઓ ઉત્તર વૈક્રિય શરીર કરતા નથી.

## મૂળ વૈક્રિય અને વિકુર્વેલ વૈક્રિય શરીરનું જઘન્ય પ્રમાણ.

**સાહાવિય વેઉવ્વિય, તણુ જહન્ના કમેણ પારંભે,**
**અંગુલ અસંખભાગો, અંગુલ સંખિજ્જ ભાગોય.૧૪૧.**

**સાહાવિય**-સ્વાભાવિક.
**વેઉવ્વિય**-ઉત્તર વૈક્રિય.
**તણુ**-શરીર.
**જહન્ના**-જઘન્યથી.
**કમેણ**-અનુક્રમે.
**પારંભે**-આરંભતી વખતે.
**અંગુલ**-અંગુલનો.
**અસંખભાગો**-અસંખ્યાતમો ભાગ.
**અંગુલ**-આંગળનો.
**સંખિજ્જભાગો**-સંખ્યાતમો ભાગ.

**શબ્દાર્થ**—આરંભતી વખતે સ્વાભાવિક વૈક્રિય શરીર અને ઉત્તર વૈક્રિય શરીર જઘન્યથી અનુક્રમે અંગુલનો અસંખ્યાતમો ભાગ અને અંગુલનો સંખ્યાતમો ભાગ હોય છે.

**વિવેચન**—ભવધારણીય શરીર કરવા માંડે ત્યારે તે શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું હોય છે અને ઉત્તર વૈક્રિય શરીર કરવા માંડે તે વખતે તે શરીર અંગુલના સંખ્યાતમા ભાગનું હોય છે.

## દેવગતિને વિષે ઉત્કૃષ્ટથી ઉપપાત વિરહકાલ અને ચ્યવન વિરહકાલ.

**સામન્નેણં ચઉવિહ, સુરેસુ બારસ મુહુત્ત ઉક્કોસા,**
**ઉવવાય વિરહકાલો, અહ ભવણાઈસુ પત્તેયં. ૧૪૨.**

**સામન્નેણં**-સામાન્યથી.
**ચઉવિહ**-ચારે પ્રકારનાં.
**સુરેસુ**-દેવોને વિષે.
**બારસ મુહુત્ત**-૧૨ મુહૂર્ત.
**ઉક્કોસા**-ઉત્કૃષ્ટથી.
**ઉવવાય**-ઉપપાત.
**વિરહ કાલો**-વિરહ કાલ.
**અહ**-હવે.
**ભવણાઈસુ**-ભવનપતિ આદિકને વિષે.
**પત્તેયં**-દરેકનો.

**શબ્દાર્થ**—સામાન્યથી ચારે પ્રકારના દેવોને વિષે ૧૨ મુહૂર્ત ઉત્કૃષ્ટથી ઉપપાત વિરહ (અંતર) કાલ છે. હવે ભવનપતિ આદિ દેવોને વિષે દરેકનો ઉપપાત વિરહ કહીશું.

**વિવેચન**—એક દેવતા ઉત્પન્ન થયા પછી બીજો દેવ ઉત્કૃષ્ટથી બાર મુહૂર્તનું અંતર પડયા પછી ઉપજે. ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય તથા દેવ અને નારકીનો ઉત્કૃષ્ટથી ઉપપાત વિરહ કાલ ૧૨ મુહૂર્તનો, સમૂચ્છિંમ મનુષ્યનો ૨૪ મુહૂર્તનો, વિકલેંદ્રિય અને અસંજ્ઞી તિર્યંચનો અંતર્મુહૂર્તનો

હોય છે. તથા એકેંદ્રિયનો ઉપપાત વિરહકાલ નથી, કારણ કે તેઓ નિરંતર ઉપજે છે.

## ભવનપત્યાદિ દેવોને વિષે ઉત્કૃષ્ટથી ઉપપાત વિરહકાલ.

**ભવણ વણ જોઇ સોહમ્મી,-સાણેસુ મુહુત્ત ચઉવીસં,**
**તો નવદિણ વીસ મુહુ, બારસ દિણ દસ મુહુત્તાય. ૧૪૩.**
**બાવીસ સડ્ઢ દિયહા, પણયાલ અસીઇ દિણ સયં તત્તો,**
**સંખિજ્જા દુસુ માસા, દુસુ વાસા તિસુ તિગેસુ કમા. ૧૪૪.**
**વાસાણ સયા સહસ્સા, લક્ખ તહ ચઉસુ વિજયમાઇસુ,**
**પલિયા અસંખ ભાગો, સવ્વટ્ઠે સંખભાગો ય. ૧૪૫.**

ભવણ-ભવનપતિ.
વણ-વ્યંતર.
જોઇ-જ્યોતિષી.
સોહમ્મ- સૌધર્મ.
ઇસાણેસુ-ઇશાનને વિષે.
મુહુત્ત ચઉવીસં-૨૪ મુહૂર્ત.
તો-તે પછી.
નવ દિણ-નવ દિવસ.
વીસ મુહુ-વીશ મુહૂર્ત.
બારસદિણ-બાર દિવસ.
દસ મુહુત્તા ય-અને દશ મુહૂર્ત.
બાવીસ સડ્ઢ-સાડી બાવીશ.
દિયહા-દિવસ.
પણયાલ-પીસ્તાલીશ.
અસીઇ દિણ-એંસી દિવસ.
સયં-સો દિવસ.
તત્તો-તે પછી.
સંખિજ્જા-સંખ્યાતા.
દુસુ-બે દેવલોક (૯-૧૦)ને વિષે.
માસા-માસ.
દુસુ-બે દેવલોક (૧૧-૧૨) ને વિષે.
વાસા-વર્ષ.
તિસુ તિગેસુ-ત્રણ ત્રણ ગ્રૈવેયકને વિષે
કમા-અનુક્રમે.
વાસાણ વર્ષ.
સયા-સેંકડો.

| | |
|---|---|
| **સહસ્સા**–હજાર. | **પલિયા**–પલ્યોપમનો. |
| **લક્ખ**-લાખ. | **અસંખભાગો**–અસંખ્યાત-મો ભાગ. |
| **તહ**–તેમજ. | **સવ્વટ્ઠે**-સર્વાર્થ સિદ્ધને વિષે. |
| **ચઉસુ**–ચાર. | **સંખભાગો**–સંખ્યાતમો ભાગ |
| **વિજયમાઈસુ**–વિજયાદિકને વિષે. | **ય**–અને. |

**શબ્દાર્થ**–ભવનપતિ વ્યંતર જ્યોતિષી સૌધર્મ અને ઇશાનને વિષે ઉપપાત વિરહકાલ ૨૪ મુહૂર્ત, તે પછી સનત્કુમારને વિષે ૯ દિવસ અને ૨૦ મુહૂર્ત, માહેંદ્રને વિષે ૧૨ દિવસ અને ૧૦ મુહૂર્ત, બ્રહ્મ દેવલોકે સાડી બાવીસ દિવસ, લાંતકે ૪૫ દિવસ, મહાશુક્રે ૮૦ દિવસ, સહસ્રારે સો દિવસ, તે પછી બે દેવલોકે ( આનત અને પ્રાણતે ) સંખ્યાતા માસ ( વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી ), બે દેવલોકે (આરણ અને અચ્યુતે) સંખ્યાતા વર્ષ ( સો વર્ષ પુરાં ન થાય ત્યાં સુધી ), ત્રણ ત્રણ ગ્રૈવેયકને વિષે અનુક્રમે સંખ્યાતા સો વર્ષ ( હજાર વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી), સંખ્યાતાં હજાર વર્ષ (લાખ વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી), સંખ્યાતાં લાખ વર્ષ (ક્રોડ વર્ષ પૂરાં ન થાય ત્યાં સુધી ), તથા ૪ વિજયાદિકને વિષે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને સર્વાર્થ સિધ્ધને વિષે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે.

## જઘન્ય ઉપપાત વિરહકાલ અને ચ્યવન વિરહકાલ તથા ઉપપાત અને ચ્યવન સંખ્યા.

**સવ્વેસિંપિ જહન્નો, સમઓ એમેવ ચવણ વિરહો વિ,**
**ઇગદુ તિસંખ-મસંખા,ઇગ સમએ હુન્તિ ય ચવંતિ.૧૪૬.**

| | |
|---|---|
| સવ્વેસિંપિ-સર્વ (દેવો) નો પણ. | ઇગ દુ તિ-એક બે ત્રણ. |
| જહન્નો-જઘન્ય. | સંખ-મસંખા-સંખ્યાતા. અને અસંખ્યાતા. |
| સમઓ-સમય. | |
| એમેવ-એ પ્રમાણે. | ઈગ સમએ-એક સમયે. |
| ચવણુ-ચ્યવન. | હુન્તિ-ઉત્પન્ન થાય છે. |
| વિરહો વિ-વિરહ પણ. | ચવન્તિ-મરે છે. |

**શબ્દાર્થ**—સર્વ દેવોનો પણ જઘન્યથી ઉપપાત વિરહકાલ સમય હોય છે; એ પ્રમાણે ચ્યવન વિરહ પણ જાણવો. એક સમયે દેવો એક બે ત્રણ સંખ્યાતા અને અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને મરે છે.

**વિવેચન**—ભવનપતિથી માંડીને સર્વાર્થ સિદ્ધ સુધીના દેવોનો જઘન્ય ઉપપાત વિરહકાલ ૧ સમય છે. ભવનપતિ વિગેરે દેવોનો જઘન્ય ચ્યવન વિરહકાલ પણ ઉપપાત વિરહકાલ પ્રમાણે ૧ સમય જાણવો.

ભવનપતિથી માંડીને સહસ્રાર સુધીના દેવોમાં જઘન્યથી એક બે ત્રણ ઉપજે અને મરે, તથા ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા ઉપજે અને મરે, કારણ કે અસંખ્યતા તિર્યંચો મરીને સહસ્રાર દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. આનતાદિ દેવોમાં મનુષ્યો જ ઉત્પન્ન થાય છે. અને મનુષ્યો સંખ્યાતા હોવાથી ત્યાં આનતાદિ દેવોમાં સંખ્યાતાજ ઉપજે તથા તે દેવો પણ મનુષ્યોમાંજ ઉપજે માટે સંખ્યાતાજ ચ્યવે (મરે).

---

૧. ૫-૧૦-૧૫-૨૦-૨૫ અને ૩૨ સાગરોપમ આયુષ્યવાળા દેવોના શરીરનું પ્રમાણ કહો.

## દેવોના ઉપપાત વિરહ અને ચ્યવન વિરહ કાળનું યંત્ર.

| નામ | ઉત્કૃષ્ટ | જઘન્ય | નામ | ઉત્કૃષ્ટ | જઘન્ય |
|---|---|---|---|---|---|
| ભવનપતિ | ૨૪ મુહૂર્ત | દરેકનો ઉપપાત અને ચ્યવન વિરહ કાળ ૧ સમય | સહસ્રાર | ૧૦૦ દિવસ | દરેકનો ઉપપાત અને ચ્યવન વિરહ કાળ ૧ સમય |
| વ્યંતર | ,, | | આનત | સંખ્યાતા માસ (૧ વર્ષની અંદર) | |
| જ્યોતિષી | ,, | | પ્રાણત | સંખ્યાતા માસ (આનતથી વધારે) | |
| સૌધર્મ | ,, | | આરણ | સંખ્યાતા વર્ષ (સો વર્ષની અંદર) | |
| ઈશાન | ,, | | અચ્યુત | સંખ્યાતા વર્ષ (આરણથી વધારે) | |
| સનત્કુમાર | ૯ દિન ૨૦ મુ૦ | | પહેલી ત્રિક | સંખ્યાતા સો વર્ષ (હજારની અંદર) | |
| માહેંદ્ર | ૧૨ દિન ૧૦ મુ. | | બીજી ત્રિક | સંખ્યાતા હજાર વર્ષ (લાખની અંદર) | |
| બ્રહ્મદેવલોક | ૨૨॥ દિવસ | | ત્રીજી ત્રિક | સંખ્યાતા લાખ વર્ષ (ક્રોડની અંદર) | |
| લાંતક | ૪૫ દિવસ | | વિજયાદિ ૪ | સૂક્ષ્મઅદ્ધા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | |
| મહાશુક્ર | ૮૦ દિવસ | | સર્વાર્થ સિદ્ધ | સૂક્ષ્મઅદ્ધા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | |

## દેવતાની આગતિ.

**નર પંચિંદિય તિરિયા-ણુપ્પત્તી સુરભવે પજ્જત્તાણં,**
**અજ્ઝવસાય વિસેસા, તેસિં ગઇ તારતમ્મં તુ. ૧૪૭.**

**નર**-મનુષ્ય.
**પંચિંદિય**-પંચેંદ્રિય.
**તિરિયાણુ**-તિર્યંચોની.
**ઉપ્પતી**-ઉત્પત્તિ.
**સુર ભવે**-દેવતાના ભવમાં.
**પજ્જત્તાણં**-પર્યાપ્તા.
**અજ્ઝવસાય**-અધ્યવસાય.
**વિસેસા**-વિશેષથી.
**તેસિં**-તેઓની.
**ગઇ**-ગતિમાં.
**તારતમ્મં**-તરતમપણું.
**તુ**-વળી, પણ.

**શબ્દાર્થ**—પર્યાપ્તા પંચેંદ્રિય મનુષ્ય અને તિર્યંચોની ઉત્પત્તિ દેવતાના ભવમાં થાય છે. પણ અધ્યવસાય વિશેષથી તેઓની ગતિમાં તરતમપણું હોય છે, ( એટલે એક દેવ મોટી ઋદ્ધિવંત અને બીજો અલ્પ ઋદ્ધિવંત થાય છે.)

**વિવેચન**—દેવતા, નારકી, એકેંદ્રિય, વિકલેંદ્રિય, અપર્યાપ્તા તિર્યંચ અને અપર્યાપ્તા મનુષ્યો, દેવગતિમાં ન ઉપજે. અધ્યવસાય એટલે મનનો વ્યાપાર. તે ત્રણ પ્રકારે છે, અશુદ્ધ, શુદ્ધ અને અત્યંત શુદ્ધ. અશુદ્ધ અધ્યવસાયથી નરકાદિ ગતિનો બંધ થાય છે, અત્યંત શુદ્ધ અધ્યવસાયથી મોક્ષની પ્રાપ્તિ થાય છે અને શુદ્ધ અધ્યવસાયથી દેવગતિનો બંધ થાય છે. તેમાં પણ તીવ્ર તીવ્રતર તીવ્રતમ અધ્યવસાયને લીધે એક મોટી ઋદ્ધિવાળામાં અને એક અલ્પઋદ્ધિવાળામાં તથા એક મોટા આયુષ્યવાળા અને એક ઓછા આયુષ્યવાળા દેવમાં ઉત્પન્ન થાય છે.

## કયા જીવો દેવગતિજ પામે.

**નર તિરિ અસંખ જીવી, સવ્વે નિયમેણ જંતિ દેવેસુ,**
**નિય આઉય સમ હીણા–ઉએસુ ઇસાણ અંતેસુ.૧૪૮.**

**નર તિરિ**–મનુષ્ય અને તિર્યંચો.
**અસંખજીવી**–અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા
**સવ્વે**–સર્વે.
**નિયમેણ**–નિશ્ચે.
**જંતિ**–ઉત્પન્ન થાય છે.
**દેવેસુ**–દેવોમાં.
**નિય આઉય**–પોતાના આયુષ્યના.
**સમ**–સરખા
**હિણાઉએસુ**–ઓછા આયુષ્યવાળા.
**ઇસાણ અંતેસુ**–ઇશાન સુધીના.

**શબ્દાર્થ**—અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સર્વે મનુષ્ય અને તિર્યંચો (યુગલિકો) નિશ્ચે પોતાના આયુષ્ય સરખા અથવા ઓછા આયુષ્યવાળા ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે.

**વિવેચન**—પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા તિર્યંચ પંચેંદ્રિય પક્ષી, અંતર્દ્વીપના તિર્યંચ (ચતુષ્પદ) અને મનુષ્યો, ભવનપતિ અને વ્યંતરમાં પોતાના સરખા કે ઓછા આયુષ્યે ઉત્પન્ન થાય છે, પરંતુ જ્યોતિષી આદિ દેવોમાં ઉત્પન્ન થતા નથી; કારણ કે જ્યોતિષી દેવોનું તો જઘન્યથી આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ છે. બીજા યુગલિકો પોતાના સરખા અથવા ઓછા આયુષ્યે ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે, પરંતુ સનત્કુમારાદિ દેવોમાં ઉપજતા નથી; કારણ કે યુગલિકોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ છે અને સનત્કુમારનું તો

જઘન્ય આયુષ્ય પણ ૨ સાગરોપમ છે, માટે પોતાના આયુષ્યથી અધિક આયુષ્યવાળા દેવોમાં યુગલિકો મરીને ઉપજતા નથી.

## સમૂર્ચ્છિમ તિર્યંચો મરીને ભવનપતિ અને વ્યંતરમાં કેટલા આયુષ્યે ઉપજે.

**જંતિ સમુચ્છિમ તિરિયા, ભવણ-વણેસુ ન જોઇમાઇસુ,**
**જં તેસિં ઉવવાઓ, પલિયા-સંખંસ આઉસુ. ૧૪૯.**

**જંતિ**-જાય છે. ઉત્પન્ન થાય છે.
**સમુચ્છિમ તિરિયા**-સમૂર્ચ્છિમ તિર્યંચો.
**ભવણ વણેસુ**-ભવનપતિ અને વ્યંતરોમાં.
**ન**-ન ઉત્પન્ન થાય.
**જોઇમાઇસુ**-જ્યોતિષી આદિમાં.
**જં**-જે માટે, જે કારણથી.
**તેસિં**-તેઓની
**ઉવવાઓ**-ઉત્પત્તિ.
**પલિયા સંખંસ**-પલ્યોપમના અસંખ્યાતમા ભાગના.
**આઉસુ**-આયુષ્યવાળાને વિષે.

**શબ્દાર્થ**—સમૂર્ચ્છિમ તિર્યંચો ભવનપતિ અને વ્યંતરોમાં ઉત્પન્ન થાય છે, પણ જ્યોતિષી આદિ (દેવો) માં ઉત્પન્ન થતા નથી. જે કારણથી તેઓની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળામાં થાય છે.

**વિવેચન**—સમૂર્ચ્છિમ તિર્યંચોને મન નથી, તોપણ તેઓ સંજ્ઞાવિશેષ રૂપ અધ્યવસાયે કરીને ભવનપતિ અને વ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે. પણ જ્યોતિષી આદિ દેવોમાં ઉપજતા નથી, કારણ કે જ્યોતિષી દેવોનું જઘન્ય

આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ છે. એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ કરતાં ઘણું જ વધારે છે, માટે તેમાં સમૂર્ચ્છિમ તિર્યંચો ઉપજતા નથી.

## જીવ કયા કારણોથી ભવનપતિમાં ઉપજે.

**બાલતવે પડિબદ્ધા, ઉક્કડરોસા તવેણ ગારવિયા,**
**વેરેણ ય પડિબદ્ધા, મરિઉં અસુરેસુ જાયંતિ. ૧૫૦.**

**બાલતવે**–અજ્ઞાન તપમાં.
**પડિબદ્ધા**–આસક્ત.
**ઉક્કડરોસા**–ઉત્કૃષ્ટ રોષવાળા
**તવેણ**–તપવડે.
**ગારવિયા**–અહંકાર કરનારા.
**વેરેણ**–વૈરમાં.
**પડિબદ્ધા**–આસક્ત.
**મરિઉં**–મરીને.
**અસુરેસુ**–અસુરકુમારોમાં.
**જાયંતિ**–જાય છે.

**શબ્દાર્થ**—૧. અજ્ઞાન તપમાં આસક્ત, ૧. ઉત્કૃષ્ટ રોષવાળા, ૩. તપે કરીને અહંકાર કરનારા, ૪. વૈર લેવામાં આસક્ત (જીવો) મરીને અસુરકુમારાદિકમાં ઉત્પન્ન થાય છે.

**વિવેચન**—અરિહંત ભગવાનની આજ્ઞા રહિત, તત્ત્વજ્ઞાને શૂન્ય તે બાલ એટલે મિથ્યાત્વી, તેનું જે પંચાગ્નિ પ્રમુખ તપ તે ઘણા જીવોનું ઘાતકારી છે તેવા તપને વિષે (કમઠની જેમ) આસક્ત, તપસ્વી થયા થકા ઉત્કૃષ્ટ રોષને ધરનારા, તપસ્યા કરીને અગ્નિ કુમારમાં ઉત્પન્ન થઈને દ્વારકા નગરી બાળી હતી. તેમ કોઈક જીવની સાથે વેર લેવામાં આસક્ત જીવો મરીને અસુરકુમારો (ભવનપતિની ૧૦ નિકાયો) માં ઉત્પન્ન થાય છે.

## કયા કારણોથી જીવ વ્યંતરમાં ઉપજે.

**રજ્જુગહ-વિસ ભક્ખણ-જલ-જલણ-પવેસ-તણ્હ-
છુહ-દુહઓ,
ગિરિસિર પડણાઉમુઆ,સુહભાવા હુંતિ વંતરિયા.૧૫૧.**

**રજ્જુગહ**-દોરડાનો ફાંસો ખાવાથી.
**વિસ ભક્ખણ**-વિષનું ભક્ષણ કરવાથી.
**જલ જલણ પવેસ**-પાણી અને અગ્નિમાં પ્રવેશ કરવાથી.
**તણ્હ**-તૃષાથી.
**છુહ**-ભૂખથી.
**દુહઓ**-દુઃખથી.
**ગિરિસિર**-પર્વતના અગ્ર ભાગ (શિખર) ઉપરથી.
**પડણાઉ**-પડવાથી.
**મુઆ**-મરેલા.
**સુહભાવા**-શુભ ભાવથી.
**હુન્તિ**-થાય છે.
**વંતરિયા**-વ્યંતર.

**શબ્દાર્થ**—૧. દોરડાનો ફાંસો ખાવાથી મરેલા, ૨. વિષના ભક્ષણથી મરેલા, ૩. પાણી અને ૪. અગ્નિમાં પ્રવેશ કરવાથી મરેલા, ૫, તૃષા (તરસ) અને ૬. ભૂખથી મરેલાં, ૭, વિરહાગ્નિના દુઃખથી મરેલા ૮. પર્વતના શિખર ઉપરથી પડવાથી મરેલા, મંદ શુભ ભાવથી (શૂલપાણિ યક્ષ વિગેરેની જેમ) વ્યંતર (દેવોમાં ઉત્પન્ન) થાય છે.

---

### પ્રશ્નો

૧. વૈમાનિક દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટથી મૂલ અને ઉત્તર વૈક્રિય શરીરનું પ્રમાણ કેટલું ? તથા તેમનો ઉપપાત અને ચ્યવન વિરહકાળ તેમજ ઉપપાત અને ચ્યવન સંખ્યા કહો.

૨. દેવોમાં ઓછી વધતી ઋદ્ધિ થવાનું કારણ શું ? કયા જીવો નિશ્ચે દેવગતિમાંજ ઉપજે. સમૂચ્છિ`મ તિર્યંચો મરીને દેવગતિમાં કયાં અને કેટલા આયુષ્યે ઉપજે, કયા કારણોથી જીવ ભવનપતિ અને વ્યંતરમાં ઉપજે

## કયા જીવો ઉત્કૃષ્ટથી કયા દેવલોક સુધી જાય.

**તાવસ જા જોઇસિયા, ચરગ પરિવ્વાય બંભલોગો જા,**
**જા સહસ્સારો પંચિંદિ, તિરિય જા અચ્ચુઓ સડ્ઢા.૧૫૨.**

**તાવસ**–તાપસો.
**જા**–યાવત્, સુધી.
**જોઇસીયા**–જ્યોતિષી.
**ચરગ**–ચરક.
**પરિવ્વાય**–પરિવ્રાજક.
**બંભલોગો જા**-બ્રહ્મ દેવલોક સુધી.
**જા સહસ્સારો**–સહસ્રાર સુધી.
**પંચિંદિ તિરિય**–પંચેંદ્રિય તિર્યંચ.
**જા અચ્ચુઓ**–અચ્યુત સુધી.
**સડ્ઢા**–શ્રાવકો.

**શબ્દાર્થ**—(ઉત્કૃષ્ટથી) તાપસો જ્યોતિષી સુધી, ચરક અને પરિવ્રાજક બ્રહ્મ દેવલોક સુધી, પંચેંદ્રિય તિર્યંચ સહસ્રાર દેવલોક સુધી અને શ્રાવકો અચ્યુત દેવલોક સુધી ઉત્પન્ન થાય છે

**વિવેચન**–કંદમૂલ અને ફલનો આહાર કરનારા વનવાસી તાપસો પોતાના ધર્મમાં કહેલી ક્રિયાપણે વર્તનારા મરીને ભવનપતિથી માંડીને જ્યોતિષી સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે. ચાર પાંચનું ટોળું ભેળું થઇને ભિક્ષા માગે તે ચરક અને કપિલ મતને અનુસરનારા ત્રિદંડીયા મરીને

ભવનપતિથી માંડીને બ્રહ્મ દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. સમ્યકૃત્વ દેશવિરતિ સહિત પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ સહસ્રાર દેવલોક સુધી તથા દેશવિરતિ શ્રાવકો અને ગોશાળાના મતને અનુસરનારા આજીવિકા મિથ્યાદૃષ્ટિઓ મરીને ઉત્કૃષ્ટથી બારમા દેવલોક સુધી ઉત્પન્ન થાય છે.

## મિથ્યાદૃષ્ટિનું લક્ષણ.

**જઇ લિંગ મિચ્છ દિટ્ઠી, ગેવિજ્જા જાવ જંતિ ઉક્કોસં,**
**પયમવિ અસદ્દહંતો, સુત્તત્થં મિચ્છદિટ્ઠીઓ. ૧૫૩.**

| | |
|---|---|
| જઇલિંગ–યતિના વેશવાળો. | પયમવિ–પદની પણ. |
| મિચ્છ દિટ્ઠી–મિથ્યાદૃષ્ટિ. | અસદ્દહંતો–અશ્રદ્ધા કરતો. |
| ગેવિજ્જા-ગ્રૈવેયક. | સુત્તત્થં-સૂત્ર અને અર્થ સંબંધી. |
| જાવ–સુધી. | મિચ્છદિટ્ઠીઓ–મિથ્યાદૃષ્ટિ. |
| જંતિ–ઉત્પન્ન થાય છે. | |
| ઉક્કોસં–ઉત્કૃષ્ટથી. | |

**શબ્દાર્થ**—યતિના વેષવાળો મિથ્યાદૃષ્ટિ ઉત્કૃષ્ટથી ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે. સૂત્ર અને અર્થ સંબંધી પદની પણ અશ્રદ્ધા કરનારો મિથ્યાદૃષ્ટિ છે.

**વિવેચન**—સાધુની દશ પ્રકારની ચક્રવાલ સામાચારીના પ્રભાવે અંગારમર્દકાચાર્યની જેમ સાધુનો વેશ ધારણ કરનાર મિથ્યાદૃષ્ટિ ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી ઉપજે છે. મિથ્યા દૃષ્ટિ બે ભેદે છે. દેશથી અને સર્વથી. દ્વાદશાંગી સૂત્રમાંથી એક પદ કે અક્ષરની અશ્રદ્ધા રાખે અને જેને બીજું બધું રૂચે,

તે દેશથી મિથ્યાત્વી તથા દ્વાદશાંગી સૂત્ર અને તેના અર્થ ઉપર સર્વથા અશ્રદ્ધા રાખે તે સર્વથી મિથ્યાત્વી કહેવાય.

## કોનું કોનું રચેલું સૂત્ર કહેવાય.

**સુત્તં ગણહર-રઇયં, તહેવ પત્તેય બુદ્ધ-રઇયં ચ,**
**સુય કેવલિણા રઇયં, અભિન્ન-દસ-પુવ્વિણા રઇયં. ૧૫૪.**

સુત્તં-સૂત્ર.
ગણહર રઇયં-ગણધરનું રચેલું.
તહેવ-તેમજ
પત્તેયબુદ્ધ-પ્રત્યેક બુદ્ધનું
રઇયં-રચેલું.
સુય કેવલિણા-શ્રુત કેવળીએ (૧૪ પૂર્વધરે).
રઇયં-રચેલું.
અભિન્ન-સંપૂર્ણ.
દસપુવ્વિણા-દશપૂર્વીએ.
રઇયં-રચેલું.

**શબ્દાર્થ**—ગણધર મહારાજનું રચેલું. તેમજ પ્રત્યેક બુદ્ધનું રચેલું, શ્રુત કેવલીનું (ચૌદ પૂર્વીનું) રચેલું અને સંપૂર્ણ દશપૂર્વીનુ રચેલું તે સૂત્ર કહેવાય છે.

**વિવેચન**—૧. સુધર્મા સ્વામી પ્રમુખ ગણધરનાં રચેલાં આચારાંગાદિ તે સૂત્ર, તથા ૨. નેમિરાજા પ્રમુખ પ્રત્યેક બુદ્ધનાં રચેલાં નેમિ પ્રવ્રજ્યાદિક તે સૂત્ર, ૩. ચૌદ પૂર્વધર (શ્રુત કેવલી) શય્યંભવસૂરિ પ્રમુખનાં રચેલાં દશ વૈકાલિકાદિક તે સૂત્ર અને ૪. સંપૂર્ણ દશ પૂર્વધરના રચેલાં તે સૂત્ર કહેવાય.

## છદ્મસ્થ સાધુઓની ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ અને તેમના શ્રાવકોની જઘન્યથી ઉત્પત્તિ કયા દેવલોક સુધી.

**છઉમત્થ સંજયાણં, ઉવવા ઉક્કોસઓ અ સવ્વટ્ઠે,**
**તેસિં સઢ્ઢાણં પિ ય, જહન્નઓ હોઇ સોહમ્મે. ૧૫૫.**

| | |
|---|---|
| છઉમત્થ-છદ્મસ્થ. | તેસિં-તેઓના, તેઓની. |
| સંજયાણં-સાધુઓની. | સડ્ઢાણંપિ શ્રાવકોની પણ. |
| ઉવવા-ઉત્પત્તિ. | જહન્નાઓ-જઘન્યથી. |
| ઉક્કોસઓ-ઉત્કૃષ્ટથી. | હોઈ-હોય છે. |
| સવ્વટ્ઠે-સર્વાર્થ સિદ્ધને વિષે | સોહમ્મે-સૌધર્મને વિષે. |

**શબ્દાર્થ**—છદ્મસ્થ સંયતો (સાધુઓ) ની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં હોય છે અને તેઓ (છદ્મસ્થ સાધુ) અને શ્રાવકોની પણ ઉત્પત્તિ જઘન્યથી સૌધર્મ દેવલોકને વિષે હોય છે.

**વિવેચન**—ઉત્કૃષ્ટથી છદ્મસ્થ સાધુ સર્વાર્થ સિદ્ધમાંજ જાય અને સાધુ કર્મરહિત થઈને મોક્ષે પણ જાય. સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયેલ સાધુની જઘન્ય સ્થિતિ પલ્યોપમ પૃથકત્વ અને શ્રાવકની જઘન્ય સ્થિતિ પલ્યોપમની જાણવી.

ચૌદ પૂર્વી અને તાપસોની જઘન્યથી ઉત્પત્તિ કયા દેવો સુધી હોય? તે કહે છે.

**લંતંમિ ચઉદ્દ પુવ્વિસ્સ, તાવસાઇણ વંતરેસુ તહા,**
**એસિં ઉવવાય વિહિ, નિય કિરિયઠિયાણ સવ્વોવિ.૧૫૮.**

| | |
|---|---|
| લંતંમિ-લાંતકમાં. | એસિં-એઓની. |
| ચઉદ્દ પુવ્વિસ્સ-ચૌદ પૂર્વીની. | ઉવવાય વિહિ-ઉપજવાની વિધિ. |

તાવસાઈણ-તાપસોની.
વંતરેસુ-વ્યંતરોમાં.
તહા-તથા.
નિયકિરિય-પોતાની ક્રિયામાં
ઠિયાણ-રહેલાઓને.
સવ્વોવિ-સર્વ પણ.

**શબ્દાર્થ**—ચૌદપૂર્વીની (જઘન્યથી ઉત્પત્તિ) લાંતક દેવલોકે તથા તાપસોની (જઘન્યથી ઉત્પત્તિ) વ્યંતરોમાં હોય છે, એઓની સર્વ પણ ઉપજવાની વિધિ પોતપોતાની ક્રિયામાં સ્થિત (પોતપોતાના આગમમાં કહેલી ક્રિયામાં રક્ત) થયેલાઓને જાણવી.

**વિવેચન**—ચૌદપૂર્વી પ્રમાદથી નિગોદમાં પણ જાય. તે ભણેલું ભૂલી જનારા જાણવા. પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે તાપસો જઘન્યથી ભવનપતિમાં ઉપજે, કારણ કે તે દેવોની પણ જઘન્ય સ્થિતિ વ્યંતરની માફક દશ હજાર વર્ષની છે.

### પ્રશ્નો.

૧. કયા જીવો મરીને ઉત્કૃષ્ટ અને જઘન્યથી કયા દેવલોક સુધી ઉપજે.

૩. મિથ્યાદષ્ટિનું લક્ષણ કહો અને કોનું રચેલું સૂત્ર કહેવાય.

## ૬ સંઘયણનું સ્વરૂપ.

**વજ્જરિસહ નારાયં, પઢમં બીયં ચ રિસહ નારાયં,**
**નારાય-મદ્ધ નારાય, કીલિયા તહ ય છેવટ્ઠં. ૧૫૭.**
**એએ છ સંઘયણા, રિસહો પટ્ટો ય કીલિયા વજ્જં,**
**ઉભઓ મક્કડ બંધો,નારાઓ હોઈ વિન્નેઓ. ૧૫૮.**

**શબ્દાર્થ**—પહેલું વજ્ર ઋષભ નારાચ, બીજું ઋષભ નારાચ, ૩. નારાચ, ૪. અર્ધનારાચ, ૫. કીલિકા તેમજ ૬. છેવટ્ઠું એ ૬ સંઘયણ છે. ઋષભ એટલે પાટો, વજ્ર એટલે ખીલી, બંને બાજુએ મર્કટબંધ તે નારાચ છે એમ જાણવું.

**વિવેચન**—શરીરના હાડકાનો દઢ દઢતર બંધ તે સંઘયણ. બેપાસા મર્કટબંધ તે ઉપર પાટો અને તે ત્રણે હાડકાને ભેદે તેવી હાડકાની ખીલી હોય તેવો હાડકાનો દઢબંધ તે વ્રજઋષભનારાચ, મર્કટબંધ અને પાટો હોય તે ઋષભનારાચ, બેપાસા મર્કટબંધ તે નારાચ, એક પાસે મર્કટબંધ અને બીજે પાસે ખીલી હોય તે અર્ધનારાચ, બે હાડકાની વચ્ચે ખીલીનો બંધ તે કીલિકા અને માંહેમાંહે હાડકાં અડીને રહેલાં હોય તે છેવટ્ઠું, તેનું બીજું નામ સેવાર્ત સંઘયણ છે, કારણ કે તે સંઘયણ સ્નેહ મર્દનાદિ સેવાની અપેક્ષા રાખે છે.

## કયા કયા જીવોને કેટલાં સંઘયણ હોય? તે કહે છે.

**છ ગબ્ભ તિરિનરાણં, સમુચ્છિમ પણિંદિ વિગલ છેવટ્ઠં;**
**સુર નેરઇયા એગિંદિયા ય સવ્વે અસંઘયણા. ૧૫૯.**

છ—છ સંઘયણ.
ગબ્ભ—ગર્ભજ.
તિરિ નરાણં—તિર્યંચ અને મનુષ્યોને.
સમુચ્છિમ પણિંદિ—સમૂર્ચ્છિમ પંચેંદ્રિય.
વિગલ—વિકલેંદ્રિયને.
છેવટ્ઠં—છેવટ્ઠું.
સુર નેરઇયા—દેવતા નારકી.
એગિંદિયા ય—અને એકેંદ્રિય.
સવ્વે—સર્વે.
અસંઘયણા—સંઘયણ રહિત.

**શબ્દાર્થ**—ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોને ૬ સંઘયણ હોય છે. સમૂર્ચ્છિમ પંચેંદ્રિય (તિર્યંચ અને મનુષ્ય) (તથા) વિકલેંદ્રિયને છેવટ્ઠું સંઘયણ હોય છે. સર્વે દેવતા નારકી અને એકેંદ્રિય સંઘયણ રહિત હોય છે.

**વિવેચન**—કર્મ પ્રકૃતિમાં સમૂર્ચ્છિમ તિર્યંચને છએ સંઘયણ કહ્યાં છે. સંઘયણ=શક્તિવિશેષ. એ અર્થથી તો દેવતામાં ચક્રવર્તિ કરતાં પણ ઘણી જ શક્તિ છે, માટે દેવતામાં વજ્રઋષભનારાચ સંઘયણ કહીએ અને એકેંન્દ્રિયમાં થોડી શક્તિ છે માટે છેવટ્ઠું સંઘયણ કહીએ. પણ અસ્થિ (હાડકાં) રૂપ સંઘયણ તેઓને હોતું નથી.

## કયા સંઘયણથી મરીને ઉત્કૃષ્ટથી કયા દેવલોક સુધી ગતિ હોય, તે કહે છે.

**છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, ચઉરો જા કપ્પ કીલિયાઇસુ;**
**ચઉસુ દુ દુ કપ્પ વુડ્ઢી, પઢમેણં જાવ સિદ્ધી વિ. ૧૬૦.**

છેવટ્ઠેણં—છેવટ્ઠા વડે.
ઉ—વળી.
ગમ્મઇ—જવાય છે.
ચઉરો—ચાર.
જા કપ્પ—દેવલોક સુધી.
કીલિયાઇસુ—કીલિકાદિ.
ચઉસુ—ચાર સંઘયણને વિષે.
દુ દુ કપ્પ—બબ્બે દેવલોકની.
વુડ્ઢી—વૃદ્ધિ.
પઢમેણં—પહેલા સંઘયણ વડે.
જાવ સિદ્ધી વિ—મોક્ષ સુધી પણ.

**શબ્દાર્થ** —છેવટ્ઠા સંઘયણ વડે વળી ૪ દેવલોક સુધી

જવાય છે. કીલિકાદિક ચાર સંઘયણુને વિષે બબ્બે દેવલોકની વૃદ્ધિ કરવી. પહેલા સંઘયણવડે મોક્ષ સુધી પણ જવાય છે.

**વિવેચન** –છેવટ્ઠા સંઘયણ વડે અધ્યવસાય વિશેષથી મરીને ભવનપતિથી માંડીને વૈમાનિકમાંના ચોથા માહેંદ્ર દેવલોક સુધી જાય, કીલિકા સંઘયણે કરીને બ્રહ્મ અને લાંતક દેવલોક સુધી જાય, અર્ધનારાચ સંઘયણે કરીને મહાશુક્ર અને સહસ્રાર દેવલોક સુધી જાય, નારાચ સંઘયણે કરીને આનત પ્રાણત દેવલોક સુધી જાય, રૂષભનારાચ સંઘયણે કરીને આરણ અને અચ્યુત દેવલોક સુધી જાય અને વજરૂષભનારાચ સંઘયણે કરીને સર્વત્ર ભવનપતિ વ્યંતર જ્યોતિષી બારદેવલોક નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર યાવત્ મોક્ષ સુધી ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાયે કરીને જાય.

## ૬ સંસ્થાનનું સ્વરૂપ અને કયા જીવોને કેટલાં સંસ્થાન હોય, તે કહે છે.

**સમચઉરંસે નગ્ગોહ, સાઇ વામણ ય ખુજ્જ હુંડે ય;**
**જીવાણ છ સંઠાણા, સવ્વત્થ સુલક્ખણં પઢમં. ૧૬૧.**

**નાહીએ ઉવરિ બીયં,તઇય–મહો પિટ્ઠિ ઉયર ઉરવજ્જં;**
**સિર ગીવ પાણિ પાએ, સુલક્ખણં તં ચઉત્થં તુ. ૧૬૨.**

**વિવરીયં પંચમગં, સવ્વત્થ અલક્ખણં ભવે છટ્ઠં;**
**ગબ્ભય નર તિરિય છહા, સુરા સમાહુંડયા સેસા. ૧૬૩.**

સમચઉરંસે-સમચતુરસ્ત્ર.
નગ્ગોહ-ન્યગ્રોધ.
સાઇ-સાદિ.
વામણ-વામન.
ખુજ્જ-કુબ્જ.
હુંડે-હુંડક.
જીવાણ-જીવોને.
છ સંઠાણા-૬ સંસ્થાન.
સવ્વત્થ-સર્વ ઠેકાણે.
સુલક્ખણં-સારા લક્ષણ-
વાળું.
પઢમં-પહેલું.
નાહીએ-નાભિની.
ઉવરિ-ઉપરનું.
બીયં-બીજું.
તઇયં-ત્રીજું.
અહો-નીચેનું.
પિટ્ઠિ-પીઠ.
ઉયર-ઉદર, પેટ.
ઉર વજ્જં-છાતી વર્જીને.

સિર ગીવ-મસ્તક, ડોક.
પાણિ પાએ-હાથ, પગ.
સુલક્ખણં-સુલક્ષણવાળું.
તં ચઉત્થં તુ-તે વળી ચોથું.
વિવરીયં-વિપરીત.
પંચમગં-પાંચમું.
સવ્વત્થ-સર્વ ઠેકાણે.
અલક્ખણં-અલક્ષણવાળું.
ભવે-હોય.
છટ્ઠં-છટ્ઠું.
ગબ્ભય-ગર્ભજ.
નરતિરિય-મનુષ્ય અને
તિર્યંચને.
છહા-છ પ્રકારનાં સંસ્થાન.
સુરા-દેવતા.
સમા-સમચતુરસ્ત્ર સંસ્થાન-
વાળા.
હુંડયા-હુંડક સંસ્થાનવાળા.
સેસા-બાકીના.

**શબ્દાર્થ**—સમચતુરસ્ત્ર, ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક એ છ સંસ્થાન (શરીરની આકૃતિ) જીવોને હોય છે. સર્વ ઠેકાણે સારા લક્ષણવાળું પહેલું (સમચતુરસ્ત્ર)

સંસ્થાન છે. નાભિની ઉપરનું સારા લક્ષણવાળું તે બીજું (ન્યગ્રોધ.) ત્રીજું (સાદિ) તે નાભિની નીચેનું અંગ સારા લક્ષણવાળું. પીઠ પેટ અને છાતી વર્જીને મસ્તક ડોક હાથ અને પગ સારા લક્ષણવાળા હોય તે વળી ચોથું (વામન), પાંચમું. (કુબ્જ) તે તેથી વિપરીત (પીઠ પેટ અને છાતી સારા લક્ષણવાળી હોય અને મસ્તક ડોક હાથ અને પગ ખરાબ લક્ષણવાળા હોય), સર્વ અવયવો અશુભ લક્ષણવાળા હોય તે છઠ્ઠું (હુંડક) સંસ્થાન છે. ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને છ સંસ્થાન હોય છ. દેવતા સમચતુરસ્ર સંસ્થાનવાળા અને બાકીના (એકેંદ્રિય, વિકલેંદ્રિય, અસંજ્ઞી મનુષ્ય અને તિર્યંચ તથા નારકી) હુંડક સંસ્થાનવાળા હોય છે.

**વિવેચન**—કર્મ પ્રકૃતિમાં અસંજ્ઞી તિર્યંચને છએ સંસ્થાન કહ્યાં છે. એકેન્દ્રિયમાં હુંડક, તેમાંથી પૃથ્વીકાયનું સંસ્થાન મસૂરની દાલે અને ચંદ્રમાના આકારે, અપકાયનું પાણીના પરપોટા જેવું, તેઉકાયનું સોયના અગ્રભાગ જેવું, વાયુકાયનું ધ્વજા જેવું અને વનસ્પતિકાયનું જુદાં જુદા પ્રકારનું સંસ્થાન હોય છે. વાયુકાય વૈક્રિય શરીર કરે તો પણ ધ્વજાના સંસ્થાને કરે છે. તિર્યંચ, મનુષ્ય, અને બારમા દેવલોક સુધીના દેવતાનું ઉત્તર વૈક્રિય શરીર જુદા જુદા પ્રકારનું હોય છે. દેવતાનું મૂળ શરીર સમચતુરસ્ર સંસ્થાને હોય છે. નારકીનું મૂલ અને ઉત્તર વૈક્રિય શરીર હુંડક સંસ્થાને હોય છે.

### દેવતાની ગતિ.

**જંતિ સુરા સંખાઉય, ગબ્ભયપજ્જત્તમણુય તિરિએસુ;**
**પજ્જત્તેસુ ય બાયર, ભૂ–દગ–પત્તેયગ–વણેસુ. ૧૬૪.**

**તત્થવિ સણંકુમારં, પભિઈ એગિંદિએસુ નો જંતિ;**
**આણય પમુહા ચવિઉં, મણુએસુ ચેવ ગચ્છન્તિ ૧૬૫.**

**જંતિ**–જાય છે, ઉપજે છે.
**સુરા**–દેવતા.
**સંખાઉ**–સંખ્યાતા આયુષ્ય-વાળા.
**ગબ્ભય**–ગર્ભજ.
**પજ્જત્ત**–પર્યાપ્તા.
**મણુઅ તિરિએસુ**–મનુષ્ય અને તિર્યંચોમાં.
**પજ્જત્તેસુ**–પર્યાપ્તા.
**બાયર**–બાદર.
**ભૂ**–પૃથ્વીકાય.
**દગ**–અપ્કાય.
**પત્તેયગ વણેસુ**–પ્રત્યેક વનસ્પતિ કાયમાં.
**તત્થવિ**–તેમાં પણ.
**સણંકુમારં**–સનત્કુમાર.
**પભિઇ**–વિગેરે, આરંભીને.
**એગિંદિએસુ**–એકેન્દ્રિયમાં.
**નો જંતિ**–ઉપજતા નથી.
**આણય પમુહા**–આનત વિગેરે દેવો.
**ચવિઉં**–ચવિને, મરીને.
**મણુએસુ**–મનુષ્યને વિષે.
**ચેવ**–નિશ્ચે, જ.
**ગચ્છન્તિ**–જાય છે, ઉપજે છે.

**શબ્દાર્થ**—સંખ્યાતા (વર્ષના) આયુષ્યવાળા ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય અને તિર્યંચોમાં (તથા) પર્યાપ્તા બાદર પૃથ્વી કાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં (ઈશાન સુધીના) દેવતા ઉપજે છે.

તેમાં પણ સનત્કુમાર વિગેરે (સહસ્રાર સુધીના) દેવો એકેંદ્રિયમાં ઉપજતા નથી આનત વિગેરે દેવો મરીને મનુષ્યમાં જ ઉપજે છે.

**વિવેચન**—સૂક્ષ્મ એકેન્દ્રિય, તેઉકાય, વાયુકાય, અપર્યાપ્ત પૃથ્વી અપ અને પ્રત્યેક વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, દેવતા, નારકી, સમૂચ્છિંમ તિર્યંચ અને મનુષ્ય તથા યુગલિકોમાં દેવતા ઉપજતા નથી.

સનત્કુમારથી માંડીને સહસ્રાર સુધીના દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ અને મનુષ્યમાંજ ઉપજે છે, આનતથી માંડીને અનુત્તર વિમાન સુધીના દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ પર્યાપ્ત મનુષ્યમાં જ ઉપજે છે, પરંતુ બીજે ઠેકાણે (એકેંદ્રિયાદિકમાં) ઉપજતા નથી.

## દેવોને દેવીઓની સાથે જે રીતે સંભોગ છે અથવા સર્વથા નથી, તે પ્રકાર કહે છે.

**દો કપ્પ કાયસેવી, દો દો દો ફરિસ રૂવ સદ્દેહિં;**
**ચઉરો મણેણુ-વરિમા, અપ્પવિયારા અણંતસુહા.૧૬૬.**

**દો કપ્પ**–બે દેવલોક સુધીના દેવો.
**કાયસેવી**–કાયસેવી.
**દો દો દો**–બે બે બે દેવલોકના દેવો.
**ફરિસ**–સ્પર્શ.
**રૂવ**–રૂપ.
**સદ્દેહિં**–શબ્દ વડે.
**ચઉરો**–ચાર (આનતાદિ).
**મણેણુ**–મન વડે.
**ઉવરિમા**–ઉપરના દેવો.
**અપ્પવિયારા**–અલ્પવિકારી
**અણંતસુહા**–અનંતસુખવાળા·

**શબ્દાર્થ**—બે દેવલોક (સૌધર્મ ને ઇશાન) સુધીના દેવો કાયાવડે મૈથુન સેવનારા છે. (તે પછીના) બે દેવલોક

(સનત્કુમાર અને માહેંદ્ર)ના દેવો સ્પર્શ સેવી, (તે પછી) બે દેવ-લોક (બ્રહ્મ અને લાંતક)ના દેવો રૂપ સેવી, (તે પછી) બે દેવલોક (મહાશુક્ર અને સહસ્રાર)ના દેવો શબ્દ સેવી, ચાર દેવલોક (આનતાદિ)ના દેવો મન વડે અને ઉપરના દેવો અલ્પવિકારી અને અનંત સુખવાળા હોય છે.

**વિવેચન**—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો મનુષ્યની પેઠે કામભોગ કરે. કાયસેવા વિના દેવાંગના પણ તૃપ્તિ ન પામે. દેવતાને મનુષ્યની પેઠે વીર્ય હોય છે, પણ કેશાદિ હોતાં નથી. સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકના દેવો પોતાને ભોગ યોગ્ય અપરિગૃહીતા દેવાંગનાની કાયાના અવયવો (સ્તન ભૂજા વિગેરે) ને સ્પર્શ કરવાથી સંભોગ સુખ અનુભવે. બ્રહ્મ અને લાંતક દેવલોકના દેવો દેવાંગનાનું રૂપ દેખીને કામસુખ અનુભવે. મહાશુક્ર અને સહસ્રાર દેવલોકના દેવો દેવાંગનાનાં ગીત હાસ્ય વિલાસ ભાષણ અને ઝાંઝર વિગેરેના શબ્દ સાંભળી કામસુખ અનુભવે. આનતાદિ ૪ દેવલોકના દેવો પોતાને સ્થાનકે રહેલા પોતાને રમવા યોગ્ય દેવીને મનમાં ચિંતવે, તે વખતે તે દેવી પોતાના સ્થાનકે બેસી, શૃંગાર કરી, બુરી કામચેષ્ટાને મનમાં ધરી, ભોગને માટે સાવધાન થાય, તેથી તે દેવ મન સંકલ્પે કરી પૂર્ણ સુખ પામે. કાયસેવીની જેમ સ્પર્શાદિ સેવી દેવનાં વીર્ય પુદ્ગલો દેવાંગનાના શરીરમાં દેવ શક્તિથી સંચરે, તેથી દેવાંગનાને સુખ ઉપજે, પરંતુ દેવના વૈક્રિય પુદ્ગલોથી ગર્ભ ઉપજે નહિ. ચક્રવર્તિના વૈક્રિય-

પુદ્ગલોથી ગર્ભ ઉપજે, કારણ કે તેનું મૂલ શરીર ઔદારિક છે, તેથી તે ચક્રવર્તિ વૈક્રિય શુક્ર પુદ્ગલોને ઔદારિકપણે પરિણમાવે તેથી તે ગર્ભ ઉપજે. ઉપર ઉપરના દેવોને અનંતગુણ સુખ જાણવું. જેમકે કાયસેવી કરતાં સ્પર્શસેવીને અનંતગુણ સુખ જાણવું. ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવો વિષય સેવા રહિત છે, તો તેઓ બ્રહ્મચારી કેમ ન કહેવાય? અવિરતિના ઉદયથી તેઓને ચારિત્રના પરિણામનો અભાવ હોવાથી તેઓ બ્રહ્મચારી ન કહેવાય.

શક્રાદિ દેવો સુધર્મા સભામાં માણવક ચૈત્યના ડાબડામાં રહેલી જિનેશ્વર ભગવાનની દાઢાની આશાતનાના ભયથી ત્યાં દેવીની સાથે સંભોગ ન કરે, વળી સૌધર્મ અને ઈશાન દેવલોકનાં વિમાનોની તકરારને લીધે પરસ્પર શસ્ત્રાદિ વડે લડાઈ થવાથી ઇંદ્રાદિકના શરીરે લાગેલા ઘા વિગેરેની પીડા પણ એ દાઢાના ન્હવણનું જળ છાંટવાથી શાંત થાય છે, એટલું જ નહિ પણ તેમનો ક્રોધ પણ શાંત થાય છે.

## વીતરાગનું સુખ

**જં ચ કામસુહં લોએ, જં ચ દિવ્વં મહાસુહં;**
**વીયરાય-સુહસ્સ ય, ણંતભાગં પિ નગ્ઘઇ. ૧૬૭.**

| | |
|---|---|
| **જં કામસુહં**-જે કામસુખ. | **સુહસ્સ**-સુખના. |
| **લોએ**-લોકને વિષે. | **અણંત ભાગં પિ**-અનંતમા ભાગને પણ. |
| **જં દિવ્વં**-જે દેવ સંબંધી. | **નગ્ઘઈ**-(નાર્ઘતે) યોગ્ય થતું નથી. |
| **મહાસુહં**-મહાસુખ. | |
| **વીયરાય**-વીતરાગના | |

**શબ્દાર્થ**—લોકને વિષે જે કામસુખ છે અને જે દેવ સંબંધી મહાન સુખ છે, તે સુખ વીતરાગના સુખના અનંતમા ભાગને પણ યોગ્ય થતું (પામતું) નથી.

## દેવીઓની ઉત્પત્તિ તથા દેવી અને દેવોનું ગમનાગમન.

**ઉવવાઓ દેવીણં, કપ્પ દુગં જા પરઓ સહસ્સારા;**
**ગમણાગમણં નત્થી, અચ્ચુય પરઓ સુરાણંપિ. ૧૬૮.**

**ઉવવાઓ**-ઉત્પત્તિ.
**દેવીણં**-દેવીઓની.
**કપ્પદુગં**-બે દેવલોક.
**જા**-યાવત્, સુધી.
**પરઓ**-પરતઃ, આગળ.
**સહસ્સારા**-સહસ્રાર.
**ગમણાગમણં**-ગમનાગમન.
**નત્થી**-નથી.
**અચ્ચુય**-અચ્યુતથી.
**સુરાણંપિ**-દેવોનું પણ.

**શબ્દાર્થ**—દેવીઓની ઉત્પત્તિ બે દેવલોક સુધી હોય છે અને આગળ સહસ્રાર દેવલોક સુધી અપરિગૃહિતા દેવીઓનું) ગમનાગમન હોય છે. અચ્યુતથી આગળ દેવોનું પણ ગમનાગમન નથી.

**વિવેચન**—દેવીઓથી ઉત્પત્તિ ભવનપતિ વ્યંતર જ્યોતિષી સૌધર્મ અને ઇશાન દેવલોકમાં હોય છે, પરંતુ દેવીઓ ઉપરના દેવલોકમાં ઉપજતી નથી. સૌધર્મ અને ઇશાન દેવલોકમાં ઉત્પન્ન થયેલી અપરિગૃહિતા દેવીઓનું ગમનાગમન સહસ્રાર દેવલોક સુધીના દેવોના ભોગને માટે થાય છે. તેથી ઉપરના દેવલોકે દેવીઓનું ગમનાગમન નથી. આનતાદિ

દેવલોક યોગ્ય દેવીને કાયસેવાની વાંછા ઉપજે, તો તે પોતાની ઇચ્છા મુજબ મનુષ્ય, સૌધર્મ અથવા ઈશાન દેવલોકના દેવની સાથે કાયસેવા કરે. કદાચિત્ બારમા દેવલોકનો દેવ મન સેવી મનુષ્ય લોકમાં આવી મનુષ્યની સ્ત્રી સાથે કાયસેવા કરે, તો તે દેવ મરીને તેજ સ્ત્રીને પેટે ઉપજવાનો હોય, ત્યારે જ એને એવી કુબુદ્ધિ ઉપજે. અચ્યત દેવલોક થકી ઉપર દેવોનું ગમનાગમન નથી, કારણ કે નીચેના દેવોને ઉપર (ગ્રૈવેયકાદિકમાં) જવાની શક્તિ નથી અને ઉપરના દેવોને અહીં આવવાનું પ્રયોજન નથી. જિનેશ્વરના જન્માદિ કલ્યાણકોમાં પણ ત્યાં બેઠા થકા ગ્રૈવેયકાદિ દેવો નમસ્કારાદિ ભક્તિ સાચવે છે, તથા સંદેહ ઉત્પન્ન થાય, તો તે દેવો ત્યાંથી જ તીર્થંકર ભગવાનને મનોવર્ગણાએ પ્રશ્ન પૂછે અને તીર્થંકર ભગવાન્ કેવળજ્ઞાનથી તેમનો પ્રશ્ન જાણી મનોવર્ગણાએ ઉત્તર આપે, એટલે તે દેવો તીર્થંકરે મનોવર્ગણાથી આપેલા ઉત્તરને અવધિજ્ઞાનથી જાણી પોતાનો સંદેહ દૂર કરે.

## કિલ્બીષિયાનું આયુષ્ય અને ઉત્પત્તિ સ્થાનક.

**તિ પલિય તિ સાર તેરસ, સારા કપ્પ દુગ તઇય લંત અહો;**
**કિબ્બિસિય ન હુન્તિ ઉવરિં, અચ્ચુયપરઓ-ભિઓગાઇ.**

| | |
|---|---|
| **તિપલિય**-૩ પલ્યોપમ. | **તઇય**-ત્રીજા (દેવલોક)ની. |
| **તિસાર**-૩ સાગરોપમ. | **લંત**-લાંતકની. |
| **તેરસ સારા**-૧૩ સાગરોપમ. | **અહો**-નીચે. |
| **કપ્પદુગ**-બે દેવલોકની | **કિબ્બિસિય**-કિલ્બીષિયા. |

ન હુન્તિ–ઉપજતા નથી.
ઉવરિં–ઉપર.
અચ્ચુય–અચ્ચુતથી.
પરઓ–આગળ, ઉપર.
અભિઓગાઈ–અભિયોગિકાદિ.

શબ્દાર્થ – ૩ પલ્યોપમ, ૩ સાગરોપમ અને ૧૩ સાગરોપમ આયુષ્યવાળા કિલ્બીષિયા (અનુક્રમે પહેલા) બે દેવલોકની નીચે, ત્રીજા દેવલોકની નીચે અને લાંતક દેવલોકની નીચે ઉપજે છે. કિલ્બીષિયા ઉપરના દેવલોકે ઉપજતા નથી. અચ્યુત થકી આગળ અભિયોગિકાદિ દેવો નથી.

વિવેચન —અશુભ કર્મના ઉદયે કરી દેવતામાં ચંડાલ સરખા દેવો તે કિલ્બીષિયા કહેવાય છે ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા પહેલા કિલ્બીષિયા સૌધર્મ અને ઈશાન દેવલોકની નીચે ઉત્પન્ન થાય છે. ત્રણ સાગરોપમ આયુષ્યવાળા બીજા કિલ્બીષિયા સનત્કુમાર દેવલોકની નીચે ઉત્પન્ન થાય છે અને તેર સાગરોપમ આયુષ્યવાળા ત્રીજા કિલ્બીષિયા લાંતક દેવલોકની નીચે ઉત્પન્ન થાય છે. કિલ્બીષિયા દેવો ઉપરના દેવલોકમાં ઉપજતા નથી. અચ્યુત દેવલોકથી ઉપર (ગ્રૈવેયક અને અનુત્તર વિમાન)માં અભિયોગિકાદિ દેવો ઉપજતા નથી. તેમાં આદિ શબ્દથી ગાથા ૪૪ માં કહેલ સામાનિકાદિ ૯ પ્રકારના દેવો સમજવા, કારણ કે ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાનવાસી દેવો સર્વે અહમિંદ્ર છે.

## સૌધર્મમાં અપરિગૃહિતા દેવીનાં વિમાન, આયુષ્ય અને તે દેવી કયા દેવોને ઉપભોગ યોગ્ય છે. તે કહે છે.

**અપરિગ્ગહ દેવીણં, વિમાણ લક્ખા છ હુંતિ સોહમ્મે;**
**પલિયાઇ સમયાહિય,ઠિઇ જાસિં જાવ દસ પલિયા. ૧૭૦.**

**તાઓ સણંકુમારા, ણેવં વટ્ટન્તિ પલિય દસગેહિં;**
**જા બંભ સુક્ક આણય, આરણ દેવાણ પન્નાસા. ૧૭૧.**

**અપરિગ્ગહ દેવીણં**-અપરિગૃહીતા દેવીનાં.
**વિમાણ**-વિમાન.
**છ લક્ખા** ૬ લાખ.
**હુન્તિ**-છે, હોય છે.
**સોહમ્મે**-સૌધર્મ દેવલોકમાં
**પલિયાઈ**-પલ્યોપમાદિકથી.
**સમયાહિય**-સમય અધિક.
**ઠિઇ**-સ્થિતિ.
**જાસિં**-જે દેવીઓની.
**જાવ દસ પલિયા**-૧૦ પલ્યોપમ સુધી.
**તાઓ**-તે દેવીઓ.
**સણંકુમારાણ**-સનત્કુમાર દેવોને.
**એવં**-એ પ્રમાણે, એવી રીતે.
**વટ્ટન્તિ**-વધે છે, વધારતાં.
**પલિય દસગેહિં**-૧૦ પલ્યોપમ.
**જા**-યાવત, સુધી
**બંભ**-બ્રહ્મ.
**સુક્ક**-મહાશુક્ર.
**આણય**-આનત.
**આરણ દેવાણ**-આરણ દેવોને.
**પન્નાસા**-૫૦ પલ્યોપમ સુધી.

**શબ્દાર્થ**—અપરિગૃહિતા દેવીનાં ૬ લાખ વિમાન સૌધર્મ દેવલોકમાં છે. પલ્યોપમથી માંડીને સમય અધિક યાવત્ ૧૦ પલ્યોપમ સુધી જે દેવીઓની સ્થિતિ છે, તે દેવીઓ સનત્કુમારને ઉપભોગ યોગ્ય જાણવી. એવી રીતે ૧૦-૧૦ પલ્યોપમ વધે છે. (વધારતાં અનુક્રમે) બ્રહ્મ, મહાશુક્ર, આનત અને આરણ દેવોને યાવત્ ૫૦ પલ્યોપમ સુધી ઉપભોગ યોગ્ય દેવીઓ હોય છે,

**વિવેચન**—સૌધર્મ દેવલોકને વિષે ૧ પલ્યોપમ

આયુષ્યવાળી અપરિગૃહિતા દેવી સૌધર્મ દેવોને ઉપભોગ યોગ્ય જાણવી તે (પલ્યો૦)થી એક બે ત્રણ સંખ્યાતા અસંખ્યાતા સમય અધિક યાવત્ ૧૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી સનત્કુમાર દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. ઉપરના દેવો તેવા પ્રકારના સ્વભાવથી તે દેવીઓને ઈચ્છતા નથી. એવી રીતે ૧૦ પલ્યોપમથી અધિક અને ૨૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી તે બ્રહ્મ દેવલોકને ઉપભોગ યોગ્ય જાણવી; તથા ૨૦ પલ્યોપમથી અધિક અને ૩૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી તે મહાશુક્ર દેવોને ઉપભોગ યોગ્ય જાણવી, તથા ૩૦ પલ્યોપમથી અધિક અને ૪૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી તે આનત દેવોને ઉપભોગ યોગ્ય જાણવી, તથા ૪૦ પલ્યોપમથી અધિક અને ૫૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી તે આરણ દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી.

### પ્રશ્નો

૧. સંઘયણ અને સંસ્થાનનો અર્થ કહો. કયા જીવોને કેટલાં સંઘયણ અને સંસ્થાન હોય તથા કયા સંઘયણથી મરીને કયા દેવલોક સુધીમાં ઉપજે. વ્યંતર, માહેંદ્ર અને પ્રાણત દેવોની ગતિ કહો.

## ઇશાનમાં અપરિગૃહિતા દેવીનાં વિમાન, આયુષ્ય અને તે દેવી કયા દેવોને ઉપભોગ યોગ્ય.

**ઇસાણે ચઉ લક્ખા, સાહિય પલિયાઇ સમય અહિય ઠિઇ;**
**જા પન્નર પલિય જાસિં, તાઓ માહિંદ દેવાણં. ૧૭૨.**

**એએણ કમેણ ભવે, સમયાહિય પલિય દસગ વુડ્ઢીએ;**
**લંત સહસ્સાર પાણય, અચ્ચુય દેવાણ પણપન્ના. ૧૭૩.**

**ઈસાણે**–ઇશાન દેવલોકે.
**ચઉ લક્ખા**–૪ લાખ.
**સાહિય પલિયાઇ**–સાધિક પલ્યોપમાદિ.
**સમય અહિયઠિઇ**–સમય અધિક સ્થિતિ.
**જા**–યાવત્
**પન્નર પલિય**–૧૫ પલ્યોપમ સુધી.
**જાસિં**–જેઓની.
**તાઓ**–તે.
**માહિંદ દેવાણં**–માહેંદ્રદેવાને
**એએણ કમેણ**–એ ક્રમ વડે.
**ભવે**–થાય.
**સમયાહિય**–સમય અધિક.
**પલિય દસગ વુડ્ઢીએ**–૧૦ પલ્યોપમની વૃદ્ધિ વડે.
**લંત**–લાંતક.
**સહસ્સાર**–સહસ્રાર.
**પાણય**–પ્રાણત.
**અચ્ચુય દેવાણ**–અચ્યુત દેવોને.
**પણપન્ના**–પંચાવન પલ્યો૦

**શબ્દાર્થ**—ઇશાનને વિષે ૪ લાખ અપરિગૃહીતા દેવીઓનાં વિમાનો છે. સાધિક પલ્યોપમથી (આયુષ્યાળી દેવીઓ તે ઇશાન દેવોને ઉપભોગ યોગ્ય છે. તે) થી સમય અધિક યાવત ૧૫ પલ્યોપમ સુધીની જે (દેવી)ઓની સ્થિતિ છે, તે માહેંદ્ર દેવોને ઉપભોગ યોગ્ય છે. એ ક્રમ વડે સમય અધિક યાવત્ ૧૦-૧૦ પલ્યોપમની વૃદ્ધિ વડે લાંતક, સહસ્રાર પ્રાણત અને અચ્યુત દેવોને ઉપભોગ યોગ્ય હોય છે, (છેવટે) ૫૫ પલ્યોપમની અપરિગૃહિતા દેવીઓ અચ્યુત દેવોને ઉપભોગ યોગ્ય હોય છે.

**વિવેચન**—ઈશાન દેવલોકે પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક ૧ પલ્યોપમ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવી તે ઈશાન દેવોને ઉપભોગ યોગ્ય જાણવી, તેથી એક બે ત્રણ સંખ્યાતા અસંખ્યાતા સમય અધિક યાવત્ ૧૫ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી માહેંદ્ર દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. ૧૫ પલ્યોપમથી અધિક અને ૨૫ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી લાંતક દેવોને ઉપભોગ યોગ્ય જાગવી, ૨૫ પલ્યોપમથી અધિક અને ૩૫ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી સહસ્રાર દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. ૩૫ પલ્યોપમથી અધિક અને ૪૫ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી પ્રાણત દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. ૪૫ પલ્યોપમથી અધિક અને ૫૫ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી અચ્યુત દેવોને ઉપભોગ યોગ્ય જાણવી.

## ૬ લેશ્યામાંથી કયા દેવોને કેટલી લેશ્યા હોય, તથા વૈમાનિક દેવોના શરીરનો વર્ણ.

**કિણ્હા નીલા કાઊ,તેઊ પમ્હા ય સુક્ક લેસ્સાઓ;**
**ભવણ વણ પઢમ ચઊ લેસ, જોઇસિ કપ્પ દુગે તેઊ. ૧૭૪.**

**કપ્પ તિય પમ્હ લેસા, લંતાઇસુ સુક્કલેસ હુન્તિ સુરા;**
**કણગાભ પઉમકેસર,વન્ના દુસુતિસુઉવરિધવલા.૧૭૫.**

**કિણ્હા**-કૃષ્ણ.
**નીલા**-નીલ.
**કાઊ**-કાપોત.
**તેઊ**-તેજો.
**પમ્હા**-પદ્મ.
**સુક્ક**-શુકલ.
**લેસ્સાઓ**-લેશ્યા.
**ભવણ**-ભવનપતિ.
**વણ**-વ્યંતરને.
**પઢમ**-પ્રથમની.
**ચઉલેસ**-૪ લેશ્યા.
**જોઇસ**-જ્યોતિષી.
**કપ્પદુગે**-બે દેવલોકે.
**તેઊ**-તેજોલેશ્યા.
**કપ્પતિય**-ત્રણ દેવલોકે.
**પમ્હલેસા**-પદ્મલેશ્યા.
**લંતાઇસુ**-લાંતકાદિને વિષે.
**સુક્કલેસ**-શુકલ લેશ્યાવાળા.
**હુન્તિ**-હોય છે.
**સુરા**-દેવો.
**કણગાભ**-કનક (સોના) જેવો.
**પઉમ કેસર**-પદ્મનીકેસરાજેવા.
**વન્ના**-વર્ણવાળા.
**દુસુ**-બે દેવલોકે.
**તિસુ**-ત્રણ દેવલોકે.
**ઉવરિ**-ઉપરના દેવલોકે.
**ધવલા**-ધોળા.

**શબ્દાર્થ**—કૃષ્ણ નીલ કાપોત તેજો પદ્મ અને શુકલ લેશ્યા છે, (તેમાંથી) પ્રથમની ૪ લેશ્યા ભવનપતિ અને વ્યંતરને હોય છે. જ્યોતિષી અને બે દેવલોક (સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો)ને વિષે તેજો લેશ્યા, ત્રણ દેવલોક (સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મ દેવલોકના દેવો) ને વિષે પદ્મ લેશ્યા અને લાંતકાદિ દેવલોકને વિષે શુકલ લેશ્યાવાળા દેવો હોય છે. બે દેવલોકને વિષે (દેવોના શરીરનો વર્ણ) સોના જેવો (રાતો) છે. ત્રણ દેવલોકને વિષે (સનત્કુમાર માહેંદ્ર અને બ્રહ્મ દેવલોકને વિષે) પદ્મની કેસરા જેવા (ગૌર) અને ઉપરના (દેવલોકે) દેવો ધોળા વર્ણવાળા હોય છે.

**સાધર્મ અને ઈશાનમાં અપરિગ્રહીતા દેવીઓનાં વિમાનની સંખ્યા, આયુષ્ય અને કયા દેવોને કેવી રીતે ભોગ્ય તથા વૈમાનિક દેવોને લેશ્યા અને શરીરનો વર્ણ.**

| દેવીઓની ઉત્પત્તિ | વિમાન | અપરિગ્રહીતા દેવીઓનાં ગમનાગમન | દેવીઓનું ગમનાગમન આઠ દેવલોક સુધી | કેટલા આયુષ્યવાળી | કયા દેવોને ભોગ્ય | કેવી રીતે ? | લેશ્યા | શરીરનો વર્ણ. |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ લાખ | | | ૧ પલ્યોપમ. | સૌધર્મ | કાયાથી | તેજો | રાતો |
| | ૪ લાખ | | | ૧ પલ્યોપમથી અધિક | ઈશાન | ,, | ,, | ,, |
| | | | | ૧ પલ્યોપમ થી ૧૦ પલ્યો૦ | સનત્કુમાર | સ્પર્શથી | પદ્મ | ગૌર |
| | | | | ૧ પલ્યો૦ અધિકથી ૧૫ પલ્યો૦ | માહેંદ્ર | ,, | ,, | ,, |
| | | | | ૧૦ પલ્યો૦ અધિકથી ૨૦ પલ્યો૦ | બ્રહ્મદેવલોક | રૂપથી | ,, | ,, |
| | | | | ૧૫ પલ્યો૦ અધિકથી ૨૫ પલ્યો૦ | લાંતક | ,, | શુકલ | ધોળો |
| | | | | ૨૦ પલ્યો૦ ,, ૩૦ પલ્યો૦ | મહાશુક્ર | શબ્દથી | ,, | ,, |
| | | | | ૨૫ પલ્યો૦ ,, ૩૫ પલ્યો૦ | સહસ્રાર | ,, | ,, | ,, |
| | | | | ૩૦ પલ્યો૦ ,, ૪૦ પલ્યો૦ | આનત | મનથી | ,, | ,, |
| | | | | ૩૫ પલ્યો૦ ,, ૪૫ પલ્યો૦ | પ્રાણુત | ,, | ,, | ,, |
| | | | | ૪૦ પલ્યો૦ ,, ૫૦ પલ્યો૦ | આરણુ | ,, | ,, | ,, |
| | | | | ૪૫ પલ્યો૦ ,, ૫૫ પલ્યો૦ | અચ્યુત | ,, | ,, | ,, |
| | | | | | ૯ ગ્રૈવેયક | અપ્રવીચાર | ,, | ,, |
| | | | | | ૫ અનુત્તર | ,, | ,, | ,, |

**વિવેચન**—જીવ કર્મ સાથે જેના વડે આશ્લેષ પામે તે લેશ્યા. તેના બે ભેદ ૧. દ્રવ્ય લેશ્યા અને ૨. ભાવ લેશ્યા. આત્માના શુભાશુભ પરિણામ તે ભાવલેશ્યા; અને તેનું કારણ કાળાં લીલાં ઈત્યાદિ પુદ્ગલો તે દ્રવ્ય લેશ્યા. પરમાધામીને કૃષ્ણ લેશ્યા જ હોય, ભવનપતિથી માંડીને ગ્રૈવેયક સુધીના દેવોને ભાવથી છએ લેશ્યા હોય અને પાંચ અનુત્તરના દેવો ભાવથી શુકલ લેશ્યાવાળા અને પ્રાયઃ વિશુદ્ધ દ્રવ્ય લેશ્યાવાળા હોય છે.

**પ્રશ્નો**

૧. દેવીઓની ઉત્પત્તિ અને ગમનાગમન કયા દેવલોક સુધી હોય ? સૌધર્મ, માહેંદ્ર, મહાશુક્ર અને અચ્યુત દેવોને કેટલા આયુષ્યવાળી દેવી કેવી રીતે ઉપભોગ યોગ્ય હોય તથા તે દેવોને લેશ્યા અને શરીરનો વર્ણ કહો.

૨ બીજા કિલ્બીષિયાનું આયુષ્ય અને ઉત્પત્તિના સ્થાન કહો.

## જઘન્ય આયુષ્યવાળા દેવોને આહાર તથા શ્વાસોશ્વાસનું સ્વરૂપ.

**દસવાસ સહસ્સાઈ, જહન્ન-માઉં ધરંતિ જે દેવા;**
**તેસિં ચઉત્થાહારો, સત્તહિં થોવેહિં ઊસાસો. ૧૭૬.**

**દસવાસ સહસ્સાઈ**-૧૦ હજાર વર્ષનું.
**જહન્ન**-જઘન્ય.
**આઉ**-આયુષ્યને.
**ધરંતિ**-ધારણ કરે છે.
**જે દેવા**-જે દેવો.
**તેસિં**-તેઓને.
**ચઉત્થાહારો**-ચોથ ભક્તે આહાર.
**સત્તહિં થોવેહિં**-સાત સ્તોકે
**ઊસાસો**-શ્વાસોશ્વાસ.

**શબ્દાર્થ**—૧૦ હજાર વર્ષના જઘન્ય આયુષ્યને જે દેવો ધારણ કરે છે, તે દેવોને ચોથભકતે (આંતરે દિવસે) આહારની ઈચ્છા થાય અને ૭ સ્તોકે શ્વાસોશ્વાસ થાય.

**વિવેચન**—ભવનપતિ અને વ્યંતર દેવોમાં જે દેવો ૧૦ હજાર વર્ષના આયુષ્વાળા હોય, તે દેવોને એક અહોરાત્રિને આંતરે આહારની ઇચ્છા ઉપજે. તે ઈચ્છા ઉપજ્યા પછી સર્વ ઇંદ્રિઓને આલ્હાદકારી મનોજ્ઞ પુદ્ગલે કરીને તે દેવ તૃપ્તિ પામે. ૭ સ્તોક ગયે છતે શ્વાસોશ્વાસ લે. (૭ સ્તોકને આંતરે ઉચ્છ્વાસ લેવાનું પ્રવર્તે છે.) તેટલા કાળના વચમાં નિશ્ચલ રહે.

## મુહૂર્ત અને અહોરાત્રિના શ્વાસોશ્વાસ કેટલા? તથા સાગરોપમ આયુષ્યવાળા દેવોને શ્વાસોશ્વાસ અને આહારનું સ્વરૂપ.

**આહિ વાહિ વિમુક્કસ્સ, નિસાસૂસ્સાસ એગગો;**
**પાણુ સત્ત ઇમો થોવો, સોવિ સત્ત ગુણો લવો. ૧૭૭.**
**લવસત્તહત્તરીએ, હોઈ મુહુત્તો ઈમંમિ ઊસાસા;**
**સગતીસ સય તિહુત્તર, તીસ ગુણા તે અહોરત્તે. ૧૭૮.**
**લક્ખં તેરસ સહસા, નઉયસયં અયર સંખયા દેવે;**
**પક્ખેહિં ઊસાસે, વાસ સહસ્સેહિં આહારો. ૧૭૯.**

**આહિ**—આધિ.
**વાહિ**—વ્યાધિ.
**વિમુક્કસ્સ**—મુક્ત (મનુષ્ય)નો, રહિતનો.

નીસાસૂસ્સાસ–શ્વાસોશ્વાસ.
એગગો–એક.
પાણુ–પ્રાણ.
સત્ત–સાત પ્રાણે.
ઈમો–આ.
થોવો–સ્તોક.
સોવિ–તે (સ્તોક) પણ.
સત્તગુણો–સાતગુણા કરતાં.
લવો–લવ.
લવસત્તહત્તરીએ–૭૭ લવે.
હોઈ–થાય.
મુહુત્તો–મુહૂર્ત.
ઈમંમિ–આ (મુહૂર્ત)ને વિષે.
ઊસાસા–શ્વાસોશ્વાસ.
સગતીસસયતિહુત્તર–૩૭૭૩
તીસગુણા–૩૦ ગુણા કરતાં.
તે–તે શ્વાસોશ્વાસ.
અહોરત્તે–રાત્રિ દિવસમાં.
લક્ખંતેરસસહસા–૧ લાખ ૧૩ હજાર.
નઊયસયં–એકસો નેવું.
અયરસંખયા– સાગરોપમની સંખ્યાવાળા.
દેવે–દેવને વિષે.
પક્ખેહિં–પખવાડીએ.
ઊસાસે–શ્વાસોશ્વાસ.
વાસસહસ્સેહિં–હજાર વર્ષે.
આહારો–આહાર.

**શબ્દાર્થ**—આધિ (મનની પીડા) અને વ્યાધિ (શરીરની પીડા) વડે વિશેષે કરીને (ચિંતા એને શ્રમથી) રહિત એવા મનુષ્યનો એક શ્વાસોશ્વાસ તે પ્રાણ. સાત પ્રાણો વડે આ ૧ સ્તોક. તે સ્તોક પણ સાત ગુણાં કરતાં ૧ લવ થાય, ૭૭ લવે ૧ મુહૂર્ત થાય. આ મુહૂર્તને વિષે ૩૭૭૩ શ્વાસોશ્વાસ થાય. તેને ૩૦ ગુણા કરતાં એક અહોરાત્રિને વિષે ૧ લાખ ૧૩ હજાર એકસો નેવું શ્વાસોશ્વાસ થાય. સાગરોપમની સંખ્યાવાળા દેવને વિષે પખવાડીએ શ્વાસોશ્વાસ અને હજાર વર્ષે આહારની ઇચ્છા થાય.

**વિવેચન**—જે દેવોનું જેટલા સાગરોપમ આયુષ્ય

હોય, તે દેવોને તેટલા પખવાડિયે શ્વાસોશ્વાસ અને તેટલા હજાર વર્ષે આહારની ઈચ્છા ઉપજે. જેમકે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવનું ૩૩ સાગરોપમ આયુષ્ય છે. તો તે દેવને ૩૩ પખવાડીએ શ્વાસોશ્વાસ અને ૩૩ હજાર વર્ષે આહારની ઇચ્છા ઉપજે.

## કાળના પ્રમાણનું કોષ્ટક.

| | | | | |
|---|---|---|---|---|
| ૭ પ્રાણે | = | ૧ સ્તોક | | |
| ૭ સ્તોકે | = | ૧ લવ. | | |
| ૭૭ લવે | = | ૧ મુહૂર્ત | = | ૩૭૭૩ શ્વાસોશ્વાસ. |
| ૩૦ મુહૂર્તે | = | ૧ દિવસ | = | ૧,૧૩,૧૯૦ શ્વાસોશ્વાસ. |
| ૩૦ દિવસે | = | ૧ માસ | | |
| ૧૨ માસે | = | ૧ વરસ. | | |
| ૮૪ લાખ વર્ષે | = | ૧ પૂર્વાંગ | | |
| ૮૪ લાખ પૂર્વાંગે | = | ૧ પૂર્વ | | |

## જઘન્ય આયુષ્યથી અધિક અને સાગરોપમથી ન્યૂન આયુષ્યવાળા દેવોને આહાર અને શ્વાસોશ્વાસનું સ્વરૂપ.

**દસવાસ સહસ્સુવરિં, સમયાઇ જાવ સાગરં ઊણું;**
**દિવસ મુહુત્ત પુહુત્તા, આહારુસાસ સેસાણં. ૧૮૦.**

| | |
|---|---|
| **દસવાસસહસ્સ**-૧૦ હજાર વર્ષની. | **દિવસ**-દિવસ. |
| **ઉવરિં**-ઉપર. | **મુહુત્ત**-મુહૂર્ત. |
| **સમયાઈ**-સમયાદિકથી. | **પુહુત્તા**-પૃથક્ત્વે. |
| **જાવ સાગરં**-સાગરોપમ સુધી | **આહાર**-આહાર. |
| **ઊણું**-ન્યૂન. કાંઈક ઓછા | **ઊસાસ**-શ્વાસોશ્વાસ. |
| | **સેસાણું**-બાકીના દેવોને. |

**શબ્દાર્થ**—૧૦ હજાર વર્ષની ઉપર સમયાદિકથી માંડીને કાંઈક ઓછા સાગરોપમ સુધીના બાકીના દેવોને દિવસ પૃથક્ત્વે આહાર અને મુહૂર્ત પૃથક્ત્વે શ્વાસોશ્વાસ થાય છે.

**વિવેચન**—જે દેવતાનું ૧૦ હજાર વર્ષની ઉપર સમય, આવલી. મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, સંવત્સર, પાંચ વર્ષ પ્રમાણ યુગ, પલ્યોપમ એવી રીતે યાવત્ સાગરોપમથી કાંઈક ઓછું આયુષ્ય હોય, તે દેવને દિવસ પૃથક્ત્વે (૨ થી ૯ દિવસે) આહારની ઈચ્છા થાય અને મુહૂર્ત પૃથક્ત્વે (૨ થી ૯ મુહૂર્તે) શ્વાસોશ્વાસ થાય. એવી રીતે આયુષ્યની વૃદ્ધિએ આહાર અને શ્વાસોશ્વાસમાં અનુક્રમે દિવસ અને મુહૂર્ત ત્યાં સુધી વધારવા કે ૧ સાગરોપમ આયુષ્યવાળા દેવને પક્ષે શ્વાસોશ્વાસ અને ૧ હજાર વર્ષે આહારની ઇચ્છા થાય.

**પ્રશ્નો**

૧. જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ભવનપતિ, જ્યોતિષી, લાંતક આરણ અને જયન્ત દેવોને આહાર અને શ્વાસોશ્વાસનું પ્રમાણ કહો.

૨. શ્વાસોશ્વાસની વ્યાખ્યા કહો તથા મુહૂર્ત અને દિવસના શ્વાસોશ્વાસ કેટલા ?

# દેવોને આયુષ્ય ઉપર આહાર અને ઉચ્છવાસના પ્રમાણનું યંત્ર

| | દેવોનાં નામ. | આયુષ્ય | આહાર | શ્વાસોશ્વાસ |
|---|---|---|---|---|
| | ભવનપતિ | ૧૦ હજાર વર્ષ | અહોરાત્રીએ | ૭ સ્તોકે. |
| | વ્યંતર | ” | ” | ” |
| | ભવનપતિથી ઇશાન સુધીના દેવો | ૧૦ હજાર વર્ષથી અધિકન્યૂન સાગરોપમ સુધીના | ૨થી૯ દિવસે | ૨થી૯ મુહૂર્તે |
| | અસુરકુમાર તથા સૌધર્મ, ઇશાન | ૧ સાગરોપમ | ૧ હજારવર્ષે | ૧ પક્ષે |
| ૧ | સૌધર્મ, ૨ ઇશાન | ૨ ” | ૨ ” | ૨ પક્ષે |
| ૩ | સનત્કુમાર, ૪. માહેંદ્ર | ૭ ” | ૭ ” | ૭ ” |
| ૫ | બ્રહ્મદેવલોક | ૧૦ ” | ૧૦ ” | ૧૦ ” |
| ૬ | લાંતક | ૧૪ ” | ૧૪ ” | ૧૪ ” |
| ૭ | મહાશુક્ર | ૧૭ ” | ૧૭ ” | ૧૭ ” |
| ૮ | સહસ્રાર | ૧૮ ” | ૧૮ ” | ૧૮ ” |
| ૯ | આનત | ૧૯ ” | ૧૯ ” | ૧૯ ” |
| ૧૦ | પ્રાણત | ૨૦ ” | ૨૦ ” | ૨૦ ” |
| ૧૧ | આરણ | ૨૧ ” | ૨૧ ” | ૨૧ ” |
| ૧૨ | અચ્યુત | ૨૨ ” | ૨૨ ” | ૨૨ ” |
| ૧ | સુદર્શન | ૨૩ ” | ૨૩ ” | ૨૩ ” |
| ૨ | સુપ્રતિબુદ્ધ | ૨૪ ” | ૨૪ ” | ૨૪ ” |
| ૩ | મનોરમ | ૨૫ ” | ૨૫ ” | ૨૫ ” |
| ૪ | સર્વતોભદ્ર | ૨૬ ” | ૨૬ ” | ૨૬ ” |
| ૫ | સુવિશાલ | ૨૭ ” | ૨૭ ” | ૨૭ ” |
| ૬ | સુમન | ૨૮ ” | ૨૮ ” | ૨૮ ” |
| ૭ | સૌમનસ | ૨૯ ” | ૨૯ ” | ૨૯ ” |
| ૮ | પ્રીતિકર | ૩૦ ” | ૩૦ ” | ૩૦ ” |
| ૯ | આદિત્ય | ૩૧ ” | ૩૧ ” | ૩૧ ” |
| ૫ | અનુત્તરના | ૩૩ ” | ૩૩ ” | ૩૩ ” |

## આહારના ૩ ભેદ.

**સરીરેણુ ઓયાહારો, તયાઇ ફાસેણુ લોમ આહારો;**
**પક્ખેવાહારો પણ, કાવલિઓ હોઇ નાયવ્વો. ૧૮૧.**

| | |
|---|---|
| **સરીરેણુ**-કાર્મણ શરીર વડે. | **પક્ખેવાહારો**-પ્રક્ષેપાહાર. |
| **ઓયાહારો**-ઓજાહાર. | **પુણ**-વળી. |
| **તયાઇ**-ત્વચાના | **કાવલિઓ**-કોળીયા સંબંધી. |
| **ફાસેણુ**-સ્પર્શ વડે. | **હોઈ**-છે. |
| **લોમ આહારો**-લોમાહાર. | **નાયવ્વો**-જાણવો. |

**શબ્દાર્થ**—તૈજસ કાર્મણ શરીર વડે જે આહાર લેવાય તે ઓજાહાર તથા ત્વચા (સ્પર્શેંદ્રિય) ના સ્પર્શ વડે જે આહાર લેવાય તે લોમાહાર, પ્રક્ષેપાહાર તે વળી કોળીયા સંબંધી છે એમ જાણવો.

**વિવેચન**—વિગ્રહ ગતિ અથવા અવિગ્રહ (ઋજુ) ગતિવાળો જીવ, ઉત્પત્તિના પ્રથમ સમયે તૈજસ કાર્મણ શરીર વડે જે ઔદારિકાદિ શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે અને તે પછી બીજા સમયથી માંડીને કાર્મણ સાથે ઔદારિક (ઔદારિક મિશ્ર) કાય યોગે આહાર કરે, તે જ્યાં સુધી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય, ત્યાં સુધી સર્વ ઓજાહાર જાણવો. તથા શરીરે તેલ ચોપડવાથી ચીકાશ થાય, અને ઉનાળામાં પાણી છાંટવાથી તૃષા મટે તે લોમાહાર જાણવો. તેમજ મુખને વિષે કોળીયા નાંખવા વડે થયેલ આહાર તે પ્રક્ષેપાહાર જાણવો.

ત્રણે આહાર કયા જીવોને કઈ અવસ્થાને વિષે હોય?

**ઓયાહારા સવ્વે, અપજ્જત્ત પજ્જત્ત લોમ આહારો;**
**સુર નિરય ઇગિંદિ વિણા, સેસા ભવત્થા સપક્ખેવા. ૧૮૨**

**ઓયાહારા**- ઓજાહારી. **નિરય**-નારકી.
**સવ્વે**-સર્વ. **ઇગિંદિ**-એકેંદ્રિય.
**અપજ્જત્તા**-અપર્યાપ્તા. **વિણા**-વિના.
**પજ્જત્ત**-પર્યાપ્તા. **સેસા**-બાકીના.
**લોમ આહારો**-લોમાહારી. **ભવત્થા**-ભવસ્થ, સંસારી.
**સુર**-દેવતા. **સપક્ખેવા**-પ્રક્ષેપાહાર સહિત.

**શબ્દાર્થ**—સર્વ અપર્યાપ્તા જીવો ઓજાહારી હોય છે અને પર્યાપ્તા જીવો લોમાહારી હોય છે. દેવતા, નારકી અને એકેંદ્રિય વિના બાકીના સંસારી જીવો પ્રક્ષેપાહાર સહિત હોય છે.

**વિવેચન**—શરીર પર્યાપ્તિએ અપર્યાપ્ત (જ્યાં સુધી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરી હોય ત્યાં સુધીના) સર્વે એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવોને ઓજાહારી જાણવા. શરીર પર્યાપ્તિથી માંડીને જીવ અંગ પ્રત્યંગે કરી ચારે તરફથી પુદ્ગલોને લોમાહારથી ગ્રહણ કરે છે. દેવતા, નારકી અને એકેંદ્રિય વિના શેષ ભવસ્થ (બાકીના સંસારી) જીવ (વિકલેંદ્રિય તિર્યંચ ને મનુષ્ય) કવલાહારી હોય છે. તે જીવો અસંખ્યાત પ્રદેશમાં રહેલાં, અનંત પરમાણુવાળાં, અશુભ વર્ણાદિવાળાં, છએ દિશાઓમાંથી, પોતાના આત્મ પ્રદેશોની લગોલગ રહેલાં પુદ્ગલોના અસંખ્યાતમા ભાગનો

પ્રક્ષેપ (કોળીયા વડે) આહાર કરે છે અને તેના અનંતમા ભાગનો આસ્વાદ લે છે. દેવતા નારકી અને એકેંદ્રિય જીવોને કવલાહાર હોતો નથી, પરંતુ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી તે જીવો લોમાહારી હોય છે. દેવતાને મન કલ્પિત શુભ પુદ્ગલો સર્વ કાયાએ આહારપણે પરિણમે છે. નારકીને અશુભ પુદ્ગલો આહારપણે પરિણમે છે. તે દેવતા અને નારકીનાં આહાર કરાયેલાં પુદ્ગલોને વિશુદ્ધ અવધિજ્ઞાની એવા પાંચ અનુત્તરવાસી દેવો દેખે તથા જાણે, પરંતુ નારકીથી માંડીને ગ્રૈવેયક સુધીના દેવતા અવધિજ્ઞાનથી તે આહાર કરાયેલાં પુદ્ગલો ન દેખે.

વળી બીજી રીતે ૩ પ્રકારના આહાર કહે છે.

**સચિત્તા-ચિત્તો-ભય, રૂવો આહાર સવ્વ તિરિયાણં;**
**સવ્વ-નરાણં ચ તહા, સુર-નેરઇયાણ અચ્ચિત્તો.૧૮૩.**

**સચિત્ત**-સચિત્ત, જીવવાળો.
**અચિત્ત**-અચિત્ત, નિર્જીવ.
**ઉભયરૂવો**-સચિત્તાચિત્ત (મિશ્ર) રૂપ.
**આહાર**-આહાર.
**સવ્વતિરિયાણં**-સર્વ તિર્યંચ
**સવ્વનરાણં**-સર્વ મનુષ્યોને.
**તહા**-તેમજ, તથા.
**સુર નેરઈયાણ**-દેવતા અને નારકીઓને.
**અચ્ચિત્તો**-અચિત્ત.

**શબ્દાર્થ**—સર્વ તિર્યંચ અને સર્વ મનુષ્યોને સચિત્ત, અચિત્ત અને મિશ્ર રૂપ આહાર હોય છે તથા દેવતા અને નારકીઓને અચિત્ત આહાર હોય છે.

**આભોગા–ણાભોગા, સવ્વેસિં હોઇ લોમ આહારો;**
**નિરયાણં અમણુન્નો, પરિણમઇ સુરાણ સમણુન્નો. ૧૮૪.**

| | |
|---|---|
| આભોગ–જાણતાં. | નિરયાણં–નારકીઓને. |
| અણાભોગા–અજાણતાં. | અમણુન્નો–અમનોજ્ઞ, અશુભ. |
| સવ્વેસિં–સર્વને. | પરિણમઈ–પરિણમે છે. |
| હોઈ–હોય છે. | સુરાણ–દેવોને. |
| લોમઆહારો–લોમાહાર. | સમણુન્નો–સમનોજ્ઞ. |

**શબ્દાર્થ**—સર્વ (અપર્યાપ્તા અને એકેંદ્રિય જીવો)ને અજાણતાં આહાર પરિણમે છે. ( તથા ) પર્યાપ્તા જીવોને જાણતાં અને અજાણતાં લોમાહાર હોય છે નારકીઓને અમનોજ્ઞ ( મનને અશુભ લાગે તેમ ) આહાર પરિણમે છે; અને દેવોને સમનોજ્ઞ ( આહાર લીધા પછી મનને તૃપ્તિ [સંતોષ] થાય તેમ ) પરિણમે છે.

**વિવેચન**—ઔદારિક શરીરી મનુષ્ય અને તિર્યંચ ગતિવાળા તથા નારકી મનોભક્ષી ( મનની ઈષ્ટ અણુઓને મેળવીને ખાનારા ) નથી, પણ દેવતા મનથી ઈષ્ટ અણુઓને મેળવીને ખાનારા છે.

### વિકલેંદ્રિય નારકી, તિર્યંચ અને મનુષ્ય (યુગલિયા) ને આહારને વિષે કાલનું પ્રમાણ.

**તહ વિગલ નારયાણં, અંતમુહુત્તા સ હોઈ ઉક્કોસો;**
**પંચિંદિ તિરિ નરાણં, સાહાવિઓ છટ્ઠ અટ્ઠમઓ. ૧૮૫.**

**તહ**–તથા, તેમજ.
**વિગલ નારયાણં**–વિકલેંદ્રિય અને નારકીઓને.
**અંતમુહુત્તા**–અંતર્મુહૂર્ત પછી.
**સ**–તે આહાર.
**હોઈ**–હોય છે.
**ઉક્કોસા**–ઉત્કૃષ્ટથી.
**પંચિંદિ**–પંચેંદ્રિય.
**તિરિનરાણું**–તિર્યંચ અને મનુષ્યોને.
**સાહાવિઓ**–સ્વાભાવિક.
**છટ્ઠ**–છઠ્ઠ.
**અટ્ઠમઓ**–અઠ્ઠમ પછી.

**શબ્દાર્થ**—વિકલેંદ્રિય અને નારકીઓને તે આહાર ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પછી હોય છે, તથા પંચેંદ્રિય ( યુગલિયા ) તિર્યંચ અને મનુષ્યોને (અનુક્રમે) સ્વાભાવિક છઠ્ઠ અને અઠ્ઠમ પછી હોય છે.

**વિવેચન**—વિકલેંદ્રિય અને નારકી જીવોને એકવાર આહાર લીધા પછી ઉત્કૃષ્ટથી અસંખ્યાતા સમયના અંતર્મુહૂર્ત પછી આહારની અભિલાષા ઉપજે. એકેંદ્રિય જીવોને આહારની ઈચ્છા નિરંતર ઉપજે. પંચેંદ્રિય તિર્યંચને રોગાદિકના અભાવે સ્વાભાવિક આહારની અભિલાષા બે અહોરાત્રિને આંતરે અને મનુષ્યને ત્રણ અહોરાત્રિને આંતરે ઉપજે, તે ઈચ્છા દેવકુરૂ, ઉત્તરકુરૂ તથા ભરત અને ઐરવત ક્ષેત્રના સુષમ સુષમ આરામાં ૩ પલ્યોપમ આયુષ્યવાળા યુગલિક તિર્યંચ મનુષ્યને જાણવી. તપ આચરનાર મનુષ્યને રૂષભદેવના શાસનમાં ૧ વર્ષ સુધી અને મહાવીર સ્વામીના શાસનમાં ૬ માસ સુધી ઉત્કૃષ્ઠથી આહારની અભિલાષા ન થાય.

નારકીઓને નિરંતર શ્વાસોશ્વાસ હોય છે. એકેંદ્રિય

વિકલેંદ્રિય, તિર્યંચ અને મનુષ્યને શ્વાસોશ્વાસનું પ્રમાણ અનિયમિત હોય છે.

કયા જીવો અણાહારી ને કયા જીવો આહારી? તે કહે છે.

**વિગ્ગહ ગઈ- માવન્ના, કેવલિણો સમુહયા અજોગી ય;**
**સિદ્ધા ય અણાહારા, સેસા આહારગા જીવા. ૧૮૬.**

**વિગ્ગહગઈ**-વિગ્રહ ગતિને.
**આવન્ના**-પામેલા.
**કેવલિણો સમુહયા**-કેવલી સમુદ્દ્ઘાતવાળા.
**અજોગી**-અયોગી.
**સિદ્ધાય**-અને સિદ્ધ પરમાત્મા.
**અણાહારા**-અણાહારી.
**સેસા**-બાકીના.
**આહારગા**-આહારી.
**જીવા**-જીવો.

**શબ્દાર્થ**—૧ વિગ્રહ ગતિને પામેલા, ૨ કેવલી સમુદ્દ્ઘાતવાળા, ૩. અયોગી ગુણઠાણાવાળા જીવો અને ૪. સિદ્ધના જીવો અણાહારી છે. બાકીના જીવો આહારી છે.

**વિવેચન**—સમશ્રેણિ મૂકીને વિશ્રેણિએ ઉપજે, તે વિગ્રહ ગતિને પામેલા જીવો ઉત્કૃષ્ટથી ૩ સમય સુધી અણાહારી હોય છે. આઠ સમય પ્રમાણ કેવળી સમુદ્દ્ઘાતના ત્રીજા ચોથા અને પાંચમાં સમયે કાર્મણ કાયયોગે વર્તતાં જીવ અણાહારી હોય છે. અંતર્મુહૂર્ત પ્રમાણ અયોગી ગુણઠાણાવાળા જીવો શૈલેશી કરણે અણાહારી હોય છે. અને સિદ્ધના જીવો સાદિ અનંત કાલ સુધી મોક્ષમાં અણાહારી જાણવા. તે સિવાય બાકીના સંસારી જીવો આહારી જાણવા.

## દેવનું સ્વરૂપ.

**કેસટ્ઠિ મંસ નહ રોમ, રુહિ વસ ચમ્મ મુત્ત પુરિસેહિં;**
**રહિયા નિમ્મલ દેહા, સુગંધ નીસાસ ગય લેવા. ૧૮૭.**

**કેસ**–કેશ.
**અટ્ઠિ**–હાડકાં.
**મંસ**–માંસ.
**નહ**–નખ.
**રોમ**–રૂંવાટાં, રોમ.
**રુહિર**–લોહી.
**વસ**–વસા, ચરબી.
**ચમ્મ**–ચામડી.
**મુત્ત પુરિસેહિં**–મૂત્ર અને વિષ્ટા વડે.
**રહિયા**–રહિત.
**નિમ્મલદેહા**–નિર્મળ દેહવાળા.
**સુગંધ નીસાસ**–સુગંધી શ્વાસોશ્વાસવાળા.
**ગય લેવા**–(રજ અને પરસેવાદિ) લેપ રહિત.

**શબ્દાર્થ**—૧. કેશ, ૨. હાડકાં, ૩. માંસ, ૪. નખ, ૫. રોમ, ૬. લોહી, ૭. ચરબી, ૮. ચામડી, ૯. મૂત્ર અને ૧૦. વિષ્ટાથી રહિત, ૧૧. નિર્મળ દેહવાળા, ૧૨. સુગંધી શ્વાસોશ્વાસવાળા તથા ૧૩. (રજ અને પરસેવાદિ) લેપ રહિત દેવો હોય છે.

**વિવેચન**—દેવોના મૂળ શરીરને વિષે કેશાદિ હોતાં નથી, પણ ઉત્તર વૈક્રિય શરીરમાં તો તેઓ તેમની ઇચ્છાનુસાર કેશાદિક કરે છે.

**અંતમુહુત્તેણં ચિય, પજ્જત્તા તરુણ પુરિસ સંકાસા;**
**સવ્વંગ ભૂસણધરા, અજરા નિરુયા સમા દેવા. ૧૮૮.**

**અંતમુહુત્તેણં**-અંતર્મુહૂર્ત વડે
**ચિય**-નિશ્ચે.
**પજ્જત્તા**-પર્યાપ્તા
**તરુણ પુરિસ**-તરુણ પુરૂષ.
**સંકાસા**-સરખા.
**સવ્વંગ**-સર્વ અંગને વિષે.
**ભૂસણધરા**-આભૂષણ ધારણ કરનારા.
**અજરા**-ઘડપણ રહિત.
**નિરુયા**-રોગ રહિત.
**સમા**-સમચતુરસ્ર સંસ્થાન-વાળા.
**દેવા**-દેવો.

**શબ્દાર્થ**—અંતર્મુહૂર્ત વડે નિશ્ચે પર્યાપ્તા, તરૂણ પુરૂષ સરખા, સર્વ અંગને વિષે આભૂષણ ધારણ કરનારા, ઘડપણ રહિત, રોગરહિત અને સમચતુરસ્ર સંસ્થાનવાળા દેવો હોય છે.

**વીવેચન**—કલ્પાતીત વિનાના દરેક દેવલોકમાં પાંચ સભાઓ હોય છે. તેમાંથી **૧. ઉપપાત સભામાં** દેવદુષ્ય વડે ઢંકાએલી શય્યામાં દેવ ઉપજે, **૨. અભિષેક સભામાં** સ્નાન કરે, **૩. અલંકાર સભામાં** આભૂષણ પહેરે, **૪. વ્યવસાય સભામાં** ધાર્મિક પુસ્તક વાંચે, ઉત્પત્તિ વખતે કોઈક ઇંદ્ર મિથ્યાદૃષ્ટિ પણ હોય, પરંતુ વ્યવસાય સભામાં ધાર્મિક પુસ્તક વાંચવાનો તેમનો આચાર હોવાથી તે ઇંદ્ર અવશ્ય ત્યાં સમ્યક્ત્વ પામે જ. જેમકેઃ-ઈશાન દેવલોકમાં મિથ્યાદૃષ્ટિ તામલી તાપસ ઇંદ્રપણે ઉત્પન્ન થઇને પછીથી વ્યવસાય સભામાં ધાર્મિક પુસ્તક વાંચતાં સમ્યક્ત્વ પામ્યા. ત્યાર પછી **૫. સુધર્મા સભામાં** સિદ્ધાયતનને વિષે જિન બિંબને પૂજે.

**અણિમિસ નયણા મણ, કજ્જ સાહણા પુપ્ફ દામ અભિલાણા,**
**ચઉરંગુલેણ ભૂમિં, ન છિવન્તિ સુરા જિણા બિંતિ.૧૮૯**

**અણિમિસ નયણા**-નિમેષ રહિત નેત્રવાળા.
**મણ કજ્જ સાહણા**-મને કરી કાર્યને સાધનારા.
**પુપ્ફ દામ**-ફુલની માળા.
**અભિલાણા**-ન કરમાય એવાં.
**ચઉરંગુલેણ**-ચાર આંગળ વડે.
**ભૂમિં**-પૃથ્વીને, ભૂમિને.
**ન છિવન્તિ**-અડકતા નથી.
**સુરા**-દેવો
**બિંતિ**-કહે છે.
**જિણા**-જીનેશ્વરો.

**શબ્દાર્થ**—નિમેષ રહિત નેત્રવાળા, (આંખ ઉઘાડે અને મીંચે નહિ તેવા) મને કરી કાર્યને સાધનારા, (લાંબી) ફુલની માળા ન કરમાય એવા દેવો ભૂમિને ચાર આંગળ વડે અડકતા નથી. (ભૂમિથી ૪ આંગળ ઉપર ચાલે છે.) એમ જિનેશ્વરો કહે છે.

## ક્યા કારણોથી દેવતા મનુષ્યલોકમાં આવે.

**પંચસુ જિણકલ્લાણેસુ, ચેવ મહરિસિ તવાણુભાવાઓ,**
**જમ્મંતર નેહેણ ય, આગચ્છન્તિ સુરા ઇહયં. ૧૯૦.**

**પંચસુ**-પાંચ.
**જિણ કલ્લાણેસુ**-જિનેશ્વરના કલ્યાણકોને વિષે.
**ચેવ**-નિશ્ચે.
**મહરિસિ**-મોટા ઋષિના.
**તવાણુભાવાઓ**-તપના પ્રભાવથી.
**જમ્મંતર**-જન્માન્તરના, અન્ય જન્મના.
**નેહેણ**-સ્નેહથી.

ચ-અને દ્વેષથી. સુરા-દેવતાઓ, દેવો.
આગચ્છન્તિ-આવે છે. ઈહિયં-અહીં.

**શબ્દાર્થ**—૧. જિનેશ્વરના પાંચ કલ્યાણકોને વિષે, ૨. મોટા ઋષિના તપના પ્રભાવથી, ૩. જન્માન્તર (પૂર્વ ભવ)ના સ્નેહથી અને ૪. દ્વેષથી દેવતાઓ અહીં (મનુષ્ય ક્ષેત્રમાં) નિશ્ચે આવે છે.

**વિવેચન**—તીર્થંકરના પુણ્ય પ્રભાવથી તેમના ગર્ભ, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને મોક્ષ એ પાંચ કલ્યાણકોને વિષે દેવો આવે છે. મોટા રૂષિના તપના પ્રભાવથી દેવો આવે છે. શાલિભદ્રના પિતાની જેમ પૂર્વભવના સ્નેહથી અને ચ શબ્દથી દ્વેષથી સંગમ દેવતાની જેમ અહીં (મનુષ્ય ક્ષેત્રમાં) દેવો આવે છે.

## કયા કારણોથી દેવતા મનુષ્ય લોકમાં ન આવે.

**સંકંતિ દિવ્ય-પેમા, વિસય-પસત્તા-સમત્ત-કત્તવ્વા;**
**અણુહીણમણુયકજ્જા,નરભવ-મસુહંનઈંતિ સુરા.૧૯૧.**

સંકંતિ-સંક્રાન્ત થાય, મળે.
દિવ્વપેમા-દિવ્ય પ્રેમો.
વિસય પસત્તા-વિષયોમાં આસક્ત.
અસમત્ત કત્તવ્વા-નથી સમાપ્ત કર્યું કાર્ય જેમણે.
અણુહીણ મણુય કજ્જા-નથી આધીન મનુષ્ય યોગ્ય કાર્ય જેમને એવા.
નરભવં-મનુષ્યભવ પ્રત્યે.
અસુહં-અશુભ.
ન ઈંતિ-આવતા નથી.
સુરા-દેવતાઓ.

**શબ્દાર્થ**—વ અને દેવીના ) દિવ્ય પ્રેમો પરસ્પર મળે. ( પાંચ ઇંદ્રિના ૨૩ ) વિષયોમાં આસક્ત, નથી સમાપ્ત કર્યું (દેવસંબંધી) કાર્ય તે જેમણે, નથી આધીન મનુષ્યને યોગ્ય ાર્ય તે જેમને એવા દેવતાઓ અશુભ એવા મનુષ્ય ૯ પ્રત્યે આવતા નથી.

**વિવેચ**—ઉત્પત્તિ થયા પછી દેવીનો પ્રેમ દેવ ઉપર અને દેવનો ન દેવી ઉપર થાય. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દનવિષયને વિષે અત્યંત આસક્ત એવા, તથા મજ્જન, ના, પ્રેક્ષણક, વનવિહાર વિગેરે દેવ સંબંધી કાર્ય- જેમણે સમાપ્ત કર્યું નથી એવા, અને મનુષ્ય સંબંધી જેમને કોઈ કામ કરવું બાકી નથી એવા, દેવો અશુભ ગંધવાળા મનુષ્ય લોકપ્રત્યે આવતા નથી.

મનુષ્ય લોકનો દુર્ગંધ કેટલા જોજન સુધી ઉંચે ઉછળે ?

ચત્તારિ પંચ જોયણ, સયાઇં ગંધો ય મણુય લોગસ્સ,
ઉડ્ઢં વચ્ચઇ જેણં, ન હુ દેવા તેણ આવન્તિ. ૧૯૨.

| | |
|---|---|
| **ચત્તારિ**–ચા (સો). | ઉડ્ઢં–ઉંચે. |
| **પંચ**–પાંચ સો. | **વચ્ચઇ**–જાય છે. |
| **જોયણ**–યોજન. | **જેણં**–જે કારણથી. |
| **સયાઇં**–સો. | **હુ**–નિશ્ચે. |
| **ગંધો**–ગંધ. | **દેવા**–દેવો. |
| **મણુય લોગસ્સ**–મનુષ્ય. લોકની. | **તેણ**–તે કારણથી. |
| | **ન આવન્તિ**–આવતા નથી. |

**શબ્દાર્થ**—જે કારણથી મનુષ્ય લોકની ગંધ ચારસો અથવા પાંચસો યોજન ઉંચે જાય છે. તે કારણથી નિશ્ચે દેવો આવતા નથી.

**વિવેચન**—મનુષ્યના મૃત કલેવર, મૂત્ર અને મળની દુર્ગંધ ૯ યોજન સુધી ઉંચે મૂળગાં પુદ્ગલોની જાય છે. અને ઘ્રાણેંદ્રિયનો વિષય પણ તેટલા જ યોજનનો છે તે પછી તે દુર્ગંધવાળા પુદ્ગલો બીજાં પુદ્ગલોને અડવાથી તેને દુર્ગંધિત કરે છે, એમ પરંપરાએ ૪૦૦ યોજન સુધી દુર્ગંધી અવસર્પિણીના પહેલા બીજા અને ત્રીજા આરામાં કલ્પવૃક્ષથી મેળવેલા આહાર કરનારા યુગલિયા હોય ત્યારે ઉછળે છે. અને ચોથા પાંચમા અને છઠ્ઠા આરામાં ધાન્યાદિકનો આહાર હોવાથી ૫૦૦ યોજન સુધી દુર્ગંધી ઉંચી ઉછળે છે; અથવા જ્યારે મનુષ્ય અને તિર્યંચોનાં મૃત કલવરો ઘણાં હોય ત્યારે ૫૦૦ યોજન સુધી અને મૃત કલેવરો ઓછાં હોય ત્યારે ૪૦૦ યોજન સુધી ઉંચે દુર્ગંધ ઉછળે છે.

## વૈમાનિકદેવો અવધિજ્ઞાનથી ઉત્કૃષ્ટ કેટલું ક્ષેત્ર દેખે ? તે કહે છે.

**દોકપ્પ પઢમ પુઢવિં, દો દો દો બીય તઇયગં ચઉત્થિં,**
**ચઉ ઉવરિમ ઓહીએ, પાસન્તિ પંચમં પુઢવિં. ૧૯૩.**

**દો કપ્પ**–બે દેવલોકના.
**પઢમ પુઢવિં**–પહેલી પૃથ્વી સુધી.
**દો દો દો**–બે બે બે દેવલોકના.
**બીય**–બીજી
**તઇયગં**–ત્રીજી.

| | |
|---|---|
| **ચઉત્થિં**–ચોથી. | **પાસન્તિ**–જુવે છે. |
| **ચઉ**–ચા | **પંચમં**–પાંચમી. |
| **ઉવરિમ**–ઉપરના. | **પુઢવિં**–પૃથ્વીને, પૃથ્વી સુધી. |
| **ઓહીએ**–અવધિજ્ઞાનથી. | |

**શબ્દાર્થ**—બે દેવલોક (સૌધર્મ અને ઇશાન) ના દેવો પહેલી પૃથ્વી સુધી, તે પછી બે દેવલોક (સનત્કુમાર અને માહેંદ્ર) ના દેવો બીજી પૃથ્વી સુધી. તે પછી બે (બ્રહ્મ અને લાતક) દેવલાકના દેવો ત્રીજી નરક પૃથ્વી સુધી, તે પછી બે (મહાશુક્ર અને સહસ્રાર) દેવલોકના દેવો ચોથી નરક પૃથ્વી સુધી, ઉપરના ચાર (આનત પ્રાણુત આરણ અને અચ્યુત) દેવલોકના દેવો પાંચમી નરક પૃથ્વી સુધી અવધિજ્ઞાનથી જુવે છે.

**વિવેચન**—સૌધર્મ અને ઇશાન ઇંદ્ર તથા તેના સામાનિકાદિ ઉત્કૃષ્ટાયુવાળા દેવો રત્નપ્રભા પૃથ્વીના નીચેના ભાગ સુધી દેખે, તેમાં એટલું વિશેષ છે કે ઉપર ઉપરના દેવલોકના દેવો અવધિજ્ઞાનથી અત્યંત વિશુદ્ધ અને બહુ પર્યાયવાળી તે પૃથ્વીને જુવે છે. જેમકેઃ–આનત કરતાં પ્રાણુત દેવો અત્યંત વિશુદ્ધ રીતે અને અધિક પૃથ્વીને અવધિજ્ઞાનથી દેખે છે.

## ગ્રૈવેયક અને અનુત્તર દેવોનું અવધિજ્ઞાન.

**છટ્ઠિં છ ગેવિજ્જા, સત્તમીયરે અણુત્તર સુરા ઉ,**
**કિંચુણ લોગનાલિં, અસંખ દીવુદહિ તિરિયં તુ. ૧૯૪.**

છટ્ઠિ–છઠ્ઠી.
છ ગેવિજ્જા–છ ગ્રૈવેયક.
સત્તમી–સાતમી.
ઈયરે–બાકીની ૩ ગ્રૈવેયક.
અણુત્તર સુરા–અનુત્તર દેવો.
કિંચૂણ–કાંઈક ઓછી.
લોગનાલિં–ત્રસનાડીને.
અસંખ–અસંખ્યાત.
દીવુદહિ–દ્વીપ સમુદ્રો.
તિરિયં–તિર્છું.
તુ–તો.

**શબ્દાર્થ**—છ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી નરક પૃથ્વી સુધી, બાકીની ૩ ગ્રૈવેયકના દેવો સાતમી નરક પૃથ્વી સુધી, અને અનુત્તર (વિમાનના) દેવો કાંઈક ઓછી ત્રસનાડીને (અવધિ જ્ઞાનથી) જુવે. અને તિર્છું અસંખ્યાતા દ્વીપ સમુદ્રો જુવે.

**વિવેચન**—વૈમાનિક દેવો ઉંચે પોતાના વિમાનની ચૂલિકાની ધ્વજા સુધી જુવે છે. અને અનુત્તર વિમાનના દેવો કાંઇક ઓછી ૧૪ રાજલોક પ્રમાણ ઉંચી ત્રસનાડીને જુવે છે. જઘન્યથી અવધિજ્ઞાન ઉત્પત્તિ વખતે અંગુલનો અસંખ્યાતમો ભાગ વૈમાનિક દેવોને હોય છે. તે પૂર્વભવ (મનુષ્ય અને તિર્યંચના ભવ) ના અવધિજ્ઞાન સહિત અવતરે, તેને હોય છે. તે પછી દેવભવ સંબંધી અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે.

## ભવનપત્યાદિ દેવોનું અવધિજ્ઞાન.

**બહુઅરગં ઉવરિમગા, ઉડ્ઢં સવિમાણ ચુલિય ધયાઇ,**
**ઊણદ્ધ સાગરે સંખ, જોયણા તપ્પર–મસંખા. ૧૯૫.**

| | |
|---|---|
| **બહુઅરગં**–અત્યંત ઘણું. | **અદ્ધ સાગરે**–અર્દ્ધ સાગરોપમથી. |
| **ઉવરિમગા**–ઉપરના દેવો. | **સંખ**–સંખ્યાતા. |
| **ઉડ્ઢં**–ઉર્ધ્વ ભાગે, ઉંચે. | **જોયણા**–યોજન. |
| **સવિમાણ**–પોતાના વિમાનની | **તપ્પરં**–તેથી વધુ (આયુષ્યવાળા) |
| **ચૂલિયા**–ચૂલિકાની. | **અસંખા**–અસંખ્યાતા. |
| **ધયાઈ**–ધ્વજા સુધી. | |
| **ઊણ**–ઓછા. | |

**શબ્દાર્થ**—ઉપરના દેવો તિર્છું અત્યંત ઘણું જુવે. ઉંચે પોતાના વિમાનની ચૂલિકાની ધ્વજા સુધી જુવે. અર્દ્ધ સાગરોપમથી ઓછા આયુષ્યવાળા દેવો સંખ્યાતા યોજન દેખે અને તેથી વધુ આયુષ્યવાળા અસંખ્યાતા યોજન દેખે.

**વિવેચન**—૧૦ હજાર વર્ષના આયુષ્યવાળા ભવનપતિ અને વ્યંતર જઘન્યથી ૨૫ યોજન અવધિથી દેખે. અસુર કુમાર વર્જીને ૯ નિકાયના દેવો અને વ્યંતરો ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન સુધી અવધિથી દેખે, જ્યોતિષી દેવો જઘન્ય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન સુધી દેખે, કારણ કે અર્ધ સાગરોપમથી ઓછા આયુષ્યવાળા સંખ્યાત યોજન દેખે, તેમાં નાગાદિ ૯ નું આયુષ્ય દેશોન બે પલ્યોપમ વ્યંતરનું આયુષ્ય ૧ પલ્યોપમ અને જ્યોતિષીનું ઉત્કૃષ્ટ આયુષ્ય લાખ વર્ષ અધિક પલ્યોપમ હોવાથી સંખ્યાતાજ યોજન દેખે, અસુરકુમારોનું આયુષ્ય સાગરોપમ અધિક હોવાથી ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન સુધી ઉંચે અવધિજ્ઞાનથી દેખે.

## અવધિજ્ઞાનનું જઘન્ય વિષય ક્ષેત્ર તથા નારકી અને દેવોને અવધિજ્ઞાનનો આકાર.

પણવીસ જોયણ લહુ, નારય ભવણ વણ જોઇ કપ્પાણું,
ગેવિજ્જ-ણુત્તરાણ ય, જહસંખં ઓહિ આગારા. ૧૯૬.
તપ્પાગારે પલ્લગ, પડહગ જલ્લરિ મુઇંગ પુપ્ફ જવે,
તિરિયમણુએસુઓહિ,નાણવિહસંઠિઓભણિઓ.૧૯૭.

પણવીસ-પચીસ.
જોયણ-યોજન સુધી.
લહુ-જઘન્યથી.
નારય-નારકી.
ભવણ-ભવનપતિ.
વણ-વ્યંતર
જોઈ-જ્યોતિષી.
કપ્પાણું-૧૨ દેવલોકના.
ગેવિજ્જ-ગ્રૈવેયક.
અણુત્તરાણ-અનુત્તર દેવોના.
જહસંખં-અનુક્રમે.
ઓહિ-અવધિ જ્ઞાનનો.
આગારા-આકાર.
તપ્પ-ત્રાપાના.
આગારે-આકારે.
પલ્લગ-પાલાના.
પડહગ-ઢોલના.
જલ્લરિ-ઝાલરના
મુઇંગ-મૃદંગના.
પુપ્ફ-પુષ્પે ભરેલી છાબડીના.
જવે-ગલ કંચુકના.
તિરિય મણુએસુ-તિર્યંચ અને મનુષ્યને વિષે.
ઓહી-અવધિ(નો આકાર.)
નાણાવિહ-જુદા જુદા પ્રકારના
સંઠિઓ-સંસ્થાનથીસંસ્થિત
ભણિઓ-કહ્યું છે, કહ્યો છે.

**શબ્દાર્થ**—ભવનપતિ અને વ્યંતર જઘન્યથી ૨૫ યોજન સુધી દેખે નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, ૧૨ દેવલોક, ગ્રૈવેયક અને અનુત્તર દેવોના અવધિજ્ઞાનનો આકાર

અનુક્રમે ત્રાપાના આકારે, પાલાના આકારે ઢોલના આકારે, ઝાલરના આકારે, મૃદંગના આકારે. પુષ્પે ભરેલી છાબડી (ચંગેરી)ના આકારે અને ગલકંચુકના આકારે છે. તિર્યંચ અને મનુષ્યને વિષે અવધિજ્ઞાન જુદા જુદા પ્રકારના સંસ્થાન (આકાર)થી સંસ્થિત છે. એમ કહ્યું છે.

**વિવેચન**—નારકીને અવધિજ્ઞાન ત્રાપાને આકારે હોય છે, ત્રાપો લાંબો અને ત્રિખુણો હોય છે. ભવનપતિનું અવધિજ્ઞાન પાલ ને આકારે હોય છે. ધાન્ય ભરવાનો પાલો તે ઉંચે સુધી લાંબો, ઉપર કાંઈક સાંકડો અને નીચે પહોળો હોય છે. વ્યંતરનું અવધિજ્ઞાન ઢોલના આકારે હોય છે. ઢોલ ઉપર નીચે સમ પ્રમાણવાળો, લાંબો અને ગોળ હોય છે. જ્યોતિષી દેવોનું અવધિજ્ઞાન ઝાલર નામના વાજિંત્રના આકારે હોય છે. તે ઝાલર ચામડાવડે મઢેલી, વિસ્તીર્ણ વલયાકારે હોય છે. ૧૨ દેવલોકના દેવોનું અવધિજ્ઞાન મૃદંગ નામના વાજિંત્રના આકારે હોય છે. ને મૃદંગ નીચે વિસ્તારવાળું અને ઉપર કાંઈક પાતળું ગોળાકારે હોય છે. ગ્રૈવેયકના દેવોનું અવધિજ્ઞાન ચંગેરી (પુષ્પે ભરેલી છાબડી) ના આકારે હોય છે અને અનુત્તર વિમાનવાસી દેવોનું અવધિજ્ઞાન ગલકંચુક (ગળેથી પહેરાતો અને નીચે સુધી લાંબા ફરાક કે તૂરકણી પહિરણ)ના આકારે હોય છે.

## કયા જીવો અવધિજ્ઞાનથી કઈ દિશા તરફ વધુ જુવે.

**ઉડ્ઢં ભવણ વણાણં, બહુગો વેમાણિયાણ હો ઓહી,**
**નારય જોઇસ તિરિયં, નર તિરિયાણં અણેગવિહો.૧૯૮.**

| | |
|---|---|
| **ઉડ્ઢં**-ઉંચું. | **નારય**-નારકી. |
| **ભવણ**-ભવનપતિ. | **જોઇસ**-જ્યોતિષીને. |
| **વણાણં**-વ્યંતરને. | **તિરિયં**-તિર્છું. |
| **બહુગો**-વધારે. | **નરતિરિયાણં**-મનુષ્ય અને તિર્યંચોને. |
| **વેમાણિયાણ**-વૈમાનિકને. | **અણેગવિહો**-અનેક પ્રકારે. |
| **અહો**-નીચે. | |
| **ઓહી**-અવધિજ્ઞાન. | |

**શબ્દાર્થ**—ભવનપતિ અને વ્યંતરને ઉંચું અવધિજ્ઞાન વધારે હોય અને વૈમાનિકને નીચે અવધિજ્ઞાન વધારે હોય છે. નારકી અને જ્યોતિષીને તિર્છું અવધિજ્ઞાન વધારે હોય છે. મનુષ્ય અને તિર્યંચોને અવધિજ્ઞાન અનેક પ્રકારે હોય છે.

**વિવેચન**—ભવનપતિ અને વ્યંતરને અવધિજ્ઞાન ઉંચુ વધારે હોય, તિર્છું તથા નીચુ થોડું હોય છે વૈમાનિકને નીચું અવધિજ્ઞાન ઘણું હોય, તિર્છું તથા ઉંચું થોડું હોય છે, નારકી અને જ્યોતિષીને તિર્છું અવધિજ્ઞાન વધારે હોય, ઉંચું તથા નીચું થોડું હોય છે. મનુષ્ય અને તિર્યંચને અવધિજ્ઞાન અનેક પ્રકારે હોય છે; એટલે કોઇને ઉંચું ઘણું હોય, કોઇને નીચું ઘણું હોય, કોઇને તિર્છું ઘણું હોય છે. આ અવધિજ્ઞાનમાંથી જેઓને ક્ષેત્રથી લોકના સંખ્યાતમા ભાગનું અને કાળથી પલ્યોપમના સંખ્યાતમા ભાગનું અવધિજ્ઞાન હોય છે, તેઓ કેવળી ભગવાનના મનોદ્રવ્યને જાણે છે.

# ભવનપત્યાદિ દેવોના ભવનપ્રત્યયિક અવધિજ્ઞાનના ક્ષેત્રાદિનું યંત્ર.

| નામ | ઉત્કૃષ્ટથી ઉર્ધ્વ અવધિ | ઉત્કૃષ્ટથી અધો અવધિ | ઉત્કૃષ્ટથી તિર્છું અવધિ | જઘન્ય | આકાર |
|---|---|---|---|---|---|
| અસુરકુમાર | સૌધર્મ સુધી. | ત્રીજી નારકી સુધી | સંખ્યા અસંખ્યાત યોજન | ૨૫ યોજન | પાલાનો |
| નાગકુમારાદિ | સંખ્યાતા યોજન | સંખ્યાતા યોજન | | | ,, |
| વ્યંતર } વાણવ્યંતર } | | ,, | સંખ્યાતા યોજન સંખ્યાતા દ્વીપ સમુદ્ર | | ઢોલ |
| જ્યોતિષી | | ,, | | સંખ્યાતા યોજન | ઝાલર |
| સૌધર્મ } ઈશાન } | સ્વવિમાનની ધ્વજા સુધી | રત્નપ્રભાના સર્વ નીચેના ભાગ સુધી | અસંખ્યાતા યોજન ,, | અંગુલનો અસંખ્યાતમો ભાગ | મૃદંગ |
| સનત્કુમાર } માહેંદ્ર } | | શર્કરા પ્રભાના સર્વ નીચેના ભાગ સુધી | બીજા દેવલોકથી અધિક | | |
| | | | ત્રીજા ,, | | |
| બ્રહ્મ દેવ૦ } લાંતક } | | વાલુકા પ્રભાના સર્વ નીચેના ભાગ સુધી | ચોથા ,, પાંચમા ,, | | |
| મહાશુક્ર } સહસ્રાર } | | પંક પ્રભાના સર્વ નીચેના ભાગ સુધી | છઠ્ઠા ,, સાતમા ,, | | |
| આનત } પ્રાણત } | | ધૂમ પ્રભાના સર્વ નીચેના ભાગ સુધી | આઠમા ,, નવમા ,, | | |
| આરણ | | ઉપર પ્રમાણે | દશમા ,, | | |
| અચ્યુત | | ,, ,, | અગીઆરમા ,, | | |
| ૬ ગ્રૈવેયક | | તમઃપ્રભા સુધી | બારમા ,, ,, | | ફૂલની ચંગેરી |
| ૭ થી ૯ ગ્રૈવેયક | | તમસ્તમઃપ્રભા સુધી | છઠ્ઠા ગ્રૈવેયક કરતાં અધિક | | |
| ૫ અનુત્તર | કાંઈક ન્યૂન લોકનાલિકા | લોક નાલિના અંત સુધી | સ્વયંભૂરમણ સમુદ્ર સુધી | | ગલકંચુક |

## સાતે નરકપૃથ્વીના નારકીનું ઉત્કૃષ્ઠ અને જઘન્ય આયુષ્યનુ પ્રમાણ.

ઇય દેવાણં ભણિયં, ઠિઇ પમુહં નારયાણ વુચ્છામિ,
ઇગ તિન્નિ સત્ત દસ સત્તર, અયર બાવીસ તિત્તીસા.૧૯૯.
સત્ત ય પુઢવીસુ ઠિઇ, જિટ્ઠોવરિમાઇ હિટ્ઠ પુઢવીએ,
હોઈ કમેણ કણિટ્ઠા, દસવાસ સહસ્સ પઢમાએ. ૨૦૦

ઇય–એ પ્રમાણે.
દેવાણં–દેવોની.
ભણિયં–કહ્યા.
ઠિઈ પમુહં–સ્થિતિ વગેરે.
નારયાણ––નારકીઓનાં.
વુચ્છામિ–કહીશ.
ઇગ–એક.
તિન્નિ–ત્રણ.
સત્ત–સાત.
દસ–દશ.
સત્તર–સત્તર.
અયર–સાગરોપમ.
બાવીસ–બાવીશ.
તિત્તીસા–તેત્રીશ.
સત્ત–સાતે
પુઢવીસુ–પૃથ્વીઓને વિષે.
ઠિઇ જિટ્ઠા–ઉત્કૃષ્ટ સ્થિતિ.
ઉવરિમાઇ–ઉપરની પૃથ્વીની.
હિટ્ઠ પુઢવીએ–હેઠળ (નીચે) ની પૃથ્વીની.
હોઇ–હોય છે.
કમેણ–અનુક્રમે.
કણિટ્ઠા–જઘન્ય (સ્થિતિ.)
દસવાસ સહસ્સ–૧૦ હજાર વર્ષ.
પઢમાએ–પહેલાની.

**શબ્દાર્થ**—એ પ્રમાણે દેવોની સ્થિતિ પ્રમુખ (વિગેરે) ૯ દ્વારા કહ્યાં. (હવે) નારકીઓનાં કહીશું. ૧-૩-૭-૧૦-૧૭ ૨૨ અને ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ સાતે નરક પૃથ્વીઓને વિષે અનુક્રમે છે. ઉપરની પુથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ તે નીચેની પૃથ્વીની અનુક્રમે જઘન્ય સ્થિતિ હોય છે. પહેલાની (પહેલા પ્રતરની) જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની છે.

| નારકીનું → / નરક પૃથ્વીઓ | ઉત્કૃષ્ટાયુ. | જઘન્યાયુ. |
|---|---|---|
| રત્નપ્રભા. | ૧ સાગરોપમ. | ૧૦ હજાર વર્ષ |
| શર્કરાપ્રભા. | ૩ ,, | ૧ સાગરોપમ |
| વાલુકાપ્રભા. | ૭ ,, | ૩ ,, |
| પંકપ્રભા. | ૧૦ ,, | ૭ ,, |
| ધૂમપ્રભા. | ૧૭ ,, | ૧૦ ,, |
| તમઃપ્રભા | ૨૨ ,, | ૧૭ ,, |
| તમસ્તમઃપ્રભા | ૩૩ ,, | ૨૨ ,, |

## રત્નપ્રભાના ૧૩ પ્રતરના નારકીનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય.

**નવઈ સમ સહસ લક્ખા, પુવ્વાણું કોડી અયર દસ ભાગ,**
**ઇક્કિક્ક ભાગ વુડ્ઢી, જા અયરં તેરસે પયરે. ૨૦૧.**
**ઇઅ જિટ્ઠ જહન્ના પુણ, દસ વાસ સહસ્સ લક્ખ પયર દુગે,**
**સેસેસુ ઉવરિ જિટ્ઠા, અહો કણિટ્ઠાઉ પઇ પુઢવિં. ૨૦૨.**

**નવઇ સમ સહસ**–૯૦ હજાર વર્ષ.
**નવઇ લક્ખા**–૯૦ લાખ.
**પુવ્વાણું કોડી**–પૂર્વ ક્રોડ.
**અયર**–૧ સાગરોપમનો.
**દસભાગ**–દશમો ભાગ.
**ઇક્કિક્ક**–એકેક.
**ભાગ વુડ્ઢી**–ભાગની વૃદ્ધિ.
**જા**–યાવ.
**અયરં**–૧ સાગરોપમ.
**તેરસે પયરે**–તેરમે પ્રતરે.
**ઇઅ**–એ પ્રમાણે.
**જિટ્ઠ**–ઉત્કૃષ્ટ સ્થિતિ
**જહન્ના**–જઘન્ય સ્થિતિ.
**પુણ**–વળી.
**દસવાસસહસ્સ**–૧૦હજારવર્ષ.
**દસવાસ લક્ખ**–૧૦ લાખ વર્ષ.

પયર દુગે-બે પ્રતરની.
સેસેસુ-બાકીના પ્રતરોને વિષે.
ઉવરિ-ઉપરના પ્રતરની.
જિટ્ઠા-ઉત્કૃષ્ટ સ્થિતિ.
અહો-નીચેના પ્રતરની.
કણિટ્ઠા-જઘન્ય સ્થિતિ.
ઉ-વળી.
પઇપુઢવિં-દરેક પૃથ્વી પ્રત્યે.

**શબ્દાર્થ**—૯૦ હજાર વર્ષ, ૯૦ લાખ વર્ષ, પૂર્વ ક્રોડ, ૧ સાગરોપમનો દશમો ભાગ. (એક સાગરોપમના ૧૦ ભાગમાંથી એક ભાગ પછી) એકેક ભાગની વૃદ્ધિ (કરતાં) યાવત્ તેરમે પ્રતરે (૧૦ ભાગે) ૧ સાગરોપમ થાય. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી. જઘન્ય સ્થિતિ વળી (પહેલા) બે પ્રતરની અનુક્રમે ૧૦ હજાર વર્ષ અને ૧૦ લાખ વર્ષ છે બાકીના પ્રતરોને વિષે ઉપરના પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ તે વળી નીચેના પ્રતરની જઘન્ય સ્થિતિ દરેક પૃથ્વી પ્રત્યે જાણવી.

રત્નપ્રભાના દરેક પ્રતરે ઉત્કૃષ્ઠ અને જઘન્ય આયુ.

| પ્રતર | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૯૦ હજાર વર્ષ | ૧૦ હજાર વર્ષ |
| ૨ | ૯૦ લાખ વર્ષ | ૧૦ લાખ વર્ષ |
| ૩ | ૧ પૂર્વક્રોડ વર્ષ | ૯૦ લાખ વર્ષ |
| ૪ | $\frac{૧}{૧૦}$ સાગરો૦ | પૂર્વ ક્રોડ વર્ષ |
| ૫ | $\frac{૨}{૧૦}$ સાગ૦ | $\frac{૧}{૧૦}$ સાગ૦ |
| ૬ | $\frac{૩}{૧૦}$ સાગ૦ | $\frac{૨}{૧૦}$ સાગ૦ |
| ૭ | $\frac{૪}{૧૦}$ સાગ૦ | $\frac{૩}{૧૦}$ સાગ૦ |
| ૮ | $\frac{૫}{૧૦}$ સાગ૦ | $\frac{૪}{૧૦}$ સાગ૦ |
| ૯ | $\frac{૬}{૧૦}$ સાગ૦ | $\frac{૫}{૧૦}$ સાગ૦ |
| ૧૦ | $\frac{૭}{૧૦}$ સાગ૦ | $\frac{૬}{૧૦}$ સાગ૦ |
| ૧૧ | $\frac{૮}{૧૦}$ સાગ૦ | $\frac{૭}{૧૦}$ સાગ૦ |
| ૧૨ | $\frac{૯}{૧૦}$ સાગ૦ | $\frac{૮}{૧૦}$ સાગ૦ |
| ૧૩ | ૧ સાગ૦ | $\frac{૯}{૧૦}$ સાગ૦ |

શર્કરાપ્રભા આદિ નરક પૃથ્વીને વિષે ઉત્કૃષ્ઠ સ્થિતિ જાણવાને માટે કરણ કહે છે.

**ઉવરિ ખિઇ ઠિઇ વિસેસો,**
**સગ પયર વિહત્તુ ઇચ્છ સંગુણિઓ,**
**ઉવરિમ ખિઈ ઠિઇ સહિઓ,**
**ઇચ્છિય પયરંમિ ઉક્કોસા. ૨૦૩.**

**ઉવરિ ખિઈ**–ઉપરની પૃથ્વીની.
**ઠિઈ વિસેસો**–સ્થિતિનો વિશ્લેષ.
**સગપયર**–પોતાના પ્રતરની સાથે.
**વિહત્તુ**–વહેંચીને. ભાગીને.
**ઇચ્છ**–ઈચ્છિત પ્રતર સાથે.
**સંગુણિઓ**–ગુણવાથી, ગુણીને.
**ઉવરિમ ખિઇ**–ઉપરની પૃથ્વીની.
**ઠિઈ સહિઓ**–સ્થિતિસહિત.
**ઇચ્છિય પયરંમિ**–ઇચ્છિત પ્રતરને વિષે.
**ઉક્કોસા**–ઉત્કૃષ્ટ સ્થિતિ.

**શબ્દાર્થ**—ઉપરની પૃથ્વીની સ્થિતિનો વિશ્લેષ (બાદબાકી) કરી, પોતાના પ્રતરની સાથે વહેંચીને (ભાગીને), ઇચ્છેલા પ્રતરની સાથે ગુણીને, ઉપરની પૃથ્વીની સ્થિતિ સહિત કરતાં ઈચ્છિત પ્રતરને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ આવે.

**વિવેચન**—શર્કરાપ્રભાને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ ૩ સાગરોપમ છે અને રત્નપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ સાગરોપમ છે, તેનો વિશ્લેષ ( મોટી રકમમાંથી નાની રકમ બાદ ) કરતાં ૨ સાગરોપમ રહે, તેને શર્કરાપ્રભાના ૧૧ પ્રતરે

ભાગતાં ૧ સાગરોપમના અગીયારીયા બે ભાગ આવે, તે બે ભાગને વાંછિત પહેલા પ્રતરની સાથે ગુણતાં અગીયારીયા બે ભાગ જ આવે. તેને ઉપરની પૃથ્વી રત્નપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ સાગરોપમ સહિત કરતાં ૧ સાગરોપમ ને અગીયારીઆ બે ભાગ પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. એ રીતે દરેક પ્રતરે બબ્બે ભાગ વધારતાં તથા અગીયાર ભાગે સાગરોપમ કરતાં શર્કરાપ્રભાના ૧૧મા પ્રતરે ૩ સાગરોપમ ઉત્કૃષ્ટાયુ થાય. તથા દરેક પૃથ્વીના છેલ્લા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ તે તેની પછીની પૃથ્વીના પ્રથમ પ્રતરની જઘન્ય સ્થિતિ જાણવી.

## પ્રશ્નો

૧, આહાર કેટલા પ્રકારના છે અને કયા? કયા જીવોને ક્યો આહાર હોય તથા ઉત્કૃષ્ટથી કવલાહાર કયા જીવોને કેટલા કાલ પછી હોય તથા કયા જીવો અણાહારી હોય તે દર્શાવો.

૨. દેવોના શરીરનું સ્વરૂપ કહો, દેવો મનુષ્ય લોકમાં ક્યા કારણોથી આવે અથવા ન આવે.

૩. ભવનપતિ જ્યોતિષી અચ્યુત ગ્રૈવેયક અને અનુત્તર દેવોનું ઉત્કૃષ્ટથી ઉર્દ્ધ્વ અધો અને તિર્ચ્છું અવધિ તથા જઘન્યથી અવધિક્ષેત્ર અને તેનો આકાર કહો.

૪, રત્નપ્રભા વાલુકાપ્રભા અને તમઃપ્રભાના દરેક પ્રતરનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય કહો.

### શર્કરાપ્રભા ૩−૧=૨ વિશ્લેષ

| પ્ર | ઉત્કૃષ્ટાયુ સા૦ | ઉત્કૃષ્ટાયુ ૧૧માંથી ભાગ | જઘન્યાયુ સા૦ | જઘન્યાયુ ૧૧માંથી ભાગ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૧ | ૦ |
| ૨ | ૧ | ૪ | ૧ | ૨ |
| ૩ | ૧ | ૬ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૮ | ૧ | ૬ |
| ૫ | ૧ | ૧૦ | ૧ | ૮ |
| ૬ | ૨ | ૧ | ૧ | ૧૦ |
| ૭ | ૨ | ૩ | ૨ | ૧ |
| ૮ | ૨ | ૫ | ૨ | ૩ |
| ૯ | ૨ | ૭ | ૨ | ૫ |
| ૧૦ | ૨ | ૯ | ૨ | ૭ |
| ૧૧ | ૩ | ૦ | ૨ | ૯ |

### વાલુકાપ્રભા ૭−૩=૪ વિશ્લેષ

| પ્ર | ઉત્કૃષ્ટાયુ સા૦ | ઉત્કૃષ્ટાયુ ૯ માંથી ભાગ | જઘન્યાયુ સ૦ | જઘન્યાયુ ૯ માંથી ભાગ |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૩ | ૦ |
| ૨ | ૩ | ૮ | ૩ | ૪ |
| ૩ | ૪ | ૩ | ૩ | ૮ |
| ૪ | ૪ | ૭ | ૪ | ૩ |
| ૫ | ૫ | ૨ | ૪ | ૭ |
| ૬ | ૫ | ૬ | ૫ | ૨ |
| ૭ | ૬ | ૧ | ૫ | ૬ |
| ૮ | ૬ | ૫ | ૬ | ૧ |
| ૯ | ૭ | ૦ | ૬ | ૫ |

### પંકપ્રભા ૧૦−૭=૩ વિશ્લેષ

| પ્ર | ઉત્કૃષ્ટાયુ સા૦ | ઉત્કૃષ્ટાયુ ૭ માંથી ભાગ | જઘન્યાયુ સા૦ | જઘન્યાયુ ૭ માંથી |
|---|---|---|---|---|
| ૧ | ૭ | ૩ | ૭ | ૦ |
| ૨ | ૭ | ૬ | ૭ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૭ | ૬ |
| ૪ | ૮ | ૫ | ૮ | ૨ |
| ૫ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૬ | ૯ | ૪ | ૯ | ૧ |
| ૭ | ૧૦ | ૦ | ૯ | ૪ |

### ધૂમપ્રભા ૧૭−૧૦=૭ વિશ્લેષને પાંચ પ્રતરે ભાગતાં $\frac{૭}{૧}\times\frac{૧}{૫}=\frac{૭}{૫}$ ૧$\frac{૨}{૫}$ સા૦

| પ્ર | ઉત્કૃષ્ટાયુ સા૦ | ઉત્કૃષ્ટાયુ ૫ માંથી ભાગ | જઘન્યાયુ સા૦ | જઘન્યાયુ ૫ માંથી ભાગ |
|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨ | ૧૦ | ૦ |
| ૨ | ૧૨ | ૪ | ૧૧ | ૨ |
| ૩ | ૧૪ | ૧ | ૧૨ | ૪ |
| ૪ | ૧૫ | ૩ | ૧૪ | ૧ |
| ૫ | ૧૭ | ૦ | ૧૫ | ૩ |

### તમઃપ્રભા ૨૨−૧૭=૫ વિશ્લેષને ત્રણ પ્રતરે ભાગતાં $\frac{૫}{૧}\times\frac{૧}{૩}=\frac{૫}{૩}$ ૧$\frac{૨}{૩}$ સા૦

| પ્ર | ઉત્કૃષ્ટાયુ સા૦ | ઉત્કૃષ્ટાયુ ૩ માંથી ભાગ | જઘન્યાયુ સા૦ | જઘન્યાયુ ૩ માંથી ભાગ |
|---|---|---|---|---|
| ૧ | ૧૮ | ૨ | ૧૭ | ૦ |
| ૨ | ૨૦ | ૧ | ૧૮ | ૨ |
| ૩ | ૨૨ | ૦ | ૨૦ | ૧ |

### તમસ્તમઃ પ્રભા

| પ્ર. | ઉત્કૃષ્ટાયુ | જઘન્યાયુ |
|---|---|---|
| ૧ | ૩૩ | ૨૨ |

અપ્રતિષ્ઠાનનું જઘન્યાયુ નથી

## ૧૦ પ્રકારની ક્ષેત્ર વેદના.

**બંધણુ ગઈ સંઠાણા, ભેયા વન્ના ય ગંધ રસ ફાસા,**
**અગુરૂલહુ સદ્દ દસહા, અસુહા વિય પુગ્ગલા નિરએ.૨૦૪.**

| | |
|---|---|
| **બંધણુ**–આહારાદિ પુદ્ગલોનું બંધન. | **ફાસા**–સ્પર્શ. |
| **ગઈ**–ગતિ. | **અગુરૂલહુ**-અગુરૂલઘુ. |
| **સંઠાણા**–સંસ્થાન. | **સદ્દ**–શબ્દ. |
| **ભેયા**–ભેદ. | **દસહા**-દશ પ્રકારનાં. |
| **વન્ના**-વર્ણ. | **અસુહા**–અશુભ. |
| **ગંધ**–ગંધ | **વિ**–પણ. |
| **રસ**–રસ. | **પુગ્ગલા**–પુદ્ગલો. |
| | **નિરએ**–નરકમાં. |

**શબ્દાર્થ**—૧. આહારાદિ પુદ્ગલોનું બંધન. ૨. ગતિ, ૩. સંસ્થાન (હુંડક), ૪. ભેદ, ૫. (અશુભ) વર્ણ, ૬. ગંધ, ૭. રસ, ૮. સ્પર્શ, ૯. અગુરૂલઘુ, અને ૧૦. શબ્દ. એ દશ પ્રકારનાં અશુભ પુદ્ગલો પણ નરકમાં છે.

**વિવેચન**—દરેક સમયે નારકીઓને આહારાદિક પુદ્ગલોનું બંધન પ્રદીપ્ત થયેલા અગ્નિ કરતાં પણ અત્યંત ભયંકર હોય છે. નારકીઓની ચાલવાની ગતિ ઉંટ અને ગધેડાં જેવી અશુભ હોય છે; તપાવેલા લોહ સરખી ધરતી ઉપર પગ મૂકવાથી જે વેદના થાય, તેના કરતાં અત્યંત દુઃખ નારકીના જીવોને ચાલતાં થાય છે. નારકીનું સંસ્થાન પાંખ છેદાયેલા પક્ષીની જેમ અત્યંત જઘન્ય હુંડક હોય છે. ભીંત

આદિ પુદ્ગલોથી નારકીના શરીરના પુદ્ગલોનું જુદું થવું તે શસ્ત્રની ધાર કરતાં પણ અત્યંત પીડાકારી છે. દ્વાર અને જાલીયાં વિનાના નરકાવાસાનો વર્ણ અંધકારવાળો ભયંકર અને મલિન છે, વળી આ નરકાવાસાનો તળીયાનો ભાગ શ્લેષ્મ વિષ્ટા મૂત્ર અને કફાદિ દડે લેવાયેલાની જેવો છે; તથા માંસ. કેશ, નખ, હાડકાં, દાંત અને ચર્મ વડે આચ્છાદન કરાયેલી શ્મશાન ભૂમિના જેવો છે. સડી ગયેલાં બિલાડા વિગેરેનાં મૃત કલેવરોની ગંધ કરતાં અત્યંત અશુભ ગંધ ત્યાંની પૃથ્વીમાં હોય છે. લીમડા અને ઘોષાતકીના રસ કરતાં અત્યંત કડવો રસ ત્યાં હોય છે. અગ્નિ અને વિંછી આદિના સ્પર્શ કરતા અત્યંત ભયંકર સ્પર્શ ત્યાં હોય છે. અગુરૂલઘુ પરિણામ પણ અત્યંત પીડા કરનારો છે. પીડાથી આક્રાન્ત થયેલા તેઓના દુઃખના કારણરૂપ વિલાપનો શબ્દ પણ સાંભળવાથી કરૂણા ઉપજે તેવો છે. એ દશ પ્રકારના અશુભ પુદ્ગલો નરક પૃથ્વીમાં હોય છે.

### બીજી રીતે ૧૦ પ્રકારની ક્ષેત્ર વેદના.

**નરયા દસવિહ વેયણ, સી ઊસિણ ખુહ પિવાસ કંડૂહિં,**
**પરવસ્સં જર દાહં, ભય સોગં ચેવ વેયંતિ. ૨૦૫.**

**નરયા**-નારકી.
**દસવિહ**-દશ પ્રકારની.
**વેયણ**-વેદનાવાળા.
**સી**-શીત.
**ઊસિણ**-ઉષ્ણ.
**ખુહ**-ક્ષુધા. ભૂખ.
**પિવાસ**-તૃષા, તરસ.
**કંડૂહિં**-ખરજ.
**પરવસ્સં**-પરવશપણું.
**જર**-જ્વર, તાવ.

દાહં-દાહ.
ભય-ભય.
સોગં-શોક.

ચેવ-નિશ્ચે
વેયંતિ-વેદે છે.

**શબ્દાર્થ**—નારકી ૧૦ પ્રકારની (ક્ષેત્ર) વેદનાવાળા હોય છે. ૧ શીત, ૨ ઉષ્ણ, ૩ ક્ષુધા, ૪ તૃષા, ૫ ખરજ, ૬ પરવશપણું, ૭ તાવ, ૮ દાહ, ૯ ભય અને ૧૦ શોક નિશ્ચે નારકીના જીવો વેદે છે. (ભોગવે છે.)

**વિવેચન**—પોષ માસમાં રાત્રિએ હીમ પડતો હોય, વાયુ વાતો હોય, ત્યારે વસ્ત્ર વિનાના મનુષ્યને હિમાલય પર્વત ઉપર જે દુઃખ થાય, તે કરતાં અનંત ગુણ દુઃખ તે નારકીને શીત વેદનાનું હોય છે. તે શીત વેદનાવાળી નરક થકી ઉપાડીને નારકીઓને પૂર્વોક્ત મનુષ્યના સ્થાને રાખવામાં આવે, તો તે નારકી અનુપમ સુખ ભોગવતા નિદ્રાને પામે. ગ્રીષ્મ રૂતુમાં મધ્યાહ્ન સમયે મેઘ રહિત સૂર્ય માથા ઉપર તપતો હોય તથા ચાર દિશાએ ચાર અગ્નિની જ્વાલા સળગતી હોય એવી રીતે પંચાગ્નિથી યુક્ત, પિત્તના પ્રકોપવાળા, છત્ર રહિત મનુષ્યને જે વેદના થાય, તેથી અનંત ગુણ દુઃખ નારકીને ઉષ્ણ વેદનાનું હોય છે, તે નારકીને ઉપાડીને અહીં બળતા ખેરના અંગારામાં કોઈ મૂકે, તો તે નારકી સુખેથી નિદ્રા લે. અઢીદ્વીપનાં ધાન્ય ખાય તો પણ નારકીની ભૂખ શમે નહિ. બધી નદી, સમુદ્ર અને સરોવરનાં પાણી પીએ, તો પણ નારકીનું ગળું તાલુ અને હોઠ તો સુકાતાં જ રહે. છરી વડે ખણતાં પણ નારકીના શરીરે

ખસની ખંજવાળ મટે નહિ. નારકીના જીવો સદા પરવશ હોય છે. અહીંના તાવવાળા મનુષ્ય કરતાં અનંત ગુણ તાવ હમેશાં નારકીના શરીર હોય છે. અંદરથી બળી જાય તેવો દાહ પણ નારકીને હોય છે. નારકીના જીવોને પરમાધામી કે અન્ય નારકી તરફથી વધુ ભય હોય છે, કારણ કે તેઓ અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાનથી ઉર્ધ્વ અધો કે તિર્યગ્ દિશાથી આવતા દુઃખને અગાઉથી જ જાણે છે. તેથી ભયથી સદા વિહ્વલ જ હોય છે અને તેને લીધે જ તેઓ શોકવાળા હોય છે. એમ બીજી રીતે પણ ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના કહી.

પ્રથમની ત્રણ પૃથ્વીના નરકાવાસાની ભૂમિ શીત અને બાકીની ભૂમિ ઉષ્ણ છે. પંકપ્રભાને વિષે ઘણા નરકાવાસા ઉષ્ણ અને થોડા શીત છે. ધૂમપ્રભાને વિષે ઘણા નરકાવાસા શીત અને થોડા ઉષ્ણ છે. છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં નરકાવાસાની ભૂમિ ઉષ્ણ અને બાકીની ભૂમિ શીત છે.

નારકીના બે ભેદ—સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ. તેમાં સમ્યગ્દષ્ટિ નારકી પૂર્વકૃત કર્મને સંભાળીને અન્ય થકી ઉત્પન્ન થયેલ દુઃખ સમ્યક્ પ્રકારે સહન કરે અને મિથ્યાદષ્ટિ નારકી એક કે સંખ્યાતાં સરખાં સંબદ્ધ મુદ્ગરોનાં વૈક્રિય રૂપો ગ્રહણ કરીને અથવા સ્વાભાવિક પૃથ્વી સંબંધી હથિઆરો ગ્રહણ કરીને પરસ્પર લડે છે.

## ૩ વેદનામાંથી કઈ વેદના કેટલી નરક સુધી હોય.

**સત્તસુ ખિત્તજ વિયણા, અન્નન્ન કયાવિ પહરણેહિ વિણા,**
**પહરણ કયા વિ પંચસુ, તિસુ પરમાહમ્મિય કયાવિ. ૨૦૬**

**સત્તસુ**–સાતે નરક પૃથ્વીમાં.
**ખિત્તજ વિયણા**–ક્ષેત્રવેદના.
**અન્નન્ન કયાવિ**–અન્યોન્ય કૃત પણ.
**પહરણેહિ**–પ્રહરણ, શસ્ત્ર.
**વિણા**–વિના.
**પહરણ કયાવિ**–પ્રહરણ કૃત પણ.
**પંચસુ**–પાંચ નરક પૃથ્વીને વિષે.
**તિસુ**–ત્રણ નરક પૃથ્વીને વિષે.
**પરમાહમ્મિય**–પરમાધામી વડે.
**કયાવિ**–કરાએલ પણ.

**શબ્દાર્થ**—સાતે નરક પૃથ્વીમાં ક્ષેત્ર વેદના અને પ્રહરણ વિના અન્યોન્યકૃત ( પરસ્પર જીવો વડે કરાયેલ ) વેદના પણ હોય છે, પાંચ નરક પૃથ્વીને વિષે પ્રહરણ કૃત વેદના પણ હોય છે, અને ત્રણ નરક પૃથ્વીને વિષે પરમાધામી વડે કરાયેલ વેદના પણ હોય છે.

**વિવેચન**—છઠ્ઠી અને સાતમી નરકમાં નારકી જીવો વૈક્રિય રૂપો વિકુર્વીને એક બીજાનાં શરીરમાં પ્રવેશ કરીને વેદના ઉદીરે છે. નારકી જીવો આલા (ગોખલા જેવા આકાર) માં ઉત્પન્ન થાય છે. તે તેમની યોનિ જાણવી. ત્યાં ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્તે આલો નાનો અને શરીર મોટું થવાથી સમાય નહિ. તેથી નીચે પડે, કે તરતજ પરમાધામી ત્યાં આવીને પૂર્વકૃત કર્મને અનુસારે દુઃખ આપે. જેમકેઃ–મદ્ય પીનારને ઉનું સીસું પાય, પરસ્ત્રી લંપટીને અગ્નિમય લોઢાની પુતળીનું આલિંગન કરાવે, કૂટ શીમલાના વૃક્ષ ઉપર બેસાડે. લોઢાના ઘણે કરી ઘાત કરે, વાંસલાથી છેદે, ઘા ઉપર ખાર નાખે, ઉના તેલમાં નાખે, ભાલાથી શરીર પરોવે, ભઠ્ઠીમાં

શેકે, ઘાણીમાં પીલે, કરવતથી વહેરે, પક્ષી સિંહ સર્પનાં રૂપ વિકૂર્વીને પીડા ઉપજાવે, વૈતરણી નદીમાં ઝબોળે, અસિપત્ર વન અને તપ્ત રેતીમાં દોડાવે, વજ્રમય કુંભીમાં તીવ્ર તાપે પચતાં નારકી ૫૦૦ યોજન ઉંચા ઉછળે, ત્યાંથી નીચે પડતાં આકાશમાં પક્ષીઓ અને નીચે વાઘ વિગેરેનાં રૂપો વિકુર્વીને પીડા ઉપજાવે. તે નારકીઓને લડતા દેખીને પરમાધામી ખુશી થાય, અટ્ટટ્ટ હાસ્ય કરે, તેમના ઉપર વસ્ત્ર નાંખે અને ત્રણવાર પગલાંનું આસ્ફાલન કરે. નારકીઓને પરસ્પર લડતા જોવામાં જેવી પ્રીતિ પરમાધામીઓને હોય છે. તેવી પ્રીતિ તેઓને અત્યંત રમ્ય વસ્તુના જોવામાં હોતી નથી. એ પરમાધામીપણું પંચાગ્નિ પ્રમુખ કષ્ટ ક્રિયાથી પ્રાપ્ત થાય છે. પરમાધામી હંમેશાં ભવ્યજ હોય, તે પણ મરીને ઇંગોળીઓ મત્સ્ય થાય, તેના દેહમાં એવાં રત્ન હોય છે કે તે રત્નને જોઈને બીજા જલચર જીવો ભય પામીને નાસી જાય, તે રત્નને લેવાની ખાતર મચ્છીમારો તેને માંસની લાલચથી લોઢાની ઘંટીમાં સપડાવી છમાસ સુધી પીલે ત્યારે તે મરી જાય, માટે બીજાને પીડા કરવાથી પોતાને દુઃખ ભોગવવું પડે, એમ સમજીને કોઈ જીવને દુઃખ દેવું નહિ.

## સાતે નરક પૃથ્વીનાં ગોત્ર.

**રયણપ્પહ સક્કરપહ, વાલુયપહ પંકપહ ય ધૂમપહા;**
**તમપહા તમતમપહા, કમેણ પુઢવીણ ગોત્તાઇં. ૨૦૭.**

રયણપ્પહ–રત્નપ્રભા.
સક્કરપહ-શર્કરાપ્રભા.
વાલુયપહ-વાલુકાપ્રભા.
પંકપહ–પંકપ્રભા
ધૂમપહા–ધૂમપ્રભા.
તમપહા–તમઃપ્રભા.
તમતમપહા–તમસ્તમઃ પ્રભા.
કમેણ-અનુક્રમે.
પુઢવીણ–પૃથ્વીનાં.
ગોત્તાઇં–ગોત્ર.

**શબ્દાર્થ**—૧. રત્નપ્રભા, ૨. શર્કરાપ્રભા, ૩. વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫. ધૂમપ્રભા, ૬. તમઃપ્રભા અને ૭. તમસ્તમઃપ્રભા એ અનુક્રમે સાતે પૃથ્વીનાં ગોત્ર (ગુણ ઉપરથી બનેલાં નામો) છે.

**વિવેચન**—રત્નપ્રભાના ત્રણ કાંડ (ભાગ) છે, પહેલો ખરકાંડ ૧૬ હજાર યોજનનો, તેમાં રત્ન ઘણાં હોય છે. બીજો પંક બહુલ કાંડ ૮૪ હજાર યોજનનો, તેમાં કાદવ ઘણો હોય છે. ત્રીજો જલ બહુલ કાંડ ૮૦ હજાર યોજનનો, તેમાં પાણી ઘણું હોય છે. બાકીની છએ પૃથ્વી પૃથ્વીકાયમય છે, શર્કરા પ્રભામાં કાંકરા ઘણા હોય; વાલુકા પ્રભામાં રેતી ઘણી હોય, પંકપ્રભામાં કાદવ ઘણો હોય, ધૂમપ્રભામાં ધૂમાડો ઘણો હોય, તમઃ પ્રભામાં અંધકાર ઘણો હોય અને તમસ્તમઃપ્રભામાં અત્યંત ઘણો અંધકાર હોય છે,

## સાતે નરકનાં નામ તથા આકાર.

**ઘમ્મા વંસા સેલા, અંજણ રિટ્ઠા મઘા ય માઘવઇ,**
**નામેહિં પુઢવીઓ, છત્તાઇછત્ત સંઠાણા.** ૨૦૮.

**ઘમ્મા**-ઘર્મા.
**વંસા**–વંશા.
**સેલા**–શૈલા.
**અંજણ**–અંજના.
**રિટ્ઠા**–રિષ્ટા.
**મઘા**–મઘા.
**માઘવઈ**–માઘવતી.
**નામેહિં**–નામ વડે.
**પુઢવીઓ**–પૃથ્વીઓ.
**છત્તાઈછત્ત**–છત્રાતિછત્ર.
**સંઠાણા**–સંસ્થાન (આકાર) વાળી.

**શબ્દાર્થ**—૧. ઘર્મા, ૨. વંશા, ૩. શૈલા, ૪. અંજના, ૫. રિષ્ટા, ૬. મઘા અને ૭ માઘવતી નામ વડે પૃથ્વીઓ છત્રાતિછત્ર ( ઉંધા રાખેલ છત્રની નીચે મોટા મોટા છત્રવાળા ) આકારવાળી છે.

**વિવેચન**—નીચેની દરેક પૃથ્વીઓ ઉંધા રાખેલ છત્રના આકારે અને નીચે નીચે વિસ્તારમાં મોટી મોટી છે. જેમકે: વિસ્તારમાં સૌથી નાની ઘર્મા, તેની નીચે વંશા વિસ્તારમાં મોટી છે. એમ સર્વત્ર સમજવું.

## સાતે નરક પૃથ્વીનો પિંડ તથા તેનો આધાર.

**અસીય બત્તીસ અડવીસ, વીસા અટ્ઠાર સોલ અડસહસા,**
**લક્ખુવરિ પુઢવિ પિંડો, ઘણુદહિ ઘણવાયતણુવાયા. ૨૦૯.**

**અસીય**–એંસી.
**બત્તીસ**–બત્રીશ.
**અડવીસ**–અઠ્યાવીશ.
**વીસા**–વીશ.
**અટ્ઠાર**–અઢાર.
**સોલ**–સોલ.
**અડ**–આઠ.
**સહસા**–હજાર.
**લક્ખુવરિ**–લાખ ઉપર.
**પુઢવિપિંડો**–પૃથ્વીનોપિંડ.
**ઘણુદહિ**–ઘનોદધિ.
**ઘણવાય**–ઘનવાત.
**તણુવાયા**–તનવાત.

**શબ્દાર્થ**—(સાતે) નરક પૃથ્વીનો પિંડ અનુક્રમે પહેલીનો ૧ લાખ ૮૦ હજાર, બીજીનો ૧ લાખ ૩૨ હજાર, ત્રીજીનો ૧ લાખ ૨૮ હજાર, ચોથીનો ૧ લાખ ૨૦ હજાર, પાંચમીનો ૧ લાખ ૧૮ હજાર, છઠ્ઠીનો ૧ લાખ ૧૬ હજાર, અને સાતમીનો ૧ લાખ ૮ હજાર છે. અને તે (દરેક)ની નીચે ઘનોદધિ ઘનવાત તનવાત અને—

**ગયણં ચ પઇટ્ઠાણં, વીસ સહસ્સાઇં ઘણુદહી પિંડો,**
**ઘણતણુ વાયાગાસા, અસંખ જોયણ જુયા પિંડો.૨૧૦.**

| | |
|---|---|
| **ગયણં**-આકાશ. | **ઘણ**-ઘનવાત. |
| **પઇટ્ઠાણં**-રહેલું છે. | **તણુવાય**-તનવાત. |
| **વીસ સહસ્સાઇં**-૨૦હજાર. | **આગાસા**-આકાશનો. |
| **ઘણુદહિ**-ઘનેદધિનો. | **અસંખ**-અસંખ્યાતા. |
| **પિંડો**-પિંડ, જથ્થો. | **જોયણજુયા**-યોજન વડેયુક્ત. |

**શબ્દાર્થ**—આકાશ રહેલું છે. (મધ્યભાગે)ઘનોદધિનો પિંડ ૨૦ હજાર યોજનનો છે ઘનવાત તનવાત અને આકાશનો પિંડ અસંખ્યાતા યોજન વડે યુક્ત છે.

**વિવેચન**—દરેક નરક પૃથ્વીની જાડાઈના મધ્ય ભાગ નીચે ઘનોદધિની જાડાઈ ૨૦ હજાર યોજનની છે. તેની નીચે ઘનવાત અસંખ્યાત યોજન, તેની નીચે તનવાત અસંખ્યાત યોજન અને તેની નીચે આકાશ અસંખ્યાત યોજન મધ્ય ભાગે છે, તે પછી ઘનોદધિ આદિ ત્રણે વલયો ઘટીને છેડે કેટલા યોજન વિસ્તારે હોય ? તે કહે છે.

## પ્રશ્નો

૧. બંને રીતે ૧૦ પ્રકારની ક્ષેત્ર વેદનાનું વિવેચન કરો.

૨. ૩ પ્રકારની વેદનામાંથી કઈ વેદના કેટલી નરક સુધી હોય? નારકીઓને ભય કયા કારણોથી હોય?

૩. પહેલી, ત્રીજી અને છઠ્ઠી નરકનાં નામ, ગોત્ર, આકાર, પૃથ્વીપિંડ અને મધ્યભાગે આધાર રૂપ ઘનોદધિ આદિ વલયોની જાડાઈ કહો.

| પૃથ્વીનાં નામ. | નરકનાં નામ. | પૃથ્વીપિંડ | ઘનોદધિ. | ઘનવાત. | તનવાત. | આકાશ. |
|---|---|---|---|---|---|---|
| રત્નપ્રભા. | ઘર્મા. | ૧,૮૦,૦૦૦ | | | | |
| શર્કરાપ્રભા | વંશા. | ૧,૩૨,૦૦૦ | | | | |
| વાલુકાપ્રભા | શૈલા. | ૧,૨૮,૦૦૦ | | | | |
| પંકપ્રભા | અંજના. | ૧,૨૦,૦૦૦ | વીસ હજાર યોજન મધ્ય ભાગે | અસંખ્યાતા યોજન મધ્ય ભાગે | અસંખ્યાતા યોજન મધ્ય ભાગે | અસંખ્યાતા યોજન મધ્ય ભાગે |
| ધૂમપ્રભા | રિષ્ટા. | ૧,૧૮,૦૦૦ | | | | |
| તમઃપ્રભા | મઘા. | ૧,૧૬,૦૦૦ | | | | |
| તમસ્તમઃ-પ્રભા | માઘવતી | ૧,૦૮,૦૦૦ | | | | અનંત યોજન |

નરક પૃથ્વીના છેડે ચારે દિશાએ ઘનોદધિ આદિ ૩ વલયનો વિસ્તાર.

**ન ફુસંતિ અલોગં, ચઉદિસંપિ પુઢવીય વલય સંગહિયા,**
**રયણાએ વલયાણું, છદ્ધ પંચમ જોયણું સડ્ઢું. ૨૧૧.**

વિક્ખંભો ઘણઉદહી, ઘણ તણુવાયાણ હોઇ જહસંખં,
સતિભાગ ગાઉયં,ગાઉયં ચ તહ ગાઉય તિભાગો.૨૧૨.
પઢમ મહીવલએસું, ખિવિજ્જ એયં કમેણ બીયાએ,
દુ તિ ચઉ પંચ છ ગુણં,તઇયાઇસુ તંપિ ખિવ કમસો.૨૧૩.

ન ફુસંતિ–સ્પર્શતી નથી.
અલોગં–અલોકને.
ચઉદિસંપિ–ચારે દિશાએ પણ.
પુઢવી–પૃથ્વીઓ.
વલય–વલયો વડે.
સંગહિયા–વિંટાએલી.
રયણાએ–રત્નપ્રભાના.
વલયાણં–વલયોનો.
છ–છ (યોજન).
અદ્ધ પંચમ–પાંચમું અડધું (૪ા).
જોયણ–યોજન.
સડ્ઢં–દોઢ (યોજન).
વિક્ખંભો–વિસ્તાર.
ઘણ ઉદહી–ઘનોદધિ.
ઘણતણુ વાયાણ–ઘનવાત. અને તનવાતના.
હોઇ–છે.
જહસંખં–અનુક્રમે.

સતિભાગ ગાઉયં–ત્રીજા ભાગ સહિત એક ગાઉ. (૧$\frac{૧}{૩}$ ગાઉ)
ગાઉયં–૧ ગાઉ.
તહ–તેમજ. તથા.
ગાઉ–૧ ગાઉનો.
તિભાગો–ત્રીજો ભાગ.
પઢમમહી–પહેલી પૃથ્વીના.
વલએસું–વલયોમાં.
ખિવિજ્જ–નાંખીએ,ઉમેરીએ.
એયં–એ પ્રમાણે.
કમેણ–અનુક્રમે.
બીયાએ–બીજીને વિષે.
દુ તિ ચઉ પંચ છગુણં–બે ત્રણ ચાર પાંચ અને છ ગુણો.
તઇયાસુ–ત્રીજી આદિને વિષે.
તંપિ–તેને પણ.
ખિવ–નાંખો, નાખવો.
કમસો–અનુક્રમે.

**શબ્દાર્થ**—(ઘનોદધિ ઘનવાત અને તનવાતના) વલયો વડે વિંટાએલી (સાતે) પૃથ્વીઓ ચારે દિશાએ પણ અલોકને સ્પર્શતી નથી, રત્નપ્રભાના ઘનોદધિ ઘનવાત અને તનવાતના વલયોનો વિસ્તાર (છેડે) અનુક્રમે છ યોજન, સાડાચાર યોજન અને દોઢ યોજન છે, પહેલી પૃથ્વીના (ત્રણે) વલયોમાં અનુક્રમે ૧ ગાઉ અને એક ગાઉનો ત્રીજો ભાગ (૧$\frac{1}{3}$ ગાઉ), ૧ ગાઉ, તથા એક ગાઉનો ત્રીજો ભાગ ($\frac{1}{3}$ ગાઉ) નાંખીએ (ઉમેરીએ.) એ પ્રમાણે અનુક્રમે બીજી પૃથ્વીને વિષે (વલયોનું પ્રમાણ આવે), તે (નાંખવા યોગ્ય ભાગ) ને પણ બમણો, ત્રણગણો, ચારગણો, પાંચગણો અને છ ગુણો કરીને અનુક્રમે ત્રીજી આદિ (પૃથ્વીઓ) ને વિષે નાંખવો.

**મજ્ઝે ચિય પુઢવી અહે, ઘણુદહિ પમુહાણપિંડ પરિમાણં,**
**ભણિયં તઓ કમેણું, હાયઈ જા વલય પરિમાણં. ૨૧૪.**

**મજ્ઝે**–મધ્ય ભાગે.
**ચિય**–નિશ્ચે.
**પુઢવી**–પૃથ્વીની.
**અહે**–નીચે.
**ઘણુદહિ**–ઘનોદધિ.
**પમુહાણ**–પ્રમુખના, વિગેરેના.
**પિંડ પરિમાણં**–પિંડનું પ્રમાણ.
**ભણિયં**–કહ્યું છે.
**તઓ**–પછી.
**કમેણું**–અનુક્રમે.
**હાયઇ**–ઘટે છે.
**જા**–યાવત્, સુધી.
**વલય**–વલયનું.
**પરિમાણં**–પ્રમાણ.

**શબ્દાર્થ**—પૃથ્વીની નીચે નિશ્ચે મધ્યભાગે ઘનોદધિ વિગેરેના પિંડનું પ્રમાણ કહ્યું છે, તે પછી અનુક્રમે યાવત્ વલયનું પ્રમાણ (છેડા સુધી) ઘટે છે ૨૧૬.

## દરેક નરક પૃથ્વીના નરકાવાસા.

**તીસ પણુવીસ પન્નરસ, દસ તિન્નિ પણૂણ એગ લક્ખાઇં,**
**પંચ ય નરયા કમસો, ચુલસી લક્ખાઇં સત્તસુ વિ.૨૧૫.**

| | |
|---|---|
| **તીસ**–ત્રીશ લાખ. | **પંચ**–પાંચ. |
| **પણુવીસ**–પચ્ચીશ લાખ. | **નરયા**–નરકાવાસા. |
| **પન્નરસ**–પંનર લાખ. | **કમસો**–અનુક્રમે. |
| **દસ**–દશ લાખ. | **ચુલસી**–ચોરાશી. |
| **તિન્નિ**–ત્રણ લાખ. | **લક્ખાઇં**–લાખ. |
| **પણૂણ** (પણ+ઉણ)–પાંચ ઓછા. | **સત્તસુ**–સાતેને વિષે. |
| **એગ લક્ખાઇં**–એક લાખ. | **વિ**–પણ. |

**શબ્દાર્થ**—(પહેલી નરક પૃથ્વીના) ૩૦ લાખ, (બીજીના) ૨૫ લાખ, (ત્રીજીના) ૧૫ લાખ, (ચોથીના) ૧૦ લાખ, (પાંચમીના) ૩ લાખ, (છઠ્ઠીના) પંચ ઓછા એક લાખ અને (સાતમીના) પાંચ નરકાવાસા અનુક્રમે છે. પણ સાતે પૃથ્વીને વિષે (સર્વ મળીને) ૮૪ લાખ નરકાવાસા થાય છે.

**વિવેચન**—નરકાવાસા એટલે નારકી જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાનો.

## દરેક પૃથ્વીના પ્રતરો.

**તેરિક્કારસ નવ સગ, પણ તિન્નિગ પયર સવ્વિગુણવન્ના,**
**સીમંતાઈ અપ્પઈ-ઠાણંતા ઇંદયા મજ્ઝે. ૨૧૬.**

**તેર**–તેર.
**ઇક્કારસ**–અગીઆર.
**નવ**–નવ.
**સગ**–સાત.
**પણ**–પાંચ.
**તિન્નિ**–ત્રણ.
**ઇગ**–એક.
**પયર**–પ્રતર.
**સવ્વ**–સર્વ.
**ઇગુણવન્ના**–ઓગણપચાસ.
**સીમંતાઈ**–સીમંતક આદિથી.
**અપ્પઈઠાણંતા**–અપ્રતિષ્ઠાન સુધી.
**ઇંદયા**–ઇંદ્રક નરકાવાસા.
**મજ્ઝે**–મધ્યભાગને વિષે.

**શબ્દાર્થ**—(પહેલીના) તેર, (બીજીના) અગીયાર, (ત્રીજીના) નવ, (ચોથીના) સાત, (પાંચમીના) પાંચ, (છઠ્ઠીના) ત્રણ, અને (સાતમીનો) એક પ્રતર છે. સર્વ મળીને ઓગણપચાશ પ્રતર છે. તે (પ્રતર) ના મધ્ય ભાગને વિષે સીમંતકથી માંડીને અપ્રતિષ્ઠાન સુધી (૪૯) ઇંદ્રિક નરકાવાસા છે.

## નરક પૃથ્વીની ચારે દિશાએ છેડે ઘનોદધિ આદિ ત્રણે વલયનો વિસ્તાર.

| નરક પૃથ્વી | ઘનોદધિ | ઘનવાત | તનવાત | નરક પૃથ્વીથી અલોક કેટલે છે | નરકાવાસા | પ્રતર |
|---|---|---|---|---|---|---|
| | યો૦ ગાઉ | યોજન | યો૦ ગાઉ | યો૦ ગાઉ | | |
| રત્નપ્રભા | ૬ | ૪।। | ૧।। | ૧૨ | ૩૦ લાખ | ૧૩ |
| શર્કરાપ્રભા | ૬।$\frac{1}{3}$ | ૪।।। | ૧।।$\frac{1}{3}$ | ૧૨।।$\frac{2}{3}$ | ૨૫ લાખ | ૧૧ |
| વાલુકાપ્રભા | ૬।।$\frac{2}{3}$ | ૫ | ૧।$\frac{2}{3}$ | ૧૩।$\frac{1}{3}$ | ૧૫ લાખ | ૯ |
| પંકપ્રભા | ૭ | ૫। | ૧।। | ૧૪ | ૧૦ લાખ | ૭ |
| ધૂમપ્રભા | ૭।$\frac{1}{3}$ | ૫।। | ૧।।।$\frac{1}{3}$ | ૧૪।।$\frac{2}{3}$ | ૩ લાખ | ૫ |
| તમઃપ્રભા | ૭।।$\frac{2}{3}$ | ૫।।। | ૧।।।$\frac{2}{3}$ | ૧૫।$\frac{1}{3}$ | ૯૯૯૯૫ | ૩ |
| તમસ્તમઃપ્રભા | ૮ | ૬ | ૨ | ૧૬ | ૫ | ૧ |

ઇંદ્રકનરકાવાસાથકીનીકળેલીઽશ્રેણીઓનેવિષેનરકાવાસા.

**તેહિંતોદિસિવિદિસિં,વિણિગ્ગયાઅટ્ઠનિરય આવલીયા,**
**પઢમે પયરે દિસિ ગુણ–વન્ન વિદિસાસુ અડયાલા.૨૧૭.**
**બીયાઇસુ પયરેસુ, ઇગ ઇગ હીણા ઉ હુન્તિ પ તીઓ,**
**જા સત્તમી મહી પયરે,દિસિ ઇક્કિક્કો વિદિસિ નત્થિ.૨૧૮.**

**તેહિંતો**–તે ઇંદ્રક નરકાવાસાઓ થકી.
**દિસિ**–દિશા.
**વિદિસિ**–વિદિશા પ્રત્યે.
**વિણિગ્ગયા**–નીકળી છે.
**અટ્ઠ નિરય**–આઠ નરકાવાસાની.
**આવલિયા**–પંક્તિઓ.
**પઢમે પયરે**–પહેલા પ્રતરને વિષે.
**દિસિ**–દિશામાં
**ગુણવન્ન**–ઓગણપચાસ.
**વિદિસાસુ**–વિદિશામાં.
**અડયાલા**–અડતાલીશ.
**બીયાઇસુ**–બીજા આદિ
**પયરેસુ**–પ્રતરોને વિષે.
**ઇગ ઇગ હીણા**–એકેક ઓછી.
**હુન્તિ**-છે.
**પંતીઓ**–પંક્તિઓ.
**જા**–યાવત્
**સત્તમી મહી**–સાતમી પૃથ્વીના.
**પયરે**–પ્રતરને વિષે.
**દિસિ**–દિશામાં
**ઇક્કિક્કો**-એકેક.
**વિદિસિ**-વિદિશામાં.
**નત્થિ**–નથી.

**શબ્દાર્થ**—તે ઇંદ્રક નરકાવાસાઓ થકી દિશા અને વિદિશા પ્રત્યે આઠ નરકાવાસાની પંક્તિઓ નીકળી છે. પહેલા પ્રતરને વિષે દિશામાં ઓગણપચાશ અને વિદિશામાં અડતાલીશની પંક્તિ છે. બીજા આદિ પ્રતરોને વિષે એક એક ઓછી ( નરકાવાસાની ) પંક્તિઓ છે યાવત્ સાતમી પૃથ્વીના પ્રતરને વિષે દિશામાં એકેક ( નરકાવાસો ) છે અને વિદિશામાં ( નરકાવાસો ) નથી.

## દરેક પ્રતરે દિશિ વિદિશિની શ્રેણિના મળેલા સર્વ નરકાવાસાની સંખ્યા જાણવાનો ઉપાય.

**ઇટ્ઠપયરેગ દિસિ,સંખ અડગુણા ચઉવિણા સઇગસંખા;**
**જહ સીમંતય પયરે, એગુણનઉયા સયા તિન્નિ. ૨૧૯.**
**અપયટ્ઠાણે પંચ ઉ, પઢમો મુહ-મંતિમો હવઇ ભૂમી;**
**મુહભૂમી સમાસદ્ધં, પયરગુણં હોઇ સવ્વધણં. ૨૨૦.**

**ઇટ્ઠ પયર**-વાંચ્છિત પ્રતરની.
**ઇગદિસિ**-એક દિશાની.
**સંખં**-સંખ્યાને.
**અડગુણા**-આઠગુણા કરી.
**ચઉ વિણા**-ચાર વિના.
**સઇગસંખા**-એક સંખ્યા સહિત.
**જહ**-જેમ.
**સીમંતય**-સીમંતક.
**પયરે**-પ્રતરને વિષે.
**એગુણનઉયા**-નેવ્યાસી
**સયા તિન્નિ**-ત્રણસો.
**અપયટ્ઠાણે**-અપ્રતિષ્ઠાનને વિષે.
**પંચ ઉ**-પાંચ વળી.
**પઢમો**-પહેલો
**મુહ**-મુખ.
**અંતિમો**-છેલ્લો.
**હવઈ**-છે.
**ભૂમિ**-ભૂમિ.
**મુહ ભૂમિ સમાસ**-મુખ અને ભૂમિનો સરવાળો કરી.
**અદ્ધં**-અર્ધ.
**પયરગુણ**-પ્રતરે ગુણતાં.
**હોઇ**-થાય છે.
**સવ્વધણં**-સર્વ સંખ્યા.

**શબ્દાર્થ**—વાંછિત પ્રતરની એક દિશા (ના આવલિકાગત નરકાવાસા)ની સંખ્યાને આઠ ગુણા કરી. (તેમાંથી ચાર ઓછા કરી. એક (ઇંદ્રક નરકાવાસાની) સંખ્યા સહિત કરીએ, જેમ સીમંતક પ્રતરને વિષે ત્રણસો નેવ્યાસી

થાય. અપ્રતિષ્ઠાનને વિષે પાંચ વળી નરકાવાસા છે. પહેલા પ્રતરના આવલિકાગત નરકાવાસા તે મુખ અને છેલ્લા પ્રતરના આવલિકાગત નરકાવાસા તે ભૂમિ કહેવાય. મુખ અને ભૂમિનો સરવાળો કરી, તેનું અર્ધ કરી, પ્રતર સાથે ગુણતાં સર્વ ( આવલિકાગત નરકાવાસાની ) સંખ્યા થાય છે.

**વિવેચન**—જેમકે રત્નપ્રભાના પહેલા પ્રતર સીમંતકની એક દિશાના નરકાવાસાની સંખ્યા ૪૯ છે. તેને આઠ ગુણા કરીએ. એટલે ત્રણસોને બાણું થાય, તેમાંથી ચાર ઓછા કરતાં ત્રણસો અઠયાસી થાય, તેમાં એક ઈંદ્રક નરકાવાસો ઉમેરતાં ત્રણસો નેવ્યાસી આવલિકાગત નરકાવાસા થાય. એમ દરેક પ્રતરે આવલિકાગત નરકાવાસા ગણતાં છેલ્લા પ્રતરની એક દિશાના નરકાવાસાની સંખ્યા એક છે, તેને આઠે ગુણતાં આઠ થાય, તેમાંથી ચાર ઓછા કરતાં ચાર રહે. તેમાં એક ઈંદ્રક નરકાવાસો ઉમેરતાં પાંચ થાય પ્રથમ પ્રતરના આવલિકાગત નરકાવાસા ૩૮૯ને મુખ કહીએ અને છેલ્લા પ્રતરના આવલિકાગત નરકાવાસા ૫ ને ભૂમિ કહીએ, તે બન્ને (૩૮૯+૫+૩૯૪)નો સરવાળો કરી તેનું અર્ધ ૧૯૭ થાય, તેને ૪૯ પ્રતર સાથે ગુણતાં ૯૬૫૩ આવલિકાગત નરકાવાસા થાય અને કુલ ૮૪ લાખ નરકાવાસામાંથી આવલિકાગત ૯૬૫૩ નરકાવાસા બાદ કરતાં ૮૩, ૯૦, ૩૪૭ પુષ્પાવકીર્ણ નરકાવાસા જાણવા.

# પહેલી પૃથ્વીના તેરે પ્રતરની દિશિ વિદિશિના પંક્તિ ગત ત્રિખુણાદિ ઇંદ્રક સહિત નરકાવાસાનું યંત્ર.

| પ્રતર. | પ્રતરનાં નામ. | ૧ દિશામાં | ત્રિખુણા | ચોખુણા | ગોળ | ૧ વિદિશામાં | ત્રિખુણા | ચોખુણા | ગોળ | દિશાવિદિશાનાં | ત્રિખુણા | ચોખુણા | ગોળ | ગુણ્યાંક | ઇંદ્રકવિના કુલ | ત્રિખુણા | ચોખુણા | ગોળ | ઇંદ્રક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સીમંતક | ૪૯ | ૧૭ | ૧૬ | ૧૬ | ૪૮ | ૧૬ | ૧૬ | ૧૬ | ૯૭ | ૩૩ | ૩૨ | ૩૨ | ૪ | ૩૮૮ | ૧૩૨ | ૧૨૮ | ૧૨૮ | ૧ | ૩૮૯ |
| ૨ | રૌરૂક | ૪૮ | ૧૬ | ૧૬ | ૧૬ | ૪૭ | ૧૬ | ૧૬ | ૧૫ | ૯૫ | ૩૨ | ૩૨ | ૩૧ | ૪ | ૩૮૦ | ૧૨૮ | ૧૨૮ | ૧૨૪ | ૧ | ૩૮૧ |
| ૩ | ભ્રાન્ત | ૪૭ | ૧૬ | ૧૬ | ૧૫ | ૪૬ | ૧૬ | ૧૫ | ૧૫ | ૯૩ | ૩૨ | ૩૧ | ૩૦ | ૪ | ૩૭૨ | ૧૨૮ | ૧૨૪ | ૧૨૦ | ૧ | ૩૭૩ |
| ૪ | ઉદ્ભ્રાન્ત | ૪૬ | ૧૬ | ૧૫ | ૧૫ | ૪૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૯૧ | ૩૧ | ૩૦ | ૩૦ | ૪ | ૩૬૪ | ૧૨૪ | ૧૨૦ | ૧૨૦ | ૧ | ૩૬૫ |
| ૫ | સંભ્રાન્ત | ૪૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૪૪ | ૧૫ | ૧૫ | ૧૫ | ૮૯ | ૩૦ | ૩૦ | ૨૯ | ૪ | ૩૫૬ | ૧૨૦ | ૧૨૦ | ૧૧૬ | ૧ | ૩૫૭ |
| ૬ | અસંભ્રાન્ત | ૪૪ | ૧૫ | ૧૫ | ૧૪ | ૪૩ | ૧૫ | ૧૪ | ૧૪ | ૮૭ | ૩૦ | ૨૯ | ૨૮ | ૪ | ૩૪૮ | ૧૨૦ | ૧૧૬ | ૧૧૨ | ૧ | ૩૪૯ |
| ૭ | વિભ્રાન્ત | ૪૩ | ૧૫ | ૧૪ | ૧૪ | ૪૨ | ૧૪ | ૧૪ | ૧૪ | ૮૫ | ૨૯ | ૨૮ | ૨૮ | ૪ | ૩૪૦ | ૧૧૬ | ૧૧૨ | ૧૧૨ | ૧ | ૩૪૧ |
| ૮ | તોત | ૪૨ | ૧૪ | ૧૪ | ૧૪ | ૪૧ | ૧૪ | ૧૪ | ૧૪ | ૮૩ | ૨૮ | ૨૮ | ૨૭ | ૪ | ૩૩૨ | ૧૧૨ | ૧૧૨ | ૧૦૮ | ૧ | ૩૩૪ |
| ૯ | શીત | ૪૧ | ૧૪ | ૧૪ | ૧૩ | ૪૦ | ૧૪ | ૧૩ | ૧૩ | ૮૧ | ૨૮ | ૨૭ | ૨૬ | ૪ | ૩૨૩ | ૧૧૨ | ૧૦૮ | ૧૦૪ | ૧ | ૩૨૫ |
| ૧૦ | વક્રાન્ત | ૪૦ | ૧૪ | ૧૩ | ૧૩ | ૩૯ | ૧૩ | ૧૩ | ૧૩ | ૭૯ | ૨૭ | ૨૬ | ૨૬ | ૪ | ૩૧૬ | ૧૦૮ | ૧૦૪ | ૧૦૪ | ૧ | ૩૧૭ |
| ૧૧ | અવક્રાન્ત | ૩૯ | ૧૩ | ૧૩ | ૧૩ | ૩૮ | ૧૩ | ૧૩ | ૧૩ | ૭૭ | ૨૬ | ૨૬ | ૨૫ | ૪ | ૩૦૮ | ૧૦૪ | ૧૦૪ | ૧૦૦ | ૨ | ૩૦૯ |
| ૧૨ | વિક્રાન્ત | ૩૮ | ૧૩ | ૧૩ | ૧૨ | ૩૭ | ૧૩ | ૧૨ | ૧૨ | ૭૫ | ૨૬ | ૨૫ | ૨૪ | ૪ | ૩૦૦ | ૧૦૪ | ૧૦૦ | ૯૬ | ૧ | ૩૦૧ |
| ૧૩ | રૌરૂક | ૩૭ | ૧૩ | ૧૨ | ૧૨ | ૩૬ | ૧૨ | ૧૨ | ૧૨ | ૭૩ | ૨૫ | ૨૪ | ૨૪ | ૪ | ૨૯૨ | ૧૦૦ | ૯૬ | ૯૬ | ૧ | ૨૯૩ |

# બીજી પૃથ્વીના નરકાવાસાનું યંત્ર.

| પ્રતર. | નામ. | દિશામાં. | ત્રિખુણા. | ચોખુણા. | ગોળ. | વિદિશામાં. | ત્રિખુણા. | ચોખુણા. | ગોળ. | દિશા વિદિશાનાં. | ત્રિખુણા. | ચોખુણા. | ગોળ. | પુષ્પાવકી. | ઇંદ્રક વિના કુલ. | ત્રિખુણા. | ચોખુણા. | ગોળ. | ઇંદ્રક. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્તનિક | ૩૬ | ૧૨ | ૧૨ | ૧૨ | ૩૫ | ૧૨ | ૧૨ | ૧૧ | ૭૧ | ૨૪ | ૨૪ | ૨૩ | ૪ | ૨૮૪ | ૯૬ | ૯૬ | ૯૨ | ૧ | ૨૮૫ |
| ૨ | સ્તનક | ૩૫ | ૧૨ | ૧૨ | ૧૧ | ૩૪ | ૧૨ | ૧૧ | ૧૧ | ૬૯ | ૨૪ | ૨૩ | ૨૨ | ૪ | ૨૭૬ | ૯૬ | ૯૨ | ૮૮ | ૧ | ૨૭૭ |
| ૩ | મનક | ૩૪ | ૧૨ | ૧૧ | ૧૧ | ૩૩ | ૧૧ | ૧૧ | ૧૧ | ૬૭ | ૨૩ | ૨૨ | ૨૨ | ૪ | ૨૬૮ | ૯૨ | ૮૮ | ૮૮ | ૧ | ૨૬૯ |
| ૪ | વનક | ૩૩ | ૧૧ | ૧૧ | ૧૧ | ૩૨ | ૧૧ | ૧૧ | ૧૦ | ૬૫ | ૨૨ | ૨૨ | ૨૧ | ૪ | ૨૬૦ | ૮૮ | ૮૮ | ૮૪ | ૧ | ૨૬૧ |
| ૫ | ઘટ્ટ | ૩૨ | ૧૧ | ૧૧ | ૧૦ | ૩૧ | ૧૧ | ૧૦ | ૧૦ | ૬૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૪ | ૨૫૨ | ૮૮ | ૮૪ | ૮૦ | ૧ | ૨૫૩ |
| ૬ | સંઘટ્ટ | ૩૧ | ૧૧ | ૧૦ | ૧૦ | ૩૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૬૧ | ૨૧ | ૨૦ | ૨૦ | ૪ | ૨૪૪ | ૮૪ | ૮૦ | ૮૦ | ૧ | ૨૪૫ |
| ૭ | જિહ્વ | ૩૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૯ | ૧૦ | ૧૦ | ૯ | ૫૯ | ૨૦ | ૨૦ | ૧૯ | ૪ | ૨૩૬ | ૮૦ | ૮૦ | ૭૬ | ૧ | ૨૩૭ |
| ૮ | અપજિહ્વ | ૨૯ | ૧૦ | ૧૦ | ૯ | ૨૮ | ૧૦ | ૯ | ૯ | ૫૭ | ૨૦ | ૧૯ | ૧૮ | ૪ | ૨૨૮ | ૮૦ | ૭૬ | ૭૨ | ૧ | ૨૨૯ |
| ૯ | લોલ | ૨૮ | ૧૦ | ૯ | ૯ | ૨૭ | ૯ | ૯ | ૯ | ૫૫ | ૧૯ | ૧૮ | ૧૮ | ૪ | ૨૨૦ | ૭૬ | ૭૨ | ૭૨ | ૧ | ૨૨૧ |
| ૧૦ | લોલાવર્ત | ૨૭ | ૯ | ૯ | ૯ | ૨૬ | ૯ | ૯ | ૮ | ૫૩ | ૧૮ | ૧૮ | ૧૭ | ૪ | ૨૧૨ | ૭૨ | ૭૨ | ૬૮ | ૧ | ૨૧૩ |
| ૧૧ | ઘનલોલુક | ૨૬ | ૯ | ૯ | ૮ | ૨૫ | ૯ | ૮ | ૮ | ૫૧ | ૧૮ | ૧૭ | ૧૭ | ૪ | ૨૦૪ | ૭૨ | ૬૮ | ૬૪ | ૧ | ૨૦૫ |

# ત્રીજી અને ચોથી પૃથ્વીના નરકાવાસાનું યંત્ર.

| પ્રતર. | નામ. | ૧ દિશામાં | ત્રિખૂણાં. | ચોખૂણાં. | ગોળ. | ૧ વિદિશામાં | ત્રિખૂણા | ચોખૂણાં. | ગોળ | ૨ દિશા ૨ વિદિશામાં | ત્રિખૂણા | ચોખૂણાં. | ગોળ. | ચારેકોણે | કુલ પંક્તિના | કુલ | ત્રિખૂણા | ચોખૂણાં. | ગોળ | ઇંદ્રક. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તપ્ત | ૨૫ | ૯ | ૮ | ૮ | ૨૪ | ૮ | ૮ | ૮ | ૪૯ | ૧૭ | ૧૬ | ૧૬ | ૪ | | ૧૯૬ | ૬૮ | ૬૪ | ૬૪ | ૧ | ૧૯૭ |
| ૨ | તપિત | ૨૪ | ૮ | ૮ | ૮ | ૨૩ | ૮ | ૮ | ૭ | ૪૭ | ૧૬ | ૧૬ | ૧૫ | ૪ | | ૧૮૮ | ૬૪ | ૬૪ | ૬૦ | ૧ | ૧૮૯ |
| ૩ | તપન | ૩ | ૮ | ૮ | ૭ | ૨૨ | ૮ | ૭ | ૭ | ૪ | ૧૬ | ૧૫ | ૧૪ | ૪ | | ૧૮૦ | ૬૪ | ૬૦ | ૫૬ | ૧ | ૧૮૧ |
| ૪ | તાપન | ૨૨ | ૮ | ૭ | ૭ | ૨૧ | ૭ | ૭ | ૭ | ૪૩ | ૧૫ | ૧૪ | ૧૪ | ૪ | | ૧૭૨ | ૬૦ | ૫૬ | ૫૬ | ૧ | ૧૭૩ |
| ૫ | નિદાઘ | ૨૧ | ૭ | ૭ | ૭ | ૨૦ | ૭ | ૭ | ૬ | ૪૧ | ૧૪ | ૧૪ | ૧૩ | ૪ | | ૧૬૪ | ·૬ | ૫૬ | ૫૨ | ૧ | ૧૬૫ |
| ૬ | પ્રજ્વલિત | ૨૦ | ૭ | ૭ | ૬ | ૧૯ | ૭ | ૬ | ૬ | ૩૯ | ૧૪ | ૧૩ | ૧૨ | ૪ | | ૧૫૬ | ૫૬ | ૫૨ | ૪૮ | ૧ | ૧૫૭ |
| ૭ | ઉજ્વલિત | ૧૯ | ૭ | ૬ | ૬ | ૧૮ | ૬ | ૬ | ૬ | ૩૭ | ૧૩ | ૧૨ | ૧૨ | ૪ | | ૧૪૮ | ૫૨ | ૪૮ | ૪૮ | ૧ | ૧૪૯ |
| ૮ | સંજ્વલિત | ૧૮ | ૬ | ૬ | ૬ | ૧૭ | ૬ | ૬ | ૫ | ૩૫ | ૧૨ | ૧૨ | ૧૧ | ૪ | | ૧૪૦ | ૪૮ | ૪૮ | ૪૪ | ૧ | ૧૪૧ |
| ૯ | સંપ્રજ્વલિત | ૧૭ | ૬ | ૬ | ૫ | ૧૬ | ૬ | ૫ | ૫ | ૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૪ | | ૧૩૨ | ૪૮ | ૪૪ | ૪૦ | ૧ | ૧૩૩ |
| - | આર | ૧૬ | ૬ | ૫ | ૫ | ૧૫ | ૫ | ૫ | ૫ | ૩૧ | ૧૧ | ૧૦ | ૧૦ | ૪ | | ૧૨૪ | ૪૪ | ૪૦ | ૪૦ | ૧ | ૧૨૫ |
| ૨ | તાર | ૧૫ | ૫ | ૫ | ૫ | ૧૪ | ૫ | ૫ | ૪ | ૨૦ | ૧૦ | ૧૦ | ૯ | ૪ | | ૧૧૬ | ૪૦ | ૪૦ | ૩૬ | ૧ | ૧૧૭ |
| ૩ | માર | ૧૪ | ૫ | ૫ | ૪ | ૧૩ | ૫ | ૪ | ૪ | ૨૭ | ૧૦ | ૯ | ૮ | ૪ | | ૧૦૮ | ૪૦ | ૩૬ | ૩૨ | ૧ | ૧૦૯ |
| ૪ | વર્ચ | ૧૩ | ૫ | ૪ | ૪ | ૧૨ | ૪ | ૪ | ૪ | ૨૫ | ૯ | ૮ | ૮ | ૪ | | ૧૦૦ | ૩૬ | ૩૨ | ૩૨ | ૧ | ૧૦૧ |
| ૫ | તમ | ૧૨ | ૪ | ૪ | ૪ | ૧૧ | ૪ | ૪ | ૩ | ૨૩ | ૮ | ૮ | ૭ | ૪ | | ૯૨ | ૩૨ | ૩૨ | ૨૮ | ૧ | ૯૩ |
| ૬ | ખાડખડ | ૧૧ | ૪ | ૪ | ૩ | ૧૦ | ૪ | ૩ | ૩ | ૨૧ | ૮ | ૭ | ૬ | ૪ | | ૮૪ | ૩૨ | ૨૮ | ૨૪ | ૧ | ૮૫ |
| ૭ | ખડખડ | ૧૦ | ૪ | ૩ | ૩ | ૯ | ૩ | ૩ | ૩ | ૧૯ | ૭ | ૬ | ૬ | ૪ | | ૭૬ | ૨૮ | ૨૪ | ૨૪ | ૧ | ૭૭ |

# પાંચમી છઠ્ઠી અને સાતમી પૃથ્વીના નરકાવાસનુ યંત્ર.

| પ્રતર | નામ | ૧ દિશામાં | ત્રિખુણા | ચોખુણા | ગોળ | ૧ વિદિશામાં | ત્રિખુણા | ચોખુણા | ગોળ | દિશા વિદિશામાં | ત્રિખુણા | ચોખુણા | ગોળ | ગુણાકાર | ઇંદ્રક વિના કુલ | ત્રિખુણા | ચોખુણા | ગોળ | ઇંદ્રક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખાત | ૯ | ૩ | ૩ | ૩ | ૮ | ૩ | ૩ | ૨ | ૧૭ | ૬ | ૬ | ૫ | ૪ | ૬૮ | ૨૪ | ૨૪ | ૨૦ | ૧ | ૬૯ |
| ૨ | તમક | ૮ | ૩ | ૩ | ૨ | ૭ | ૩ | ૨ | ૨ | ૧૫ | ૬ | ૫ | ૪ | ૪ | ૬૦ | ૨૪ | ૨૦ | ૧૬ | ૧ | ૬૧ |
| ૩ | ઊસ | ૭ | ૩ | ૨ | ૨ | ૬ | ૨ | ૨ | ૨ | ૧૩ | ૫ | ૪ | ૪ | ૪ | ૫૨ | ૨૦ | ૧૬ | ૧૬ | ૧ | ૫૩ |
| ૪ | અંધ | ૬ | ૨ | ૨ | ૨ | ૫ | ૨ | ૨ | ૧ | ૧૧ | ૪ | ૪ | ૩ | ૪ | ૪૪ | ૧૬ | ૧૬ | ૧૨ | ૧ | ૪૫ |
| ૫ | તિમિશ્ર | ૫ | ૨ | ૨ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૯ | ૪ | ૩ | ૨ | ૪ | ૩૬ | ૧૬ | ૧૨ | ૮ | ૧ | ૩૭ |
| ૧ | હીમ | ૪ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૭ | ૩ | ૨ | ૨ | ૪ | ૨૮ | ૧૨ | ૮ | ૮ | ૧ | ૨૯ |
| ૨ | વાર્દલ | ૩ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૫ | ૨ | ૨ | ૧ | ૪ | ૨૦ | ૮ | ૮ | ૪ | ૧ | ૨૧ |
| ૩ | લલ્લક | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૩ | ૨ | ૧ | ૦ | ૪ | ૧૨ | ૮ | ૪ | ૦ | ૧ | ૧૩ |
| ૧ | અપ્રતિષ્ઠાન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૦ | ૦ | ૧ | ૫ |

## સાતે પૃથ્વીના પંક્તિગત નરકાવાસાની ગણત્રીનું યંત્ર

| નરક પૃથ્વી | ૧ દિશામાં | ૧ વિદિશામાં | પહેલે પ્રતરે | ૧ દિશામાં | ૧ વિદિશામાં | છેલ્લે પ્રતરે | મુખ | ભૂમિ | સમાસ | અર્ધ | ગુણાંક | પંક્તિગત નરકાવાસા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૯ | ૪૮ | ૯૭ | ૩૭ | ૩૬ | ૭૩ | ૩૮૯ | ૨૯૩ | ૬૮૨ | ૩૪૧ | ૧૩ | ૪૪૩૩ |
| ૨ | ૩૬ | ૩૫ | ૭૧ | ૨૬ | ૨૫ | ૫૧ | ૨૮૫ | ૨૦૫ | ૪૯૦ | ૨૪૫ | ૧૧ | ૨૬૯૫ |
| ૩ | ૨૫ | ૨૪ | ૪૯ | ૧૭ | ૧૬ | ૩૩ | ૧૯૭ | ૧૩૩ | ૩૩૦ | ૧૬૫ | ૯ | ૧૪૮૫ |
| ૪ | ૧૬ | ૧૫ | ૩૧ | ૧૦ | ૯ | ૧૯ | ૧૨૫ | ૭૭ | ૨૦૨ | ૧૦૧ | ૭ | ૭૦૭ |
| ૫ | ૯ | ૮ | ૧૭ | ૫ | ૪ | ૯ | ૬૯ | ૩૭ | ૧૦૬ | ૫૩ | ૫ | ૨૬૫ |
| ૬ | ૪ | ૩ | ૭ | ૨ | ૧ | ૩ | ૨૯ | ૧૩ | ૪૨ | ૨૧ | ૩ | ૬૩ |
| ૭ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | • | ૫ | • | ૫ | × | ૧ | ૫ |

## સાતે પૃથ્વીના આવલિકાગત નરકાવાસા અને પુષ્પાવકીર્ણુ નરકાવાસા.

**છન્નવઈ સય તિવન્ના, સત્તસુ પુઢવીસુ આવલી નિરયા;**
**સેસ તિયાસી લક્ખા, તિસય સિયાલા નવઇ સહસા. ૨૨૧.**

| | |
|---|---|
| **છન્નવઈ સય**–છન્નુંસો. | **સેસ**–બાકીના. |
| **તિવન્ના**–તેપન. | **તિયાસી લક્ખા**–ત્યાસી લાખ. |
| **સત્તસુ પુઢવીસુ**–સાતે પૃથ્વીને વિષે. | **તિ સય**–ત્રણસો. |
| **આવલી**–આવલિકાગત | **સિયાલા**–સુડતાલીશ. |
| **નિરયા**–નરકાવાસા. | **નવઇ સહસા**–નેવુ હજાર. |

**શબ્દાર્થ**—સાતે પૃથ્વીને વિષે (મળીને) આવલિકાગત નરકાવાસા છન્નુંસો ને તેપન છે અને બાકીના (પુષ્પાવકીર્ણુ) નરકાવાસા ત્યાસી લાખ નેવુ હજાર ત્રણસો સુડતાલીશ (૮૩, ૯૦, ૩૪૭) છે.

**વિવેચન**—બધા ઇંદ્રક નરકાવાસા ગોળ છે. તે પછી ચાર દિશા અને વિદિશામાં રહેલા આવલિકાગત નરકાવાસા અનુક્રમે ત્રિખુણા, ચોખુણા અને વાટલા છે. એમ આવલિકાના છેડા સુધી કહેવું, પુષ્પાવકીર્ણ નરકાવાસા જુદા જુદા આકારે છે. તે બધા નરકાવાસા માંહેથી ગોળ, બાહેરથી ચોખુણા અને નીચે અસ્રાની ધાર જેવા છે, કે જેના ઉપર પગે ચાલવાથી અત્યંત વેદના થાય.

## સાતે નરકના નરકાવાસાની કુલ સંખ્યાનું યંત્ર.

| નરક પૃથ્વી | ગોળ. | ત્રિખુણાં. | ચોખુણાં | પંક્તિ-ગત. | પુષ્પાવકીર્ણ. | કુલ નરકાવાસા. |
|---|---|---|---|---|---|---|
| રત્ન પ્રભા | ૧૪૫૩ | ૧૫૦૮ | ૧૪૭૨ | ૪૪૩૩ | ૨૯,૯૫,૫૬૭ | ૩૦,૦૦,૦૦૦ |
| શર્કરા પ્રભા | ૮૭૫ | ૯૨૪ | ૮૯૬ | ૨૬૯૫ | ૨૪,૯૭,૩૦૫ | ૨૫,૦૦,૦૦૦ |
| વાલુકા પ્રભા | ૪૭૭ | ૫૨૬ | ૪૯૨ | ૧૪૮૫ | ૧૪,૯૮,૫૧૫ | ૧૫,૦૦,૦૦૦ |
| પંક પ્રભા | ૨૨૩ | ૨૫૨ | ૨૩૨ | ૭૦૭ | ૯,૯૯,૨૯૩ | ૧૦,૦૦,૦૦૦ |
| ધૂમ પ્રભા | ૭૭ | ૧૦૦ | ૮૮ | ૨૬૫ | ૨,૯૯,૭૩૫ | ૩,૦૦,૦૦૦ |
| તમઃ પ્રભા | ૧૫ | ૨૮ | ૨૦ | ૬૩ | ૯૯,૯૩૨ | ૯૯,૯૯૫ |
| તમસ્તમઃપ્રભા | ૧ | ૪ | ૦ | ૫ | ૦ | ૫ |
| | ૩૧૨૧ | ૩૩૩૨ | ૩૨૦૦ | ૯૬૫૩ | ૮૩,૯૦,૩૪૭ | ૮૪,૦૦,૦૦૦ |

## નરકાવાસાનું ઉંચપણું પહોળપણું અને લાંબપણું કહે છે.

**તિસહસ્સુચ્ચા સવ્વે, સંખ મસંખિજ્જ વિત્થડાયામા;**
**પણયાલ લક્ખ સીમંતઓ ય લક્ખં અપઇટ્ઠાણો.૨૨૨.**

**તિ સહસ્સ**–ત્રણ હજાર.
**ઉચ્ચા**- ઉંચા.
**સવ્વે**–સર્વે.
**સંખં**–સંખ્યાતા.
**અસંખિજ્જ**–અસંખ્યાતા.
**વિત્થડાયામા**–પહોળાઇ અને લંબાઈવાળા.
**પણયાલ લક્ખ**–પીસ્તાલીશ લાખ
**સીમંતઓ**- સીમંતક.
**લક્ખં**–૧ લાખ યોજનનો
**અપઇટ્ઠાણો**–અપ્રતિષ્ઠાન.

**શબ્દાર્થ**—સર્વે નરકાવાસા ત્રણ હજાર યોજન ઉંચા અને સંખ્યાતા કે અસંખ્યાતા યોજન પહોળાઈ અને લંબાઈવાળા છે. સીમંતક ( ઇંદ્રક નરકાવાસો ) ૪૫ લાખ યોજનનો અને અપ્રતિષ્ઠાન ( ઇંદ્રક નરકાવાસો ) ૧ લાખ યોજનનો લાંબો પહોળો છે.

**વિવેચન**–દરેક નરકાવાસાની પીઠ ( નીચેનો ભાગ, ) મધ્ય ભાગ અને સ્તૂપિકા (શિખર) એ ત્રણે એકેક હજાર યોજન પ્રમાણ હોવાથી સર્વે નરકાવાસા ૩ હજાર યોજન ઉંચા છે; તથા અપ્રતિષ્ઠાન નરકાવાસાની પૂર્વ દિશામાં કાલ, પશ્ચિમ દિશામાં મહાકાલ, દક્ષિણ દિશામાં રોચક અને ઉત્તર દિશામાં મહારોરૂક એ ચારે નરકાવાસાની લંબાઈ, પહોળાઇ અને પરિધિ અસંખ્યાતા કોડાકોડી યોજનની જાણવી.

## સાતે નરક પૃથ્વીને વિષે નરકાવાસા રહિત ક્ષેત્ર.

**છસુ હિટ્ઠોવરિ જોયણ,સહસ્સ બાવન્ન સડ્ઢ ચરિમાએ;**
**પુઢવીએ નરય રહિયં, નરયા સેસંમિ સવ્વાસુ. ૨૨૩.**

**છસુ**–છ પૃથ્વીને વિષે.
**હિટ્ઠોવરિ**–હેઠે અને ઉપર.
**જોયણ**–યોજન.
**સહસ્સ**–એક હજાર.
**બાવન્ન સડ્ઢ**–સાડી બાવન હજાર.
**ચરિમાએ**–છેલ્લી (સાતમી) ને વિષે.
**પુઢવીએ**–પૃથ્વીને વિષે.
**નરય રહિયં**–નરકાવાસ રહિત.
**નરયા**–નરકાવાસા.
**સેસંમિ**—બાકીના (ક્ષેત્ર વિભાગ) ને વિષે.
**સવ્વાસુ**–સર્વ પૃથ્વીઓમાં.

**શબ્દાર્થ**—છ પૃથ્વીને વિષે હેઠે અને ઉપર એક હજાર યોજન અને છેલ્લી (સાતમી) પૃથ્વીને વિષે સાડી બાવન હજાર યોજન નરકાવાસ રહિત (ક્ષેત્ર) છે, બાકીના (ક્ષેત્ર વિભાગ)ને વિષે સર્વ પૃથ્વીઓમાં નરકાવાસા છે.

## નરક પૃથ્વીના દરેક પ્રતરનું અંતર.

**બિસહસ્સૂણાપુઢવી, તિસહસગુણિએહિં નિયય પયરેહિં;**
**ઊણા રુવૂણ નિય પયર, ભાઇયા પત્થડંતરયં. ૨૨૪.**

**બિસહસ્સૂણા**–બે હજાર ઓછી.
**પુઢવી**–પૃથ્વી.
**તિસહસ**–ત્રણ હજાર વડે.
**ગુણિએહિં**–ગુણાએલા.
**નિયય પયરેહિં**–પોતાના પ્રતરોના.
**ઊણા**–ઓછા.
**રુવૂણ**–એક રૂપ ઓછા.
**નિય પયર**–પોતાના પ્રતર વડે.
**ભાઇયા**–ભાગવાથી.
**પત્થડંતરયં**–પ્રતરનું આંતરૂં.

**શબ્દાર્થ**—બે હજાર યોજન ઓછી પૃથ્વી કરાય છે, તેમાંથી ત્રણ હજાર વડે ગુણાએલા પોતાના પ્રતરોના ઓછા કરવા એક રૂપ ઓછા પોતાના પ્રતર વડે ભાગવાથી પ્રતરનું આંતરૂં આવે.

**વિવેચન**—૭ નરક પૃથ્વીના પિંડમાંથી ઉપર અને નીચેથી એકેક હજાર યોજન ઓછા કરવા અને સાતમી નરક પૃથ્વીના પિંડમાંથી ઉપર અને નીચેથી સાડી બાવન હજાર યોજન ઓછા કરવા. પછી જે પૃથ્વીએ જેટલા પ્રતર હોય, તેને ત્રણ હજારે ગુણીને. તે (પૃથ્વી પિંડ) માંથી ઓછા કરવા. તે વાર પછી તે બાકી રહેલ પૃથ્વી પિંડને એક ઓછા પોતાના પ્રતર વડે ભાગવા એટલે એક પ્રતરથી બીજા પ્રતરનું માંહોમાંહે આંતરુ આવે. જેમકે :—

**રત્નપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૮૦ હજાર યોજનનો છે, તેમાંથી બે હજાર યોજન ઓછા કરતાં ૧ લાખ ૭૮ હજાર યોજન રહે. રત્નપ્રભાના તેર પ્રતર છે, તે દરેક પ્રતર ૩ હજાર યોજન ઉંચો છે, તેથી ૧૩ પ્રતરને ૩ હજારે ગુણતાં ૩૯ હજાર યોજન થાય. તે ૧ લાખ ૭૮ હજારમાંથી ઓછા કરીએ. તો ૧ લાખ ૩૯ હજાર યોજન રહે; તેને તેર પ્રતરની વચમાં ૧૨ આંતરા હોવાથી બારે ભાગતાં ૧૧૫૮૩$\frac{1}{3}$ યોજન આવે; તેટલા યોજનનું અંતર રત્નપ્રભાના દરેક પ્રતરે જાણવું.

**શર્કરાપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૩૨ હજાર યોજનનો છે. તેમાંથી બે હજાર યોજન ઓછા કરતાં

૧ લાખ ૩૦ હજાર યોજન રહે. શર્કરાપ્રભાના ૧૧ પ્રતર છે, તે દરેક પ્રતર ૩ હજાર યોજન ઉંચો છે, તેથી ૧૧ પ્રતરને ૩ હજારે ગુણતાં ૩૩ હજાર યોજન થાય. તે ૧ લાખ ૩૦ હજાર યોજનમાંથી ઓછા કરીએ, તો ૯૭ હજાર યોજન રહે; તેને ૧૧ પ્રતરની વચમાં ૧૦ આંતરા હોવાથી દશે ભાગતાં ૯૭૦૦ યોજન આવે, તેટલું અંતર શર્કરા પ્રભાના દરેક પ્રતરે જાણવું.

**વાલુકાપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૨૮ હજાર યોજનનો છે, તેમાંથી બે હજાર યોજન ઓછા કરતાં ૧ લાખ ૨૬ હજાર યોજન રહે. વાલુકા પ્રભાના ૯ પ્રતર છે, તે દરેક પ્રતર ૩ હજાર યોજન ઉંચો છે, તેથી ૯ પ્રતરને ૩ હજારે ગુણતાં ૨૭ હજાર યોજન થાય. તે ૧ લાખ ૨૬ હજાર યોજનમાંથી ઓછા કરીએ, તો ૯૯ હજાર યોજન રહે; તેને નવ પ્રતરની વચમાં ૮ આંતરા હોવાથી આઠે ભાગતાં ૧૨૩૭૫ યોજન આવે, તેટલું અંતર વાલુકા પ્રભાના દરેક પ્રતરે જાણવું.

**પંકપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૨૦ હજાર યોજનનો છે. તેમાંથી બે હજાર યોજન ઓછા કરતાં ૧ લાખ ૧૮ હજાર યોજન રહે. પંકપ્રભાના ૭ પ્રતર છે, તે દરેક પ્રતર ૩ હજાર યોજન ઉંચો છે. તેથી ૭ પ્રતરને ૩ હજારે ગુણતાં ૨૧ હજાર યોજન થાય. તે એક લાખ ૧૮ હજાર યોજનમાંથી ઓછા કરીએ. તો ૯૭ હજાર યોજન રહે. તેને સાત પ્રતરની વચમાં ૬ આંતરા હોવાથી

છએ ભાગતાં ૧૬૧૬૬૬⅔ યોજન આવે, તેટલું પંકપ્રભાના દરેક પ્રતરે અંતર જાણવું.

**ધૂમપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૧૮ હજાર યોજનનો છે, તેમાંથી બે ચાર યોજન ઓછા કરતાં એક લાખ ૧૬ હજાર યોજન રહે. ધૂમપ્રભાના ૫ પ્રતર છે, તે દરેક પ્રતર ૩ હજાર યોજન ઉંચો છે, તેથી પાંચ પ્રતરને ૩ હજારે ગુણતાં ૧૫ હજાર યોજન થાય. તે ૧ લાખ ૧૬ હજાર યોજનમાંથી ઓછા કરીએ, તો ૧ લાખને ૧ હજાર યોજન રહે; તેને પાંચ પ્રતરની વચમાં ૪ આંતરા હોવાથી ચારે ભાંગતાં ૨૫૨૫૦ યોજન આવે, તેટલું ધૂમ પ્રભાના દરેક પ્રતરે અંતર જાણવું.

**તમઃપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૧૬ હજાર યોજનનો છે, તેમાંથી બે હજાર યોજન ઓછા કરતાં ૧ લાખ ૧૪ હજાર યોજન રહે. તમઃપ્રભાના ૩ પ્રતર છે. તે દરેક પ્રતર ૩ હજાર યોજન ઉંચો છે, તેથી ૩ પ્રતરને ૩ હજારે ગુણતાં ૯ હજાર યોજન થાય, તે ૧ લાખ ૧૪ હજાર યોજનમાંથી ઓછા કરીએ, તો ૧ લાખને ૫ હજાર યોજન રહે; તેને ત્રણ પ્રતરની વચમાં બે આંતરા હોવાથી બેએ ભાગતાં ૫૨૫૦૦ યોજન આવે. તેટલું તમઃપ્રભાના દરેક પ્રતરે અંતર જાણવું.

**તમસ્તમઃપ્રભા**–પૃથ્વીનો પિંડ ૧ લાખ ૮ હજાર યોજનનો છે, તેમાંથી ઉપર નીચે ૫૨૫૦૦ યોજન ઓછા કરતાં ૩ હજાર યોજન રહે. તમસ્તમઃપ્રભાનો ૧ પ્રતર છે. માટે તેની ઉંચાઈ ત્રણ હજાર યોજનની જાણવી.

# નરક પૃથ્વીના પિંડના આંતરાની ગણત્રીનું યંત્ર.

| | નામ | પૃથ્વીપિંડ. | ઉપર નીચેની પૃથ્વીના યોજન. | શેષ યોજન. | પ્રતરગુણિત નરકાવાસના યોજન | આંતરાની પૃથ્વી | આંતરા | દરેક પૃથ્વીના પ્રતરના આંતરાનું પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રત્નપ્રભા | ૧૮૦૦૦૦ | ૨૦૦૦ | ૧૭૮૦૦૦ | ૩૯૦૦૦ | ૧૩૯૦૦૦ | ૧૨ | ૧૧૫૮૩ ૧/૩ યો૦ |
| ૨ | શર્કરાપ્રભા | ૧૩૨૦૦૦ | ૨૦૦૦ | ૧૩૦૦૦૦ | ૩૩૦૦૦ | ૯૭૦૦૦ | ૧૦ | ૯૭૦૦ યો૦ |
| ૩ | વાલુકાપ્રભા | ૧૨૮૦૦૦ | ૨૦૦૦ | ૧૨૬૦૦૦ | ૨૭૦૦૦ | ૯૯૦૦૦ | ૮ | ૧૨૩૭૫ યો૦ |
| ૪ | પંકપ્રભા | ૧૨૦૦૦૦ | ૨૦૦૦ | ૧૧૮૦૦૦ | ૨૧૦૦૦ | ૯૭૦૦૦ | ૬ | ૧૬૧૬૬ ૨/૩ યો૦ |
| ૫ | ધૂમપ્રભા | ૧૧૮૦૦૦ | ૨૦૦૦ | ૧૧૬૦૦૦ | ૧૫૦૦૦ | ૧૦૧૦૦૦ | ૪ | ૨૫૨૫૦ યો૦ |
| ૬ | તમઃપ્રભા | ૧૧૬૦૦૦ | ૨૦૦૦ | ૧૧૪૦૦૦ | ૯૦૦૦ | ૧૦૫૦૦૦ | ૨ | ૫૨૫૦૦ યો૦ |
| ૭ | તમસ્તમઃપ્રભા | ૧૦૮૦૦૦ | ૧૦૫૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૦ | ૦ | ૦ |

# રત્નપ્રભા પૃથ્વીપિંડની ગણત્રીનું યંત્ર.

| દક્ષિણ શ્રેણિ. | | સમભૂતલાની નીચે. | ઉત્તર શ્રેણિ. |
|---|---|---|---|
| શૂન્યપિંડ | રૂચકથી | ૧૦ યોજન નીચે | શૂન્ય પૃથ્વી પિંડ |
| ૮ પતંગ | પતંગ ૧૫ | ૧૦ યોજનમાં | પતંગ પતીંદ્ર ૧૬ |
| ૭ કોહંડ | શ્વેત ૧૩ | ૧૦ ” | મહા શ્વેતેંદ્ર ૧૪ |
| ૬ મહાકંદિત | હાસ્ય ૧૧ | ૧૦ ” | હાસ્ય રતીંદ્ર ૧૨ |
| ૫ કંદિત | સુવત્સ ૯ | ૧૦ ” | વિશાલ ઈંદ્ર ૧૦ |
| ૪ ભૂતવાદી | ઈશ્વિર ઇંદ્ર ૭ | ૧૦ ” | મહેશ્વર ઇંદ્ર ૮ |
| ૩ ઋસિવાદી | ઋષીંદ્ર ૫ | ૧૦ ” | રૂષિ પાલેંદ્ર ૬ |
| ૨ પણુપન્ની | ધાતા ઇંદ્ર ૩ | ૧૦ ” | વિધાતા ઇંદ્ર ૪ |
| ૧ અણુપન્ની | સંનિહિત ૧ | ૧૦ ” | સામાનેંદ્ર ૨ |
| શૂન્યપિંડ | અધોભાગે | ૧૦ ” પૃથ્વીપિંડ | સમભૂતલાથી ૧૦૦ યો૦ |
| ૮ ગંધર્વ | ગીતરતીંદ્ર ૧૫ | ૧૦૦ યોજનમાં | ગીતયશેંદ્ર ૧૬ |
| ૭ મહોરગ | અતિકાય. ૧૩ | ૧૦૦ ” | મહાકાયેંદ્ર ૧૪ |
| ૬ કિંપુરૂષ | સત્પુરૂષેંદ્ર ૧૧ | ૧૦૦ ” | મહાપુરૂષેંદ્ર ૧૨ |
| ૫ કિંનર | કિંનરેંદ્ર ૯ | ૧૦૦ ” | કિંપુરૂષેંદ્ર ૧૦ |
| ૪ રાક્ષસ | ભીમેંદ્ર ૭ | ૧૦૦ ” | મહા ભીમેંદ્ર ૮ |
| ૩ યક્ષ | પૂર્ણભદ્રેંદ્ર ૫ | ૧૦૦ ” | માણિભદ્રેંદ્ર ૬ |
| ૨ ભૂત | સુરૂપેંદ્ર ૩ | ૧૦૦ ” | પ્રતિરૂપેંદ્ર ૪ |
| ૧ પિશાચ | કાલેંદ્ર ૧ | ૧૦૦ ” | મહા કાલેંદ્ર ૨ |
| શૂન્યપિંડ. | અધોભાગે | ૧૦૦ ” પૃથ્પીપિંડ | સમભૂતલાથી ૧૦૦ યો |

| દક્ષિણ શ્રેણિ | સમભૂતલાની નીચે | ઉત્તર શ્રેણિ |
|---|---|---|
| પ્રથમ પ્રતર માન | ૩૦૦૦ યોજન | નરકાવાસાની ઉંચાઇ |
| પ્રતર અંતર માન | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | શૂન્ય અંતર |
| દ્વિતીય પ્રતર માન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે ઘોષેંદ્ર. ૧૯ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | મહા ઘોષેંદ્ર ૨૦ |
| તૃતીય પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે વેલંબેંદ્ર ૧૭ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | પ્રભંજનેંદ્ર ૧૮ |
| ચતુર્થ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે અમિતગતીંદ્ર ૧૫ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | અમિત વાહનેંદ્ર ૧૬ |
| પંચમ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે જલકાંતેંદ્ર ૧૩ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | જલપ્રભેંદ્ર ૧૪ |
| ષષ્ઠમ પ્રતરમાન | ૩૦૧૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે પૂર્ણેંદ્ર ૧૧ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | વિશિષ્ઠેંદ્ર ૧૨ |
| સપ્તમ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે અગ્નિશિખેંદ્ર ૯ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | અગ્નિમાણવેંદ્ર ૧૦ |
| અષ્ટમ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે હરિકાંતેંદ્ર ૭ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | હરિસહેંદ્ર ૮ |
| નવમ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે વેણુદેવેંદ્ર ૫ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | વેણુદાલીંદ્ર ૬ |
| દશમ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે ધરણેંદ્ર ૩ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | ભૂતાનેંદ્ર ૪ |
| એકાદશ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અંતરે ચમરેંદ્ર ૧ | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | બલીંદ્ર ૨ |
| દ્વાદશ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| શૂન્ય અંતર | ૧૧૫૮૩$\frac{1}{3}$ ,, | શૂન્ય અંતર |
| ત્રયોદશ પ્રતરમાન | ૩૦૦૦ ,, | નરકાવાસાની ઉંચાઇ |
| અધોભાગે પૃથ્વીપિંડ | ૧૦૦૦ ,, | નારકી રહિત ક્ષેત્ર |
| રત્ન પ્રભા પૃથ્વીપિંડ | ૧ લાખ ૮૦ હજાર | સમભૂતલાથી નીચે |

સાતે નરકપૃથ્વીનેવિષેનારકીઓનાશરીરનું ઉત્કૃષ્ટપ્રમાણ.

પઉણટ્ઠ ધણુ છ અંગુલ, રયણાએ દેહમાણ-મુક્કોસં;
સેસાસુ દુગુણ દુગુણં, પણધણુ સય જાવ ચરમાએ.૨૨૫.

પઉણટ્ઠ ધણુ-પોણા આઠ ધનુષ.
છ અંગુલ-છ આંગળ.
રયણાએ-રત્નપ્રભાના.
દેહમાણં-દેહનું પ્રમાણ.
ઉક્કોસં-ઉત્કૃષ્ટ.
સેસાસુ-બાકીની પૃથ્વીઓને વિષે.
દુગુણદુગુણં-બમણું બમણું.
પણધણુસય-પાંચસો ધનુષ.
જાવ-યાવત્.
ચરમાએ-છેલ્લીને વિષે.

**શબ્દાર્થ**—પોણા આઠ ધનુષ ને છ આંગળ રત્નપ્રભાના (નારકીના) દેહનું પ્રમાણ ઉત્કૃષ્ટ છે. બાકીની પૃથ્વીઓને વિષે બમણું બમણું શરીર જાણવું, યાવત્ છેલ્લી પૃથ્વીને વિષે ૫૦૦ ધનુષ દેહનું પ્રમાણ થાય.

**વિવેચન**—રત્નપ્રભાનું ૭ાા ધનુષ ને ૬ આંગળ, શર્કરાપ્રભાનું ૧૫ાા ધનુષ ને ૧૨ આંગળ, વાલુકાપ્રભાનું ૩૧ા ધનુષ, પંકપ્રભાનું ૬૨ાા ધનુષ, ધૂમપ્રભાનું ૧૨૫ ધનુષ, તમઃ પ્રભાનું ૨૫૦ ધનુષ અને તમસ્તમઃ પ્રભાનું ૫૦૦ ધનુષ ઉત્કૃષ્ટ દેહમાન છે. ૨૪ આંગળનો ૧ હાથ અને ૪ હાથનો ૧ ધનુષ થાય.

રત્નપ્રભાના તેરે પ્રતરના નારકીનું ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ.

રયણાએ પઢમ પયરે, હત્થતિય દેહમાણ-મણુપયરં;
છપ્પન્નંગુલસડ્ઢા, વુડ્ઢી જા તેરસે પુન્નં. ૨૨૬.

**રયણાએ**–રત્નપ્રભાના.

**પઢમ પયરે**–પહેલા પ્રતરને વિષે.

**હત્થતિયં**–ત્રણ હાથ.

**દેહમાણું**–દેહનું પ્રમાણ.

**અણુપયરં**–દરેક પ્રતરે.

**છપ્પન્નંગુલસડ્ઢા**–સાડી છપ્પન્ન આંગળની

**વુડ્ઢી**–વૃદ્ધિ.

**જા**–યાવત્.

**તેરસે**–તેરમા પ્રતરને વિષે.

**પુન્નં**–પૂર્ણ.

**શબ્દાર્થ**—રત્નપ્રભાના પહેલા પ્રતરને વિષે ત્રણ હાથ દેહનું પ્રમાણ છે. (તે પછી) સાડી છપ્પન આંગળની વૃદ્ધિ દરેક પ્રતરે કરવી. યાવત્ તેરમા પ્રતરને વિષે **પૂર્ણ** (૭॥ ધનુષને ૬ આંગળ) પ્રામણ આવે.

**વિવેચન**—૫૬॥ આંગળ એટલે ૨ હાથ ને ૮॥ આંગળની વૃદ્ધિ દરેક પ્રતરે કરવી.

## રત્નપ્રભાના તેરે પ્રતરના નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન.

| પ્રતર | હાથ | આંગળ | વૃદ્ધિ |
|---|---|---|---|
| ૧ | ૩ | ૦ | વૃદ્ધિ પ્રતરે ૨ હાથ ૮॥ આંગળ |
| ૨ | ૫ | ૮॥ | |
| ૩ | ૭ | ૧૭ | |
| ૪ | ૧૦ | ૧॥ | |
| ૫ | ૧૨ | ૧૦ | |
| ૬ | ૧૪ | ૧૮॥ | |
| ૭ | ૧૭ | ૩ | |
| ૮ | ૧૯ | ૧૧॥ | |
| ૯ | ૨૧ | ૨૦ | |
| ૧૦ | ૨૪ | ૪॥ | |
| ૧૧ | ૨૬ | ૧૩ | |
| ૧૨ | ૨૮ | ૨૧॥ | |
| ૧૩ | ૩૧ | ૬ | |

ચાર હાથનો એક ધનુષ માટે ૩૧ હાથને ચારે ભાગતાં ૭॥ ધનુષ આવે, તેથી રત્નપ્રભાના તેરમા પ્રતરના નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન ૭॥ ધનુષને ૬ આંગળ થાય.

### પ્રશ્નો

૧. સાતે નરક પૃથ્વીઓના પહેલા છેલ્લા અને મધ્યના પ્રતરોનાં નામ, તે પ્રતરોના પંક્તિગત ત્રિખુણા ચોખુણા અને ગોળ ઇંદ્રક સહિત નરકાવાસા કહો.

શર્કરાપ્રભા વિગેરેના દરેક પ્રતરે ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ.

જં દેહ પમાણ ઉવરિમાએ, પુઢવીઇ અંતિમે પયરે;
તંચિય હિટ્ઠિમ પુઢવી, પઢમ પયરંમિ બોધવ્વં. ૨૨૭.
તં ચેગુણગ સગ પયર, ભઇયં બીયાઇ પયર વુડ્ઢિ ભવે;
તિકર તિ અંગુલ કરસત્ત, અંગુલા સઢ્ઢિ ગુણવીસં. ૨૨૮.
પણ ધણુ અંગુલ વીસં, પનરસ ધણુ દુન્નિ હત્થ સઢ્ઢા ય;
બાસટ્ઠિ ધણુહ સઢ્ઢા, પણ પુઢવી પયર વુડ્ઢિ ઇમા. ૨૨૯.

જં-જે.
દેહ પમાણુ-દેહ પ્રમાણ.
ઉવરિમાએ-ઉપરની.
પુઢવીઇ-પૃથ્વીના
અંતિમે પયરે-છેલ્લા પ્રતરે.
તંચિય-તે નિશ્ચે.
હિટ્ઠિમ પુઢવી-નીચેની પૃથ્વીના.
પઢમ પયરંમિ-પહેલા પ્રતરને વિષે.
બોધવ્વં-જાણવું.
તંચ-અને તે માન.
એગુણગ-એક ઓછા.
સગ પયર-પોતાના પ્રતર વડે.
ભઇયં-ભગાય છે.
બીયાઇ-બીજી આદિના.
પયર વુડ્ઢિ-પ્રતરમાં વૃદ્ધિ.
ભવે-થાય.
તિ કર-ત્રણ હાથ.
તિ અંગુલ-ત્રણ આંગળ.
કર સત્ત-સાત હાથ.
અંગુલા-આંગળ.
સઢ્ઢિ ગુણવીસં-સાડી ઓગણીશ.
પણ ધણુ-પાંચ ધનુષ.
અંગુલ વીસં-વીશ આંગળ.
પનરસ ધણુ-પંનર ધનુષ.
દુન્નિ હત્થ સડ્ઢા-અઢી હાથ.
બાસટ્ઠિ ધણુહ સઢ્ઢા-સાડી બાસઠ ધનુષ.
પણ-પાંચે.
પુઢવી-પૃથ્વીના.
પયર-પ્રતરને વિષે.
વુડ્ઢિ-વૃદ્ધિ.
ઇમા-આ

**શબ્દાર્થ**—જે દેહ પ્રમાણ ઉપરની પૃથ્વીના છેલ્લા પ્રતરે હોય, તેજ નિશ્ચે નીચેની પૃથ્વીના પહેલા પ્રતરને વિષે જાણવું, અને તે માન એક ઓછા પોતાના પ્રતર વડે ભગાય છે, તેટલી વૃદ્ધિ બીજી આદિના પ્રતરમાં થાય છે. (શર્કરા પ્રભાના દરેક પ્રતરે) ૩ હાથ ને ૩ આંગળ; (વાલુકા પ્રભાના દરેક પ્રતરે) ૭ હાથ ને ૧૯ાા આગળ; (પંક પ્રભાના દરેક પ્રતરે) ૫ ધનુષ ને ૨૦ આંગળ; (ધૂમ પ્રભાના દરેક પ્રતરે) ૧૫ ધનુષ ને ૨ાા હાથ અને (તમઃપ્રભાના દરેક પ્રતરે) ૬૨ાા ધનુષ. એમ પાંચે પૃથ્વીના પ્રતરોને વિષે આ વૃદ્ધિ થાય છે.

**વિવેચન**—શર્કરા પ્રભાના પહેલા પ્રતરે ઉપરની (રત્નપ્રભા) પૃથ્વીના છેલ્લા પ્રતર જેટલું એટલે ૭ાા ધનુષ ને ૬ આગળ દેહમાન છે. તે ૭ાાા ધનુષના હાથ કરવા માટે ચારે ગુણીએ એટલે ૩૧ હાથ ને ૬ આંગળ. તેના આંગળ કરવા માટે ચોવીશે ગુણતાં ૭૪૪ આંગળ થાય, તેમાં ૭ આંગળ મેળવતાં ૭૫૦ આંગળ થાય, તેને શર્કરા-પ્રભાના ૧૧ પ્રતર છે, તેમાંથી એક ઓછો કરી દેશે ભાગતાં ૭૫ આંગળ એટલે ૩ હાથ ને ૩ આંગળ અથવા ૦ાાા ધનુષ ને ૩ આંગળ આવે, તેટલી વૃદ્ધિ શર્કરા પ્રભાના દરેક પ્રતરે કરવી.

વાલુકા-પ્રભાના પહેલા પ્રતરે (શર્કરા પ્રભાના છેલ્લા પ્રતર જેટલું) ૧૫ાા ધનુષ ને ૧૨ આંગળ દેહમાન છે. તે ૧૫ાા ધનુષને ચારે ગુણતાં ૬૨ હાથ થાય, તેને ચોવીશે ગુણતાં ૧૪૮૮ આંગળ, તેમાં ૧૨ આંગળ ઉમેરીએ, તો

૧૫૦૦ આંગળ થાય; તેને વાલુકા પ્રભાના ૯ પ્રતરમાંથી એક ઓછો કરી આઠે ભાગતાં ૧૮૭ાા આંગળ એટલે ૭ હાથ ને ૧૯ાા આંગળ અથવા ૧ાાા ધનુષ ને ૧૯ાા આંગળ થાય, તેટલી વૃદ્ધિ વાલુકા પ્રભાના દરેક પ્રતરે કરવી.

**પંક-પ્રભા**ના પહેલા પ્રતરે (વાલુકા પ્રભાના છેલ્લા પ્રતર જેટલું) ૩૧। ધનુષ દેહમાન છે. તેને ચારે ગુણતાં ૧૨૫ હાથ થાય, તેને ચોવીશે ગુણતાં ૩૦૦૦ આંગળ થાય; તેને પંકપ્રભાના ૭ પ્રતરમાંથી એક ઓછો કરી છ એ ભાગતાં ૫૦૦ આંગળ એટલે ૨૦ હાથ ને ૨૦ આંગળ અથવા ૫ ધનુષને ૨૦ આંગળ થાય, તેટલી વૃદ્ધિ પંકપ્રભાના દરેક પ્રતરે કરવી.

**ધૂમ-પ્રભા**ના પહેલા પ્રતરે (પંક પ્રભાના છેલ્લા પ્રતર જેટલું) ૬૨ાા ધનુષ દેહમાન છે તેને ચારે ગુણતાં ૨૫૦ હાથ થાય, તેને ધૂમ પ્રભાના ૫ પ્રતરમાંથી એક ઓછો કરી ચારે ભાગતાં ૬૨ાા હાથ એટલે ૧૫ાા ધનુષ ને ૦ાા હાથ થાય. તેટલી વૃદ્ધિ ધૂમપ્રભાના દરેક પ્રતરે કરવી.

**તમઃપ્રભા**ના પહેલા પ્રતરે (ધૂમપ્રભાના છેલ્લા પ્રતર જેટલું) ૧૨૫ ધનુષ દેહમાન છે. તેને તમઃપ્રભાના ૩ પ્રતરમાંથી એક ઓછો કરી બેએ ભાગતાં ૬૨ાા ધનુષ થાય, તેટલી વૃદ્ધિ તમઃપ્રભાના દરેક પ્રતરે જાણવી.

### પ્રશ્નો.

૨. શર્કરાપ્રભા પંકપ્રભા અને ધૂમપ્રભા એ ત્રણે નરકપૃથ્વીઓ કોના કોના આધારે રહેલી છે, તે આધારોનું પ્રમાણ અધો અને તિર્યછું છેડે કેટલું છે? તે વિગતવાર કહો.

શર્કરાપ્રભાના દરેક પ્રતરે નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન.

| પ્રતર | ધનુષ | અંગળ | વૃદ્ધિ |
| --- | --- | --- | --- |
| ૧ | ૭ાાા | ૬ | દરેક પ્રતરે ૦ાાા ધનુષને ૩ આંગળ. |
| ૨ | ૮ાા | ૯ | |
| ૩ | ૯ા | ૧૨ | |
| ૪ | ૧૦ | ૧૫ | |
| ૫ | ૧૦ાાા | ૧૮ | |
| ૬ | ૧૧ાા | ૨૧ | |
| ૭ | ૧૨ાા | ૦ | |
| ૮ | ૧૩ા | ૩ | |
| ૯ | ૧૪ | ૬ | |
| ૧૦ | ૧૪ાાા | ૯ | |
| ૧૧ | ૧૫ાા | ૧૨ | |

વાલુકા પ્રભાના દરેક પ્રતરે નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન.

| પ્રતર | ધનુષ | અંગળ | વૃદ્ધિ |
| --- | --- | --- | --- |
| ૧ | ૧૫ાા | ૧૨ | દરેક પ્રતરે ૧ાાા ધનુષને ૧૯ાા આંગળ |
| ૨ | ૧૭ાા | ૭ાા | |
| ૩ | ૧૯ાા | ૩ | |
| ૪ | ૨૧ા | ૨૨ાા | |
| ૫ | ૨૩ા | ૧૮ | |
| ૬ | ૨૫ા | ૧૩ાા | |
| ૭ | ૨૭ા | ૯ | |
| ૮ | ૨૯ા | ૪ાા | |
| ૯ | ૩૧ા | ૦ | |

પંક પ્રભાના દરેક પ્રતરે નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન

| પ્રતર | ધનુષ | આંગળ | વૃદ્ધિ |
| --- | --- | --- | --- |
| ૧ | ૩૧ા | ૦ | ૫ ધનુષને ૨૦ આંગળ |
| ૨ | ૩૬ા | ૨૦ | |
| ૩ | ૪૧ા | ૪૦ | |
| ૪ | ૪૬ા | ૬૦ | |
| ૫ | ૫૧ા | ૮૦ | |
| ૬ | ૫૬ા | ૧૦૦ | |
| ૭ | ૬૨ાા | ૦ | |

ધૂમ પ્રભાના દરેક પ્રતરે નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન.

| પ્રતર | ધનુષ | આંગળ | વૃદ્ધિ |
| --- | --- | --- | --- |
| ૧ | ૬૨ાા | ૦ હાથ | ૧૫ાા ધનુષને ૦ાાહાથ |
| ૨ | ૭૮ | ૦ાાહાથ | |
| ૩ | ૯૩ાાા | ૦ હાથ | |
| ૪ | ૧૦૯ા | ૦ાાહાથ | |
| ૫ | ૧૨૫ | ૦ હાથ | |

તમઃપ્રભાના દરેક પ્રતરે નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન.

| પ્રતર | ધનુષ | વૃદ્ધિ |
| --- | --- | --- |
| ૧ | ૧૨૫ ધનુષ | ૬૨ાા ધનુષ |
| ૨ | ૧૮૭ાા ધનુષ | |
| ૩ | ૨૫૦ ધનુષ | |

તમરતમઃ પ્રભાના એક પ્રતરે નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન.

| પ્રતર | ધનુષ | વૃદ્ધિ |
| --- | --- | --- |
| ૧ | ૫૦૦ ધનુષ | નથી. |

## નારકીના ઉત્તર વૈક્રિય શરીરનું જઘન્ય અને ઉત્કૃષ્ટ પ્રમાણ તથા મૂલ શરીરનું જઘન્ય પ્રમાણ.

**ઇઅ સાહાવિય દેહો, ઉત્તર વેઉવ્વિઓ ય તદ્દુગુણો;**
**દુવિહોવિ જહન્ન કમા, અંગુલ અસંખ સંખંસો.૨૩૦.**

**ઇઅ**–એ પ્રમાણે.
**સાહાવિય**–સ્વાભાવિક (મૂળ).
**દેહો**–દેહ.
**ઉત્તર વેઉવ્વિઓ**–ઉત્તર વૈક્રિય.
**તદ્દુગુણો**–તેથી બમણું.
**દુવિહો**–બંને પ્રકારનું.
**વિ**–પણ.
**જહન્ન**–જઘન્યથી.
**કમા**–અનુક્રમે.
**અંગુલ**–આંગળનો.
**અસંખ**–અસંખ્યાતમો.
**સંખ**–સંખ્યાતમો.
**અંસો**–ભાગ.

**શબ્દાર્થ**—એ પ્રમાણે સ્વાભાવિક (ભવધારણીય) દેહનું પ્રમાણ કહ્યું અને ઉત્તર વૈક્રિય તે (સ્વાભાવિક શરીર) **થી** બમણું હોય છે. બંને પ્રકારનું (સ્વાભાવિક અને ઉત્તર વૈક્રિય) શરીર પણ અનુક્રમે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને અંગુલનો સંખ્યાતમો ભાગ હોય છે.

## સાતે નારકીનો ઉત્કૃષ્ટ અને જઘન્ય ઉપપાત વિરહ અને ચ્યવન વિરહકાલ, ઉપપાત અને ચ્યવનસંખ્યાતથાઆગતિ.

**સત્તસુ ચઉવીસ મુહૂ, સગ પન્નર દિણેગ દુ ચઉ છમ્માસા;**
**ઉવવાય ચવણ વિરહો, ઓહે બારસ મુહુત્ત ગુરુ. ૨૩૧.**
**લહુઓ દુહાવિ સમઓ, સંખા પુણ સુર સમા મુણેયવ્વા;**
**સંખાઉ પજ્જત્ત પણિંદિ, તિરિ નરા જંતિ નરએસુ.૨૩૨**

**સત્તસુ**–સાતે પૃથ્વીને વિષે.
**ચઉવીસ મુહૂ**–૨૪ મુહૂર્ત.
**સગ**–૭ દિવસ.
**પન્નર દિણ**–૧૫ દિવસ.
**ઇગ**–એક માસ.
**દુ**–બે માસ.
**ચઉ**–ચાર માસ.
**છમ્માસા**–છ માસ.
**ઉવવાય**–ઉપપાત (જન્મ).
**ચવણ**–ચ્યવન (મરણ).
**વિરહો**-વિરહ.
**ઓહે**–સામાન્યથી.
**બારસ મુહુત્ત**–૧૨ મુહૂર્ત.
**ગુરુ**–ઉત્કૃષ્ટ.
**લહુઓ**–જઘન્ય વિરહકાલ.
**દુહાવિ** બંને પ્રકારે પણ.
**સમઓ**–સમય.
**સંખા**–સંખ્યા.
**પુણ**–વળી.
**સુર સમા**–દેવની સરખી.
**મુણેયવ્વા**–જાણવી.
**સંખાઉ**–સંખ્યાતા આયુષ્યવાળા.
**પજ્જત્ત**–પર્યાપ્તા.
**પણિંદિ**–પંચેંદ્રિય.
**તિરિ**–તિર્યંચ.
**નરા**–મનુષ્યો.
**જંતિ**–જાય છે, ઉપજે છે.
**નરએસુ**–નરકમાં.

**શબ્દાર્થ**—સાતે પૃથ્વીને વિષે અનુક્રમે ઉત્કૃષ્ટ ઉપપાત વિરહ અને ચ્યવન વિરહ (કાલ) ૨૪ મુહૂર્ત, ૭ દિવસ, ૧૫ દિવસ, ૧ માસ, ૨ માસ, ૪ માસ અને ૬ માસ છે. સામાન્યથી (સાતે નરકનો ભેગો) ઉત્કૃષ્ટ ઉપપાત અને ચ્યવન વિરહકાલ બાર મુહૂર્ત છે. જઘન્ય વિરહકાળ બંને પ્રકારે પણ (સાતે નરકનો ભેગો અને દરેકનો જુદો) ૧ સમય છે. (ઉપપાત અને ચ્યવન) સંખ્યા વળી દેવની સરખી જાણવી. સંખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો નરકમાં ઉપજે છે.

**વિવેચન**—સાતે નરકને વિષે નારકી પ્રાયઃ નિરંતર ઉપજે છે અને ચ્યવે છે. પરંતુ કયારેક વિરહ પડે, તો **જઘન્યથી સાતે નરકનો ભેગો વિરહ કાલ ૧ સમય છે.**

એટલે ૧ સમય ગયા પછી સાતમાંથી કોઈ પણ નરકમાં અવશ્ય નારકી ઉપજે કે ચ્યવે; તથા દરેક નરકને વિષે જઘન્ય વિરહકાલ ૧ સમય છે. ઉત્કૃષ્ટ વિરહકાળ સાતે નરકને વિષે ભેગો સામાન્યથી ૧૨ મુહૂર્ત છે, એટલે ૧૨ મુહૂર્ત સુધી કોઈપણ જીવ સાતે નરકમાં ઉપજે કે ચ્યવે નહિ, તે વાર પછી ઉપજે કે ચ્યવે, તેમાં પણ એટલું વિશેષ છે કે બાર મુહૂર્ત સુધી ઉત્પત્તિ અને મરણ સરખું થાય, એટલે ૨૪ મુહૂર્ત સુધી નરક પૃથ્વીમાં જીવોની વધઘટ થતી નથી. નારકીઓની ઉપપાત અને ચ્યવન સંખ્યા દેવોની જેમ ૧ સમયે એક, બે, ત્રણથી માંડીને સંખ્યાતા કે અસંખ્યાતા જીવોની જાણવી, નારકીની આગતિ (ગર્ભજ) સંખ્યાતા આયુષ્યવાળાં પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોમાંથી જાણવી.

### કયા કારણોથી જીવ નરકાયુ બાંધે.

**મિચ્છદ્દિટ્ઠિ મહારંભ, પરિગ્ગહો તિવ્વકોહ નિસ્સીલો;**
**નરયાઉઅં નિબંધઇ, પાવમઇ રૂદ્દ પરિણામો. ૨૩૩.**

**મિચ્છદ્દિટ્ઠિ**–મિથ્યાદૃષ્ટિ.
**મહારંભ**–મહારંભી.
**પરિગ્ગહો**–પરિગ્રહી.
**તિવ્વ કોહ**–તીવ્રક્રોધી.
**નિસ્સીલો**–શીલ રહિત.
**નરયાઉઅં**–નરકાયુને.
**નિબંધઇ**–બાંધે છે.
**પાવમઇ**–પાપની મતિવાળો.
**રૂદ્દ પરિણામો**–રૌદ્ર પરિણામી (જીવ)

**શબ્દાર્થ**—૧; મિથ્યાદૃષ્ટિ, ૨. મહારંભી, ૩. પરિગ્રહી, ૪ તીવ્ર ક્રોધી, ૫ શીલ રહિત, ૬. પાપની મતિવાળો અને ૭. રૌદ્ર પરિણામી ( જીવ ) નરકાયુને બાંધે છે.

# સાતે નરક પૃથ્વીના નારકીનું શરીર, વિરહકાલ, ઉપપાત સંખ્યા. ચ્યવન સંખ્યા અને ગત્યાગતિનું યંત્ર.

| નરક પૃથ્વી | મૂલ શરીરનું ઉત્કૃષ્ટ માન: ધનુષ | મૂલ શરીરનું ઉત્કૃષ્ટ માન: આંગળ | ઉત્તર વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન: ધનુષ | ઉત્તર વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન: આંગળ | મૂલ શરીરનું જઘન્ય માન | ઉત્તર વૈક્રિક શરીરનું જઘન્ય માન | ઉત્કૃષ્ટ વિરહ કાલ: જુદો | ઉત્કૃષ્ટ વિરહ કાલ: ભેગો | જઘન્ય વિરહ કાલ: જુદો | જઘન્ય વિરહ કાલ: ભેગો | ઉપપાત સંખ્યા | ચ્યવન સંખ્યા | ગતિ | આગતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રત્નપ્રભા. | ૭॥ | ૬ | ૧૫॥ | ૧૨ | આરંભતી વખતે અંગુલનો અસંખ્યાતમો ભાગ. | આરંભતી વખતે અંગુલનો સંખ્યાતમો ભાગ. | ૨૪ મુહૂર્ત | સાતે નરકનો ભેગો ૧૨ મુહૂર્ત. | ૧ સમય | સાતે નરકનો ભેગો ૧ સમય. | સંખ્યાતા કે અસંખ્યાતા | સંખ્યાતા કે અસંખ્યાતા | ગર્ભજ સંખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાં | ગર્ભજ સંખ્યાતા આયુષ્યવાળા પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાંથી |
| શર્કરાપ્રભા. | ૧૫॥ | ૧૨ | ૩૧। | ૦ | | | ૭ દિવસ | | ૧ ,, | | | | | |
| વાલુકાપ્રભા. | ૩૧। | ૦ | ૬૨॥ | ૦ | | | ૧૫ દિવસ | | ૧ ,, | | | | | |
| પંકપ્રભા. | ૬૨॥ | ૦ | ૧૨૫ | ૦ | | | ૧ માસ | | ૧ ,, | | | | | |
| ધૂમપ્રભા. | ૧૨૫ | ૦ | ૨૫૦ | ૦ | | | ૨ માસ | | ૧ ,, | | | | | |
| તમઃપ્રભા | ૨૫૦ | ૦ | ૫૦૦ | ૦ | | | ૪ માસ | | ૧ ,, | | | | | |
| તમસ્તમઃપ્રભા | ૫૦૦ | ૦ | ૧૦૦૦ | ૦ | | | ૬ માસ | | ૧ ,, | | | | | |

## ક્યા જીવો ઉત્કૃષ્ટથી મરીને કેટલી નરક સુધી જાય.

**અસન્નિ સરિસિવ પક્ખી,સીહ ઉરગિત્થિ જન્તિ જા છટ્ઠિં,**
**કમસો ઉક્કોસેણં, સત્તમ પુઢવિં મણુય મચ્છા. ૨૩૪.**

**અસન્નિ**-અસંજ્ઞી
**સરિસિવ**-ભુજ પરિસર્પ.
**પક્ખી**-પક્ષી.
**સીહ**-સિંહ.
**ઉરગ**-ઉરઃ પરિસર્પ.
**ઇત્થિ**-સ્ત્રી.
**જંતિ**-જાય છે, ઉપજે છે.
**જા છટ્ઠિ**-છઠ્ઠી સુધી.
**કમસો**-અનુક્રમે.
**ઉક્કોસેણં**-ઉત્કૃષ્ટથી.
**સત્તમ પુઢવિં**-સાતમી પૃથ્વી સુધી.
**મણુય**-મનુષ્ય.
**મચ્છા**-મત્સ્ય.

**શબ્દાર્થ**—અસંજ્ઞી (પર્યાપ્તા તિર્યંચો), ગર્ભજ ભુજ પરિસર્પ, પક્ષી, સીંહ, સર્પ અને સ્ત્રી અનુક્રમે છઠ્ઠી નરક પૃથ્વી ચુધી તથા મનુષ્ય અને મત્સ્ય સાતમી નરક પૃથ્વી સુધી ઉત્કૃષ્ટથી ઉત્પન્ન થાય છે.

**વિવેચન**—અસંજ્ઞી અપર્યાપ્તા મનુષ્ય અને તિર્યંચ નરકાયુ બાંધે નહિ. તે માટે અસંજ્ઞી પર્યાપ્તો તિર્યંચ જો નરકાયુ બાંધે, તો પહેલી નરકમાં જઘન્યથી ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા આયુષ્યે ઉપજે, તેમને અપર્યાપ્તા અવસ્થામાં નારકીના ભવ સંબંધી અવધિ કે વિભંગ જ્ઞાન હોતું નથી, પણ પર્યાપ્તા અવસ્થામાં તે જ્ઞાન ઉપજે છે. ગર્ભજ ભુજ પરિસર્પ (ચંદનઘો, નોળીયા વિગેરે) બીજી નરક સુધી,

ગર્ભજ પક્ષી (ગીધ સીંચાણા વિગેરે) ત્રીજી નરક સુધી, ગર્ભજ ચતુષ્પદ (સિંહ, બિલાડા, વાઘ વિગેરે) ચોથી નરક સુધી, ગર્ભજ ઉરઃ પરિસર્પ (સર્પ અજગર વિગેરે) પાંચમી નરક સુધી, સ્ત્રી વેદી (સ્ત્રી રત્નાદિ) છઠ્ઠી નરક સુધી, ગર્ભજ મનુષ્ય અને મત્સ્ય ઉત્કૃષ્ટથી સાતમી નરક સુધી અત્યંત રૌદ્ર (હિંસાદિ) અધ્યવસાયથી ઉપજે છે. અને જઘન્યની તો ઉપર કહેલા સર્વે રત્નપ્રભાના પહેલા પ્રતરે ઉપજે.

## કેટલાક તિર્યંચોની પ્રાય: આગતિ અને ગતિ.

**વાલા દાઢી પક્ખી, જલયર નરયા-ગયા ઉ અઇકૂરા;**
**જંતિ પુણો નરએસુ, બાહુલ્લેણં ન ઉણ નિયમો. ૨૩૫.**

| | |
|---|---|
| **વાલા**-વ્યાલ, સર્પ. | **જંતિ**-જાય છે, ઉપજે છે. |
| **દાઢી**-દાઢીવાળા. | **પુણો**-વળી. |
| **પક્ખી**-પક્ષી. | **નરએસુ**-નરકમાં. |
| **જલયર**-જલચર. | **બાહુલ્લેણ**-ઘણું કરીને. |
| **નરયાગયાઉ**-નરકમાંથી. આવેલા. | **ન**-નથી. |
| | **ઉણ**-વળી |
| **અઇકૂરા**-અતિ ક્રૂર. | **નિયમો**-નિયમ. |

**શબ્દાર્થ**—૧. અતિ ક્રૂર (અધ્યવસાયવાળા) સર્પ. ૨. દાઢીવાળા (સિંહાદિ), ૩. પક્ષી અને ૪. જલચર નરકમાંથી આવેલા અને (મરીને) વળી ઘણું કરીને નરકમાં ઉપજે છે. પણ વળી ઉપજે, (એવો) નિયમ નથી,

પ્રકરણ કે કોઈક જીવ નરકમાંથી નીકળી મનુષ્ય ભવ, સમ્યકત્વાદિ પામી વજ્ર રૂષભ નારાચ સંઘયણે મોક્ષે પણ જાય.)

## ક્યા સંઘયણવાળો મરીને કેટલી નરક સુધી જાય. તથા નારકીને લેશ્યા કેટલી હોય?

દો પઢમ પુઢવિ ગમણં, છેવટ્ઠે કીલિયાઈ સંઘયણે;
ઇક્કિક્ક પુઢવિ વુડ્ઢી, આઈ તિલેસ્સાઉ નરએસું. ૨૩૬.

દો-બે.
પઢમ પુઢવી-પહેલી સુધી.
ગમણં-ગમન કરે, જાય.
છેવટ્ઠે-છેવટ્ઠું સંઘયણ છતે.
કીલિયાઇ-કીલિકાદિ.
સંઘયણે-સંઘયણ છતે.
ઇક્કિક્ક-એકેકી.
પુઢવી વુડ્ઢિ-પૃથ્વીની વૃદ્ધિ.
આઈ-આદિની, પ્રથમની.
તિ લેસ્સાઉ-ત્રણ લેશ્યાઓ.
નરએસુ-નરકમાં.

**શબ્દાર્થ**—છેવટ્ઠું સંઘયણ છતે પહેલી બે નરક પૃથ્વી સુધી મરીને જાય. કીલિકાદિ સંઘયણ છતે એકેકી પૃથ્વીની વૃદ્ધિ કરવી. નરકમાં પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે.

**વિવેચન**—છેવટ્ઠા સંઘયણવાળો મરીને સંકિલષ્ટ અધ્યવસાયે કરીને બીજી નરક પૃથ્વી સુધી જાય. કીલિકા સંઘયણે ત્રીજી નરક પૃથ્વી સુધી, અર્ધનારાચે ચોથી નરક પૃથ્વી સુધી, નારાચે પાંચમી નરક પૃથ્વી સુધી,

રૂષભનારાચે છઠ્ઠી નરક પૃથ્વી સુધી અને વજ્ર રૂષભ નારાચે મરીને ઉત્કૃષ્ટથી સાતમી નરક પૃથ્વી સુધી જાય. જઘન્યથી તો છએ સંઘયણુથી રત્નપ્રભાના પ્રથમ પ્રતર સુધી અને તેની વચમાં જે ઉપજે તે મધ્યમ ગતિ જાણુવી.

## રત્નપ્રભાદિ પૃથ્વીના નારકીને વિષે લેશ્યા.

**દુસુ કાઉ તઇયાએ, કાઉ નીલાય નીલ પંકાએ;**
**ધૂમાએ નીલ કિણ્હા, દુસુ કિણ્હા હુન્તિ લેસ્સાઓ.૨૩૭.**

**દુસુ**–બે નરકને વિષે.
**કાઊ**–કાપોત.
**તઈયાએ**–ત્રીજીને વિષે.
**કાઊ નીલા ય**–કાપોત અને નીલ.
**નીલ**–નીલ.
**પંકાએ**–પંકપ્રભાને વિષે.
**ધૂમાએ**–ધૂમપ્રભાને વિષે.
**નીલકિણ્હા**–નીલ અને કૃષ્ણુ
**દુસુ**–બે પૃથ્વીને વિષે.
**કિણ્હા**–કૃષ્ણુ.
**હુન્તિ**–છે, હોય છે.
**લેસ્સાઓ**–લેશ્યા.

**શબ્દાર્થ** – બે નરક પૃથ્વીને વિષે કાપોત લેશ્યા, ત્રીજીને વિષે કાપોત અને નીલ, પંક પ્રભાને વિષે નીલ ધૂમ પ્રભાને વિષે નીલ અને કૃષ્ણુ લેશ્યા, બે પૃથ્વીને વિષે કૃષ્ણુ લેશ્યા હોય છે.

**વિવેચન—પહેલી** બે નરકે કાપોત લેશ્યા હોય છે. તેમાં એટલું વિશેષ કે રત્નપ્રભા કરતા શર્કરાપ્રભામાં અત્યંત મલીન કાપોત લેશ્યા જાણુવી, ત્રીજી નરકના

પ્રથમ પ્રતરને વિષે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક ત્રણ સાગરોપમ સુધીના આયુષ્યવાળા નારકીને કાપોત લેશ્યા, અને તેથી ઉપરાંત આયુષ્યવાળાને નીલ લેશ્યા; પંક પ્રભાએ નીલ લેશ્યા જ હોય; ધૂમ પ્રભાના પ્રથમ પ્રતરને વિષે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક ૧૦ સાગરોપમ સુધીના આયુષ્યવાળા નારકીને વિષે નીલ લેશ્યા અને તેથી ઉપરાંત આયુષ્યવાળાને કૃષ્ણ લેશ્યા, છઠ્ઠી અને સાતમી નરકને વિષે કૃષ્ણ લેશ્યા એકલી જ હોય, પણ છઠ્ઠી કરતાં સાતમી નરકે અત્યંત મલીન કૃષ્ણ લેશ્યા જાણવી.

## દ્રવ્ય અને ભાવ લેશ્યાનું સ્વરૂપ અને તે લેશ્યા ચારે ગતિમાં કેવી રીતે હોય.

**સુર નારયાણ તાઓ, દવ્વ લેસા અવટ્ઠિઆ ભણિયા;**
**ભાવ પરાવત્તીએ, એસિં હુન્તિ છલ્લેસા. ૨૩૮.**

**સુર નારયાણ**–દેવતા અને નારકીને.
**તાઓ**–તે.
**દવ્વલેસા**–દ્રવ્ય લેશ્યા.
**અવટ્ઠિઆ**–અવસ્થિત.
**ભણિયા**–કહી છે.
**ભાવ પરાવત્તીએ**–ભાવની પરાવર્તિ વડે.
**પુણ**–વળી.
**એસિં**–એઓને.
**હુન્તિ**–હોય છે.
**છલ્લેસા**–છ લેશ્યા.

**શબ્દાર્થ**—દેવતા અને નારકીને તે દ્રવ્ય લેશ્યા અવસ્થિત (તે દેવ નારકીના ભવમાં જીવે ત્યાં સુધી રહે

તેવી ) કહી છે. ભાવની પરાવર્તિ ( અધ્યવસાયની ફેરફારી ) વડે વળી એઓને છ લેશ્યા હોય છે.

**વિવેચન**—સૌધર્માદિ દેવોને તેજો વિગેરે ત્રણ લેશ્યા અને નારકીઓને કૃષ્ણાદિ ત્રણ લેશ્યા કહી, તે લેશ્યા દ્રવ્ય અવસ્થિત જાણવાં, પણ असुरा काला० ઈત્યાદિ શરીરના બાહ્ય વર્ણ રૂપે ન જાણવાં. દ્રવ્ય ક્ષેત્ર અને કાલાદિ સામગ્રી પામીને ભાવની પરાવર્તિએ (અધ્યવસાય બદલાવાથી) એઓ ( દેવતા અને નારકી ) ને વિષે છ એ લેશ્યા હોય છે.

તિર્યંચ અને મનુષ્યને ભવાંતરે ( દેવતા અને નારકીના ભવમાં ઊપજતાં ) અથવા શેષ કાળે મૂળગી લેશ્યાના ત્યાગે અને નવી લેશ્યાના સંયોગે નવી લેશ્યા થાય. જેમ ધોળું વસ્ત્ર મજીઠાદિકના સંયોગે પોતાનું મૂળશ્વેત સ્વરૂપને ગુમાવે અને તદ્રૂપ ( રક્તાદિ વર્ણ રૂપ ) પણે પરિણમે, તથા લેશ્યાનો કાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી તેઓને હોય છે.

દેવતા અને નારકીને મૂળગી લેશ્યા નવી લેશ્યાના સંયોગે પ્રગટપણે અથવા અપ્રગટપણે તેનો આકાર માત્ર પામે, પણ તદ્રૂપ પણે ન થાય જેમકેઃ—સ્ફટિક તે જાસુદના ફુલ સંયોગે પ્રગટ તેનું પ્રતિબિંબ પામે અને નીલમણિ કાળા દોરે પરોવીએ. તો તે નીલમણિ અપ્રગટપણે કાળા દોરાના રંગ જેવા આકાર માત્રને પામે. પણ બંને દૃષ્ટાંતમાં તદ્રૂપ પણે ન થાય. તેવીજ રીતે કૃષ્ણાદિ લેશ્યાના દ્રવ્યો તે

નીલાદિ લેશ્યાના દ્રવ્યના સમૂહને પામીને, કોઈક વખત પ્રગટ તેના પ્રતિબિંબને પામે અને કોઈક વખત અપ્રગટ તેના આકાર માત્રને પામે. પરંતુ કૃષ્ણાદિ લેશ્યાના વર્ણાદિ પરિણામ પામીને નીલાદિ લેશ્યાના દ્રવ્ય રૂપે ન થાય.

સાતમી નારકીને સદા અવસ્થિત કૃષ્ણ લેશ્યા છે. તે જ્યારે તેજો લેશ્યાદિ દ્રવ્ય સંયોગ પામીને તેના પ્રતિબિંબ કે તદાકાર માત્રને પામે, તે વારે તે જીવને શુભ પરિણામ ઉપજવાથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય. એવી રીતે સંગમ દેવતાને અવસ્થિત તેજો લેશ્યા કહેવી અને આકાર માત્રથી કૃષ્ણ લેશ્યા થવાથી વીર પ્રભુને ઉપસર્ગ કરવાપણું થયું છે એમ જાણવું.

કૃષ્ણાદિ ત્રણ લેશ્યાનો વર્ણ ગંધ રસ અને સ્પર્શ અશુભ જાણવો તથા તેજો આદિ ત્રણ લેશ્યાનો વર્ણાદિક શુભ જાણવો.

સાતમી નરકનો નારકી ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને મત્સ્યજ થાય અને જઘન્ય કે મધ્યમ આયુષ્ય ભોગવીને ગર્ભજ પર્યાપ્તા તિર્યંચમાં અવતરે. જેમકે:—કમઠનો જીવ સાતમી નરકમાં મધ્યમ આયુષ્ય ભોગવી મરીને સિંહ થયો હતો.

## નારકીની ગતિ અને આગામી ભવમાં વધુમાં વધુ પ્રાપ્તિ.

નિરઉવ્વટ્ટા ગબ્ભય, પજ્જત્ત સંખાઉ લદ્ધિ એએસિં,
ચક્કિ હરિ જુઅલ અરિહા.
જિણ જઇ દિસિ સમ્મ પુહવિ કમા.૨૩૯.

**નિરઉવ્વટ્ટા**–નરકમાંથી નીકળેલા.
**ગબ્ભય**–ગર્ભજ
**પજ્જત્ત**–પર્યાપ્તા.
**સંખાઉ**-સંખ્યાતા આયુષ્યવાળા.
**લદ્ધિ**–લદ્ધિ, લાભ, પ્રાપ્તિ.
**એએસિં**–એઓને.
**ચક્કિ**–ચક્રવર્તિ.
**હરિ જુઅલ**–વાસુદેવનું યુગ
**અરિહા**–અરિહંત.
**જિણ**–જિન. સામાન્ય કેવળી.
**જઇ**-યતિ, સાધુ.
**દિસિ**–દેશ વિરતિ.
**સમ્મ**–સમ્યકત્વી.
**પુહવિ**–પૃથ્વીના.
**કમા**–અનુક્રમથી, ક્રમથી.

**શબ્દાર્થ**—નરકમાંથી નિકળેલા [ જીવો આગામી ભવમાં ] ગર્ભજ પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા ( મનુષ્ય અને તિર્યંચ ) થાય, એઓને [ આગામી મનુષ્યના ભવમાં ] ૧. ચક્રવર્તિ, ૨. વાસુદેવનું યુગલ ( વાસુદેવ અને બલદેવ ), ૩. અરિહંત, ૪. સામાન્ય કેવળી, ૫. યતિ, ૬. દેશવિરતિ, અને ૭. સમ્યકત્વની પ્રાપ્તિ (રત્નપ્રભાદિ) પૃથ્વીના અનુક્રમથી થાય છે.

**વિવેચન**—નરકમાંથી નીકળેલા જીવો આગામી ભવમાં ગર્ભજ પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચમાં ઉપજે પરંતુ અપર્યાપ્તા, સમૂર્ચ્છિમ કે યુગલિયા મનુષ્ય અને તિર્યંચમાં તથા દેવ અને નારકીમાં ન ઉપજે. પહેલી નરકમાંથી નીકળેલા જીવો ચક્રવર્તિ થઈ શકે. પણ થાયજ, એવો નિયમ નથી. આ પ્રમાણે બીજી આદિ પૃથ્વીમાં સમજવું. બીજી નરક પૃથ્વી સુધીના નીકળેલા જીવો અનંતર મનુષ્ય ભવમાં

વાસુદેવ કે બળદેવ થઈ શકે. શ્રેણિકાદિકની જેમ જેણે પૂર્વે નરકાયુ બાંધીને, પછીથી દર્શન વિશુદ્ધિ વિગેરે કારણોથી તીર્થંકર નામ કર્મનો બંધ કર્યો હોય, તેવા જીવો ત્રીજી નરક સુધી ઉત્પન્ન થાય છે; અને ત્યાંથી નીકળીને અનંતર મનુષ્યના ભવમાં તીર્થંકર થઈ શકે, ચોથી નરક પૃથ્વી સુધીના નીકળેલા જીવો અનંતર મનુષ્ય ભવમાં જિન [ સામાન્ય કેવલી ] થઈ શકે. પાંચમી નરક પૃથ્વી સુધીના નીકળેલા જીવો અનંતર મનુષ્ય ભવમાં સર્વ વિરતિ સાધુ થઈ શકે. છઠ્ઠી નરક પૃથ્વી સુધીના નીકળેલા જીવો મનુષ્ય અને તિર્યંચ પંચેદ્રિયના ભવમાં દેશ વિરતિપણું પામી શકે અને સાતમી પૃથ્વીમાંથી નીકળેલા જીવો અનંતર તિર્યંચના ભવમાં સમ્યકત્વ પામી શકે. પણ દેશ વિરતિ આદિ ઉપર કહેલ લાભ ન પામે એમ સર્વત્ર જાણવું.

## સાતે નારકીનું ઉત્કૃષ્ઠ અને જઘન્યથી અવધિ ક્ષેત્ર.

**રયણાએ ઓહિ ગાઉઅ, ચત્તારિ અદ્ધુટ્ઠ ગુરૂ લહુ કમેણુ,**
**પઈ પુઢવિ ગાઉયદ્ધં, હાયઈ જા સત્તમિ ઇગદ્ધં. ૨૪૦**

**રયણાએ**–રત્નપ્રભાને વિષે.
**ઓહિ**–અવધિજ્ઞાન.
**ગાઉઅ**-ગાઉ.
**ચત્તારિ**–ચાર.
**અદ્ધુટ્ઠ**-સાડાત્રણ.
**ગુરુ**–ઉત્કૃષ્ટ.
**લહુ**–જઘન્ય.
**કમેણુ**–અનુક્રમે.
**પઈપુઢવી**–દરેક પૃથ્વી પ્રત્યે.
**ગાઉયદ્ધં**–અર્ધ ગાઉ.
**હાયઇ**–ઘટે છે.
**જા**–યાવત્
**સત્તમિ**–સાતમીને વિષે.
**ઇગ**–એક ગાઉ.
**અદ્ધં**–અર્ધ ગાઉ.

**શબ્દાર્થ**—રત્નપ્રભાને વિષે ઉત્કૃષ્ટ અને જઘન્ય અવધિજ્ઞાન અનુક્રમે ૪ ગાઉ અને ૩॥ ગાઉ છે. દરેક પૃથ્વી પ્રત્યે અર્ધ ગાઉ ઘટે છે. યાવત્ સાતમી (પૃથ્વી) ને વિષે ઉત્કૃષ્ટ (અવધિ જ્ઞાન) ૧ ગાઉ અને જઘન્ય (અવધિ જ્ઞાન) અર્ધ ગાઉ હોય છે.

**વિવેચન**—સાતમી નરકમાં ઉત્કૃષ્ટ અવધિ જ્ઞાન ૧ ગાઉ છે. તો સાતમી નરકમાં ઉત્પન્ન થયેલ બ્રહ્મદત્ત ચક્રવર્તી 'હા કુમંતી, એમ પોકારે છે. અને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયેલ બ્રહ્મદત્તની સ્ત્રી કુમંતી 'હા (ઇતિ ખેદે) બ્રહ્મદત્ત' એમ પોકારે છે, તે કેવી રીતે પોતાના ભર્તારને જાણે ? જાતિ સ્મરણ જ્ઞાનથી જાણે, પણ અવધિ જ્ઞાનથી જાણે નહિ.

**પ્રશ્નો**

૧. બીજી ચોથી અને છઠ્ઠી નરક પૃથ્વીની મુખ, ભૂમિ ગોળ, ત્રિખુણા, ચોખુણા, પંક્તિગત અને કુલ નરકાવાસાની સંખ્યા તથા પ્રતરના આંતરાનું પ્રમાણ રીતિ સાથે કહો.

૨ ૬–૧૨–૧૮–૨૪–૩૦–૩૬–૪૨ ને ૪૮ મા પ્રતરના નારકીનું ઉત્કૃષ્ટ દેહમાન કહો; તથા ત્રીજી અને પાંચમી પૃથ્વીના દરેક પ્રતરે દેહમાં કેટલી વૃદ્ધિ કરવી તે રીતિ સાથે કહો.

૩. શર્કરાપ્રભા પંકપ્રભા અને તમઃપ્રભાના નારકીનું મૂળ અને ઉત્તર વૈક્રિય શરીરનું જઘન્ય અને ઉત્કૃષ્ટ માન, વિરહકાલ, ઉપપાત અને ચ્યવન સંખ્યા તથા ગતિ આગતિ કહો.

૪. જલચર ચતુષ્પદ ખેચર ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ કયા કયા સંઘયણવાળા ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાયથી મરીને કઈ કઇ નરકમાં ઉપજે તથા ત્યાં તેને લેશ્યા કઈ હોય ? તેમજ ઉર્ધ્વ અધો અને તિર્છું અવધિ કેટલું ? અને આગામી ભવમાં ગતિ અને લબ્ધિ કહો.

**नरकाधिकारः समाप्तः**

# નારકીને લેશ્યા, અવધિ ક્ષેત્ર, ગતિ અને લબ્ધિ.

| | નરક પૃથ્વી | લેશ્યા | તિચ્છું અવધિક્ષેત્ર | | અવધિક્ષેત્ર | | ગતિ | લબ્ધિ. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉંચે | નીચે | | |
| ૧ | રત્ન પ્રભા | કાપોત | ૪ ગાઉ | ૩॥ ગાઉ | થોડું | થોડું | ગર્ભજ પર્યાપ્તા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચમાં | ચક્રી |
| ૨ | શર્કરા પ્રભા | ” | ૩॥ ” | ૩ ” | ” | ” | | વાસુદેવ બળદેવ |
| ૩ | વાલુકા પ્રભા | કાપોત, નીલ | ૩ ” | ૨॥ ” | ” | ” | | અરિહંત |
| ૪ | પંક પ્રભા | નીલ | ૨॥ ” | ૨ ” | ” | ” | | કેવલી |
| ૫ | ધૂમ પ્રભા | નીલ, કૃષ્ણ | ૨ ” | ૧॥ ” | ” | ” | | યતિ |
| ૬ | તમઃ પ્રભા | કૃષ્ણ | ૧॥ ” | ૧ ” | ” | ” | | દેશવિરતિ |
| ૭ | તમસ્તમઃપ્રભા | ” | ૧ ” | ૦॥ ” | ” | ” | તિર્યંચ | સમ્યક્ત્વ |

## મનુષ્યનું આયુષ્ય અને અવગાહના દ્વાર.

**ગબ્ભ નર તિ પલિયાઊ, તિ ગાઉ ઉક્કોસ તે જહન્નેણં**
**મુચ્છિમદુહાવિ અંતમુહૂ,અંગુલ અસંખભાગતણૂ.૨૪૧.**

| | |
|---|---|
| **ગબ્ભ નર**–ગર્ભજ મનુષ્યો. | **મુચ્છિમ**–સમૂચ્છિંમ. |
| **તિપલિય**–૩ પલ્યોપમના. | **દુહાહિ**–બંને પ્રકારે પણ. |
| **આઊ**–આયુષ્યવાળા. | **અંતમુહૂ**–અંતર્મુહૂર્ત. |
| **તિ ગાઉ**–૩ ગાઉ. | **અંગુલ**–આંગળના. |
| **ઉક્કોસ**–ઉત્કૃષ્ટથી. | **અસંખ ભાગ**–અસંખ્યાતમો ભાગ. |
| **તે**–તે ગર્ભજ મનુષ્યો. | |
| **જહન્નેણં**–જઘન્યથી. | **તણૂ**–શરીરવાળા. |

**શબ્દાર્થ**—ગર્ભજ મનુષ્યો ત્રણ પલ્યોપમના આયુષ્ય વાળા અને ૩ ગાઉ (ની અવગાહનાવાળા) ઉત્કૃષ્ટથી હોય છે. તે ગર્ભજ મનુષ્યો જઘન્યથી અને સમૂચ્છિંમ મનુષ્યો (ઉત્કૃષ્ટ અને જઘન્યથી એમ) બંને પ્રકારે પણ અંતર્મુહૂર્ત આયુષ્યવાળા અને આંગળના અસંખ્યાતમા ભાગના શરીરવાળા હોય છે.

**વિવેચન**—સમૂચ્છિંમ મનુષ્યો ગર્ભજ મનુષ્યોના મળ મૂત્ર આદિ ૧૪ અશુચિ સ્થાનકોમાં ઉપજે છે. અને તેઓ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરીને મરણ પામે છે. સંખ્યાતા આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યનું જઘન્યથી વૈક્રિય શરીર અંગુળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ૧ લાખ યોજન ને ૪ આંગળ હોય છે. જઘન્યથી આહારક શરીર દેશોન (૪ આંગળ ઉણ)

૧ હાથ અને ઉત્કૃષ્ટથી ૧ હાથ પૂર્ણ હોય છે. તૈજસ અને કાર્મણ એ બે શરીર સર્વ સંસારી જીવને ઔદારિક વૈક્રિય અને આહારક શરીરને સંયોગે તદ્રુપપણે પરિણમે છે.

## મનુષ્યનો ઉત્કૃષ્ટ અને જઘન્ય ઉપપાત અને ચ્યવન વિરહકાલ તથા ઉપપાત અને ચ્યવન સંખ્યા.

**બારસ મુહુત્ત ગબ્ભે, ઇયરે ચઉવીસ વિરહ ઉક્કોસો,**
**જમ્મ-મરણેસુ સમઓ, જહન્ન સંખાસુર સમાણા.૨૪૨.**

**બારસ મુહુત્ત**-૧૨ મુહૂર્ત.
**ગબ્ભે**-ગર્ભજને વિષે.
**ઇયરે**-ઇતર [સમૂર્ચ્છિમ] ને વિષે.
**ચઉવીસ**-૨૪ મુહૂર્ત.
**વિરહ**-વિરહકાલ.
**ઉક્કોસો**-ઉત્કૃષ્ટ.
**જમ્મ મરણેસુ**-જન્મ મરણને વિષે.
**સમઓ**-૧ સમય.
**જહન્ન**-જઘન્ય.
**સંખા**-સંખ્યા.
**સુર**-દેવતાની.
**સમાણા**-સરખી.

**શબ્દાર્થ**—ગર્ભજ મનુષ્યને વિષે ૧૨ મુહૂર્ત અને સમૂર્ચ્છિમ મનુષ્યને વિષે ૨૪ મુહૂર્ત ઉત્કૃષ્ટ વિરહકાલ જન્મ મરણને વિષે હોય છે. અને જઘન્ય વિરહકાલ ૧ સમય હોય છે. [મનુષ્યોની ઉપપાત અને ચ્યવન] સંખ્યા દેવતાની સરખી [સંખ્યાતા કે અસંખ્યાતાની] હોય છે,

**વિવેચન**—એક ગર્ભજ મનુષ્ય ઉપજ્યા પછી બીજો ગર્ભજ મનુષ્ય ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્તને આંતરે ઉપજે. તેમજ

એક ગર્ભજ મનુષ્ય ચ્યવ્યા [મર્યા] પછી બીજો ગર્ભજ મનુષ્ય ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્તને આંતરે મરે. સમૂર્ચ્છિમ મનુષ્યનો ઉપપાત અને ચ્યવન વિરહકાલ ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્તનો છે. તથા ગર્ભજ અને સમૂર્ચ્છિમ મનુષ્યનો જઘન્યથી ઉપપાત અને ચ્યવન વિરહકાલ ૧ સમયનો છે. ગર્ભજ મનુષ્યો ૧ સમયે એક બે ત્રણથી માંડીને સંખ્યાતા ઉપજે અને ચ્યવે તથા ગર્ભજ મનુષ્યો ઉત્કૃષ્ટથી એકડાને ૯૬ વાર ઠાણુ ભમણો કરીએ એટલે, ૨૯ આંકની સંખ્યા પ્રમાણુ હોય; અને જ્યારે સમૂર્ચ્છિમ મનુષ્ય ઉપજે ત્યારે અસંખ્યાતા મનુષ્યો પામીએ.

## મનુષ્યની આગતિ.

**સત્તમિ મહિ નેરઇએ, તેઊ વાઊ અસંખ નર તિરિએ;**
**મુત્તૂણ સેસ જીવા, ઉપ્પજ્જંતિ નરભવંમિ. ૨૪૩.**

**સત્તમિ મહિ**–સાતમી પૃથ્વીના.
**નેરઇએ**–નારકી.
**તેઊ**–તેઉકાય.
**વાઊ**–વાયુકાય.
**અસંખ**–અસંખ્ય આયુષ્ય વાળા.
**નર તિરિએ**–મનુષ્ય અને તિર્યંચોને.
**મુત્તૂણ**–મૂકીને.
**સેસ**–બાકીના.
**જીવા** જીવો.
**ઉપ્પજ્જંતિ**–ઉપજે છે.
**નરભવંમિ**–મનુષ્યભવમાં.

**શબ્દાર્થ**—સાતમી પૃથ્વીના નારકી, તેઉકાય, વાઉકાય, અસંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો (યુગલિયાઓ) ને મૂકીને બાકીના જીવો મનુષ્ય ભવમાં ઉપજે છે.

**વિવેચન**—છ પૃથ્વીના નારકી, તેઉકાય અને વાઉકાય વિનાના એકેંદ્રિય, વિકલેંદ્રિય, સમૂચ્છિંમ અને ગર્ભજ સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ તથા દેવો મનુષ્યમાં ઉપજે છે.

## મનુષ્યનાં ૮ દ્વારનું યંત્ર

| મનુષ્યનું | આયુષ્ય ઉત્કૃષ્ટ | આયુષ્ય જઘન્ય | અવગાહના ઉત્કૃષ્ટ | અવગાહના જઘન્ય | ઉપપાત અને ચ્યવન વિરહ ઉત્કૃષ્ટ | ઉપપાત અને ચ્યવન વિરહ જઘન્ય |
|---|---|---|---|---|---|---|
| ગર્ભજ મનુષ્ય | ૩ પલ્યોપમ | અંતર્મુહૂર્ત | ૩ ગાઉ | અંગુલનો અસં. ભાગ | ૧૨ મુહૂર્ત | ૧ સમય |
| સમૂચ્છિંમ ,, | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંગુલનો અસં. ભાગ | અંગુલનો અસં. ભાગ | ૨૪ મુહૂર્ત | ૧ સમય |

| મનુષ્યની | ઉત્પાત અને ચ્યવન સંખ્યા ઉત્કૃષ્ટ | ઉત્પાત અને ચ્યવન સંખ્યા જઘન્ય | આગતિ | ગતિ |
|---|---|---|---|---|
| ગર્ભજ મનુષ્ય | સંખ્યાતા | એક | ચારે ગતિમાથી | ચારે ગતિમાં જાય |
| સમૂચ્છિંમ,, | અ-સંખ્યાતા | અસંખ્ય | મનુષ્ય અને તિર્યંચમાંથી | મનુષ્ય અને તિર્યંચમાં |

## ચક્રવર્તિ બલદેવ વાસુદેવ અને અરિહંતની આગતિ.

**સુર નેરઇએહિં ચિય, હવંતિ હરિ અરિહ ચક્કિ બલદેવા,**
**ચઉવિહ સુર ચક્કિ બલા, વેમાણિય હુન્તિ હરિ અરિહા.**

**સુર**–દેવ.
**નેરઇએહિં**–નારકીથી.
**ચિય**-નિશ્ચે.
**હવંતિ**–થાય છે.
**હરિ**–વાસુદે
**અરિહ**–અરિહંત.
**ચક્કિ**–ચક્રવર્તિ.
**બલદેવા**–બળદેવ.
**ચઉવિહસુર**–ચારે પ્રકારના દેવો.
**ચક્કિ**–ચક્રવર્તિ.
**બલા**–બલદેવ.
**વેમાણિય**–વૈમાનિક.
**હુન્તિ**–થાય છે.
**હરિ**-વાસુદેવ.
**અરિહા**–અરિહંત.

**શબ્દાર્થ**—દેવતા અને નારકીથી આવેલા નિશ્ચે વાસુદેવ અરિહંત ચક્રવર્તિ અને બલદેવ થાય છે. ચારે પ્રકારના દેવોમાંથી આવેલા ચક્રવર્તિ અને બલદેવ થાય છે; અને વૈમાનિક દેવોમાંથી (ચ્યવીને) આવેલા વાસુદેવ અને અરિહંત થાય છે.

**વિવેચન**—વાસુદેવ અરિહંત ચક્રવર્તિ અને બલદેવ એ ચારે, દેવગતિ અને નરક ગતિમાંથી જ આવેલા હોય, પણ મનુષ્ય અને તિર્યંચ ગતિમાંથી આવેલા ન હોય. તેમાં પણ એટલું વિશેષ કે ચક્રવર્તિ અને બલદેવ (ભવન પતિ વિગેરે) ચારે પ્રકારના દેવોમાંથી જ ચ્યવીને મનુષ્યમાં આવીને ઉત્પન્ન થયેલ હોય તથા વાસુદેવ અને અરિહંત વૈમાનિક દેવોમાંથી ચ્યવીને મનુષ્યમાં ઉત્પન્ન

થયેલા હોય છે. અરિહંતાદિકના પ્રભાવથી તથા લોક સ્વભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપને ડુબાવતો નથી.

## ૧૪ રત્નની આગતિ.

**હરિણો મણુસ્સ રયણાઇં, હુન્તિ નાણુત્તરેહિં દેવેહિં,**
**જહ સંભવ-મુવવાઓ, હય ગય એગિંદિ રયણાણ .૨૪૫.**

**હરિણો**–વાસુદેવ કે ચક્રિનાં.
**મણુસ્સ**–મનુષ્ય.
**રયણાઇં**–રત્નો.
**હુન્તિ**--ઉપજે.
**ન**–ન.
**અણુત્તરેહિં**–અનુત્તર.
**દેવેહિં**–દેવો થકી.
**જહ**–યથા.
**સંભવં**–સંભવ.
ઉવવાઓ–ઉપપાત, ઉત્પત્તિ.
**હય**–ઘોડો, અશ્વ.
**ગય**–હાથી.
**એગિંદિ**–એકેંદ્રિય.
**રયણાણં**–રત્નોની.

**શબ્દાર્થ**—વાસુદેવ અને ચક્રવર્તિનાં મનુષ્ય રત્નો અને એકેંદ્રિય રત્નો અનુત્તર દેવો થકી ન ઉપજે, અશ્વ હાથી અને એકેંદ્રિય રત્નોની ઉત્પત્તિ યથા સંભવ હોય.

**વિવેચન**—વાસુદેવો અનુત્તર વર્જીને વૈમાનિક દેવો અને નારકીમાંથી આવેલા થાય. ચક્રવર્તિના ૧૪ રત્નો છે, તેમાં ચક્રાદિ ૭ એકેંદ્રિય રત્નો અને પુરોહિતાદિ ૭ પંચેંદ્રિય રત્નો છે, તેમાંથી હાથી અને અશ્વ વર્જીને બાકીનાં પાંચ મનુષ્ય રત્નો સાતમી નારકી તેઉકાય, વાયુકાય, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્ય અને તિર્યંચો તથા અનુત્તર દેવો વર્જીને બાકીના

સ્થાનમાંથી આવેલા હોય. નારકી, સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ તથા સહસ્રાર સુધીના દેવોમાંથી આવેલા હાથી અને અશ્વ રત્ન હોય. સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ તથા ઈશાન સુધીના દેવોમાંથી આવેલાં સાતે એકેંદ્રિય રત્ન હોય.

### ૧૪ રત્નનાં નામ અને પ્રમાણ.

**વામ પમાણં ચક્કં, છત્તં દંડં દુહત્થયં ચમ્મં,**
**બત્તીસંગુલ ખગ્ગો, સુવન્નકાગિણિ ચઉરંગુલિયા.૨૪૬.**
**ચઉરંગુલો દુ અંગુલ–પિહુલો વ મણિ પુરોહિ ગયતુરયા,**
**સેણાવઈ ગાહાવઈ, વડ્ઢ ઇત્થી ચક્કિ રયણાઇં. ૨૪૭.**

**વામ**–ધનુષ.
**પમાણં**–પ્રમાણ.
**ચક્કં**–ચક્ર
**છત્તં**–છત્ર
**દંડં**–દંડ.
**દુહત્થયં**–બે હાથ.
**ચમ્મં**–ચર્મ.
**બત્તીસંગુલ**–૩૨ આંગળ.
**ખગ્ગો**–ખડ્ગ.
**સુવન્નકાગિણિ**–સુવર્ણ કાકિણી.
**ચઉરંગુલિયા**–૪ આંગળ પ્રમાણ.
**ચઉરંગુલો**–૪ આંગળ લાંબું.
**દુ અંગુલ**–બે આંગળ.
**પિહુલો**–પહોળું.
**મણિ**–મણિ.
**પુરોહિ**–પુરોહિત.
**ગય**–હાથી.
**તુરયા**–ઘોડો.
**સેણાવઈ**–સેનાપતિ.
**ગાહાવઇ**–ગાથાપતિ, ગૃહપતિ.
**વડ્ઢ**–વર્ધકી, સુથાર.
**ઇત્થી**–સ્ત્રી.
**ચક્કી**–ચક્રવર્તિને.
**રયણાઈ**–રત્નો.

**શબ્દાર્થ**—૧. ચક્ર, ૨. છત્ર અને ૩. દંડ રત્ન વામ (બન્ને હાથ તિર્છા પ્રસારેલ) પ્રમાણ, ૪, ચર્મરત્ન બે હાથ લાંબું. ૫. ખડ્ગ રત્ન બત્રીશ આંગળ લાંબું, ૬. સુવર્ણ કાકિણી રત્ન ચાર આંગળ પ્રમાણ, ૭. મણિરત્ન ૪ આંગળ લાંબું અને બે આંગળ પહોળું હોય છે. ૧. પુરોહિત, ૨. હાથી, ૩. ઘોડો, ૪. સેનાપતિ, ૫. ગૃહપતિ, (ભંડારી) ૬. સુથાર અને ૭ સ્ત્રી (એ ૭ પંચેંદ્રિય રત્નો મળી ૧૪) રત્નો ચક્રવર્તિને હોય છે

**વિવેચન**—સાત એકેંદ્રિય રત્નો ચક્રવર્તિને આત્માંગુલે જાણવાં. સાતે પંચેંદ્રિય રત્નો જે કાળે જેવું શરીરનું પ્રમાણ હોય. તે કાળે તે પણ તેવા પ્રમાણનાં હોય ચૌદે રત્નના ગુણ કહે છે. ૧. **ચક્રરત્ન** અન્ય ગોત્રવાળા વૈરીનું મસ્તક છેદે, ૨. **છત્રરત્ન** ચક્રવર્તિના હસ્ત સ્પર્શે ૧૨ યોજન વિસ્તાર પામે અને વૈતાઢય પર્વતની ઉત્તર દિશાએ રહેનારા મ્લેચ્છ તેના દેવતાઓ મેઘ વરસાવે, તેને રોકવાને સમર્થ થાય. ૩. **દંડરત્ન** વાંકી ભૂમિને સમી કરે અને કામ પડે. ૧ હજાર યોજન ભૂમિને ખોદે. ૪ **ચર્મરત્ન** ચક્રવર્તિના હસ્ત સ્પર્શે ૧૨ યોજન વિસ્તાર પામે અને પ્રભાત કાળે બીજ વાવીએ તે સંધ્યા કાળે ઉપભોગ કરવા યોગ્ય શાલિ પ્રમુખ ધાન્યને ઉત્પન્ન કરે. ૫. **ખડ્ગરત્ન** સંગ્રામમાં અત્યંત શક્તિવંત હોય. ૬. જાત્ય સુવર્ણમય **કાકિણીરત્ન** તે વૈતાઢય પર્વતની ગુફામાંહે એકેકી ભીંતે ૪૯-૪૯ માંડલા કરવા યોગ્ય હોય. ૭. **મણિરત્ન** નીચે ચર્મરત્ન અને ઉપર છત્ર રત્નની વચ્ચે છત્ર તુમ્બાપર રાખ્યું છતું તથા તમિસ્રા

અને ખંડ પ્રપાતા ગુફામાં હસ્તિના મસ્તક ઉપર રાખ્યું છતું ૧૨ યોજન પ્રકાશ કરે અને હાથે અથવા મસ્તકે બાંધ્યું હોય તો સમસ્ત રોગ દૂર કરે. ૮. **પુરોહિતરત્ન** શાન્તિકર્મ કરનાર હોય. ૯. **ગજરત્ન** અને ૧૦ **અશ્વરત્ન** મહા પરાક્રમી હોય. ૧૧ **સેનાપતિરત્ન** ગંગા સિંધુની પેલી બાજુએ ૪ ખંડ જીતનાર હોય. ૧૨ **ગૃહપતિ** (ભંડારી) રત્ન ઘરના યોગ્ય કામ કરે, ૧૩ **વર્ધકી** (સુથાર) રત્ન ઘર ચણે અને વૈતાઢય પર્વતની ગુફા માંહે ઉમ્નગા અને નિમ્નગા નદીના પૂલ બાંધે. ૧૪ **સ્ત્રીરત્ન** અત્યંત અદ્ભૂત રૂપવંત અને ચક્રવર્તિને ભોગ યોગ્ય હોય.

ચક્ર છત્ર દંડ અને ખડ્ગ એ ચાર રત્નો આયુધ શાળામાં ઉત્પન્ન થાય છે. ચર્મ મણિ અને કાકિણી એ ૩ રત્નો ચક્રીના ભંડારમાં ઉત્પન્ન થાય છે. સેનાપતિ ગૃહપતિ પુરોહિત અને સુથાર એ ૪ રત્નો પોતાની રાજધાનીમાં ઉત્પન્ન થાય છે. સ્ત્રી રત્ન રાજકુળમાં ઉત્પન્ન થાય છે; તથા હસ્તી અને અશ્વ રત્ન વૈતાઢય પર્વતની સમીપે ઉત્પન્ન થાય છે.

એ ચૌદે રત્નો એકેક હજાર યક્ષોએ અધિષ્ટિત હોય છે. અને બે હજાર યક્ષ ચક્રવર્તિની બે બાજુએ હોય છે. એવી રીતે ૧૬ હજાર યક્ષો ચક્રવર્તિની સેવા કરે. જઘન્યથી જંબૂદ્વીપને વિષે ૪ ચક્રવર્તિ હોય. ત્યારે ૫૬ રત્ન હોય અને ઉત્કૃષ્ટથી ભરત ઐરવત અને મહાવિદેહની ૨૮ વિજયના મળીને ૩૦ ચક્રવર્તિ હોય, ત્યારે ૪૨૦ રત્નો હોય. જઘન્યથી જંબૂદ્વીપમાં વાસુદેવ

૪ હોય અને ઉત્કૃષ્ટથી ૩૦ હોય; જે વિજયમાં વાસુદેવ હોય તે વિજયમાં ચક્રવર્તિ ન હોય.

## વાસુદેવનાં ૭ રત્નોનાં નામ.

**ચક્કં ધણુહં ખગ્ગો, મણી ગયા તહ ય હોઇ વણમાલા,**
**સંખો સત્ત ઇમાઇં, રયણાઇં વાસુદેવસ્સ. ૨૪૮.**

| | |
|---|---|
| **ચક્કં**–ચક્ર. | **હોઇ**–હોય છે. |
| **ધણુહં**–ધનુષ્ય. | **વણમાલા**–વનમાલા. |
| **ખગ્ગો**–ખડ્ગ. | **સંખો**–શંખ. |
| **મણી**–મણિ. | **સત્ત**–સાત. |
| **ગયા**–ગદા. | **ઇમાઈ**–આ, એ. |
| **તહ**–તેમજ, તથા. | **રયણાઇં**–રત્નો. |
| **ય**–અને | **વાસુદેવસ્સ**–વાસુદેવનાં (ને) |

**શબ્દાર્થ**—૧. ચક્ર, ૨. ધનુષ્ય, ૩, ખડ્ગ, ૪. મણિ; ૫, ગદા, તેમજ ૬. વનમાલા અને ૭. શંખ એ સાત રત્નો વાસુદેવને હોય છે.

**વિવેચન**—કૌમુદિકી નામની ગદા, વનમાલા એટલે દેવોએ આપેલી માળા, જે કોઈ વખત કરમાય નહિ તથા જ્યાં વાસુદેવ જીતે, ત્યાં પાંચજન્ય શંખ ફુંકે, જેનો ધ્વનિ ૧૨ યોજન સુધી સંભળાય.

### પ્રશ્નો

૧. મનુષ્યનું જઘન્ય ને ઉત્કૃષ્ટ આયુષ્ય, અવગાહના, ઉપપાત અને ચ્યવન વિરહ, ઉપપાત અને ચ્યવન સંખ્યા, ગતિ અને આગતિ કહો.

## ચક્રી અને વાસુદેવનાં રત્નોનાં નામ તથા અઢીદ્વિપમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી એકી વખતે થયેલ તીર્થંકરાદિની સંખ્યાનું યંત્ર.

| ચક્રવર્તિનાં ૧૪ રત્નો | | | ૭ વાસુદેવનાં રત્નોનાં નામ | જંબુદ્વીપમાં | | | ધાતકી ખંડમાં | | પુષ્કરાર્ધમાં | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ એકેંદ્રિયરત્નોનાં નામ અને પ્રમાણ. | | ૭ પંચેંદ્રિય રત્નોનાં નામ | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ચક્ર | વામ પ્રમાણ | સેનાપતિ | ચક્ર | તીર્થંકર | ૪ | ૩૪ | ૮ | ૬૮ | ૮ | ૬૮ | ૨૦ | ૧૭૦ |
| છત્ર | | ગૃહપતિ | ધનુષ્ય | ચક્રવર્તિ | ૪ | ૩૦ | ૮ | ૬૦ | ૮ | ૬૦ | ૨૦ | ૧૫૦ |
| દંડ | | સુથાર | ખડ્ગ | વાસુદેવ | ૪ | ૩૦ | ૮ | ૬૦ | ૮ | ૬૦ | ૨૦ | ૧૫૦ |
| ચર્મ | ૨ હાથ | પુરોહિત | મણિ | બળદેવ | ૪ | ૩૦ | ૮ | ૬૦ | ૮ | ૬૦ | ૨૦ | ૧૫૦ |
| ખડ્ગ | ૩૦ આં૦ | સ્ત્રી | ગદા | ચક્રીનાં રત્નો | ૫૬ | ૪૨૦ | ૧૧૨ | ૮૪૦ | ૧૧૨ | ૮૪૦ | ૨૮૦ | ૨૧૦૦ |
| કાકિણી | ૪ ,, | હાથી | વનમાલા | વાસુદેવનાં રત્નો | ૨૮ | ૨૧૦ | ૫૬ | ૪૨૦ | ૫૬ | ૪૨૦ | ૧૪૦ | ૧૦૫૦ |
| મણિ | ૪,, લાંબું ૨,, પો૦ | ઘોડો | શંખ | | | | | | | | | |

## મનુષ્યની ગતિ અને ૧ સમયે મોક્ષમાં કેટલા જાય ?

**સંખ નરા ચઉસુ ગઇસુ, જંતિ પંચસુવિ પઢમ સંઘયણે,**
**ઇગ દુ તિ જા અટ્ઠસયં, ઇગસમએ જંતિ તે સિદ્ધિં. ૨૪૯.**

**સંખ**–સંખ્યાતા આયુષ્યવાળા.
**નરા**–મનુષ્યો.
**ચઉસુ ગઇસુ**–ચારે ગતિમાં.
**જંતિ**–જાય છે, ઉપજે છે.
**પંચસુવિ**–પાંચમી ગતિમાં પણ.
**પઢમ સંઘયણે**–પહેલું સંઘયણ છતે.
**ઇગદુતિ**–એક બે ત્રણથી.
**જા અટ્ઠસયં**–૧૦૮ સુધી.
**ઇગસમએ**–એક સમયમાં.
**જંતિ**–જાય છે.
**તે**–તે (મનુષ્યો).
**સિદ્ધિં**–મોક્ષ પ્રત્યે, મોક્ષમાં.

**શબ્દાર્થ**—સંખ્યાતા (વર્ષના) આયુષ્યવાળા મનુષ્યો ચારે ગતિમાં ઉપજે છે. અને પહેલું સંઘયણ છતે પાંચમી ગતિ (મોક્ષ) માં પણ જાય છે. ૧ સમયમાં એક બે ત્રણથી માંડીને (ઉત્કૃષ્ટથી) ૧૦૮ સુધી તે (મનુષ્ય ગતિમાં રહેલા) મનુષ્યો મોક્ષમાં જાય છે,

## વેદ અને ૩ લિંગને આશ્રયીને ૧ સમયે મોક્ષમાં કેટલા જાય ?

**વીસિત્થિ દસ નપુંસગ, પુરિસ–ટ્ઠસયં તુ એગસમએણં,**
**સિજ્ઝઇગિહિઅન્ન સલિંગ, ચઉદસ અટ્ઠાહિય સયં ચ. ૨૫૦**

**વીસ**–વીશ.
**ઇત્થિ**–સ્ત્રીઓ.
**દસ**–દશ.
**નપુંસગ**–નપુંસકો.
**પુરિસ**–પુરૂષો.
**અટ્ઠસયં**–એકસો આઠ.
**તુ**–વળી.
**એગસમએણં**–૧ સમયે.

સિજ્ઝઇ–સિઝે, સિદ્ધ થાય.
ગિહિ-ગૃહસ્થલિંગી.
અન્ન–અન્યલિંગી.
સલિંગ–સ્વલિંગી.
ચઉ–ચાર,
દસ–દશ.
અટ્ઠાહિયસયં-એકસોઆઠ.

શબ્દાર્થ—( ઉત્કૃષ્ટથી ) સ્ત્રીઓ વીશ, ( કૃત્રિમ ) નપુંસકો દશ અને પુરૂષો વળી એકસો આઠ એક સમયે સિદ્ધ થાય. (મોક્ષમાં જાય.) ગૃહસ્થલિંગી ચાર, અન્યલિંગી દશ અને સ્વલિંગી ( સાધુના વેષે ) ૧ સમયે એકસો આઠ સિદ્ધ થાય.

## અવગાહના. દિશા અને જલને આશ્રયીને ૧ સમયે મોક્ષમાં કેટલા જાય?

ગુરૂલહુ મજ્ઝિમ દો ચઉ, અટ્ઠસયં ઉટ્ઠહો તિરિયલોએ,
ચઉ બાવીસ–ટ્ઠસયં, દુ સમુદ્દે તિન્નિ સેસ જલે.૨૫૧.

ગુરૂ–ઉત્કૃષ્ટ.
લહુ–જઘન્ય.
મજ્ઝિમ–મધ્યમ.
દો ચઉ–બેચાર.
અટ્ઠસયં–એકસો ને આઠ.
ઉટ્ઠ–ઉર્દ્ધ લોકને વિષે.
અહો–અધોલોકને વિષે.
તિરિયલોએ–તિર્ચ્છાલોકમાં.
ચઉ–ચાર.
બાવીસ–બાવીશ.
અટ્ઠસયં-એકસો ને આઠ.
દુ–બે.
સમુદ્દે–સમુદ્રને વિષે
તિન્નિ–ત્રણ.
સેસજલે–બાકીનાં જલને વિષે.

શબ્દાર્થ—ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે, જઘન્ય અવગાહનાવાળા ચાર અને મધ્યમ અવગાહનાવાળા એક

સો ને આઠ, ઉર્ધ્વ લોકને વિષે ચાર, અધો લોકને વિષે બાવીસ અને તિર્છાલોકમાં એકસો ને આઠ, સમુદ્રને વિષે બે અને બાકી (નદી દ્રહ વિગેરે)નાં જલને વિષે ઉત્કૃષ્ટથી ત્રણ મોક્ષે જાય છે.

**વિવેચન**—૫૦૦ ધનુષ પ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અને ૭ હાથ પ્રમાણ જઘન્ય અવગાહનાવાળા તીર્થંકર મોક્ષે જાય અને સામાન્ય કેવળી તો ૫૨૫ ધનુષ પ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મરૂદેવી માતાની જેમ અને ૨ હાથ પ્રમાણ જઘન્ય અવગાહનાવાળા કૂર્મા પુત્રની જેમ મોક્ષે જાય. મરૂદેવી માતા હાથી ઉપર બેઠેલાં હોવાથી શરીર સંકોચાએલું હતું. તેથી ૫૦૦ ધનુષની અવગાહનાવાળાં મોક્ષે ગયાં એમ બીજો મત છે. ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષની અવગાહનાવાળા ૧ સમયે બે મોક્ષે જાય, તો રૂષભદેવ ભગવાન એક સમયે ૧૦૮ (રૂષભદેવ, રૂષભદેવના ૯૯ પુત્રો અને ભરતના ૮ પુત્રો મળી ૧૦૮) ની સાથે મોક્ષે કેમ ગયા ? અનંત કાલચક્ર ગયા પછી હુંડા અવસર્પિણી આવે છે અને તેમાં ૧૦ આશ્ચર્યકારક બનાવો બને છે. માટે આ પણ આશ્ચર્ય સમજવું. ઉર્ધ્વલોક નંદનવનથી ઉપર મેરૂની ચૂલીકા સુધી જાણવું. સમભૂતલાથી નવસો જોજન નીચે અધોલોક. તેમાં પશ્ચિમ મહાવિદેહની છેલ્લી બે કુબડી વિજય સમભૂતલાથી ક્રમેક્રમે પૃથ્વી ઘટતી ૧ હજાર યોજન નીચી છે. તે અધોગ્રામ તરીકે ઓળખાય છે. તે અધોલોક જાણવો. નદીમાંહે એટલે ગંગા નદી ઉતરતાં અર્ણિકાપુત્ર આચાર્યની માફક મોક્ષે જાય

## દરેક ગતિ આદિમાંથી આવેલા ૧ સમયે કેટલા મોક્ષે જાય?

**નરય તિરિયા-ગયા દસ, નરદેવ ગઇઉ વીસ અટ્ઠસયં,**
**દસ રયણા સક્કર વાલુયાઉ, ચઉ પંક ભૂ દગઓ. ૨૫૨.**
**છચ્ચ વણસ્સઇ દસ તિરિ,**
**તિરિત્થી દસ મણુય વીસ નારીઓ,**
**અસુરાઈ વંતરા દસ, પણ તદ્દેવિઉ પત્તેયં. ૨૫૩.**

**નરય**-નરક ગતિ.
**તિરિય**-તિર્યંચ ગતિમાંથી.
**આગયા**-આવેલા.
**દસ**-દશ.
**નર**-મનુષ્ય ગતિમાંથી.
**દેવ ગઈ**-દેવગતિમાંથી.
**વીસ**-વીશ.
**અટ્ઠસય**-એકસો આઠ.
**દસ**-દશ.
**રયણા**-રત્નપ્રભા.
**સકકર**-શર્કરાપ્રભા.
**વાલુયાઉ**-વાલુકા પ્રભામાંથી.
**ચઉ**-ચાર.
**પંક**-પંકપ્રભા.
**ભૂ**-પૃથ્વીકાય.
**દગઓ**-અપૂકાયમાંથી.
**છચ્ચ**-અને છ.
**વણસ્સઇ**-વનસ્પતિકાયમાંથી
**દસ**-દશ.
**તિરિ**-તિર્યંચ પુરૂષ.
**તિરિત્થી**-તિર્યંચની સ્ત્રી થકી
**દસ**-દશ.
**મણુઅ**-મનુષ્ય પુરૂષ થકી.
**વીસ**-વીશ.
**નારીઓ**-મનુષ્યની સ્ત્રી થકી.
**અસુરાઈ**-અસુરાદિ.
**વંતરા**-વ્યંતરમાંથી.
**દસ**-દશ
**પણ**-પાંચ.
**તદ્દેવીઉ**-તેની દેવીઓ થકી.

**પત્તેયં**-દરેક નિકાયના.
**જોઇ**-જ્યોતિષી દેવ થકી.
**દસ**-દશ.
**દેવિ**-જ્યોતિષી દેવી થકી.

**વીસં**-વીશ
**વેમાણિય**-વૈમાનિક દેવ થકી.
**અટ્ઠસય**-એકસો ને આઠ.
**વીસ**-વીશ.
**દેવીઓ**-વૈમાનિક દેવી થકી.

**શબ્દાર્થ**—નરક ગતિ અને તિર્યંચ ગતિમાંથી આવેલા ૧૦, મનુષ્ય ગતિમાંથી આવેલા ૨૦, (વૈમાનિક) દેવગતિમાંથી આવેલા ૧૦૮, રત્નપ્રભા શર્કરા પ્રભા અને વાલુકા પ્રભામાંથી આવેલા ૧૦, પંક પ્રભા પૃથ્વીકાય અને અપ્કાયમાંથી આવેલા ૪, અને વનસ્પતિકાયમાંથી આવેલા ૬, તિર્યંચ પુરૂષ અને તિર્યંચ સ્ત્રીથકી આવેલા ૧૦, મનુષ્ય પુરૂષ થકી આવેલા ૧૦, મનુષ્યની સ્ત્રી થકી આવેલા ૨૦, અસુરાદિ (૧૦ ભવનપતિ) અને વ્યંતરમાંથી દરેક [નિકાય]ના આવેલા ૧૦, તે [ભવનપતિ અને વ્યંતરના દરેક નિકાય]ની દેવીએ થકી આવેલા પાંચ, જ્યોતિષી દેવ થકી આવેલા ૧૦, જ્યોતિષી દેવી થકી આવેલા ૨૦, વૈમાનિક દેવ થકી આવેલા ૧૦૮ અને વૈમાનિક દેવી થકી આવેલા ૨૦ એક સમયમાં મોક્ષે જાય છે.

**વિવેચન**—નરકગતિમાંથી નીકળીને મનુષ્યગતિમાં આવેલા ૧ સમયે ઉત્કૃષ્ટથી ૧૦ મોક્ષે જાય. એ પ્રમાણે સર્વત્ર સમજવું. કારણ કે મનુષ્ય ગતિમાંથી જ જીવ મોક્ષે જઈ શકે, પણ બીજી ગતિમાંથી મોક્ષે જઈ શકાય નહિ,

## પ્રશ્નો.

૧. કયા જીવો ૧ સમયમાં ૪-૨૦ ને ૧૦૮ મોક્ષે જાય ?

૨. ચક્રવર્તિ અને વાસુદેવનાં રત્નોના નામ પ્રમાણ કયાંથી આવેલાં હોય અને તે શા કામમાં આવે તથા જઘન્ય અને ઉત્કૃષ્ટથી અઢી દ્વીપગાં ચક્રવર્તિ તીર્થંકર વાસુદેવ અને તે બંનેના રત્નો કેટલાં હોય તે સમજાવો.

## વેદ આશ્રયીને ૯ ભાંગામાંથી કયા ભાંગે કેટલા મોક્ષે જાય તથા સિદ્ધિ ગતિને વિષે જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાલ.

**જોઈ દસ દેવિ વીસં, વેમાણિય-દુસય વીસ દેવીઓ,**
**તહ પુંવેએહિંતો, પુરિસો હોઊણ અટ્ઠસયં. ૨૫૪.**
**સેસટ્ઠ ભંગએસુ, દસ દસ સિજ્ઝન્તિ એગ સમએણં,**
**વિરહો છમાસ ગુરૂઓ, લહુ સમઓ ચવણમિહ નત્થિ.**

**તહ**-તથા.
**પુંવેએહિંતો**-પુરૂષ વેદ થકી
**પુરિસો**-પુરૂષ.
**હોઊણ**-થઇને.
**અટ્ઠસયં**-એકસો ને આઠ.
**સેસ**-બાકીના.
**અટ્ઠ ભંગએસુ**-આઠ. ભાંગાને વિષે.
**દસ દસ**-દશ દશ.
**સિજ્ઝન્તિ**-મોક્ષે જાય છે.
**એગ સમએણં**-૧ સમયે.
**વિરહો**-વિરહકાલ.
**છ માસ**-૬ માસ.
**ગુરૂઓ**-ઉત્કૃષ્ટથી.
**લહુ**-જઘન્યથી.
**સમઓ**-૧ સમય.
**ચવણં**-ચ્યવવાનું.
**ઈહ**-અહીંથી.
**નત્થિ**-નથી.

**શબ્દાર્થ**—તથા પુરૂષ વેદ થકી પુરૂષ થઈને (મોક્ષે જાય, તો) એક સમયે ૧૦૮ મોક્ષે જાય છે. બાકીના ૮ ભાંગાને વિષે ૧ સમયે દશ દશ મોક્ષે જાય છે, (મોક્ષે જવાનો) ઉત્કૃષ્ટથી વિરહકાલ છ માસ અને જઘન્યથી વિરહકાલ ૧ સમય છે. અહીં'થી (મોક્ષમાંથી) ચ્યવવાનું (મરવાનું) નથી.

**વિવેચન**—પુરૂષવેદી દેવ, મનુષ્ય અને તિર્યંચ એ ત્રણ ગતિમાંથી નીકળી, મનુષ્યમાં આવી, કોઈ પુરૂષ થાય, કોઈ સ્ત્રી થાય, કોઇ નપુંસક થાય; એવી રીતે સ્ત્રીવેદી દેવી વિગેરે ત્રણ ગતિમાંથી નીકળી કોઈ સ્ત્રી થાય. કોઈ પુરૂષ થાય, અને કોઇ નપુંસક થાય, એવી રીતે નપુંસક વેદી નારકી તિર્યંચ અને મનુષ્યમાંથી નીકળી મનુષ્યમાં કોઈ નપુંસક થાય, કોઈ સ્ત્રી થાય અને કોઈ પુરૂષ થાય; એમ નવ ભાંગા થાય. તેમાં જો પુરૂષ વેદ થકી આવી મનુષ્યમાં પુરૂષ થઇને મોક્ષે જાય, તો ઉત્કૃષ્ટથી ૧ સમયે ૧૦૮ મોક્ષે જાય અને બાકીના ૮ ભાંગામાંથી દરેક ભાંગે ૧ સમયમાં ૧૦ મોક્ષે જાય. ૯ ભાંગા આ પ્રમાણે. ૧. પુરૂષ વેદી વૈમાનિક દેવોમાંથી આવીને મનુષ્યમાં પુરૂષ થઇને મોક્ષે જાય, તો ૧ સમયે ૧૦૮ મોક્ષે જાય. ૨. પુરૂષ વેદ થકી આવીને મનુષ્યમાં સ્ત્રી થઈને મોક્ષે જાય. તો એક સમયે ૧૦ મોક્ષે જાય. ૩. પુરૂષ વેદ થકી આવીને મનુષ્યમાં કૃત્રિમ નપુંસક થઈને મોક્ષે જાય, તો ૧ સમયે ૧૦ મોક્ષે જાય. ૪. સ્ત્રી વેદ થકી આવીને મનુષ્યમાં પુરૂષ થઇને મોક્ષે જાય, તો ૧

સમયે ૧૦ મોક્ષે જાય. ૫. સ્ત્રી વેદ થકી આવીને મનુષ્યમાં સ્ત્રી થઇને મોક્ષે જાય, તો ૧ સમયે ૧૦ મોક્ષે જાય, ૬. સ્ત્રી વેદ થકી આવીને મનુષ્યમાં કૃત્રિમ નપુંસક થઈને મોક્ષે જાય, તો ૧ સમયે ૧૦ મોક્ષે જાય. ૭ નપુંસક વેદ થકી આવીને મનુષ્યમાં પુરૂષ થઈને મોક્ષે જાય, તો ૧ સમયે ૧૦ મોક્ષે જાય. ૮. નપુંસક વેદ થકી આવીને મનુષ્યમાં સ્ત્રી થઈને મોક્ષે જાય તો ૧ સમયે ૧૦ મોક્ષે જાય. ૯. નપુંસક વેદ થકી આવીને મનુષ્યમાં કૃત્રિમ નપુંસક થઈને મોક્ષે જાય, તો એક સમયે ૧૦ મોક્ષે જાય.

વૈમાનિક દેવી, જ્યોતિષી દેવી અને નારી થકી આવેલા ૨૦ મોક્ષે જાય એમ કહ્યું છે; તેમાં સમજવાનું એ છે કે સ્ત્રી વેદ થકી આવીને મનુષ્યમાં કોઇક પુરૂષ થાય, કોઈક સ્ત્રી થાય અને કોઈક નપુંસક થાય, એમ સર્વે મળીને ૨૦ મોક્ષે જાય.

ભદ્રશાલ નંદન અને સૌમનસ વનમાંથી તથા સ્વયંબુદ્ધ ૧ સમયે ૪ મોક્ષે જાય, પાંડુક વનમાંથી ૧ સમયે બે મોક્ષે જાય, એકેકી મહાવિદેહની વિજયમાંથી ૨૦ મોક્ષે જાય, એકેકી અકર્મભૂમિમાં સંહરણથી ૧૦, તથા કર્મભૂમિમાં સંહરણથી ૧૦, ઉત્સર્પિણીના ૧–૨–૪–૫–૬ઠ્ઠા આરે અને અવસર્પિણીના ૧–૨–૩–૬ આરે સંહરણથી ૧૦; અતીર્થ-સિદ્ધ અને પ્રત્યેકબુદ્ધ સિદ્ધ ૧ સમયે ૧૦ મોક્ષે જાય. દરેક કર્મભૂમિમાંથી એક સમયે ૧૦૮ મોક્ષે જાય. ઉત્સર્પિણીના ત્રીજા આરે અને અવસર્પિણીના ચોથા આરે ૧ સમયે

ઉત્કૃષ્ટથી ૧૦૮ મોક્ષે જાય, અવસર્પિણીના પાંચમાં આરે દરેક ભરત અને ઐરવતમાંથી ૧ સમયે ૨૦ મોક્ષે જાય, ઉત્સર્પિણીના પાંચમાં છઠ્ઠા આરે અને અવસર્પિણીના પહેલા બીજા આરે યુગલિયાં હોય, તે માટે સિદ્ધિ ન હોય.

## કેટલા સમય સુધી કેટલા જીવો નિરંતર મોક્ષમાં જાય અને પછી અંતર પડે.

**અડ સગ છ પંચ ચઉ તિન્નિ,દુન્નિ ઇક્કો ય સિજ્જમાણેસુ,**
**બત્તીસાઇસુ સમયા, નિરંતરં અંતરં ઉવરિં. ૨૫૬.**
**બત્તીસા અડયાલા, સટ્ઠી બાવત્તરી ય બોધવ્વા,**
**ચુલસીઇ છન્નવઈ, દુરહિય-મટ્ઠુત્તર સયં ચ. ૨૫૭.**

**અડ**–આઠ.
**સગ**–સાત.
**છ**–છ.
**પંચ**–પાંચ.
**ચઉ**–ચાર.
**તિન્નિ**–ત્રણ.
**દુન્નિ**–બે.
**ઇક્કો**–એક.
**સિજ્જમાણેસુ**–સિદ્ધ થયે છતે.
**બત્તીસાઇસુ**–બત્રીશાદિ.
**સમયા**–સમય સુધી,
**નિરંતરં**–નિરંતર.
**અંતરં**–અંતર.
**ઉવરિં**–ઉપર.
**બત્તીસા**–બત્રીશ સુધી.
**અડયાલા**–અડતાલીશ સુધી.
**સટ્ઠી**–સાઐઠ સુધી.
**બાવત્તરી**–બહોંતેર સુધી.
**બોધવ્વા**–જાણવા.
**ચુલસીઇ**–ચોરાસી સુધી
**છન્નવઈ**–છન્નુ સુધી.
**દુરહિયં**–એકસો બે સુધી.
**અટ્ઠુત્તર**–આઠ અધિક.
**સયં**–સો.
**ચ**–અને.

## મનુષ્યમાંથી ૧ સમયે ઉત્કૃષ્ટથી કેટલા સિદ્ધ થાય તેનું યંત્ર

| | | | |
|---|---|---|---|
| એક સિદ્ધ | ૧ | વાલુકાપ્રભામાંથી આવેલા | ૧૦ |
| ગુરૂ અવગાહનાવાળા | ૨ | તિર્યંચ ગતિમાંથી ,, | ૧૦ |
| પાંડુક વનમાંથી | ૨ | ,, પુરૂષમાંથી ,, | ૧૦ |
| સમુદ્રમાંથી | ૨ | ,, સ્ત્રીમાંથી ,, | ૧૦ |
| શેષ જલમાંથી | ૩ | મનુષ્ય પુરૂષમાંથી ,, | ૧૦ |
| ગૃહસ્થ લિંગે | ૪ | અસુરાદિ દેવમાંથી ,, | ૧૦ |
| જઘન્ય | ૪ | વ્યંતર ,, ,, | ૧૦ |
| ઉર્ધ્વલોકમાંથી | ૪ | જ્યોતિષી ,, ,, | ૧૦ |
| પંકપ્રભાથી આવેલા | ૪ | પુરૂષમાંથી સ્ત્રી થઇને | ૧૦ |
| પૃથ્વીકાયમાંથી ,, | ૪ | ,, નપુંસક ,, | ૧૦ |
| અપ્કાયમાંથી ,, | ૪ | સ્ત્રીમાંથી પુરૂષ ,, | ૧૦ |
| ભદ્રશાલ વનમાંથી | ૪ | ,, સ્ત્રી ,, | ૧૦ |
| સૌમનસ ,, | ૪ | ,, નપુંસક ,, | ૧૦ |
| નંદન ,, | ૪ | નપુંસકમાંથી પુરૂષ ,, | ૧૦ |
| સ્વયંબુદ્ધ | ૪ | ,, સ્ત્રી ,, | ૧૦ |
| અસુરની દેવીથી આવેલા | ૫ | ન નપુંસક ,, | ૧૦ |
| વ્યંતરની ,, ,, | ૫ | અકર્મભૂમિમાં સંહરણથી | ૧૦ |
| વનસ્પતિ કાયમાંથી ,, | ૬ | કર્મભૂમિમાં સંહરણથી | ૧૦ |
| નપુંસક વેદે | ૧૦ | અવસર્પિણીના ૧-૨-૩-૬ આરે | ૧૦ |
| અન્યલિંગે | ૧૦ | ઉત્સર્પિણીના ૧-૨-૪-૫-૬ આરે | ૧૦ |
| નરકગતિમાંથી આવેલા | ૧૦ | તીર્થ પ્રવર્ત્યા પહેલાં | ૧૦ |
| રત્નપ્રભામાંથી ,, | ૧૦ | પ્રત્યેક બુદ્ધ | ૧૦ |
| શર્કરા પ્રભામાંથી ,, | ૧૦ | સ્ત્રીવેદે | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| મનુષ્ય ગતિમાંથી આવેલા | ૨૦ | મધ્યમ અવગાહનાવાળા | ૧૦૮ |
| મનુષ્યમાંની નારીમાંથી ,, | ૨૦ | તિર્ચ્છા લોકમાંથી | ૧૦૮ |
| જ્યોતિષી દેવીમાંથી ,, | ૨૦ | દેવગતિમાંથી આવેલા | ૧૦૮ |
| વૈમાનિક દેવીમાંથી ,, | ૨૦ | વૈમાનિક દેવમાંથી ,, | ૧૦૮ |
| એકેકી મહાવિદેહની વિજયમાંથી | ૨૦ | પુરૂષમાંથી પુરૂષ થઈને | ૧૦૮ |
| અવસર્પિણીના પાંચમે આરે | | દરેક કર્મભૂમિમાંથી | ૧૦૮ |
| ૫ ભરત અને ૫ ઐરવતમાંથી | ૨૦ | ઉત્સર્પિણીના ત્રીજા આરે | ૧૦૮ |
| જિન (તીર્થંકર) સિદ્ધ | ૨૦ | અવસર્પિણીના ચોથા આરે | ૧૦૮ |
| અધોલોકે અધોગ્રામમાંથી | ૨૨ | તીર્થ પ્રવર્ત્યા પછી | ૧૦૮ |
| પુરૂષવેદે | ૧૦૮ | અતીર્થંકર | ૧૦૮ |
| સ્વલિંગે | ૧૦૮ | બુદ્ધબોધિત | ૧૦૮ |
| | | અનેક સિદ્ધ | ૧૦૮ |

**શબ્દાર્થ**—આઠ સાત છ પાંચ ચાર ત્રણ બે અને એક સમય સુધી અનુક્રમે બત્રીશાદિ સિદ્ધ થયે છતે ઉપર નિરંતર અંતર પડે. જેમકેઃ—આઠ સમય સુધી સિદ્ધ થાય તો ૧ થી માંડીને ૩૨ સુધી, ૭ સમય સુધી ૩૩ થી ૪૮ સુધી, છ સમય સુધી ૪૯ થી ૬૦ સુધી, ૫ સમય સુધી ૬૧ થી ૭૨ સુધી, ચાર સમય સુધી ૭૩ થી માંડીને ૮૪ સુધી, ૩ સમય સુધી ૮૫થી માંડીને ૯૬ સુધી, બે સમય સુધી ૯૭ થી માંડીને ૧૦૨ સુધી, અને ૧ સમય સુધી ૧૦૩ થી માંડીને ૧૦૮ મોક્ષે જાય, એમ જાણવા.

**વિવેચન**—૧ થી માંડીને ૩૨ સુધી નિરંતર મોક્ષે જાય, તો ઉત્કૃષ્ટથી ૮ સમય સુધી, એટલે પહેલે સમયે

૧ થી માંડીને ૩૨ સુધીની સંખ્યામાંથી મોક્ષે જાય, બીજે સમયે પણ તેટલીજ સંખ્યામાંથી મોક્ષે જાય, એમ ઉત્કૃષ્ટથી ૮ સમય સુધી જીવો મોક્ષે જાય, પછી અવશ્ય અંતર પડે. ૭ સમય સુધી સિદ્ધ થાય, તો ૩૩ થી માંડીને ૪૮ સુધીની સંખ્યામાંથીજ, પછી અવશ્ય અંતર પડે. જો ૬ સમય સુધી સિદ્ધ થાય, તો ૪૯ થી માંડીને ૬૦ સુધીની સંખ્યા-માંથી જ, પછી અવશ્ય અંતર પડે. જો ૫ સમય સુધી સિદ્ધ થાય, તો ૬૧ થી માંડીને ૭૨ સુધીની સંખ્યામાંથીજ પછી અવશ્ય અંતર પડે. જો ૪ સમય સુધી સિદ્ધ થાય તો ૭૩ થી માંડીને ૮૪ સુધીની સંખ્યામાંથી જ, પછી અવશ્ય અંતર પડે. જો ૩ સમય સુધી સિદ્ધ થાય તો ૮૫ થી માંડીને ૯૬ સુધીની સંખ્યામાંથી જ, પછી અવશ્ય અંતર પડે. જો ૨ સમય સુધી સિદ્ધ થાય, તો ૯૭ થી માંડીને

## નિરંતર સિદ્ધ થાય તેનું યંત્ર.

| કેટલા સમય સુધી કેટલા સિદ્ધ થાય | | કેટલા સમય સુધી કેટલા સિદ્ધ થાય | |
|---|---|---|---|
| ૮ સમય સુધી | ૧ થી ૩૨ સુધી | ૪ સમય સુધી | ૭૩ થી ૮૪ સુધી |
| ૭ સમય સુધી | ૩૩ થી ૪૮ સુધી | ૩ સમય સુધી | ૮૫ થી ૯૬ સુટી |
| ૬ સમય સુધી | ૪૯ થી ૬૦ સુધી | ૨ સમય સુધી | ૯૭ થી ૧૦૨ સુધી |
| ૫ સમય સુધી | ૬૧ થી ૭૨ સુધી | ૧ સમય સુધી | ૧૦૩ થી ૧૦૮ સુધી |

૧૦૨ સુધીની સંખ્યામાંથીજ, પછી અવશ્ય અંતર પડે. જો ૧ સમય સુધી સિદ્ધ થાય, તો ૧૦૩ થી માંડીને ૧૦૮ સુધીની સંખ્યામાંથી જ, પછી અવશ્ય અંતર પડે.

## સિદ્ધનું ક્ષેત્ર.

**પણયાલલક્ખજોયણ,વિક્ખંભાસિદ્ધસિલફલિહવિમલા,**
**તદુવરિગ જોયણંતે, લોગંતો તત્થ સિદ્ધ-ઠિઈ. ૨૫૮.**

| | |
|---|---|
| **પણયાલ લક્ખ**–૪૫ લાખ. | **તદુવરિ**–તેની ઉપર. |
| **જોયણ**–યોજનના. | **ઇગ જોયણ**–એક યોજનના. |
| **વિક્ખંભા**–વિસ્તારવાળી. | **અંતે**–અંતે, છેડે. |
| **સિદ્ધસિલ**–સિદ્ધશિલા | **લોગંતો**–લોકાન્ત. |
| **ફલિહ**–સ્ફટિકના જેવી. | **તત્થ**–તેને વિષે, ત્યાં. |
| **વિમલા**–નિર્મળ. | **સિદ્ધ ઠિઈ**–સિદ્ધની સ્થિતિ. |

**શબ્દાર્થ**—૪૫ લાખ યોજનના વિસ્તારવાળી સિદ્ધ શિલા સ્ફટિકની જેવી નિર્મળ ( ધોળા સોનાની ) છે, તેની ઉપર ૧ યોજનના છેડે લોકાન્ત છે, ત્યાં સિદ્ધ જીવોની સ્થિતિ (રહેવું) છે.

**વિવેચન**—સર્વાર્થ સિદ્ધ વિમાનની ધ્વજાથી ઉપર ૧૨ યોજન છેટે સિદ્ધશિલા છે. તે ઉત્તાન છત્રને આકારે ૪૫ લાખ યોજન પ્રમાણ લાંબી પહોળી સ્ફટિકની જેવી નિર્મળ ધોળા સુવર્ણની છે. તેનું બીજું નામ ઇષદ્ પ્રાગ્ભારા છે. તે સિદ્ધશિલા મધ્ય ભાગે ૮ યોજન જાડી છે. તે પછી

દિશા અને વિદિશામાં ઘટતી ઘટતી છેડે માખીની પાંખ જેવી પાતળી છે. તેની ઉપર ઉત્સેધાંગુલવડે ૧ યોજન દૂર લોકાન્ત છે. ત્યાં સિદ્ધોની સ્થિતિ એટલે રહેવાનું સ્થાન જાણવું. પોતાની અવગાહનાનો ત્રીજો ભાગ પોલાણુને પૂરવાથી સિદ્ધની અવગાહના આવે. જેમકે:-ઉત્કૃષ્ટ શરીર ૫૦૦ ધનુષ પ્રમાણુનો ત્રીજો ભાગ બાદ કરવામી ૩૩૩⅓ ધનુષ પ્રમાણુ ઉત્કૃષ્ટ સિદ્ધની અવગાહના અને જઘન્ય ૨ હાથ પ્રમાણુ શરીરનો ત્રીજો ભાગ બાદ કરવાથી ૧ હાથ ને ૮ આંગળ જઘન્ય અવગાહના સિદ્ધની હોય. સર્વાર્થ સિદ્ધ વિમાનની ધ્વજાથી ઉપર ૧૨ યોજન છેડે લોકાન્ત છે. એ બીજો મત જાણવો.

## પ્રશ્નો

૧. કેટલા સમય સુધી અંતર રહિત મોક્ષમાં કેટલા જીવો જાય? અને પછી નિયમા અંતર પડે તો જઘન્ય અને ઉત્કૃષ્ટથી કેટલું પડે? અને મોક્ષમાં ગયેલા જીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના કેટલી?

૨. સિદ્ધશિલા અને સિદ્ધનું વર્ણન કરો.

## मनुष्याधिकारः समाप्तः

## એકેંદ્રિય, વિકલેંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ.

**બાવીસ સગ તિ દસ વાસ, સહસ ગણિતિદિણબેઇંદિયાઇસુ,**
**બારસવાસુણ પણદિણ, છમ્માસ તિપલિયઠિઇજિટ્ઠા. ૨૫૯.**

**બાવીસ**–બાવીશ.
**સગ**–સાત.
**તિ**–ત્રણ.
**દસ**–દશ.
**વાસ**–વર્ષ.
**સહસ**–હજાર.
**અગણિ**–અગ્નિકાયનું.
**તિ દિણ**–ત્રણ દિવસ.
**બેઇંદિયાઇસુ**–બેઇંદ્રિયાદિકને વિષે.
**બારસ વાસ**–બાર વર્ષ.
**ઉણપણંદિણ**–૪૯ દિવસ.
**છમ્માસ**–છ માસ.
**તિપલિય**–ત્રણ પલ્યોપમ.
**ઠિઈ**–સ્થિતિ.
**જિટ્ઠા**–ઉત્કૃષ્ટથી.

**શબ્દાર્થ**—પૃથ્વીકાયની ઉત્કૃષ્ઠ સ્થિતિ બાવીશ હજાર વર્ષ, અપ્કાયની ૭ હજાર વર્ષ, વાઉકાયની ૩ હજાર વર્ષ, વનસ્પતિકાયની ૧૦ હજાર વર્ષ, અગ્નિકાયની ૩ દિવસ, બેઇંદ્રિયાદિકને વિષે અનુક્રમે ૧૨ વર્ષ, ૪૯ દિવસ અને ૬ માસ, મનુષ્ય અને તિર્યંચની ૩ પલ્યોપમ છે.

**વિવેચન**—તિર્યંચગતિમાં એકેંદ્રિય (પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિકાય) વિકલેંદ્રિય (બેઇંદ્રિય તેઇન્દ્રિય ને ચઉરિન્દ્રિય) અને પંચેંદ્રિય તિર્યંચ [ગર્ભજ અને સમૂર્ચ્છિમ] હોય છે. તેમાંથી ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ સિવાયના બાકીના જીવો સમૂર્ચ્છિમ જ હોય છે. ઉપર

કહેલ ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાયઃ નિરૂપદ્રવ સ્થાનને વિષે જાણવી. અને એ સર્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત જાણવી.

## પૃથ્વીકાયના ભેદો અને તેમનું ઉત્કૃષ્ઠ આયુષ્ય.

**સણ્હા ય સુદ્ધ વાલુય, મણોસિલા સક્કરા ય ખર પુઢવી,**
**ઇગ બાર ચઉદ સોલસ, ઠ્ઠારસ બાવીસ સમ સહસા.૨૬૯**

| | |
|---|---|
| **સણ્હા**–સુંવાળી પૃથ્વી. | **ઇગ**–એક. |
| **સુદ્ધ**–શુદ્ધ પૃથ્વી. | **બાર**–બાર. |
| **વાલુય**–રેતી. | **ચઉદ**–ચૌદ. |
| **મણોસિલા**–મનઃશિલ. | **સોલસ**–સોળ. |
| **સક્કરા**–કાંકરા. | **અટ્ઠારસ**–અઢાર. |
| **ખર પુઢવી**–કઠીન પૃથ્વી. | **બાવીસ**–બાવીશ. |
| | **સમ સહસા**–હજાર વર્ષ. |

**શબ્દાર્થ**—સુંવાળી પુથ્વી, શુદ્ધ પૃથ્વી, રેતી, મનઃશિલ, કાંકરા અને કઠીન પૃથ્વીનું અનુક્રમે ૧–૧૨–૧૪–૧૬–૧૮ અને ૨૨ હજાર વર્ષનું ઉત્કૃષ્ઠ આયુષ્ય છે.

**વિવેચન**—મારવાડ દેશની સુંવાળી માટીનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક હજાર વર્ષનું, શુદ્ધ (ગોપીચંદન) પૃથ્વીનું ૧૨ હજાર વર્ષનું, નદી પ્રમુખની રેતીનું ૧૪ હજાર વર્ષનું, મનઃશિલનું ૧૬ હજાર વર્ષનું અને શર્કરા (કાંકરા હડતાલ સુરમા વિગેરે)નું ૧૮ હજાર વર્ષનું અને કઠણ પૃથ્વી (પાષાણ રત્નાદિકનું ૨૨ હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું.

## ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચના ભેદોનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

**ગબ્ભભુય જલયરે-ભય,ગબ્ભોરગ પુવ્વકોડિ ઉક્કોસા,**
**ગબ્ભચઉપ્પય પક્ખિસુ,તિપલિય પલિયાઅસંખંસો.૨૯૧**

| | |
|---|---|
| **ગબ્ભ**–ગર્ભજ. | **ગબ્ભ**–ગર્ભજ. |
| **ભુય**–ભુજપરિસર્પ. | **ચઉપ્પય**–ચતુષ્પદ. |
| **જલયર**–જલચર. | **પક્ખિસુ**–પક્ષીઓનું. |
| **ઉભય**–બંને પ્રકારના. | **તિપલિય**–૩ પલ્યોપમ. |
| **ગબ્ભોરગ**–ગર્ભજ ઉરઃપરિસર્પનું. | **પલિય**–પલ્યોપમનો. |
| **પુવ્વકોડિ**–પૂર્વક્રોડ વર્ષ. | **અસંખંસો**–અસંખ્યાતમો ભાગ. |
| **ઉક્કોસા**–ઉત્કૃષ્ટથી. | |

**શબ્દાર્થ**—ગર્ભજ ભુજપરિસર્પ, બંને પ્રકારના (સમૂચ્છિંમ અને ગર્ભજ) જલચર, ગર્ભજ ઉરઃપરિસર્પનું આયુષ્ય ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષનું છે, ગર્ભજ ચતુષ્પદ અને પક્ષિઓનું આયુષ્ય અનુક્રમે ૩ પલ્યોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે.

## પૂર્વનું પ્રમાણ.

**પુવ્વસ્સ ઉ પરિમાણં, સયરિં ખલુ વાસ કોડિ લક્ખાઓ,**
**છપ્પન્નં ચ સહસ્સા, બોધવ્વા વાસ કોડીણં. ૨૯૨.**

| | |
|---|---|
| **પુવ્વસ્સ**–પૂર્વનું. | **સયરિં**–સીત્તેર. |
| **ઉ**–વળી. | **ખલુ**–નિશ્ચે. |
| **પરિમાણં**–પ્રમાણ. | **વાસ**–વર્ષ. |

કોડિ-ક્રોડ.
લક્ખાઓ-લાખ.
છપ્પન્નં-છપ્પન્ન.
સહસ્સા-હજાર.
બોધવ્વા-જાણવાં.
વાસ-વર્ષ.
કોડીણં-ક્રોડ.

**શબ્દાર્થ**—પૂર્વનું વળી પ્રમાણ નિશ્ચે ૭૦ લાખ ક્રોડ વર્ષ અને ૫૬ હજાર ક્રોડ વર્ષ જાણવાં.

**વિવેચન**—૮૪ લાખ વર્ષે ૧ પૂર્વાંગ થાય, તેને ૮૪ લાખે ગુણતાં ૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષે ૧ પૂર્વ થાય છે.

## સમૂચ્છિંમ પંચેંદ્રિય તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય.

**સમુચ્છિ પણિંદિ થલ ખયર,ઉરગ ભુયગ જિટ્ઠ ઠિઇ કમસો,**
**વાસ સહસ્સા ચુલસી,બિસત્તરિ તિપન્ન બાયાલા.૨૬૩.**

સમુચ્છિ-સમુચ્છિંમ.
પણિંદિ-પંચેંદ્રિય.
થલ-સ્થલચર (ચતુષ્પદ).
ખયર-ખેચર, પક્ષી.
ઉરગ-ઉરઃ પરિસર્પ.
ભુયગ-ભુજપરિસર્પની.
જિટ્ઠઠિઈ-ઉત્કૃષ્ટ સ્થિતિ.
કમસો-અનુક્રમે.
વાસ સહસ્સા-હજાર વર્ષની
ચુલસી-ચોરાશી.
બિસત્તરિ-બહોંતેર.
તિપન્ન-તેપન.
બાયાલા-બેંતાલીશ.

**શબ્દાર્થ**—સમૂચ્છિંમ પંચેંદ્રિય ચતુષ્પદ ખેચર, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે ૮૪ હજાર વર્ષ, ૭૨ હજાર વર્ષ, ૫૩ હજાર વર્ષ અને ૪૨ હજાર વર્ષની છે.

**વિવેચન**—સમૂચ્છિંમ પંચેંદ્રિય ચતુષ્પદ ગાય વગેરેનું ૮૪ હજાર વર્ષનું, સમૂચ્છિંમ ખેચર બગલા વિગેરેનું ૭૨ હજાર વર્ષનું, સમૂચ્છિંમ ઉરઃપરિસર્પ અજગર વિગેરેનું ૫૩ હજાર વર્ષનું અને સમૂચ્છિંમ ભુજપરિસર્પ નોળિયા વિગેરેનું ૫૩ હજાર વર્ષનું. ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે.

## પૃથ્વીકાયાદિ ચારની કાયસ્થિતિ.

એસા પુઢવાઇણં ભવઠિઈ સંપયં તુ કાયઠિઈ,
ચઉ એગિંદિસુણેયા,ઉસ્સપ્પિણિઓ અસંખિજ્જા ૨૬૪.

| | |
|---|---|
| એસા-એ. | કાયઠિઇ-કાય સ્થિતિ. |
| પુઢવાઇણં-પૃથ્વીકાયાદિકની. | ચઉ એગિંદિસુ-ચારે એકેંદ્રિયને વિષે. |
| ભવઠિઇ-ભવ (આયુષ્ય)ની સ્થિતિ. | ણેયા-જાણવી. |
| સંપયં-સાંપ્રતં, હવે. | ઉસ્સપ્પિણિઓ-ઉત્સર્પિણી. |
| તુ-વળી. | અસંખિજ્જા-અસંખ્યાતી. |

**શબ્દાર્થ**—એ પૃથ્વીકાયાદિકની ભવ ( આયુષ્ય )ની સ્થિતિ કહી. હવે વળી કાયસ્થિતિ કહીશું. ચારે એકેંદ્રિય (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાય) ને વિષે કાય સ્થિતિ અસંખ્યાતી ઉત્સર્પિણી જાણવી.

**વિવેચન**—કાયસ્થિતિ એટલે મરીને તેજ કાયમાં ઉપજે. જેમકેઃ—પૃથ્વીકાયનો જીવ મરણ પામીને વારંવાર પૃથ્વીકાયમાં ઉપજે, તો ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી ઉપજે. ૧૦ કોડાકોડી સાગરોપમે ૧

ઉત્સર્પિણી અને ૧૦ કોડાકોડી સાગરોપમે ૧ અવસર્પિણી તથા વીશ કોડાકોડી સાગરોપમે ૧ કાલચક્ર થાય. આ કાલમાન ભરત અને ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ જાણવું. ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ તે ચારેની કાયસ્થિતિ જાણવી.

## વનસ્પતિ, વિકલેંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યની કાયસ્થિતિ.

**તાઓ વણંમિ.અણંતા,સંખિજ્જા વાસ સહસ વિગલેસુ;**
**પંચિંદિ તિરિ નરેસુ, સત્તટ્ઠ ભવા ઉ ઉક્કોસા. ૨૬૫.**

| | |
|---|---|
| **તાઓ**–તે (ઉત્સર્પિણી). | **પંચિંદિ**–પંચેંદ્રિય. |
| **વણંમિ**–વનસ્પતિને વિષે. | **તિરિ**–તિર્યંચ. |
| **અણંતા**–અનંતી. | **નરેસુ**–મનુષ્યને વિષે. |
| **સંખિજ્જા**–સંખ્યાતા. | **સત્તટ્ઠભવા**–૭ કે ૮ ભવ. |
| **વાસ સહસ**–હજાર વર્ષ. | **ઉક્કોસા**–ઉત્કૃષ્ટથી. |
| **વિગલેસુ**–વિકલેંદ્રિયને વિષે. | |

**શબ્દાર્થ**—વનસ્પતિને વિષે ઉત્કૃષ્ટથી કાયસ્થિતિ તે અનંતી ઉત્સર્પિણી, વિકલેંદ્રિયને વિષે સંખ્યાતા હજાર વર્ષ, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યને વિષે ૭ કે આઠ ભવ હોય છે.

**વિવેચન**—આ કાયસ્થિતિ વ્યવહાર રાશિ જીવને સંભવે, કારણ કે વ્યવહાર રાશિવાળો જીવ મરણ પામીને નિગોદમાં જાય, તો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી રહીને પછીથી તે જીવ વ્યવહાર રાશિમાં આવે. મરૂદેવા

માતા સાથે વ્યભિચાર નહિ, કેમકે મરૂદેવા અનાદિ કાળથી નિગોદમાં રહેલાં હતાં. ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યની ઉત્કૃષ્ટથી કાયસ્થિતિ ૭ ભવ પૂર્વ કોડી વર્ષના અને આઠમો ભવ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા યુગલિયાનો, સમૂચ્છિંમ તિર્યંચની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પૂર્વ કોડી પૃથક્ત્વ વર્ષની અને સમૂચ્છિંમ મનુષ્યની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ મુહૂર્ત પૃથક્ત્વની જાણવી.

## સર્વની જઘન્ય ભવસ્થિતિ અને કાયસ્થિતિ તથા તિર્યંચ ગતિવાળા જીવોના ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ.

સવ્વેસિંપિ જહન્ના, અંતમુહુત્તં ભવે ય કાયે ય,
જોયણ સહસ્સ–મહિયં, એગિંદિય દેહ મુક્કોસં. ૨૬૬.

બિ તિ ચઉરિંદિ સરીરં, બારસ જોયણ તિકોસ ચઉકોસં,
જોયણ સહસ પણિંદિય, ઓહે વુચ્છં વિસેસં તુ. ૨૬૭.

સવ્વેસિંપિ–સર્વની પણ.
જહન્ના–જઘન્યથી.
અંતમુહુત્તં–અંતર્મુહૂર્ત.
ભવે ય–ભવસ્થિતિ અને.
કાએ–કાય સ્થિતિ.
જોયણ સહસ્સં–હજાર યોજનથી.
અહિયં–અધિક.
એગિંદિય–એકેંદ્રિયનું.
દેહં–શરીર.
ઉક્કોસં–ઉત્કૃષ્ટ.
બિ–બેઇંદ્રિય.
તિ–તેઇંદ્રિય.
ચઉરિંદિ–ચઉરિંદ્રિયનું.
સરીરં–શરીર.
બારસ જોયણ–૧૨ યોજન.
તિકોસ–૩ ગાઉ.

| | |
|---|---|
| ચઉ કોસં-૪ ગાઉનું. | ઓહે-સામાન્ય વિચારણાને વિષે. |
| જોયણ સહસ-હજાર યોજનનું. | વુચ્છં-કહીશું. |
| પણિંદિય-પંચેંદ્રિયનું. | વિસેસં તુ-વિશેષ તો. |

**શબ્દાર્થ**—સર્વ (પૃથ્વીકાયાદિક તિર્યંચ ગતિવાળા)ની પણ જઘન્યથી ભવસ્થિતિ અને કાયસ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે. એકેંદ્રિય (પ્રત્યેક વનસ્પતિ કાય) નું ઉત્કૃષ્ટ શરીર હજાર યોજનથી અધિક હોય છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયનું શરીર અનુક્રમે ૧૨ યોજન, ત્રણ ગાઉ અને ૪ ગાઉનું છે. પંચેંદ્રિય (તિર્યંચ) નું શરીર એક હજાર યોજનનું છે. (આ સર્વના) શરીરનું પ્રમાણ સામાન્ય વિચારણાને વિષે છે, વિશેષ તો (આગળ) કહીશું.

**વિવેચન**—દેવ અને નારકી મરીને પોતાની ગતિમાં ઉપજતા નથી, તે માટે તે બંનેની કાયસ્થિતિ હોતી નથી.

## એકેંદ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના.

અંગુલઅસંખભાગો,સુહુમનિગોઓ અસંખગુણવાઊ,
તો અગણિ તઓ આઉ, તત્તો સુહુમા ભવે પુઢવી.૨૬૮.

તો બાયર વાઉ ગણી, આઊ પુઢવી નિગોય અણુક્કમસો,
પત્તેઅવણ સરીરં, અહિયં જોયણ સહસ્સં તુ. ૨૬૯.

| | |
|---|---|
| **અંગુલ**–આંગળનો, અંગુલનો | **પુઢવી**–પૃથ્વીકાય. |
| **અસંખ ભાગો**–અસંખ્યાતમો ભાગ. | **તો**–પછી- |
| **સુહુમ**–સૂક્ષ્મ. | **બાયર**–બાદર. |
| **નિગોઓ**–નિગોદ. | **વાઉ**–વાયુકાય. |
| **અસંખ ગુણુ**–અસંખ્યાત ગણું. | **અગણી**–અગ્નિકાય. |
| **વાઊ**–વાયુકાય. | **આઊ**–અપ્કાય. |
| **તો**–તેથી, તે પછી. | **પુઢવી**–પૃથ્વીકાય. |
| **અગણિ**–અગ્નિકાય. | **નિગોય**–નિગોદ |
| **તઓ**–તેથી. | **અણુક્કમસો**–અનુક્રમે |
| **આઊ**–અપ્કાય. | **પત્તેઅ વણુ**–પ્રત્યેક વનસ્પતિકાયનું. |
| **તત્તો**–તેથી. | **સરીરં**–શરીર. |
| **સુહુમા**–સૂક્ષ્મ, | **અહિયં**–અધિક. |
| **ભવે**–હોય છે. | **જોયણ**–યોજનથી. |
| | **સહસ્સં**–હજાર. |
| | **તુ**–પણ. |

**શબ્દાર્થ**—સૂક્ષ્મ નિગોદનું શરીર અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. તે પછી અનુક્રમે સૂક્ષ્મ વાયુકાયનું શરીર અસંખ્યાત ગુણુ છે. તેથી સૂક્ષ્મ અગ્નિકાયનું શરીર અસંખ્યાત ગુણુ છે. તેથી સૂક્ષ્મ અપ્કાયનું શરીર અસંખ્ય ગુણુ છે, તેથી સૂક્ષ્મ પૃથ્વીકાયનું શરીર અસંખ્ય ગુણુ હોય છે, તેથી બાદર વાયુકાયનું શરીર અસંખ્ય ગુણુ હોય છે, તેથી બાદર અગ્નિકાયનું શરીર

અસંખ્ય ગુણુ છે, તેથી બાદર અપ્કાયનું શરીર અસંખ્ય ગુણુ છે, તેથી બાદર પૃથ્વીકાયનું શરીર અસંખ્ય ગુણુ છે, તેથી બાદર નિગોદનું શરીર અસંખ્ય ગુણુ છે. પણુ પ્રત્યેક વનસ્પતિ કાયનું શરીર તો ૧ હજાર યોજનથી અધિક છે.

## વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ દેહમાન કયાં હોય? તે કહે છે.

**ઉસ્સેહંગુલ જોયણ, સહસ્સમાણે જલાસએ નેયં,**
**તં વલ્લિ પઉમ પમુહં, અઓ પરં પુઢવીરુવં તુ. ૨૭૦.**

**ઉસ્સેહંગુલ**–ઉત્સેધાંગુલથી.
**જોયણ સહસ્સ**–હજાર યોજન.
**માણે**–પ્રમાણુવાળા.
**જલાસએ**–સરોવરમાં.
**નેયં**–જાણુવું.
**તં**–તે.
**વલ્લિ**–વેલડી.
**પઉમ**–પદ્મ
**પમુહં**–પ્રમુખ.
**અઓ**–એથી.
**પરં**–આગળ વધારે.
**પુઢવી રુવં**–પૃથ્વીકાય રૂપ.
**તુ**–વળી, તો.

**શબ્દાર્થ**—ઉત્સેધ આંગુલથી હજાર યોજન પ્રમાણુવાળા સરોવરને વિષે તે વેલડી તથા કમલ પ્રમુખનું પ્રમાણુ જાણુવું. એથી વધારે તો પ્રમાણુ પૃથ્વીકાય રૂપ (કમળનું) છે. (શ્રી દેવીનાં કમળ પદ્મદ્રહમાં છે, તે પૃથ્વીકાયનાં છે.)

## વિકલેંદ્રિય અને સમૂચ્છિર્મ તિર્યંચોનું દેહમાન.

**બારસ જોયણ સંખો, તિકોસ ગુમ્મીય જોયણં ભમરો,**
**મુચ્છિમ ચઉપય ભુય,ગુરગગાઊ-ધણુ-જોયણ-પુહુત્તં.૨૭૧**

સંખો-શંખ.
તેકોસ-૩ ગાઉ.
ગુમ્મી-કાનખજુરા.
જોયણું-૧ યોજન.
ભમરો-ભમરો.
મુચ્છિમ-સમૂચ્છિંમ.
ચઉપય-ચતુષ્પદનું.
ભુયગ-ભુજ પરિસર્પનું.
ઉરગ-ઉરઃ પરિસર્પનું.
ગાઉ પુહુત્તં-૨ થી ૯ ગાઉ.
ધણુ પુહુત્તં-૨ થી ૯ ધનુષ્ય.
જોયણ પુહુત્તં-૨ થી ૯ યોજન.

શબ્દાર્થ—૧૨ યોજન પ્રમાણ શંખ, ત્રણ ગાઉ પ્રમાણ કાનખજુરા અને ૧ યોજન પ્રમાણ (શરીરવાળો) ભમરો હોય છે. સમૂચ્છિંમ ચતુષ્પદનું શરીર ૨ થી ૯ ગાઉ, સમૂચ્છિંમ ભુજપરિસર્પનું. શરીર ૨ થી ૯ ધનુષ્ય અને સમૂચ્છિંમ ઉરઃપરિસર્પનું શરીર ૨ થી ૯ યોજન છે.

## ગર્ભજ તિર્યંચ જીવોના શરીરનું પ્રમાણ.

ગબ્ભ ચઉપ્પય છગ્ગાઉયાઇ ભુયગાઉ ગાઉય પુહુત્તં,
જોયણ સહસ્સ મુરગા, મચ્છા ઉભયે વિ ય સહસ્સં.૨૭૨.

ગબ્ભ-ગર્ભજ.
ચઉપ્પય-ચતુષ્પદનું.
છગ્ગાઉયાઇ-૬ ગાઉ.
ભુયગાઉ-ભુજપરિસર્પનું.
ગાઉયપુહુત્તં-૨ થી ૯ ગાઉ.
જોયણ સહસ્સં-હજાર યોજન.
ઉરગા-ઉરઃ પરિસર્પનું.
મચ્છા-મત્સ્ય.
ઉભયે-બંને. (ગર્ભજ અને સમૂચ્છિંમ).
વિ-પણ.
સહસ્સં-હજાર યોજન.

**શબ્દાર્થ**—ગર્ભજ ચતુષ્પદનું શરીર ૬ ગાઉ પ્રમાણ, ગર્ભજ ભુજપરિસર્પનું શરીર ૨ થી ૯ ગાઉ, ગર્ભજ ઉરઃપરિસર્પનું શરીર હજાર યોજન, અને પણ ( સમૂચ્છિંમ અને ગર્ભજ ) મત્સ્ય ૧ હજાર યોજનના શરીરવાળા હોય છે.

## બંને પ્રકારના ખેચરનું ઉત્કૃષ્ઠ દેહમાન અને સર્વ તિર્ય જીવોનું જઘન્ય દેહમાન.

**પક્ખિ દુગધણુ પ્પુહુત્તં,સવ્વાણું-ગુલ અસંખ ભાગ લ**

| | |
|---|---|
| **પક્ખિદુગ**–બંને પ્રકારના પક્ષીનું. | **અંગુલ**–આંગળનો. |
| **ધણુપ્પુહુત્તં**–ધનુષ્ય પૃથક્ત્વ. | **અસંખ ભાગ**–અસંખ્યાતમો ભાગ. |
| **સવ્વાણ**–સર્વનું. | **લહૂ**–જઘન્ય શરીર. |

**શબ્દાર્થ**—બંને (સમૂચ્છિંમ અને ગર્ભજ) પક્ષીનું શરીર ૨ થી ૯ ધનુષ હોય છે, સર્વ ( એકેંદ્રિય બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચ)નું જઘન્ય શરીર અંગુલનો અસંખ્યાતમો ભાગ [ ઉપજતાં=શરીર પર્યાપ્તિ વેળાએ ] હોય છે.

**વિવેચન**—પર્યાપ્તા વાઉકાયનું વૈક્રિય શરીર જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગનું હોય છે, પંચેંદ્રિય તિર્યંચનું વૈક્રિય શરીર જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ૯૦૦ યોજન હોય છે.

## વિકલેંદ્રિય અસંજ્ઞી અને ગર્ભજ જીવોનો ઉત્કૃષ્ટ અને જઘન્ય વિરહકાળ તથા સંખ્યા.

વિરહો વિગલાસન્નીણ, જન્મ મરણેસુ અંતમુહૂ. ૨૭૩.
ગબ્ભે મુહુત્ત બારસ, ગુરૂઓ લહુ સમય સંખ સુર તુલ્લા,

| | |
|---|---|
| વિરહો–વિરહકાળ. | ગબ્ભે–ગર્ભજને વિષે. |
| વિગલ–વિકલેંદ્રિય. | મુહુત્ત બારસ–૧૨ મુહૂર્ત. |
| અસન્નીણ–અસંજ્ઞીને. | ગુરૂઓ–ઉત્કૃષ્ટથી. |
| જન્મમરણસુ–જન્મ અને મરણને વિષે. | લહુ–જઘન્ય. |
| અંતમુહૂ–અંતર્મુહૂર્ત. | સમય–૧ સમય. |
| | સંખ–સંખ્યા. |
| | સુરતુલ્લા–દેવોની તુલ્ય. |

**શબ્દાર્થ**—વિકલેંદ્રિય અને અસંજ્ઞી તિર્યંચનો જન્મ અને મરણને વિષે વિરહકાલ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે. ગર્ભજ (પંચેંદ્રિય તિર્યંચ)નો ઉપપાત અને ચ્યવન વિરહકાળ ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત હોય છે. સર્વનો જઘન્ય વિરહકાળ ૧ સમય હોય છે. એઓ [બેઇંદ્રિયાદિક]ની ઉપપાત અને ચ્યવન સંખ્યા દેવોની તુલ્ય (સંખ્યાતા કે અસંખ્યાતા) એક સમયે હોય છે.

**વિવેચન**—એકેંદ્રિય જીવો પ્રતિ સમયે ઉપજે છે. અને મરે છે. તે માટે તેઓને ઉપપાત વિરહકાલ અને ચ્યવન વિરહકાલ ન હોય.

# એકેંદ્રિયાદિ જીવોનો જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉત્પપાત વિરહ અને ચ્યવન વિરહકાલ.

| દરેક જીવોનો | ઉપપાત ચ્યવન વિરહકાલ ઉત્કૃષ્ટ | ઉપપાત ચ્યવન વિરહકાલ જઘન્ય | દરેક જીવોનો | ઉપપાત ચ્યવન વિરહકાલ ઉત્કૃષ્ટ | ઉપપાત ચ્યવન વિરહકાલ જઘન્ય |
|---|---|---|---|---|---|
| નરક | ૧૨ મુહૂર્ત | સર્વેનો ૧ સમય ઉપપાત અને ચ્યવન વિરહકાલ. | પૃથ્વીકાય | અવિરહ | ... |
| તિર્યંચ | ૧૨ ,, | | અપ્કાય | ,, | .. |
| મનુષ્ય | ૧૨ ,, | | તેઉકાય | ,, | નથી |
| દેવ | ૧૨ ,, | | વાયુકાય | ,, | |
| રત્નપ્રભા | ૨૪ મુહૂર્ત | | વનસ્પતિકાય | ,, | ... ... ... |
| શર્કરાપ્રભા | ૭ દિવસ | | વિકલેંદ્રિય | અંતર્મુહૂર્ત | ૧ સમય |
| વાલુકાપ્રભા | ૧૫ દિવસ | | અસંજ્ઞી તિર્યંચ | ,, | |
| પંકપ્રભા | ૧ માસ | | ગર્ભજ તિર્યંચ | ૧૨ મુહૂર્ત | |
| ધૂમપ્રભા | ૨ માસ | | અસંજ્ઞી મનુષ્ય | ૨૪ મુહૂર્ત | |
| તમઃપ્રભા | ૪ માસ | | ગર્ભજ મનુષ્ય | ૧૨ મુહૂર્ત | |
| તમસ્તમ. પ્રભા | ૬ માસ | | | | |

## પ્રશ્નો

૧. પૃથ્વીકાય જીવોના ભેદોનાં નામ તેના આયુષ્ય સાથે કહો. તથા પૂર્વનું સ્વરૂપ કહો.

૨. પાંચ પ્રકારના સમુચ્છિમ અને ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય, અવગાહના સ્વકાય સ્થિતિ, ઉપપાત અને ચ્યવન વિરહ, ઉપપાત સંખ્યા અને ચ્યવન સંખ્યા, ગતિ આગતિ અને લેશ્યા કહો.

## એકેંદ્રિય જીવોની ઉપપાત અને ચ્યવન સંખ્યા.

**અણુસમય-મસંખિજ્જા,એગિંદિય હુંતિ ય ચવંતિ.૨૭૪.**
**વણકાઇઓ અણંતા, ઇક્કિક્કાઓ વિ જં નિગોયાઓ,**
**નિચ્ચ-મસંખો ભાગો, અણંત જીવો ચયઈ એઈ.૨૭૫.**

**અણુસમયં**-દરેક સમયે.
**અસંખિજ્જા**-અસંખ્યાતા.
**એગિંદિય**-એકેંદ્રિય.
**હુન્તિ**-ઉપજે છે.
**ય**-અને
**ચવંતિ**-ચ્યવે છે, મરે છે.
**વણકાઇઓ**-વનસ્પતિકાય.
**અણંતા**-અનંતા.
**ઇક્કિક્કાઓ**-એકેકી.
**વિ**-પણ.
**જં**-જે કારણથી.
**નિગોયાઓ**-નિગોદથી(નો.)
**નિચ્ચં**-નિત્ય, નિરંતર.
**અસંખો ભાગો**-અસંખ્યાતમો ભાગ.
**અણંત જીવો**-અનંત જીવ.
**ચયઈ**-ચ્યવે છે, મરે છે.
**એઈ**-આવે છે, ઉપજે છે.

**શબ્દાર્થ**—દરેક સમયે એકેંદ્રિય (પૃથ્વીઆદિ ૪) અસંખ્યાતા ઉપજે છે અને મરે છે. સાધારણ વનસ્પતિકાય અનંતા ઉપજે છે અને મરે છે. જે કારણથી એકેકી નિગો-

દનો અસંખ્યાતમો ભાગ અનંત જીવ રૂપ નિરંતર મરે છે અને ઉપજે છે.

**વિવેચન**—દરેક સમયે પૃથ્વી અપ્ તેઉ અને વાઉ સ્વ-સ્થાનથી કે પરસ્થાનથી આવીને અસંખ્યતા ઉપજે અને મરે છે. વનસ્પતિકાયમાં સ્વસ્થાનકથી આવીને અનંતા જીવો અને પરસ્થાનથી આવીને અસંખ્યતા જીવો ઉપજે છે અને મરે છે. એકેકી સૂક્ષ્મ અથવા બાદર નિગોદનો એક અસંખ્યાતમો ભાગ અનંત જીવરૂપ દરેક સમયે દરેક નિગોદમાંથી નીકળે છે (મરે છે) અને ઉપજે છે. અનંતા જીવોનું એક સાધારણ સ્તિબુકાકારે પાણીના પરપોટાના આકારે) ઔદારિક શરીર તેને નિગોદ કહીએ. તે અનંતા જીવો સાથે શ્વાસોશ્વાસ લે છે અને સાથે આહાર લે છે, તે માટે તેનું બીજું નામ સાધારણ વનસ્પતિકાય કહેવાય છે.

## નિગોદનું સ્વરૂપ

**ગોલા ય અસંખિજ્જા, અસંખ નિગોયઓ હવઇગોલો,**
**ઇક્કિક્કંમિ નિગોએ, અણંત જીવા મુણેયવ્વા. ૨૭૬.**

ગોલા–ગોળા.
અસંખિજ્જા–અસંખ્યાતા.
અસંખ–અસંખ્યાત.
નિગોયઓ–નિગોદથી, નિગોદે.
હવઇ–થાય.
ગોલો–ગોળો.
ઇક્કિક્કંમિ–એકેક.
નિગોએ–નિગોદ વિષે.
અણંત–અનંતા.
જીવા–જીવા.
મુણેયવ્વા–જાણવા.

**શબ્દાર્થ**—અસંખ્યાતા ગોળા છે. અસંખ્યાત નિગોદે એક ગોળો થાય છે. એકેક નિગોદને વિષે અનંતા જીવો જાણવા.

**વિવેચન**–નિગોદના જીવોના બે ભેદ છે. સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક. અનાદિ સૂક્ષ્મ નિગોદથી નીકળીને પૃથ્વી આદિ શેષ જીવોને વિષે ઉપજે. તે સાંવ્યવહારિક, કદાચ તે સાંવ્યવહારિક જીવ ફરીથી સૂક્ષ્મ નિગોદમાં ઉપજે, તો પણ તે એકવાર વ્યવહારમાં આવેલો હોવાથી સાંવ્યવહારિક જ કહેવાય છે. તેની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધીની હોય છે. તેથી જે જીવો અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાંજ હોય છે, તેઓ અસાંવ્યવહારિક કહેવાય છે. જેટલા જીવો મોક્ષે જાય, તેટલાજ જીવો સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને સાંવ્યવહારિક (પૃથ્વી આદિ) માં ઉપજે છે.

**અત્થિ અણંતા જીવા, જેહિં ન પત્તો તસાઇ પરિણામો,**
**ઉપ્પજ્જંતિ ચયંતિ ય, પુણો વિ તત્થેવ તત્થેવ.૨૭૭.**

**અત્થિ**–છે.
**અણંતા**–અનંતા.
**જીવા**–જીવો.
**જેહિં**–જેઓ વડે.
**ન પત્તો**–પમાયો નથી.
**તસાઇ**–ત્રસાદિ.
**પરિણામો**–પરિણામ.
**ઉપ્પજ્જંતિ**–ઉપજે છે.
**ચયંતિ**–ચ્યવે છે, મરે છે.
**પુણો વિ**–ફરીથી પણ.
**તત્થેવ**–ત્યાંને.
**તત્થેવ**–ત્યાંજ.

**શબ્દાર્થ**—અનંતા જીવો છે કે જેઓ વડે ત્રસાદિ પરિણામ (રૂપ પણું) પમાયો નથી; તેવા જીવો ફરીથી પણ ત્યાંને ત્યાંજ ( નિગોદમાંજ ) ઉપજે છે અને મરે છે.

**સવ્વોવિકિસલઓખલુ,ઉગ્ગમમાણો અણંતઓભણિઓ**
**સો ચેવ વિવદ્ધન્તો, હોઈપરિત્તો અણંતો વા. ૨૭૮.**

| | |
|---|---|
| **સવ્વો વિ**–સર્વે પણ. | **ચેવ**–અને નિશ્ચે. |
| **કિસલઓ**–કિસલય. | **વિવદ્ધન્તો**–વૃદ્ધિ પામતો. |
| **ખલુ**–નિશ્ચે. | **હોઈ**–છે. |
| **ઉગ્ગમમાણો**–ઉગતો. | **પરિત્તો**–પ્રત્યેક. |
| **અણંતઓ**–અનંતકાય. | **અણંતો**–અનંત. કાય, સાધારણ. |
| **ભણિઓ**–કહ્યો છે. | **વા**–અથવા |
| **સો**–તે. | |

**શબ્દાર્થ**—સર્વે પણ ( સાધારણ અથવા પ્રત્યેક વનસ્પતિકાયનો ) ઉગતો કિસલય (પ્રથમ પાંદડાની અવસ્થાને પ્રાપ્ત થયેલો) નિશ્ચે અનંતકાય કહ્યો છે અને તે નિશ્ચે વધતો ( અંતર્મુહૂર્ત પછીથી ) પ્રત્યેક અથવા સાધારણ વનસ્પતિકાય થાય છે.

**વિવેચન**—ઉગતો કિસલય અંતર્મુહૂર્ત પછી જો પ્રત્યેક થવાનો હોય, તો તેમાંથી બીજા જીવો ચ્યવી જાય છે.

### ક્યા કર્મથી જીવ એકેંદ્રિયપણું પામે ?

**જયા મોહોદઓ તિવ્વો, અન્નાણં ખુ મહબ્ભયં,**
**પેલવં વેયણીયં તુ, તયા એગિંદિયત્તણં. ૨૭૯.**

| | |
|---|---|
| જયા-જ્યારે. | પેલવં-અસાર. |
| મોહોદઓ-મોહનો ઉદય. | વેયણીયં-વેદનીય. |
| તિવ્વો-તીવ્ર. | તુ-વળી. |
| અન્નાણું-અજ્ઞાન. | તયા-ત્યારે. |
| ખુ-નિશ્ચે. | એગિંદિયત્તણું-એકેંદ્રિયપણું. |
| મહબ્ભયં-મહાન્ ભયરૂપ. | |

શબ્દાર્થ—૧. જ્યારે મોહનો ઉદય તીવ્ર હોય (મૈથુનાભિલાષ અત્યંત થાય.) ૨. મહાન્ ભયરૂપ નિશ્ચે અજ્ઞાન થાય (જેણે કરી સચેતન જીવ પણ અચેતન જેવો થઈ જાય.) ૩. અસાર એવા અસાતા વેદનીયનો ઉદય થાય, ત્યારે જીવ એકેંદ્રિયપણાનું આયુષ્ય બાંધે.

## દેવતા અને નારકીની ગતિ.

તિરિએસુ જંતિ સંખાઉ, તિરિ નરા જા દુકપ્પ દેવાઓ;
પજ્જત્ત સંખ ગબ્ભય, બાયર ભૂ દગ પરિત્તેસુ. ૨૮૦.
તો સહસારંત સુરા, નિરયા પજ્જત્ત સંખ ગબ્ભેસુ;

| | |
|---|---|
| તિરિએસુ-તિર્યંચોને વિષે. | દેવાઓ-દેવો. |
| જંતિ-ઉપજે છે. | પજ્જત્ત-પર્યાપ્તા. |
| સંખાઉ-સંખ્યાતા આયુષ્યવાળા. | સંખ-સંખ્યાતા આયુષ્યવાળા. |
| તિરિ-તિર્યંચ. | ગબ્ભય-ગર્ભજ (તિર્યંચ અને મનુષ્ય) |
| નરા-મનુષ્યો. | બાયર-બાદર. |
| જા દુકપ્પ-બે દેવલોક સુધીના. | ભૂ-પૃથ્વીકાય. |

દગ–અપકાય.
પરિત્તેસુ-પ્રત્યેક વનસ્પતિકાયમાં.
તો–તે પછી.
સહસારંત–સહસ્રાર સુધીના.
સુરા–દેવો.
નિરયા–નારકીઓ.
પજ્જત્ત–પર્યાપ્તા.
સંખ–સંખ્યાતા આયુષ્યવાળા
ગબ્ભેસુ–ગર્ભજ [તિર્યંચ અને મનુષ્યો]માં.

**શબ્દાર્થ**—સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો, તિર્યંચો (એકેંદ્રિય વિકલેંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચો)માં ઉપજે છે. બે દેવલોક સુધીના (ભવનપતિ વ્યંતર જ્યોતિષી સૌધર્મ અને ઇશાનવાસી) દેવો, પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા ગર્ભજ (તિર્યંચ અને મનુષ્ય) તથા પર્યાપ્તા બાદર પૃથ્વીકાય અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉપજે છે તે પછી સહસ્રાર સુધીના દેવો અને નારકીઓ અને પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા ગર્ભજ (તિર્યંચ અને મનુષ્યો)માં ઉપજે છે.

## તિર્યંચ ગતિમાંથી મરણ પામીને ક્યાં ઉપજે અને ત્યાં તેની શી પ્રાપ્તિ થઈ શકે ?

**સંખપણિંદિયતિરિયા, મરિઉંચઉસુવિગઇસુજન્તિ.૨૮૧.**
**થાવર વિગલા નિયમા, સંખાઉ ય તિરિ નરેસુ ગચ્છન્તિ;**
**વિગલાલબ્ભિજ્જવિરઈ,સમ્મંપિનતેઉવાઉચુયા.૨૮૨.**

સંખ–સંખ્યાતા આયુષ્યવાળા
પણિંદિય–પંચેંદ્રિય.
તિરિયા–તિર્યંચો.
મરિઉ–મરીને.

ચઉસુવિ–ચારે પણ.
ગઇસુ–ગતિઓને વિષે.
જંતિ–જાય છે, ઉપજે છે.
થાવર–સ્થાવર.
વિગલા–વિકલેંદ્રિય.
નિયમા–નિશ્ચે.
સંખાઉ-સંખ્યાતા આયુષ્ય-વાળા.
તિરિ–તિર્યંચ.
નરેસુ–મનુષ્યને વિષે.
ગચ્છન્તિ–જાય છે, ઉપજે છે.
વિગલા–વિકલેંદ્રિય.
લબ્ભિજ્જ–પામે.
વિરઈ–સર્વ વિરતિને.
સમ્મંપિ–સમ્યકત્વ પણ.
ન–ન પામે.
તેઉ–તેઉકાય.
વાઉ–વાઉકાયની.
ચુયા–ચ્યવેલા.

**શબ્દાર્થ**—સંખ્યાતા આયુષ્યવાળા પંચેંદ્રિય તિર્યંચો મરીને ચારે પણ ગતિઓને વિષે ઉપજે છે, સ્થાવર અને વિકલેંદ્રિય નિશ્ચે સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યને વિષે ઉપજે છે. (આગામી ભવમાં) વિકલેંદ્રિય સર્વવિરતિપણાને પામે (પણ) તેઉકાય અને વાયુકાયથી ચ્યવેલા જીવો (આગામી ભવમાં સમ્યકૃત્વ પણ ન પામે.

**વિવેચન**—સંખ્યાતા આયુષ્યવાળા પંચેંદ્રિય તિર્યંચો મરણ પામીને મોક્ષ વિના નરક તિર્યંચ મનુષ્ય અને દેવરૂપ ચારે ગતિમાં ઉપજે છે. સ્થાવર (એકેંદ્રિય) અને વિકલેંદ્રિય મરીને નિશ્ચે સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યને વિષે ઉપજે છે. પરંતુ દેવતા નારકી, અસંખ્યાતા આયુષ્યવાળા યુગલિયા (તિર્યંચ અને મનુષ્ય)માં એકેંદ્રિય અને વિકલેંદ્રિય ન ઉપજે.

વિકલેંદ્રિય મરીને મનુષ્ય ગતિમાં સર્વ વિરતિ ચારિત્ર પામી શકે, પણ મોક્ષ ન જાય. તેઉકાય અને વાઉકાય મરીને મનુષ્ય તો ન થાય, પણ કદાચિત્ પંચેંદ્રિય તિર્યંચ થાય, તો પણ ભવ સ્વભાવથી સમ્યક્ત્વ ન પામે. બાકીના તિર્યંચ ગતિમાં સમૂર્ચ્છિમ અને ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચો તથા પૃથ્વી અપ્ અને વનસ્પતિકાય જીવો મરણ પામીને મનુષ્ય ગતિમાં ચારિત્ર પાળી તેજ ભવે મરૂદેવાની જેમ મોક્ષ પણ જાય.

## તિર્યંચગતિ અને મનુષ્યગતિને વિષે લેશ્યા

**પુઢવી દગ પરિત્તવણા, બાયર પજ્જત્ત હુન્તિ ચઉલેસા**
**ગબ્ભય તિરિય નરાણં, છલ્લેસા તિન્નિ સેસાણં. ૨૮૩.**

**પુઢવી**–પૃથ્વીકાય.
**દગ**–અપ્કાય.
**પરિત્તવણા**–પ્રત્યેક વનસ્પતિકાય.
**બાયર**–બાદર.
**પજ્જત્ત**–પર્યાપ્તા.
**હુન્તિ**–હોય છે.
**ચઉલેસા**–ચાર લેશ્યાવાળા.
**ગબ્ભય**–ગર્ભજ.
**તિરિય**–તિર્યંચ.
**નરાણં**–મનુષ્યોને.
**છલ્લેસા**–છ લેશ્યા.
**તિન્નિ**–ત્રણ.
**સેસાણં**–બાકીનાઓને.

**શબ્દાર્થ**—બાદર પર્યાપ્તા પૃથ્વીકાય અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાય ૪ લેશ્યાવાળા હોય છે. ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોને ૬ લેશ્યા હોય છે અને બાકીના જીવોને ત્રણ લેશ્યા હોય છે.

**વિવેચન**—ભવનપતિ વ્યંતર જ્યોતિષી સૌધર્મ અને ઇશાન સુધીના તેજો લેશ્યાવંત દેવો મરીને બાદર પર્યાપ્તા પૃથ્વીકાય અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉપજે; તે જીવોને અંતર્મુહૂર્ત સુધી તેજો લેશ્યા હોય, કારણ કે જે લેશ્યાએ જીવ મરે તેજ લેશ્યાએ ઉપજે, એટલે તેઓને ૪ લેશ્યા હોય, કેમકે તે બંનેને અસ્થિર લેશ્યા હોય છે, બાકીના (પૃથ્વી આદિ ૫ સૂક્ષ્મ, સર્વ અપર્યાપ્તા જીવો, બાદર તેઉકાય, વાઉકાય, વિકલેંદ્રિય તથા સમૂચ્છિંમ તિર્યંચ અને સમૂચ્છિંમ મનુષ્યને પ્રથમની ત્રણ લેશ્યા હોય છે.

## કયા ભવની લેશ્યા વડે જીવ મરણ પામે.

**અંતમુહુત્તંમિ ગએ, અંતમુહુત્તંમિ સેસએ ચેવ;**
**લેસાહિ પરિણયાહિં, જીવા વચ્ચંતિ પરલોયં. ૨૮૪.**

**અંતમુહુત્તંમિ**–અંતર્મુહૂર્ત.
**ગએ**–ગયે છતે.
**અંતમુહુત્તંમિ**–અંતર્મુહૂર્ત
**સેસએ**–બાકી રહે છતે.
**ચેવ**–નિશ્ચે.
**લેસાહિ**–લેશ્યા વડે.
**પરિણયાહિ**–પરિણામ પામેલી
**જીવા**–જીવો.
**વચ્ચન્તિ**–જાય છે.
**પરલોયં**–પરલોક.

**શબ્દાર્થ**—(તિર્યંચ અને મનુષ્યોને) આગામી ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત ગયે છતે અને (દેવતા અને નારકીને) પોતાના ભવની લેશ્યા અંતર્મુહૂર્ત બાકી રહે છતે નિશ્ચે પરિણામ પામેલી લેશ્યા વડે જીવો પરલોક જાય છે. (મરે છે.)

**વિવેચન**—તિર્યંચ અને મનુષ્યને આવતા ભવની લેશ્યા આવ્યા પછી અંતર્મુહૂર્ત ગયે છતે મરણ પામે, તથા દેવ અને નારકીને પોતાના ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી રહે, તે વારે મરણ પામીને પરભવમાં ઉપજે.

**તિરિ નર આગામિ ભવ, લેસ્સાએ અઈગયે સુરા નિરયા;**
**પુવ્વ ભવ લેસ્સ સેસે, અંતમુહુત્તે મરણમિંતિ. ૨૮૫.**

**તિરિ**–તિર્યંચ.
**નર**–મનુષ્યો.
**આગામિ ભવ**–આગામી ભવની.
**લેસ્સાએ**–લેશ્યાનું.
**અઈગયે**–ગયે છતે.
**સુરા નિરયા**–દેવતા અને નારકી.
**પુવ્વભવ**–પૂર્વભવની.
**લેસ્સ**–લેશ્યાનું.
**સેસે**–બાકી રહે છતે.
**અંતમુહુત્તે**–અંતર્મુહૂર્ત.
**મરણં**–મરણ.
**ઈંતિ**–પામે છે.

**શબ્દાર્થ**—તિર્યંચ અને મનુષ્યો આગાંમી ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત ગયે છતે મરણ પામે છે તથા દેવ અને નારકી પૂર્વભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી રહે છતે મરણ પામે છે.

**વિવેચન**—તિર્યંચ અને મનુષ્યને પરભવની લેશ્યા લેવા આવે અને દેવ નારકીને પોતાના ભવની લેશ્યા મૂકવા જાય.

## તિર્યંચ અને મનુષ્યને વિષે લેશ્યાની સ્થિતિ.

**અંતમુહુત્ત ઠિઇઓ, તિરિય નરાણં હવન્તિ લેસ્સાઓ,**
**ચરિમા નરાણ પુણ નવ, વાસૂણા પુવ્વકોડી વિ. ૨૮૬.**

**અંતમુહુત્ત**–અંતર્મુહૂર્તની.
**ઠિઇઓ**–સ્થિતિવાળી.
**તિરિય**–તિર્યંચ.
**નરાણં**–મનુષ્યોને.
**હવન્તિ**–છે.
**લેસ્સાઓ**–લેશ્યાઓ.
**ચરિમા**–છેલ્લી શુક્લ લેશ્યા.
**નરાણં**–મનુષ્યોને
**પુણ**–વળી.
**નવ વાસ**–નવ વર્ષ.
**ઉણા**–ઓછાં.
**પુવ્વકોડી વિ**–પૂર્વ ક્રોડ વર્ષ પણ.

**શબ્દાર્થ**—તિર્યંચ (પૃથ્વીકાયાદિ) ગતિવાળા અને મનુષ્યોને અંતર્મુહૂર્તની સ્થિતિવાળી લેશ્યાઓ છે. મનુષ્યોને વળી છેલ્લી શુકલ લેશ્યા (ની ઉત્કૃષ્ટ સ્થિતિ) ૯ વર્ષ ઓછા પૂર્વ ક્રોડ વર્ષ પણ હોય છે.

**વિવેચન**—શુકલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ કેવળીને તેરમા ગુણઠાણે હોય છે; કારણકે ૮ વર્ષે ચારિત્ર પામે અને તે પછી જ કેવળજ્ઞાન પામે, એટલે પૂર્વક્રોડ આયુષ્યવાળા મનુષ્યને શુકલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વક્રોડ વર્ષમાંથી કાંઈક ઓછાં ૯ વર્ષની જાણવી. યુગલિકોને લેશ્યાની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે.

# તિર્યંચગતિ અને મનુષ્યગતિને વિષે ૭ દ્વારો.

| તિર્યંચગતિવાળા જીવોનું → / તિર્યંચગતિના ભેદો | | આયુષ્ય ૧ જ૦ | આયુષ્ય ૧ ઉત્કૃષ્ટ | કાયસ્થિતિ ૨ જ૦ | કાયસ્થિતિ ૨ ઉ૦ | અવગાહના ૩ જ૦ | અવગાહના ૩ ઉત્કૃષ્ટ | | ઉપ૦ વિ૦૪ ચ્ય૦ વિ૦૫ જ૦ | ઉપ૦ વિ૦૪ ચ્ય૦ વિ૦૫ ઉ૦ | ઉપપાત ૬ અને ચ્યવન ૭ સંખ્યા | લેશ્યા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સૂક્ષ્મ એકેંદ્રિય. | પૃથ્વીકાય | બાદર અને સૂક્ષ્મ એકેંદ્રિયને અંતર્મુહૂર્ત. | અંતર્મુહૂર્ત. | સર્વ ભેદવાળાને અંતર્મુહૂર્ત. | અસંખ્યાત ઉત્સર્પિણી. | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અસંખ્યગુણ. | ૫ | એકેંદ્રિયને ઉપપાત અને ચ્યવન: વિરહકાળ નથી. | એકેંદ્રિયને ઉપપાત અને ચ્યવન: વિરહકાળ નથી. | અસંખ્યાત. | ૩ |
| | અપ્કાય | | | | | | ,, | ૪ | | | ,, | ૩ |
| | તેઉકાય | | | | | | ,, | ૩ | | | ,, | ૩ |
| | વાયુકાય | | | | | | ,, | ૨ | | | ,, | ૩ |
| | સાધારણ વન- | | | | અનંત ઉ૦ | | અંગુલ.અસં. | ૧ | | | અનંતા | ૩ |
| બાદર એકેંદ્રિય. | સુંહાલી પૃથ્વી | | ૧૦૦૦ વર્ષ. | | અસંખ્યાત ઉત્સર્પિણી. | | અસંખ્યાતમો. | ૯ | | | અસંખ્યાતા | ૪ |
| | શુદ્ધ ,, | | ૧૨૦૦૦ વર્ષ. | | | | | | | | | ૪ |
| | રેતી | | ૧૪૦૦૦ ,, | | | | | | | | | ૪ |
| | મનઃ શિલ | | ૧૬૦૦૦ ,, | | | | | | | | | ૪ |
| | શર્કરા | | ૧૮૦૦૦ ,, | | | | | | | | | ૪ |
| | કઠણ | | ૨૨૦૦૦ ,, | | | | | | | | | ૪ |
| બાદર | અપ્કાય | | ૭૦૦૦ ,, | | | | અસંખ્યગુણ | ૮ | | | અસંખ્યાતા | ૪ |
| | તેઉકાય | | ૩ અહોરાત્રિ. | | | | ,, | ૭ | | | ,, | ૩ |
| | વાઉકાય | | ૩૦૦૦ વર્ષ. | | | | ,, | ૬ | | | ,, | ૩ |
| | પ્રત્યેક વનસ્પતિ | | ૧૦૦૦૦ ,, | | | | ૧૦૦૦યો અ. | | | | ,, | ૪ |
| | સાધારણ ,, | | અંતર્મુહૂર્ત. | | અનંત ઉ૦ | | અસંખ્યગુણ. | ૧૦ | | | અનંતા | ૩ |

| | સમૂર્ચ્છિમ પંચેંદ્રિય | ગર્ભજ પંચેંદ્રિય | વિકલેંદ્રિય |
|---|---|---|---|
| સમૂર્ચ્છિમ મનુષ્ય<br>ગર્ભજ મનુષ્ય | જલચર<br>સ્થલચર<br>ખેચર<br>ઉરઃપરિસર્પ<br>ભુજ પરિસર્પ | જલચર<br>સ્થલચર<br>ખેચર<br>ઉરઃપરિસર્પ<br>ભુજ પરિસર્પ | બેઇંદ્રિય<br>તેઇંદ્રિય<br>ચૌરિંદ્રિય |
| અંતર્મુહૂર્ત | સમૂર્ચ્છિમ અને ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ વિકલેંદ્રિય, | | |
| અંતર્મુહૂર્ત<br>૩ પલ્યોપમ | પૂર્વ ક્રોડ વર્ષ<br>૮૪૦૦૦ "<br>૭૨૦૦૦ "<br>૫૩૦૦૦ "<br>૪૨૦૦૦ " | પૂર્વ ક્રોડ વર્ષ<br>૩ પલ્યોપમ<br>પલ્યો૦ અસં૦ ભાગ<br>પૂર્વ ક્રોડ વર્ષ<br>" " | ૧૨ વર્ષ<br>૪૯ દિવસ<br>૬ માસ |
| બે અંતર્મુહૂર્ત | તિર્યંચ ગતિના દરેક જીવના ઓછામાં ઓછા | | |
| ૭ કે ૮ ભવસુધી | ૭ ભવ પૂર્વક્રોડ વર્ષનો અને આઠમો ભવ યુગલિયાનો ૩ પલ્યોપમનો | | સંખ્યાતા હજાર વર્ષ |
| અંગુ. અસંખ્યા. | તિર્યંચ ગતિના સર્વ જીવનો અંગુલનો | | |
| ૩ ગાઉ<br>અંગુ. અસંખ્યા. ભાગ | ૧૦૦૦ યોજન<br>૨ થી ૯ ગાઉ<br>૨ થી ૯ ધનુષ્ય<br>૨ થી ૯ યોજન<br>૨ થી ૯ ધનુષ્ય | ૧૦૦૦ યોજન<br>૬ ગાઉ<br>૨ થી ૯ ધનુષ્ય<br>૧૦૦૦ યોજન<br>૨ થી ૯ ગાઉ | ૧૨ યોજન<br>૩ ગાઉ<br>૧ યોજન |
| ૧ સમય | ૧ સમય | ૧ સમય | ૧ સમય |
| ૨૪ મુહૂર્ત<br>૧૨ મુ. | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| અસંખ્યાતા,<br>સંખ્યાતા | સંખ્યાતા કે અસંખ્યાતા | સંખ્યાતા કે અસંખ્યાતા | સંખ્યાતા, કે અસંખ્યાતા |
| ૩ ૬ | ૪ ૩ ૩ ૩ ૩ | ૬ ૬ ૬ ૬ ૬ ૬ | ૩ ૩ ૩ |

## પ્રશ્નો

૧ નિગોદ એટલે શું ? નિગોદ અને ગોળામાં શી વિશેષતા ? તેમાં જીવો કેટલા હોય ? તેના શરીરનું પ્રમાણ કેટલું ? નિગોદમાંથી નીકળી જીવ અનંતરભવ પામી સિદ્ધ થાય કે નહિ ? થાય તો દષ્ટાંત આપી સમજાવો.

૨ પરભવમાં જતાં જીવોને કયા ભવની લેશ્યા હોય ? તથા તે લેશ્યાનો કાળ કેટલો ?

**તિરિયાણ વિ ઠિઇપમુહં,ભણિય-મસેસં પિ સંપઇ વુચ્છં,**
**અભિહિય દાર-બ્ભહિયં,ચઉગઇ જીવાણ સામન્નં.૨૮૭.**

**તિરિયાણ વિ**–તિર્યંચોની પણ.
**ઠિઇ પમુહં**–સ્થિતિ વિગેરે.
**ભણિયં**–કહ્યું, કહ્યાં.
**અસેસંપિ**–સમસ્ત પણ.
**સંપઇ**–હવે.
**વુચ્છં**–કહીશું.
**અભિહિય**–કહેલાં.
**દાર**–દ્વારોથી.
**અબ્ભહિયં**–અધિક.
**ચઉગઇ**–ચારે ગતિના.
**જીવાણ**–જીવોને.
**સામન્નં**–સામાન્ય.

**શબ્દાર્થ**—તિર્યંચોની પણ સ્થિતિ વિગેરે સમસ્ત (૮ દ્વાર) પણ કહ્યાં. હવે કહેલાં દ્વારોથી અધિક ચારે ગતિના જીવોને સામાન્ય કહીશું.

ગત્યાદિકમાં રહેલા જીવોને વેદ કેટલા ? તે કહે છે.

**દેવા અસંખ નર તિરિ, ઇત્થી પુંવેય ગબ્ભ નર તિરિયા;**
**સંખાઉયા તિ વેયા, નપુંસગા નારયાઇઆ. ૨૮૮.**

દેવા–દેવો.
અસંખ–અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા.
નર તિરિ–મનુષ્ય ને તિર્યંચો.
ઇત્થી–સ્ત્રીવેદ.
પુંવેય–પુરૂષ વેદવાળા.
ગબ્ભ–ગર્ભજ.
નર–મનુષ્યો.
તિરિયા–તિર્યંચો.
સંખાઉયા–સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા.
તિ વેયા–ત્રણ વેદવાળા.
નપુંસગા–નપુંસક.
નારય–નારકી.
આઇયા–વિગેરે.

**શબ્દાર્થ**—દેવો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો (યુગલિયા) સ્ત્રી અને પુરૂષ વેદવાળા હોય છે. ગર્ભજ મનુષ્યો અને તિર્યંચો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ત્રણ વેદવાળા હોય છે. નારકી વિગેરે (એકેંદ્રિય વિકલેંદ્રિય, સમૂર્ચ્છિમ તિર્યંચ અને સમૂર્ચ્છિમ મનુષ્યો) નપુંસક (વેદવાળા) હોય છે.

ત્રણ પ્રકારના અંગુલે કરીને શું માપી શકાય? તે કહે છે.

આયંગુલેણ વત્થું, સરીર–મુસ્સેહ–અંગુલેણ તહા;
નગ–પુઢવિ–વિમાણાઇં, મિણસુ પમાણં–ગુલેણં તુ.૨૮૯;

આયંગુલેણ–આત્માંગુલ વડે.
વત્થું–ઘર, હાટને.
સરીરં–શરીરને.
ઉસ્સેહ–ઉત્સેધ.
અંગુલેણ–અંગુલ વડે.
તહા–તેમજ, તથા.
નગ–પર્વત.
પુઢવિ–પૃથ્વી.
વિમાણાઇં–વિમાનાદિને.
મિણસુ–માપ.
પમાણંગુલેણં–પ્રમાણાંગુલ વડે.
તુ–વળી.

**શબ્દાર્થ**—આત્માંગુલ વડે હાટને તથા ઉત્સેધાંગુલ વડે શરીરને અને પ્રમાણાંગુલ વડે વળી પર્વત પૃથ્વી વિમાનાદિને તું માપ.

**વિવેચન**—આંગુલ ત્રણ પ્રકારે છે. આત્માંગુલ, ઉત્સેધાંગુલ, અને પ્રમાણાંગુલ, આત્માંગુલ એટલે જે કાળે જેટલું શરીર હોય, તેને અનુસારે પોતપોતાના અંગુલથી ધવલ ગૃહ, ભૂમિગૃહ [ભોંયરૂં] કુવા તલાવ પ્રમુખ માપીએ. જેમકેઃ-ભરત ચક્રવર્તિના વખતે તેમના આંગળના પ્રમાણે અને મહાવીર સ્વામીના વખતે મહાવીર સ્વામીના આંગળના પ્રમાણથી લોકો ઘર હાટ કરતા હતા. અત્યારે ચાલતું માપ ૨૪ આંગળનો ૧ હાથ. તે ઉત્સેધાંગુલના માપથી જ દેવાદિકનાં શરીર મપાય; અને પ્રમાણાંગુલ [ભરત ચક્રવર્તિના આંગુલ]થી પર્વત, સાત નરક પૃથ્વી, સૌધર્માદિકનાં વિમાનો, ભવનપતિનાં ભવનો, નરકાવાસા, દ્વીપ અને સમુદ્ર મપાય.

## સૂક્ષ્મ પરમાણુનું સ્વરૂપ.

સત્થેણ સુતિક્ખેણ વિ, છત્તું ભિત્તું ચ જં કિર ન સક્કા;
તં પરમાણું સિદ્ધા, વયંતિ આઈ પમાણાણં. ૨૯૦.

સત્થેણ–શસ્ત્ર વડે.
સુતિક્ખેણ–અત્યંત તીક્ષ્ણ.
વિ–પણ.
છિત્તું–છેદવાને.
ભિત્તું–ભેદવાને.
જં–જેને.
કિર–નિશ્ચે.
ન સક્કા–શક્તિમાન ન થાય.
તં–તે.
પરમાણું–પરમાણુને.
સિદ્ધા–સિદ્ધો (કેવળીઓ.)
વયંતિ–કહે છે.
આઈ–આદિ, મૂલકારણ
પમાણાણં–પ્રમાણોનું.

**શબ્દાર્થ**—અત્યંત તીક્ષ્ણ એવા શસ્ત્ર વડે પણ જેને છેદવાને (બે ભાગ કરવાને) અને ભેદવાને (છીદ્ર કરવાને) નિશ્ચે પુરૂષો શક્તિમાન ન થાય, તે પરમાણુને કેવળી ભગવંતો (અંગુલ આદિ) પ્રમાણોનું મૂલ કારણ કહે છે.

**વિવેચન**—પરમાણુના બે ભેદ. ૧. સૂક્ષ્મ પરમાણુ અને ૨. બાદર વ્યવહારિક પરમાણુ. અનંતા સૂક્ષ્મ પરમાણુ વિસ્રસા પરિણામે એકઠા થાય, તે બાદર વ્યવહારિક પરમાણુ કહેવાય છે.

## ઉત્સેધાંગુલાદિકનું સ્વરૂપ.

પરમાણુ તસરેણુ, રહરેણુ વાલઅગ્ગ લિક્ખા ય;
જુય જયો અટ્ઠગુણા, કમેણ ઉસ્સેહ–અંગુલયં. ૨૯૧
અંગુલ છક્કં પાઓ, સો દુગુણ વિહત્થિ સા દુગુણ હત્થો;
ચઉહત્થં ધણુ દુસહસ, કોસો તે જોયણં ચઉરો. ૨૯૨.

પરમાણૂ–પરમાણુ.
તસરેણૂ–ત્રસરેણુ.
રહરેણૂ–રથરેણુ.
વાલઅગ્ગ–વાલાગ્ર.
લિક્ખા–લીખ.
જુય–જૂ.
જયો–જવ.
અટ્ઠગુણો–આઠ ગુણા કરતાં.
કમેણ–અનુક્રમે.
ઉસ્સેહ–ઉત્સેધ.
અંગુલયં–આંગુલ.
અંગુલ છક્કં–૬ આંગળે.
પાઓ–પગનો મધ્યભાગ.
સો–તે.
દુગુણ–બમણા કરતાં.
વિહત્થિ–વેંત.
સા–તે.
દુગુણ–બમણા કરતાં, બે વેંતે.

**હત્થો**-૧ હાથ.
**ચઉ હત્થ** -ચાર હાથે.
**ધણુ**- ૧ ધનુષ.
**દુ સહસ**-બે હજાર.
**કોસો**-૧ ગાઉ.
**તે**-તે.
**જોયણં**-૧ યોજન.
**ચઉરો** - ચાર.

**શબ્દાર્થ**—અનંત સૂક્ષ્મ પરમાણુએ ૧ બાદર પરમાણુ થાય. આઠ બાદર પરમાણુએ ૧ ત્રસરેણુ, આઠ ત્રસરેણુએ ૧ રથરેણુ, આઠ રથરેણુએ ૧ વાલાગ્ર, આઠ વાલાગ્રે, એક લીખ, આઠ લીખે ૧ જુ, આઠ જુએ ૧ જવ અને આઠ જવે અનુક્રમે ૧ ઉત્સેધાંગુલ, ૬ આંગળે પગનો મધ્યભાગ, તે (પગના બે મધ્યભાગને) બમણા કરતાં ૧ વેંત, તે બે વેંતે એક હાથ, ૪ હાથે ૧ ધનુષ, બે હજાર ધનુષે ૧ ગાઉ અને તે ૪ ગાઉએ ૧ યોજન થાય છે.

(**વિવેચન**—છિદ્રમાં પ્રવેશ થયેલા સૂર્યના તડકા વડે દેખાતી અને વાયુ વડે ઉંચે નીચે અને તિર્છી ચાલવાના સ્વભાવવાળી ત્રસરેણુ છે. રથના પૈડાથી ઉડાડેલી રજ તે રથરેણુ કહેવાય છે. ૮ જુવે જવનો મધ્યભાગ.

## પ્રમાણાંગુલ અને આત્માંગુલનું સ્વરૂપ

**ચઉસયગુણં પમાણં, ગુલ મુસ્સેહં-ગુલાઉ બોધવ્વં,**
**ઉસ્સેહં-ગુલ દુગુણં, વીરસ્સાયં-ગુલં ભણિયં. ૨૯૩.**

**ચઉસયગુણં**-ચારસેં ગણું.
**પમાણંગુલં**-પ્રમાણાંગુલ.
**ઉસ્સેહંગુલાઉ**-ઉત્સેધાંગુલથી.
**બોધવ્વં**-જાણવું.
**ઉસ્સેહંગુલ**-ઉત્સેધાંગુલથી.
**દુગુણં**-બમણું.
**વીરસ્સ**-વીર ભગવાનનું.
**આયંગુલં**-આત્માંગુલ.
**ભણિય** -કહ્યું છે.

**શબ્દાર્થ**—ઉત્સેધાંગુલથી ચારસો ગણું પ્રમાણાંગુલ (મોટું) જાણવું. ઉત્સેધાંગુલથી બમણું વીર ભગવાનનું આત્માંગુલ કહ્યું છે.

**વિવેચન**—શ્રી રૂષભદેવ અને ભરત ચક્રવર્તિનું શરીર આત્માંગુલ વડે ૧૨૦ આંગળ ઉંચું હતું. ભરત ચક્રવર્તિના આત્માંગુલની બરાબર પ્રમાણાંગુલ જાણવું. ૧ પ્રમાણાંગુલે ૪૦૦ ઉત્સેધાંગુલ થાય, તો ૧૨૦ પ્રમાણાંગુલે ૪૮ હજાર ઉત્સેધાંગુલ થાય. ૯૬ આંગળનો ૧ ધનુષ થાય. માટે ૪૮ હજાર ને ૯૬એ ભાંગતાં ૫૦૦ ધનુષ પ્રમાણ ભરતનું દેહમાન થાય.

મહાવીર સ્વામીનું શરીર આત્માંગુલ વડે ૮૪ આંગળનું હતું, તેને બમણું કરતાં ૧૬૮ ઉત્સેધાંગુલ થાય, ૨૪ આંગળનો ૧ હાથ, માટે ૧૬૮ આંગળને ચોવીશ આંગળે ભાંગતાં ૭ ઉત્સેધ હાથ મહાવીર સ્વામીનું શરીર જાણવું.

## ૮૪ લાખ યોનિમાંથી કયા જીવોની કેટલી યોનિ.

**પુઢવાઇસુ પત્તેયં, સગ વણ પત્તેય ણંત દસ ચઉદ;**
**વિગલે દુદુ સુર નારય, તિરિ ચઉચઉચઉદસ નરેસુ. ૨૯૪.**

**પુઢવાઇસુ**–પૃથ્વીકાયાદિને વિષે.
**પત્તેયં**–દરેકની.
**સગ**–સાત લાખ.
**વણ**–વનસ્પતિકાયની.
**પત્તેય**–પ્રત્યેક.
**અણંત**–સાધારણ.
**દસ**–દશ લાખ.
**ચઉદ**–ચૌદ લાખ.
**વિગલે**–વિકલેંદ્રિયને વિષે.
**દુદુ**–બબ્બે લાખ.

**સુર**-દેવતા.
**નારય**-નારકી.
**તિરિ**-તિર્યંચને વિષે.

**ચઉ ચઉ**-ચાર ચાર લાખ
**ચઉદસ**-૧૪ લાખ.
**નરેસુ**-મનુષ્યને વિષે

**શબ્દાર્થ**—પૃથ્વીકાયાદિ (ચાર) ને વિષે દરેકની સાત લાખ યોનિ, પ્રત્યેક વનસ્પતિકાયની ૧૦ લાખ, સાધારણ વનસ્પતિકાયની ૧૪ લાખ, વિકલેંદ્રિય ( બેઇંદ્રિય તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય ) ને વિષે બબ્બે લાખ, દેવતા નારકી અને તિર્યંચ પંચેંદ્રિય ને વિષે ચાર ચાર લાખ અને મનુષ્યને વિષે ૧૪ લાખ યોનિ હોય છે.

**વિવેચન**—યોનિ એટલે ઉત્પત્તિસ્થાન, જે ઉત્પત્તિ સ્થાનનો વર્ણ ગંધ રસ અને સ્પર્શ એક સરખો હોય તે એક યોનિ અને ભિન્ન હોય તે જુદી યોનિ. એકેંદ્રિયની ૭+૭+૭+૭+૧૦+૧૪=૫૨ લાખ યોનિ. વિકલેંદ્રિયની ૬ લાખ યોનિ અને પંચેંદ્રિય જીવોની ૪+૪+૪+૧૪=૨૬ લાખ યોનિ છે. કુલ સર્વ મળીને ૮૪ લાખ યોનિ થાય છે.

## યોનિમાં કુલ કોડી.

**એગિંદિએસુ પંચસુ, બાર સગ તિ સત્ત અટ્ઠવીસા ય;**
**વિગલેસુસત્તઅડનવ,જલખહચઉપય ઉરગ ભુયગે.૨૯**
**અદ્ધ તેરસ બારસ, દસ દસ નવગં નરામરે નિરએ;**
**બારસ છવ્વીસ પણવીસ,હુન્તિ કુલ કોડિ લક્ખાઇં.૨૯**
**ઇગ કોડિ સત્ત નવઈ, લક્ખા સડ્ઢા કુલાણ કોડીણં;**

| | |
|---|---|
| **એગિંદિએસુ**–એકેંદ્રિયને વિષે. | **બારસ**–બાર. |
| **પંચસુ**–પાંચે. | **દસ**–દશ. |
| **બાર**–બાર. | **દસ**–દશ. |
| **સગ**–સાત. | **નવગં**–નવ. |
| **તિ**–ત્રણ. | **નર**–મનુષ્ય. |
| **સત્ત**–સાત. | **અમરે**–દેવ. |
| **અટ્ઠવીસા**–અઠ્યાવીશ. | **નિરએ**–નારકીને વિષે. |
| **વિગલેસુ**–વિકલેંદ્રિયને વિષે. | **બારસ**–બાર. |
| **સત્ત**–સાત. | **છવ્વીસ**–છવ્વીસ. |
| **અડ**–આઠ. | **પણવીસ**–પચ્ચીસ. |
| **નવ**–નવ. | **હુન્તિ**–હોય છે. |
| **જલ**–જલચર. | **કુલ કોડિ**–કુલ કોટી. |
| **ખહ**–ખેચર. | **લક્ખાઇં**–લાખ. |
| **ચઉપય**–ચતુષ્પદ. | **ઇગકોડિ**–૧ ક્રોડ. |
| **ઉરગ**–ઉરઃપરિસર્પ. | **સત્તનવઇ લક્ખા**–૯૭ લાખ |
| **ભુયગે**–ભુજપરિસર્પને વિષે. | **સડ્ઢા**–અર્ધલાખ સહિત. |
| **અદ્ધતેરસ**–સાડાબાર. | **કુલાણ કોડીણું**–કુલ કોટી. |

**શબ્દાર્થ**—પાંચે એકેંદ્રિયને વિષે અનુક્રમે બાર લાખ, સાત લાખ, ત્રણ લાખ, સાત લાખ અને અઠ્યાવીશ લાખ, વિકલેંદ્રિયને વિષે સાત, આઠ ને નવ લાખ, જલચર, ખેચર, ચતુષ્પદ, ઉરઃ પરિસર્પ અને ભુજપરિસર્પને વિષે અનુક્રમે સાડાબાર લાખ, બાર લાખ, દશ લાખ; દશ લાખ અને

નવ લાખ છે. મનુષ્ય દેવતા અને નારકીને વિષે અનુક્રમે બાર લાખ, છવ્વીશ લાખ અને પચ્ચીશ લાખ કુલ કોટી છે. સર્વ મળીને ૧ ક્રોડ અને ૯૭ાા લાખ કુલ કોટી છે.

**વિવેચન**—એકજ યોનિમાં જુદી જુદી જાતના જીવો ઉત્પન્ન થાય, તે જુદાં જુદાં કુલ કહેવાય. જેમકે:—ગાયના છાણમાં વીંછી કૃમિ કીડા પ્રમુખ જે જુદી જુદી જાતના જીવોને। સમૂહ તે જુદાં જુદાં કુલ કહેવાય. કોડી=ક્રોડ.

પૃથ્વીકાયની ૧૨ લાખ કુલ કોડી, અપ્કાયની ૭ લાખ કુલ કોડી, તેઉકાયની ૩ લાખ કોડી, વાઉકાયની ૭ લાખ કોડી, વનસ્પતિકાયની ૨૮ લાખ કોડી. બેઇંદ્રિયની ૭ લાખ કોડી, તેઇંદ્રિયની ૮ લાખ કોડી, ચઉરિંદ્રિયની ૯ લાખ કોડી, જલચરની ૧૨ાા લાખ કોડી, ખેચરની ૧૨ લાખ કોડી, ચતુષ્પદની ૧૦ લાખ કોડી, ઉરઃપરિસર્પની ૧૦ લાખ કોડી, અને ભુજપરિસર્પની ૯ લાખ કોડી, મનુષ્યની ૧૨ લાખ કોડી, દેવતાની ૨૬ લાખ કોડી, અને નારકીની ૨૫ લાખ કુલ કોડી છે. સર્વ મળીને ૧ ક્રોડ અને ૯૭ાા લાખ કુલ કોડી છે.

## પ્રશ્નો.

૧. તેઉકાય અને વાઉકાય મરીને કઇ ગતિમાં જાય? અને ત્યાં અવિરતિ દેશવિરતિ સામાયિક અને છેદોપસ્થાપનીય રૂપ કયું સામાયિક પ્રાપ્ત કરે? તે કહો.

## પૃથ્વીકાયાદિ જીવોની યોનિ અને કુલ કોટિનું યંત્ર.

| નામ | યોનિ | કુલકોટિ | નામ | યોનિ | કુલકોટી |
|---|---|---|---|---|---|
| | લાખ | લાખ | | લાખ | લાખ |
| પૃથ્વીકાય | ૭ | ૧૨ | જલચર. | ૪ લાખ તિર્યંચ પંચેંદ્રિય. | ૧૨॥ |
| અપ્કાય | ૭ | ૭ | ચતુષ્પદ. | | ૧૦ |
| તેઉકાય | ૭ | ૩ | ખેચર. | | ૧૨ |
| વાયુકાય | ૭ | ૭ | ઉરઃપરિસર્પ. | | ૧૦ |
| પ્રત્યેક | ૧૦ | લાખ | ભુજપરિસર્પ. | | ૯ |
| સાધારણ | ૧૪ | ૨૮ | તિર્યંચ ગતિ. | | ૧૩૪॥ |
| બેઇંદ્રિય | ૨ | ૭ | નરક ગતિ. | ૪ | ૨૫ |
| તેઇંદ્રિય | ૨ | ૮ | મનુષ્ય ગતિ. | ૧૪ | ૧૨ |
| ચઉરિંદ્રિય | ૨ | ૯ | દેવગતિ. | ૪ | ૨૬ |

ત્રણ રીતે ૩ પ્રકારે યોનિ કહે છે.

**સંવુડજોણિસુરેગિંદિ,નારયાવિયડવિગલગબ્ભુભયા.૨૯૭**
**અચિત્ત જોણિ સુર નિરય, મીસ ગબ્ભે તિભેય સેસાણું.**
**સી ઉસિણનિરય સુરગબ્ભ,મીસતેઉસિણસેસતિહા.૨૯૮**

**સંવુડ જોણિ**–સંવૃત યોનિ.
**સુર**–દેવતા
**એગિંદિ**–એકેંદ્રિય.
**નારયા**–નારકીની.
**વિયડ**–વિવૃત યોનિ.
**વિગલ**–વિકલેંદ્રિયની.
**ગબ્ભ**–ગર્ભજની.
**ઉભય**–બંને પ્રકારની.
**અચિત્ત જોણિ**–અચિત્ત યોનિ.
**સુર**–દેવતા.
**નિરય**–નારકીની.
**મીસ**–મિશ્ર યોનિ.
**ગબ્ભે**–ગર્ભજને વિષે. (ની.)
**તિભેય**–ત્રણ ભેદવાળી.
**સેસાણું**–બાકીનાની.
**સી**–શીત.
**ઉસિણ**–ઉષ્ણ.
**નિરય**–નારકીની.
**સુર**–દેવતા.
**ગબ્ભ**–ગર્ભજની.
**મીસ**–મિશ્ર.
**તેઉ**–અગ્નિકાયની.
**ઉસિણ**–ઉષ્ણ.
**સેસ**–બાકીનાની.
**તિહા**–ત્રણ પ્રકારે.

**શબ્દાર્થ**—દેવતા, એકેંદ્રિય અને નારકીની યોનિ (ઉત્પત્તિ સ્થાન) સંવૃત (ઢાંકેલી) હોય છે. વિકલેંદ્રિયની યોનિ વિવૃત [પ્રગટ] હોય છે, ગર્ભજ પંચેંદ્રિય [મનુષ્ય અને તિર્યંચ]ની યોનિ બંને પ્રકારની (ઢાંકેલી અને પ્રગટ) હોય છે. દેવતા અને નારકીની યોનિ અચિત્ત (નિર્જીવ) હોય છે. ગર્ભજ (મનુષ્ય અને તિર્યંચ)ની યોનિ મિશ્ર (જીવવાળી અને જીવ વિનાની)

હોય છે. બાકીનાની યોનિ ત્રણ ભેદવાળી હોય છે. નારકીની યોનિ શીત અને ઉષ્ણ હોય છે; દેવતા ગર્ભજ તિર્યંચ અને મનુષ્યની યોનિ મિશ્ર (શીતોષ્ણ) હોય છે. અગ્નિકાયની યોનિ ઉષ્ણ હોય છે; અને બાકીનાની ત્રણે પ્રકારે [ શીત ઉષ્ણ અને શીતોષ્ણ ] યોનિ હોય છે.

**વિવેચન**—દેવતાની શય્યા દેવદુષ્યે ઢાંકેલી હોય, તેની વચમાં દેવો ઉત્પન્ન થાય છે. એકેંદ્રિય જીવો પૃથ્વી પાણી વિગેરેમાં ઉપજે છે અને નારકી જીવો ઢાંકેલા ગોખના આકારે આલામાં ઉપજે છે, માટે એ જીવો [ દેવ એકેંદ્રિય અને નારકી ] ની યોનિ દેખાય નહી, તેથી સંવૃત યોનિ કહેવાય છે. વિકલેંદ્રિય સમૂર્ચ્છિમ પંચેંદ્રિય તિર્યંચ અને સમૂર્ચ્છિમ મનુષ્યનું ઉત્પતિ સ્થાન જલાશય વિગેરેમાં પ્રગટ દેખાય છે, તે માટે તેઓની વિવૃત યોનિ. ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ અને ગર્ભજ મનુષ્યની સંવૃત વિવૃત યોનિ, કારણ કે ગર્ભ અંદરના સ્વરૂપથી દેખાય નહિ, પણ બહારથી પેટ મોટું દેખાય છે.

દેવતા અને નારકીની યોનિ અચિત્ત જાણવી. જો કે સૂક્ષ્મ જીવ સકલ લોક વ્યાપી છે, તોપણ તે ક્ષેત્રમાં સૂક્ષ્મ એકેંદ્રિયના જીવ પ્રદેશોની સાથે ઉપપાત સ્થાનના પુદ્ગલોને પરસ્પર સંબંધ નથી, માટે અચિત્ત ( નિર્જીવ ) યોનિ જાણવી. ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યની યોનિ સચિત્તાચિત્ત જાણવી. તેમાં યોનિ વડે જે શુક્ર મિશ્રિત રૂધિર પુદ્ગલો ગ્રહણ કરાયાં, તેટલો ભાગ સચિત્ત અને બાકીનો

ભાગ અચિત્ત જાણુવો. બાકીના (એકેંદ્રિય, વિકલેંદ્રિય, સમૂચ્છિંમ પંચેંદ્રિય તિર્યંચ અને સમૂચ્છિંમ પંચેંદ્રિય મનુષ્ય) ની યોનિ ત્રણે પ્રકારની જાણુવી. તેમાં જે જીવતી ગાય વગેરેના શરીરમાં કૃમી વિગેરે ઉપજે તેઓની સચિત્ત યોનિ. સુકા લાકડામાં ઘુણુ વિગેરે ઉપજે તેઓની અચિત્ત યોનિ. ગાયના શરીરના ક્ષતાદિકને વિષે કૃમિ ઉપજે. તથા અર્ધસુકા કાષ્ટમાં ઘુણુ ઉપજે, તેઓની મિશ્ર (સચિત્તાચિત્ત યોનિ જાણુવી)

પ્રથમની ત્રણુ પૃથ્વીના નરકાવાસાને વિષે શીત યોનિ, ચોથીમાં ઉપરના ઘણા નરકાવાસાને વિષે શીત યોનિ અને નીચેના થોડા નરકાવાસામાં ઉષ્ણુ યોનિ, પાંચમીના ઘણા નરકાવાસામાં ઉષ્ણુ યોનિ અને થોડા નરકાવાસામાં શીત યોનિ. છઠ્ઠી અને સાતમીના નરકાવાસા ઉષ્ણુ યોનિવાળા છે. જ્યાં શીત યોનિ હોય ત્યાંના નારકી જીવોને બાકી (નરકાવાસા વિના) ની ભૂમિમાં ઉષ્ણુ વેદના હોય છે અને જ્યાં ઉષ્ણુ યોનિ હોય, ત્યાંના નારકીઓને શીત વેદના હોય છે. દેવતા ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યની મિશ્ર ( કાંઈક શીત અને કાંઈક ઉષ્ણુ રૂપ બંને સ્વભાવવાળી ) યોનિ હોય છે. તેઉકાયને ઉષ્ણુ યોનિ હોય છે. અને બાકીના જીવો (પૃથ્વી, અપ્, વાયુ, વનસ્પતિ, સમૂચ્છિંમ તિર્યંચ અને મનુષ્યો) ને ત્રણે પ્રકારની યોનિ હોય છે એટલે કોઈને શીત, કોઈને ઉષ્ણુ અને કોઇને મિશ્ર ( શીતોષ્ણુ ) યોનિ હોય છે.

## મનુષ્યણીની ૩ પ્રકારે યોનિ.

**હયગબ્ભ સંખવત્તા, જોણી કુમુન્નયાઇ જાયંતિ;**
**અરિહ હરિ ચક્કિ રામા, વંસી પત્તાઈ સેસનરા. ૨૯૯.**

| | |
|---|---|
| **હયગબ્ભ**–હતગર્ભા. | **હરિ**–વાસુદેવ. |
| **સંખવત્તા**–શંખાવર્ત. | **ચક્કિ**–ચક્રવર્તિ. |
| **જોણી**–યોનિ. | **રામા**–બલદેવ. |
| **કુમુન્નયાઇ**–કુર્મોન્નતા યોનિમાં. | **વંસીપત્તાઇ**–વંશીપત્રા યોનિમાં. |
| **જાયન્તિ**–ઉપજે છે. | |
| **અરિહ**–અરિહંત. | **સેસ નરા**–બાકીના મનુષ્યો. |

**શબ્દાર્થ**–હતગર્ભા (જેમાં રહેલો ગર્ભ હણાઈ જાય) તે શંખાવર્ત યોનિ. કુર્મોન્નતા (કાચબાની પીઠની માફક ઉંચી) યોનિમાં અરિહંત વાસુદેવ ચક્રવર્તી અને બળદેવ ઉપજે છે; અને બાકીના મનુષ્યો વંશીપત્રા (વાંસના પાંદડાના જોડલાની જેવી) યોનિમાં ઉપજે છે.

**વિવેચન**–શંખ સરખો જેમાં આવર્ત હોય તે શંખાવર્ત, જેમાં રહેલો ગર્ભ પ્રબળ કામાગ્નિના તાપે હણાઈ જાય, તે શંખાવર્ત યોનિ ચક્રવર્તિની સ્ત્રી રત્નને હોય છે. પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે, કે "ઉત્કૃષ્ટથી ગર્ભની ઉત્પત્તિનો કાલ ૧૨ મુહૂર્ત સુધીનો હોય છે. તિર્યંચોમાં ૮ વર્ષ સુધી અને નારીના ઉદરમાં ગર્ભ વધુમાં વધુ ૧૨ વર્ષ સુધી સિદ્ધરાજ જયસિંહની પેઠે રહે છે. સ્ત્રી ૫૫ વર્ષ પછી અને પુરૂષ ૭૫ વર્ષ પછી અબીજ થાય એટલે તે પછી

તેઓને સંતતિ ન થાય. વધુ આયુષ્યવાળા પોતાના આયુષ્યના અર્ધ ભાગ પછી અને પૂર્વ કોડી આયુષ્યવાળા પોતાના આયુષ્યનો વીશમો ભાગ બાકી રહે ત્યારે પ્રસવ ન કરે.

## આયુષ્ય સંબંધી ૭ દ્વારો.

**આઉસ્સ બંધ કાલો, અબાહકાલો ય અંતસમઓ ય;**
**અપવત્તણ-ણપવત્તણ, ઉવક્કમ-ણુવક્કમા ભણિયા.૩૦૦.**

**આઉસ્સ**-આયુષ્યનો.
**બંધકાલો**-બંધકાલ.
**અબાહકાલો**-અબાધાકાલ.
**અંતસમઓ**-અંત સમય.
**અપવત્તણ**-અપવર્તન.
**અણપવત્તણ**-અનપવર્તન.
**ઉવક્કમ**-ઉપક્રમ,
**અણુવક્કમા**-અનુપક્રમ, નિરૂપક્રમ.
**ભણિયા**-કહ્યાં છે.

**શબ્દાર્થ**-૧. આયુષ્યનો બંધ કાલ, ૨. અબાધાકાલ, અને ૩. અંતસમય, ૪. અપવર્તન, ૫. અનપવર્તન, ૬. ઉપક્રમ અને ૭. નિરૂપક્રમ કહ્યાં છે.

**વિવેચન**-૧. આયુષ્યનો જેટલો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે, તે આયુષ્યનો બંધકાલ, ૨. પરભવનું આયુષ્ય બાંધ્યા પછી જેટલા કાલ સુધી ઉદયમાં ન આવે તે અબાધાકાલ. ૩. ભોગવતા આયુષ્યનો છેલ્લો સમય (ભોગવવાનું આયુષ્ય જે સમયે પૂર્ણ થાય) તે અંત સમય. ૪. લાંબા કાલ સુધી વેદવા યોગ્ય આયુષ્યને થોડા કાલમાં ભોગવવું. જેમકેઃ-સો વર્ષના આયુષ્યને અંતર્મુહૂર્તમાં

ભોગવી લેવું તે અપવર્તન. ૫. જેટલી સ્થિતિનું આયુષ્ય પહેલાં બંધાયેલું હોય, તેટલી જ સ્થિતિનું આયુષ્ય ભોગવવું, પરંતુ સ્થિતિ ઓછી ન થાય તે અનપવર્તન. ૬. જેને અપવર્તના કારણુનો સમૂહ મળ્યાં થકાં આયુષ્ય ઓછું થાય તે સોપક્રમ. ૭. જેને કારણુ મળ્યાં થકાં પણુ આયુષ્ય ઘટે નહિ તે નિરૂપક્રમ.

## આયુષ્યનો બંધ કાલ.

**બંધન્તિ દેવ નારાય, અસંખ નર તિરિ છ માસ સેસાઊ;**
**પરભવિયાઊ સેસા, નિરૂવક્કમ તિભાગ સેસાઊ. ૩૦૧.**
**સોવક્કમાઉયા પુણ, સેસ તિભાગે અહવ નવમ ભાગે;**
**સત્તાવીસઇમે વા, અંતમુહુત્તં-તિમે વા વિ. ૩૦૨.**

**બંધન્તિ**-બાંધે છે.
**દેવ નારય**-દેવતા નારકી.
**અસંખ**-અસંખ્યાત આયુષ્યવાળા.
**નર તિરિ**-મનુષ્ય અને તિર્યંચો.
**છ માસ**-છ માસ.
**સેસાઊ**-બાકી આયુષ્ય.
**પરભવિયાઊ**-પરભવનું આયુષ્ય.
**સેસા**-બાકીના.
**નિરૂવક્કમ**-નિરૂપક્રમી.
**તિ ભાગ**-ત્રીજો ભાગ.
**સેસાઊ**-બાકી આયુ.
**સોવક્કમાઉયા**-સોપક્રમી આયુષ્યવાળા.
**પુણ**-વળી.
**સેસ તિભાગે**-શેષ ત્રીજેભાગે.
**અહવ**-અથવા.
**નવમ ભાગે**-નવમે ભાગે.
**સત્તાવીસઇમે**-સત્યાવીશમે ભાગે.

વા–અથવા | અંતિમે–છેલ્લા.
અંતમુહુત્તં–અંતર્મુહૂર્તે. | વિ-પણ.

**શબ્દાર્થ**–દેવતા, નારકી, અસંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો (પોતાના ભવનું) છ માસ બાકી આયુષ્ય હોય, ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. બાકીના નિરૂપક્રમી (મનુષ્ય અને તિર્યંચ ગતિવાળા) (પોતાના ભવનો) ત્રીજો ભાગ બાકી આયુ રહે, ત્યારે આયુષ્ય બાંધે. સોપક્રમી આયુષ્યવાળા વળી (પોતાના આયુષ્યના) શેષ ત્રીજે ભાગે અથવા નવમે ભાગે અથવા સત્યાવીશમે ભાગે અથવા છેલ્લા અંતર્મુહૂર્ત્તે પણ પરભવનું આયુષ્ય બાંધે.

**વિવેચન**—દેવતા નારકી અને અંસખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો (યુગલીયા) પોતાના ભવનું આયુષ્ય છમાસ બાકી રહે, ત્યારે પરભવનું આયુષ્ય બાંધે અને તેઓ નિરૂપક્રમીજ હોય. બાકીના જીવો (એકેંદ્રિય, વિકલેંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો) નિરૂપક્રમી અને સોપક્રમી એમ બે ભેદે છે. તેમાંથી નિરૂપક્રમી જીવો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે અને સોપક્રમી જીવો પોતાના આયુનો ત્રીજો ભાગ બાકી રહે છતે અથવા નવમો ભાગ બાકી રહે છતે અથવા સત્યાવીશમો ભાગ બાકી રહે છતે પરભવનું આયુષ્ય બાંધે; અને કેટલાક આચાર્યો તો તે પછીના ભાગને પણ ત્રણે ત્રણે ગુણીએ તેટલામે ભાગે (૮૧ મા ભાગે, ૨૪૩ મા ભાગે)

યાવત્ છેલ્લા અંતર્મુહૂર્તે પણ પરભવનું આયુષ્ય બાંધે એમ કહે છે.

## આયુષ્યનો અબાધાકાલ અને અંતસમયે ગતિ.

**જઇમે ભાગે બંધો, આઉસ્સ ભવે અબાહ કાલો સો,**
**અંતે ઉજ્જુગઇ ઇગ,સમય વક્ક ચઉ પંચ સમયંતા.૩૦૩**

| | |
|---|---|
| **જઇમે**–જેટલામે. | **અંતે**–મરણ વખતે. |
| **ભાગે**–ભાગે. | **ઉજ્જુગઈ**–ઋજુગતિ. |
| **બંધો**–બંધ. | **ઇગ સમય**–એક સમય. |
| **આઉસ્સ**–આયુષ્યનો. | **વક્ક**–વક્રગતિ. |
| **ભવે**–હોય. | **ચઉ પંચ**–ચારે કે પાંચ. |
| **અબાહકાલો**–અબાધાકાળ. | **સમયંતા**–સમય સુધીની. |
| **સો**–તે. | |

**શબ્દાર્થ**—જેટલામે ભાગે આયુષ્યનો બંધ હોય (તે બંધથી ઉદયની વચમાં જે કાળ) તે અબાધાકાળ. મરણ વખતે (મરણના છેલ્લા સમયે) રૂજુગતિ એક સમય સુધીની હોય છે અને વક્રગતિ ચાર અથવા પાંચ સમય સુધીની હોય છે.

**વિવેચન**—જેટલામે ભાગે એટલે છમાસ બાકી રહે છતે અથવા ત્રીજે, નવમે અને સત્યાવીશમે ભાગે અથવા અંતર્મુહૂર્ત બાકી રહે છતે પરભવના આયુષ્યનો બંધ થાય; ત્યાંથી આરંભીને જ્યાં સુધી પરભવનું આયુષ્ય ઉદયમાં ન આવે, ત્યાં સુધીનો કાળ તે અબાધાકાળ. અંત સમય એટલે

આયુષ્યનો છેલ્લો સમય. જેના પછી પરભવનું આયુષ્ય ઉદયમાં આવે છે તે અંતસમયે પરભવમાં જતા જીવની બે ગતિ હોય છે. ૧. રૂજુગતિ અને ૨. વક્રગતિ. તેમાં રૂજુગતિ એક સમય પ્રમાણ છે, કારણકે સમશ્રેણિમાં રહ્યો છતો કાળ કરીને એકજ સમયમાં ઉત્પત્તિ સ્થાનકે ઉપજે છે અને વક્રગતિ ઉત્કૃષ્ટથી ચાર સમય સુધી અને કોઈક વખત પાંચ સમય સુધીની પણ હોય છે.

## રૂજુગતિમાં આહારનો ઉદય કયા સમયે ? અને બંને ગતિમાં પરભવના આયુષ્યનો ઉદય કયા સમયે ?

**ઉજ્જુગઇ પઢમ સમએ, પરભવિયં આઉયં તહા-હારો;**
**વક્કાઇ બીય સમએ, પરભવિયાઉં ઉદય-મેઇ. ૩૦૪.**

**ઉજ્જુગઈ**–ઋજુગતિના.
**પઢમ સમએ**–પહેલાસમયે.
**પરભવિયં**–પરભવનું(સંબંધી)
**આઉયં**–આયુષ્ય.
**તહા**–તથા.
**આહારો**–આહાર.
**વક્કાઈ**–વક્રગતિના.
**બીય સમએ**–બીજા સમયે.
**પરભવિયાઉં**–પરભવનું આયુષ્ય.
**ઉદયં**–ઉદયમાં.
**એઇ**–આવે છે.

**શબ્દાર્થ**—રૂજુગતિના પહેલા સમયે પરભવનું આયુષ્ય તથા પરભવ સંબંધી આહાર ઉદયમાં આવે છે અને વક્રગતિના બીજા સમયે પરભવનું આયુષ્ય ઉદયમાં આવે છે.

**વિવેચન**—૧ સમયની વક્રગતિમાં જીવ બીજે સમયે ઉપજે, કારણકે જીવ વક્રગતિ કરે, તે પહેલાંનો સમય રૂજુગતિનો હોય છે; એટલે પ્રથમ સમયે રૂજુગતિ અને બીજે સમયે વક્રગતિ. બે સમયની વક્રગતિમાં ત્રીજે સમયે ઉપજે. ૩ સમયની વક્રગતિમાં ચોથે સમયે ઉપજે અને ૪ સમયની વક્રગતિમાં પાંચમે સમયે ઉપજે.

**૧ સમયની રૂજુગતિ**–ત્રસનાડીમાં મરણ પામીને ઉર્ધ્વલોકમાં સીધો ઉપજે. **૧ સમયની વક્રગતિ**—ત્રસનાડીમાં સાતમી નરક તલે મરણ પામીને, ઉર્ધ્વલોકમાં એક સમયે જાય અને બીજા સમયે ગમે તે દિશામાં ઉપજે. **૨ સમયની વક્રગતિ**—અધોલોકની દિશાથી ૧ સમયે ત્રસનાડીમાં આવે, બીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય અને ત્રીજા સમયે ગમે તે દિશામાં ઉપજે. **૩ સમયની વક્રગતિ**—પહેલે સમયે અધોલોકની વિદિશામાંથી દિશામાં આવે, બીજા સમયે ત્રસનાડીમાં આવે, ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય અને ચોથા સમયે ગમે તે દિશામાં ઉપજે. **૪ સમયની વક્રગતિ**—પહેલા સમયે અધોલોકની વિદિશામાંથી અધોલોકની દિશામાં આવે, બીજા સમયે ત્રસનાડીમાં આવે, ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય, ચોથા સમયે ગમે તે દિશામાં જાય અને પાંચમા સમયે વિદિશામાં ઉત્પત્તિ સ્થાનકે ઉપજે.

## વક્રગતિમાં પરભવનો આહાર કયા સમયે હોય? તથા કેટલા સમય સુધી જીવ અણાહારી હોય?

ઇગ દુ તિ ચઉ વક્કાસુ, દુગાઇસમએસુ પરભવાહારો;
દુગવક્કાઇસુ સમયા, ઇગ દો તિન્નિય અણાહારા. ૩૦૫.

ઇગ દુ-એક બે.
તિ ચઉ-ત્રણ ચાર સમયની.
વક્કાસુ-વક્રગતિઓમાં.
દુગાઇ-બીજા આદિ.
સમએસુ-સમયોને વિષે.
પરભવાહારો-પરભવનો આહાર.
દુગ વક્કાઇસુ-બે આદિ સમયની વક્રગતિઓમાં
સમયા-સમય સુધી.
ઇગ દો-એક બે.
તિન્નિ-ત્રણ.
અણાહારા-અણાહારી.

**શબ્દાર્થ**—એક બે ત્રણ અને ચાર સમયની વક્રગતિઓમાં બીજા આદિ સમયોને વિષે પરભવનો આહાર ઉદયમાં આવે. બે આદિ સમયની વક્રગતિઓમાં એક બે અને ત્રણ સમય સુધી જીવ અણાહારી હોય છે.

**વિવેચન**—મરણ સમયે [આયુષ્યના અંત સમયે] કેટલાક સંસારી જીવોની પ્રથમ સમયે રૂજુગતિ અને કેટલાક સંસારી જીવોની પહેલા સમયે રૂજુગતિ અને તે પછીના સમયોમાં વક્રગતિ હોય છે. સંસારી જીવ પોતાના ભવના અંતસમયે તો આહાર કરીને ૧ સમયની રૂજુગતિ કરે અને તે પછીના ૧ સમયની વક્રગતિમાં જ્યાં ઉપજે, તે સમયે પરભવનો આહાર કરે એટલે ૧ સમયની વક્રગતિમાં બીજા

સમયે પરભવનો આહાર ઉદયમાં આવે. બે સમયની વક્ર-ગતિમાં ત્રીજા સમયે પરભવનો આહાર ઉદયમાં આવે. ૩ સમયની વક્રગતિમાં ચોથા સમયે પરભવનો આહાર ઉદયમાં આવે. ૪ સમયની વક્રગતિમાં પાંચમાં સમયે પરભવનો આહાર ઉદયમાં આવે. અહીંયાં સર્વત્ર રૂજુગતિના પ્રથમ સમયે જીવ આહાર કરીને નીકળે, માટે આહારીજ હોય અને તે પછીની વક્રગતિના છેલ્લા સમયે પરભવમાં જયાં ઉપજે, ત્યાં આહાર કરે માટે આહારી જાણવો, અને વચલા ૧-૨-૩ સમય સુધી જીવ અણાહારી જાણવો એટલે બે સમયની વક્રગતિમાં પ્રથમના ૧ સમય સુધી અણાહારી, ત્રણ સમયની વક્રગતિમાં પ્રથમના ૨ સમય સુધી અણાહારી, ચાર સમયની વક્રગતિમાં પ્રથમના ૩ સમય સુધી જીવ અણાહારી જાણવો.

## અપવર્તનીય આયુષ્ય

**બહુકાલ વેયણિજ્જં, કમ્મં અપ્પેણ જમિહ કાલેણં,**
**વેઈજ્જઇ જુગવં ચિય, ઉઇન્ન સવ્વ-પએસગ્ગં. ૩૦૬.**
**અપવત્તણિજ્જ-મેયં, આઉં અહવા અસેસ-કમ્મંપિ;**
**બંધ સમએ વિ બદ્ધં, સિઢિલં ચિય તં જહા જોગં. ૩૦૭.**

બહુકાલ-ઘણા કાલે.
વેયણિજ્જં-વેદવા યોગ્ય.
જં કમ્મં-જે કર્મ.
અપ્પેણ કાલેણ-થોડા કાલ વડે.
ઇહ-અહીંયાં.

વેઇજ્જઇ-વેદાય.
જુગવં-એકી વખતે.
ચિય-નિશ્ચે.
ઉઇન્ન-ઉદીરીને.
સવ્વપએસ-સર્વ પ્રદેશના.
અગ્ગં-અગ્રભાગે.
અપવત્તણિજ્જં-અપવર્તનીય.
એયં-એ, આ.
આઉં-આયુષ્ય.
અહવા-અથવા.
અસેસકમ્મંપિ-સમસ્ત કર્મ પણ.
બંધ સમયે વિ-બંધ સમયે પણ
બદ્ધં-બાંધેલ, બંધાયેલ.
સિઢિલં-શિથિલ.
ચિય-નિશ્ચે.
તં-તે (આયુષ્ય અને કર્મ)
જહાજોગં-યથાયોગ્ય, યોગ્યતા પ્રમાણે. (જેવાંકારણ)

**શબ્દાર્થ**—ઘણા કાલે વેદવા યોગ્ય એવું જે કર્મ તે અહીંયાં થોડા કાલ વડે (આત્માના) સર્વ પ્રદેશના અગ્રભાગે ઉદીરીને (ઉદયમાં લાવીને) એકી વખતે નિશ્ચે વેદાય, એ અપવર્તનીય આયુષ્ય અથવા તો આ આયુષ્યની માફક સમસ્ત કર્મ પણ અપવર્તનીય હોય. બંધ સમયે પણ તે (અપવર્તનીય આયુષ્ય અને કર્મ) યથાયોગ્યપણે (જેવાં અધ્યવસાયાદિ કારણ હોય તે પ્રમાણે) નિશ્ચે શિથિલ બંધાયેલ છે, (તેથી થોડા કાળે વેદે.)

## અનપવર્તનીય આયુષ્ય.

જં પુણ ગાઢ નિકાયણ, બંધેણં પુવ્વમેવ કિલ બદ્ધં;
તં હોઇઅણપવત્તણ,જુગ્ગં કમ વેયણિજ્જ ફલં. ૩૦૮.

જં-જે (કર્મ).
પુણ-વળી.
ગાઢ-અત્યંત.
નિકાયણ-નિકાચિત.
બંધેણં-બંધ વડે.
પુવ્વમેવ-પહેલાંજ.
કિલ-નિશ્ચે.
બદ્ધં-બાંધેલું હોય.
તં-તે.
હોઇ-હોય છે.
અણુપવત્તણ-અનપવર્તન.
જુગ્ગં-યોગ્ય.
કમ-અનુક્રમે.
વેયણિજ્જ-વેદવા યોગ્ય.
ફલં-ફલવાળું.

**શબ્દાર્થ**—જે કર્મ વળી અત્યંત નિકાચિત (અવશ્ય ભોગવવાપણે સ્થાપન કરેલું એવા) બંધ વડે કરીને પહેલાં જ નિશ્ચે બાંધેલું હોય, તે અનપવર્તન યોગ્ય હોય છે. (એથી) અનુક્રમે વેદવાયોગ્ય ફલવાળું હોય છે

## કયા જીવો નિરૂપક્રમી અને કયા જીવો સોપક્રમી.

**ઉત્તમ ચરમ સરીરા, સુર નેરઇયા અસંખ નર તિરિયા;**
**હુન્તિ નિરૂવક્કમાઓ, દુહાવિ સેસા મુણેયવ્વા. ૩૦૯.**

**ઉત્તમ**-ઉત્તમ પુરૂષો.
**ચરમ સરીરા**-તે જ ભવે મોક્ષે જનારા.
**સુર**-દેવતા.
**નેરઇયા**-નારકી.
**અસંખ**-અસંખ્યાત આયુવાળા.
**નર તિરિયા**-મનુષ્ય અને તિર્યંચો.
**હુન્તિ**-હોય છે.
**નિરૂવક્કમાઓ**-નિરૂપક્રમ.
**દુહાવિ**-બંને પ્રકારે.
**સેસા**-બાકીના.
**મુણેયવ્વા**-જાણવા.

**શબ્દાર્થ**—ઉત્તમ પુરૂષ (૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તિ ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બલદેવ), **ચરમ શરીરી** (તેજ ભવે મોક્ષે જનારા) દેવતા (ચારે નિકાયના), નારકી અસંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ (યુગલિયા) નિરૂપક્રમ આયુષ્યવાળા છે. અને બાકીના [જીવો] બંને પ્રકારે [સોપક્રમી અને નિરૂપક્રમી] પણ જાણવા.

**વિવેચન**—દેવકુરૂ વિગેરે ક્ષેત્રમાં યુગલિક મનુષ્યો છ પ્રકારના હોય છે. ૧. પદ્મ જેવી ગંધવાળા, ૨. કસ્તુરી જેવી ગંધવાળા, ૩. મમત્વ વિનાના, ૪. તેજસ્વી અને રૂપાળા, ૫. સહનશીલ, અને ૬. શનૈશ્ચારી.

## સોપક્રમ અને નિરૂપક્રમનાં કારણ.

**જેણાઉ-મુવક્કમિજ્જઇ, અપ્પ સમુત્થેણ ઇયરગેણાવિ;**
**સો અજ્ઝવસાણાઇ, ઉવક્કમ-ણુવક્કમો ઇયરો. ૩૧૦.**

**જેણ**—જે વડે.
**આઉ**—આયુષ્ય.
**ઉવક્કમિજ્જઇ**—ઉપક્રમે, ઘટે.
**અપ્પ સમુત્થેણ**—આત્માથી ઉત્પન્ન થયેલ.
**ઇયરગેણાવિ**—બીજા કારણે.
**સો**—તે.
**અજ્ઝવસાણાઇ**—અધ્યવસાયાદિ.
**ઉવક્કમ**—ઉપક્રમ.
**અણુવક્કમો**—અનુપક્રમ.
**ઇયરો**—ઇતર, તેથી વિપરીત.

**શબ્દાર્થ**—આત્માથી ઉત્પન્ન થયેલ જે ( અધ્યવસાય ) વડે અથવા બીજા કારણે આયુષ્ય ઘટે, તે અધ્યવસાયાદિ ઉપક્રમ જાણવો અને તેથી વિપરીત તે અનુપક્રમ જાણવો.

**વિવેચન**—આત્માથી ઉત્પન્ન થયેલ જે અધ્યવસાય વડે અથવા વિષ, અગ્નિ શસ્ત્રાદિ બીજા કારણે આયુષ્ય ઘટે. એટલે ઘણા કાલ સુધી વેદવા યોગ્ય જે આયુષ્ય હોય, તેને અલ્પકાલમાં ભોગવીએ, તે અપવર્તનના કારણ રૂપ અધ્યવસાયાદિ ઉપક્રમ જાણવો અને તેથી વિપરીત તે અનુપક્રમ જાણવો.

## સોપક્રમી જીવોનાં આયુષ્ય ૭ પ્રકારે ઘટે, તે કહે છે.

**અજ્ઝવસાણ નિમિત્તે, આહારે વેયણા પરાઘાએ;**
**ફાસે આણાપાણૂ, સત્તવિહં ઝિજ્જએ આઉં. ૩૧૧.**

**અજ્ઝવસાણ**-અધ્યવસાય.
**નિમિત્તે**-નિમિત્ત.
**આહારે**-આહાર.
**વેયણા**-વેદના.
**પરાઘાએ**-પરાઘાત.
**ફાસે**-સ્પર્શ.
**આણાપાણૂ**-શ્વાસોશ્વાસ.
**સત્તવિહં**-સાત પ્રકારે.
**ઝિજ્જએ**-ઓછું થાય છે.
**આઉં**-આયુષ્ય.

**શબ્દાર્થ**—૧. અધ્યવસાય, ૨. નિમિત્ત, ૩. આહાર, ૪. વેદના, ૫. પરાઘાત, ૬. સ્પર્શ, અને ૭. શ્વાસોશ્વાસ, એ સાત પ્રકારે આયુષ્ય ક્ષય પામે છે. ( ઓછું થાય છે. )

**વિવેચન**—અધ્યવસાય ૩ પ્રકારે છે. રાગ, સ્નેહ, અને ભય. રાગથી આયુષ્યનો ક્ષય આ પ્રમાણેઃ—જેમ કોઈ પરબને વિષે પાણી પાનારી સ્ત્રી તરૂણ પુરૂષને અનુરાગથી જોતી છતી, તે પુરૂષની પ્રાપ્તિ નહિ થવાથી મરણ પામી. સ્નેહથી આયુષ્યનો ક્ષય આ પ્રમાણે;—જેમ કોઇ સાર્થવાહીનો પતિ દેશાંતરથી આવે છતે સાર્થવાહના મિત્રે સ્નેહ પરીક્ષા નિમિત્તે, સાર્થવાહનું મરણ કહે છતે સાર્થવાહી મરણ પામી, સ્ત્રીને મરણે સાર્થવાહ પણ મરણ પામ્યો. ભયથી આયુષ્યનો ક્ષય આ પ્રમાણે;—કૃષ્ણને દેખીને ગજસુકુમારનો સસરો સોમિલ મરણ પામ્યો. ૨. નિમિત્ત તે દંડ ચાબુક શસ્ત્ર દોરડાદિકના પ્રહારથી મરણ પામે. ૩. અત્યંત સરસ આહાર ઘણો કરવાથી મરણ પામે, ૪. શૂલાદિકની વેદનાથી મરણ પામે. ૫. પરાઘાત તે ખાડાદિકમાં પડવાથી મરણ પામે. ૬. અગ્નિ વિષ અને સર્પાદિકના સ્પર્શથી મરણ પામે. ૭ અધિક શ્વાસોશ્વાસ વહેતાં અથવા શ્વાસોશ્વાસ રોકવાથી મરણ પામે. આ સાત ઉપક્રમથી આયુષ્ય ઘટે છે. શ્રી કૃષ્ણ અને સ્કંધકાચાર્યના શિષ્યોનું બાહ્ય ઉપક્રમે આયુષ્ય પુરૂં થયું, પરંતુ અંતરંગ વિચારતાં તેમનું નિરૂપક્રમ આયુષ્ય તેટલું જ હતું. પણ સોપક્રમ આયુષ્ય ન હતું.

## સર્વ જીવોને પર્યાપ્તિ કહે છે.

**આહાર સરીર ઇંદિય, પજ્જત્તી આણપાણ ભાસ મણે;**
**ચઉ પંચ પંચ છપ્પિય, ઇગ વિગલા–સન્નિ સન્નીણં ૩૧૨.**

**આહાર**–આહાર.
**સરીર**–શરીર.
**ઇંદિય**–ઇંદ્રિય.
**પજ્જત્તી**–પર્યાપ્તિ.
**આણુપાણુ**–શ્વાસોશ્વાસ.
**ભાસ**–ભાષા.
**મણે**–મન.
**ચઉ પંચ**–ચાર, પાંચ.
**પંચછપ્પિય**–પાંચ અને છ.
**ઇગ**–એકેંદ્રિય.
**વિગલ**–વિકલેંદ્રિય.
**અસન્નિ**–અસંજ્ઞી.
**સન્નીણું**–સંજ્ઞીને.

**શબ્દાર્થ**—૧. આહાર પર્યાપ્તિ, ૨. શરીર પર્યાપ્તિ, ૩ ઇંદ્રિય પર્યાપ્તિ, ૪. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ૫ ભાષા પર્યાપ્તિ અને ૬. મન પર્યાપ્તિ [ એમાંથી પ્રથમની ] ૪ પર્યાપ્તિ એકેંદ્રિયને, ૫ પર્યાપ્તિ વિકલેંદ્રિયને, ૫ પર્યાપ્તિ અસંજ્ઞીને અને ૬ પર્યાપ્તિ સંજ્ઞીને હોય છે.

**વિવેચન**—લબ્ધિ અપર્યાપ્તા જીવ ઓછામાં ઓછી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરી, પરભવાયુ બાંધી અંતર્મુહૂર્ત અબાધા કાલ ભોગવીને મરણ પામે છે. દરેક જીવો પોતાને યોગ્ય પર્યાપ્તિઓ સાથેજ આરંભે છે, પણ પૂરી અનુક્રમે કરે છે.

## પર્યાપ્તિનું લક્ષણ.

**આહાર સરીર ઇંદિય, ઉસાસ વઉ મણો–ભિનિવ્વત્તી;**
**હોઇ જઓ દલિયાઊ, કરણં પઇ સાઉ પજ્જત્તી.૩૧૩.**

**વઉ**–વચન.
**મણો**–મનની.
**અભિનિવ્વત્તી**–નિષ્પત્તિ, સંપૂર્ણતા.
**જઓ**–જે.
**દલિયાઊ**–દલિયાંથી.
**કરણં**–કરણ (શક્તિ)
**પઇ**–પ્રત્યે.
**સા ઉ પજ્જત્તી**–તે વળી પર્યાપ્તિ.

શબ્દાર્થ—આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ, વચન અને મનની સંપૂર્ણતા જે દલિયાંથી થાય, તે આહારાદિકની નિષ્પત્તિ પ્રત્યે જે કરણ [ જીવ સંબંધી શક્તિ વિશેષ ] તે વળી પર્યાપ્તિ કહેવાય.

એકેંદ્રિયાદિક જીવોને પ્રાણ કેટલા ? તે કહે છે.

**પણિંદિય તિબલુસા-સાઊ દસપાણ ચઉ છ સગ અટ્ઠ;**
**ઇગદુતિ ચઊરિંદ્રીણં, અસન્નિસન્નીણ નવ દસ ય. ૩૧૪.**

**પણિંદિય**–પાંચ ઇંદ્રિય.
**તિબલ**–ત્રણબલ.
**ઊસાસ**–શ્વાસોશ્વાસ.
**આઊ**–આયુષ્ય.
**દસ પાણ**–દશ પ્રાણ.
**ચઉ**–ચાર.
**છ સગ અટ્ઠ**-છ, સાત, આઠ.
**ઈગ**–એકેંદ્રિયને.
**દુ**–બેઇંદ્રિયને.
**તિ**–તેઇંદ્રિયને.
**ચઉ**-ચઉરિંદ્રિયને.
**અસન્નિ**–અસંજ્ઞીને.
**સન્નીણ**–સંજ્ઞીને.
**નવ**–નવ.
**દસ ય**–અને દશ.

શબ્દાર્થ—૫ ઇંદ્રિયો. ૩ બળ (યોગ), શ્વાસોશ્વાસ

અને આયુષ્ય એ ૧૦ પ્રાણો છે, તેમાંથી એકેંદ્રિયને ૪, બેઇંદ્રિયને ૬, તેઇંદ્રિયને ૭, ચઉરિંદ્રિયને ૮, અસંજ્ઞી (તિર્યંચ)ને ૯ અને સંજ્ઞી (નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ)ને ૧૦ પ્રાણો હોય છે.

આ ગ્રંથ કયા ગ્રંથમાંથી ઉદ્ધર્યો. તે કહે છે.

**સંખિત્તા સંઘયણી, ગુરુતર સંઘયણિ મજ્ઝઓ એસા;**
**સિરિ સિરિ ચંદમુણિંદેણ, નિમ્મિયા અપ્પ પઢણટ્ઠા. ૩૧૫.**

**સંખિત્તા**–સંક્ષેપ.
**સંઘયણી**–સંગ્રહણી.
**ગુરુતર**–અત્યંત મોટી.
**સંઘયણિ**–સંગ્રહણી.
**મજ્ઝઓ**–માંથી.
**એસા**–આ.
**સિરિ**–જ્ઞાનાદિ લક્ષ્મીયુક્ત.
**સિરિ ચંદ**–શ્રીચંદ્ર.
**મુણિંદેણ**–સૂરિએ.
**નિમ્મયા**–બનાવી.
**અપ્પ**–પોતાને.
**પઢણટ્ઠા**–ભણવાને માટે.

**શબ્દાર્થ**—આ સંક્ષેપ સંગ્રહણી અત્યંત મોટી (૪૦૦-૫૦૦ ગાથાવાળી) સંગ્રહણીમાંથી જ્ઞાનાદિ લક્ષ્મીયુક્ત શ્રી ચંદ્રસૂરિએ પોતાને ભણવાને માટે બનાવી.

**વિવેચન**—'પોતાને ભણવાને માટે બનાવી આ વાક્યમાં આચાર્યશ્રીએ પોતાની લઘુતા અને નિરભિમાનતા દર્શાવી છે.

## ચોવીસ દ્વાર.

**સંખિત્તયરી ઉ ઇમા, સરીર-મોગાહણા ય સંઘયણા;**
**સન્ના સંઠાણ કસાય, લેસિંદિય દુ સમુગ્ઘાયા. ૩૧૬.**

**દિટ્ઠી દંસણ નાણે, જોગુ-વઓગો-ववाय ચવણ ઠિઈ;
પજ્જત્તિ કિમાહારે, સન્નિ ગઇ આગઇ વેએ. ૩૧૭.**

**સંખિત્તયરી**-અત્યંત સંક્ષેપ.
**ઉ ઇમા**-આ (સંગ્રહણી)વળી.
**સરીરં**-શરીર (૫).
**ઓગાહણા**-અવગાહના.
**સંઘયણા**-સંઘયણ (૬).
**સન્ના**-સંજ્ઞા (૪-૧૦-૧૬).
**સંઠાણ**-સંસ્થાન (૬).
**કસાય**-કષાય (૪).
**લેસ**-લેશ્યા (૬).
**ઇદિય**-ઇંદ્રિય (૫).
**દુ સમુગ્ઘાયા**-બે ભેદે સમુદ્ઘાત.
**દિટ્ઠી**-દૃષ્ટિ (૩)
**દંસણ**-દર્શન (૪).
**નાણે**-જ્ઞાન (૫+૩).
**જોય**-યોગ (૧૫).
**ઉવઓગ**-ઉપયોગ (૧૨).
**ઉવવાય**-ઉપપાત, જન્મ.
**ચવણ**-ચ્યવન, મરણ.
**ઠિઈ**-સ્થિતિ, આયુષ્ય.
**પજ્જત્તિ**-પર્યાપ્તિ. (૬)
**કિમાહારે**-કિમાહાર.
**સન્ની**-સંજ્ઞા (૩).
**ગઈ**-ગતિ.
**આગઈ**-આગતિ.
**વેએ**-વેદ (૩)

**શબ્દાર્થ**—આ સંગ્રહણી વળી અત્યંત સંક્ષેપ છે. શરીર ૫, અવગાહના, સંઘયણ ૬, સંજ્ઞા ૪, ૧૦ કે ૧૬, સંસ્થાન ૬, કષાય, ૪, લેશ્યા ૬, ઇંદ્રિય ૫, [ જીવ અને અજીવ એ ] બે ભેદે સમુદ્ઘાત, દૃષ્ટિ ૩, દર્શન ૪, જ્ઞાન ૫ અને અજ્ઞાન ૩, યોગ ૧૫, ઉપયોગ ૧૨, ઉપપાત સંખ્યા, ચ્યવન સંખ્યા, આયુષ્ય, પર્યાપ્તિ ૬, કિમાહાર, સંજ્ઞા ૩, ગતિ, આગતિ અને વેદ.

**વિવેચન—શરીર ૫,** ઔદારિક વૈક્રિય આહારક તૈજસ અને કાર્મણ. **અવગાહના** [ શરીરની ઉંચાઇ કે લંબાઇ. ] **સંઘયણ ૬,** વજ્ર રૂષભનારાચ, રૂષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને છેવટ્ઠું. **સંજ્ઞા ૪ કે ૧૦,** આહાર ભય મૈથુન ને પરિગ્રહ; ક્રોધ માન માયા લોભ ઓઘ અને શોક. **સંસ્થાન ૬,** સમચતુરસ્ર ન્યગ્રોધ સાદિ વામન કુબ્જ અને હુંડક, **કષાય ૪,** ક્રોધ માન માયા ને લોભ. **લેશ્યા ૬,** કૃષ્ણ નીલ કાપોત તેજો પદ્મ ને શુકલ. **ઇંદ્રિય ૫,** સ્પર્શના રસના ઘ્રાણ ચક્ષુ ને શ્રોત્ર, **જીવ સમુદ્ઘાત ૭.** વેદના કષાય મરણ વૈક્રિય તૈજસ આહારક અને કેવલી, તેમાંથી વેદના અને કષાય સમુદ્ઘાત પોતાના શરીર પ્રમાણ કરે, મરણ સમુદ્ઘાત જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણ કરે. વૈક્રિય તૈજસ અને આહારક સમુદ્ઘાતમાં સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરે અને કેવળી સમુદ્ઘાતના પ્રથમના ૪ સમયમાં અનુક્રમે દંડ-કપાટ-મંથાન કરે અને આંતરા પૂરે તથા પછીના ૪ સમયમાં આંતરા મંથાન કપાટ અને દંડ સંહરીને સ્વભાવસ્થ થાય.

**દૃષ્ટિ ૩,** સમ્યગ્દૃષ્ટિ મિશ્રદૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિ. **દર્શન ૪,** ચક્ષુ અચક્ષુ અવધિ ને કેવલ. **જ્ઞાન ૫.** મતિ શ્રુત અવધિ મનઃ પર્યવ ને કેવલજ્ઞાન. **અજ્ઞાન ૩,** મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન ને વિભંગજ્ઞાન. **યોગ ૧૫,** ૪ મનના ૪ વચનના ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક આહારકદ્વિક ને કાર્મણ.

| દ્વારનું નામ → / દંડકનું નામ | શરીર ૫ | અવગાહના | સંઘયણ ૬ | સંજ્ઞા ૪-૧૦ | સંસ્થાન ૬ | કષાય ૪ | લેશ્યા ૬ | ઇંદ્રિય ૫ | સમુદ્ઘાત ૭ | દૃષ્ટિ ૩ | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નારકી | ૩ | ૫૦૦ ધનુષ | — | સર્વ દંડકે ૪-૧૦ સંજ્ઞા હોય છે. | હુંડક | સર્વ દંડકે ક્રોધ, માન, માયા અને લોભ એ ૪ કષાય હોય છે. | ૩ | ૫ | ૪ | ૩ | |
| ભવનપતિ. ૧૦ | ૩ | ૭ હાથ | — | | સમચતુરસ્ર | | ૪ | ૫ | ૫ | ૩ | |
| વ્યંતર | ૩ | ૭ હાથ | — | | | | ૪ | ૫ | ૫ | ૩ | |
| જ્યોતિષિ | ૩ | ૭ હાથ | — | | | | ૧ | ૫ | ૫ | ૩ | |
| વૈમાનિક | ૩ | ૭ હાથ | — | | | | ૩ | ૫ | ૫ | ૩ | |
| પૃથ્વીકાય | ૩ | અંગુલ અસંખ્ય. | — | | મસુર | | ૪ | ૧ | ૩ | ૧ | ૧ |
| અપ્કાય | ૩ | | — | | પરપોટા | | ૪ | ૧ | ૩ | ૧ | ૧ |
| વનસ્પતિકાય | ૩ | ૧ હજાર યો. અધિક | — | | વિવિધ | | ૪ | ૧ | ૩ | ૧ | ૧ |
| તેઉકાય | ૩ | અંગુલ અસંખ્ય. | — | | સોય | | ૩ | ૧ | ૩ | ૧ | ૧ |
| વાઉકા | ૪ | | — | | ધ્વજા | | ૩ | ૧ | ૪ | ૧ | ૧ |
| બેઇંદ્રિય | ૩ | ૧૨ યોજન | ૧ | | હુંડક | | ૩ | ૨ | ૩ | ૨ | ૧ |
| તેઇંદ્રિય | ૩ | ૩ ગાઉ | ૧ | | | | ૩ | ૩ | ૩ | ૨ | ૧ |
| ચઉરિંદ્રિય | ૩ | ૧ યોજન | ૧ | | | | ૩ | ૪ | ૩ | ૨ | ૨ |
| ગર્ભજ તિર્યંચ | ૪ | ૧૦૦૦ યો | ૬ | | ૬ | | ૬ | ૫ | ૫ | ૩ | ૩ |
| ગર્ભજ મનુષ્ય | ૫ | ૩ ગાઉ | ૬ | | ૬ | | ૬ | ૫ | ૭ | ૩ | ૪ |

| અજ્ઞાન | યોગ. ૧૫ | ઉપયોગ. ૧૨ | ઉપયોગ અને ચ્યવન | સ્થિતિ. (આયુ.) | પર્યાપ્તિ ૬ | કિમાહાર. | સંજ્ઞા. ૩ | ગતિ. | આગતિ | વેદ. ૩ | અલ્પ બહુત્વ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧૧ | ૯ | સંખ્યાતા કે અસંખ્યાતા | ૩૩ સાગરો૦ | ૬ | ૬ | દીર્ઘકાલિકી | ૨ | ૨ | ૧ | અ. ૫ |
| ૩ | ૧૧ | ૯ | | ૧ સા૦અધિક | ૬ | ૬ | | ૫ | ૨ | ૨ | અં. ૪ |
| ૩ | ૧૧ | ૯ | | ૧ પલ્યોપમ | ૬ | ૬ | | ૫ | ૨ | ૨ | અ. ૬ |
| ૩ | ૧૧ | ૯ | | ૧ ૫૦ અધિક | ૬ | ૬ | | ૫ | ૨ | ૨ | અ. ૭ |
| ૩ | ૧૧ | ૯ | | ૩૩ સાગરો૦ | ૬ | ૬ | | ૫ | ૨ | ૨ | અ. ૩ |
| ૨ | ૩ | ૩ | અસંખ્યાતા, અનંત, અસંખ્યાતા. | ૨૨૦૦૦ વર્ષ | ૪ | ૩-૪-૫-૬ દિશાનો. | નથી | ૧૦ | ૨૩ | ૧ | અ. ૧૨ |
| ૨ | ૩ | ૩ | | ૭૦૦૦ વર્ષ | ૪ | | ,, | ૧૦ | ૨૩ | ૧ | અ. ૧૩ |
| ૨ | ૩ | ૩ | | ૧૦૦૦૦ વર્ષ | ૪ | | ,, | ૧૦ | ૨૩ | ૧ | અ. ૧૫ |
| ૨ | ૩ | ૩ | | ૩ અહોરાત્રિ | ૪ | | | ૯ | ૧૦ | ૧ | અ. ૨ |
| ૨ | ૫ | ૩ | | ૩૦૦૦ વર્ષ | ૪ | | .. | ૯ | ૧૦ | ૧ | અ. ૧૪ |
| ૨ | ૪ | ૫ | સંખ્યાતા અથવા અસંખ્યાતા | ૧૨ વર્ષ | ૫ | ૬ | હેતૂપદેશિકી. | ૧૦ | ૧૦ | ૧ | અ. ૧૦ |
| ૨ | ૪ | ૫ | | ૪૯ દિવસ | ૫ | ૬ | | ૧૦ | ૧૦ | ૧ | અધિક. અ=અધિક. ૧૧ |
| ૨ | ૪ | ૬ | | ૬ માસ | ૫ | ૬ | | ૧૦ | ૧૦ | ૧ | ૮ |
| ૩ | ૧૩ | ૯ | અસંખ્યાતા | ૩ પલ્યોપમ | ૬ | ૬ | દીર્ઘ | ૨૪ | ૨૪ | ૩ | અ. ૯ |
| ૩ | ૧૫ | ૧૨ | સંખ્યાતા | ૩ પલ્યોપમ | ૬ | ૬ | ૨ | ૨૪ | ૨૪ | ૩ | થોડા ૧ |

ઉપયોગ ૧૨, ૫ જ્ઞાન ૩ અજ્ઞાન ને ૪ દર્શન. ઉપપાત [જન્મ] ૧ સમયે સંખ્યાએ ગણુતાં કેટલા જીવો ઉપજે. ચ્યવન [મરણુ] ૧ સમયે સંખ્યાએ ગણુતાં કેટલા જીવો મરે. સ્થિતિ [આયુષ્ય] ઉત્કૃષ્ટ અને જઘન્ય. પર્યાપ્તિ ૬, આહાર શરીર ઇંદ્રિય શ્વાસોશ્વાસ ભાષા ને મન. કિમાહાર [ કેટલી દિશાનો આહાર દરેક જીવ લે. ] સંજ્ઞા ૩, હેતુવાદોપદેશિકી દીર્ઘકાલિકી ને દૃષ્ટિવાદોપદેશિકી. ગતિ ૨૪ દંડકના જીવો મરીને કયાં જાય તે. આગતિ કયા દંડકના જીવો મરીને કયાં આવી ઉપજે. વેદ ૩ પુરૂષવેદ સ્ત્રીવેદ ને નપુંસકવેદ.

આ ગ્રંથના રચનાર કોણુ ? તે કહે છે.

મલહારિ હેમ સૂરીણુ, સીસ લેસેણુ વિરઇયં સમ્મં;
સંઘયણિ રયણ-મેયં, નંદઉ જા વીરજિણુ તિત્થં. ૩૧૮.

મલહારિ–મલધારી ગચ્છના.
હેમસૂરીણુ–હેમચંદ્રસૂરિના.
સીસ–શિષ્યમાં.
લેસેણુ–લેશ સમાન.
વિરઇયં–રચ્યું.
સમ્મં–રૂડે પ્રકારે.
સંઘયણિ–સંગ્રહણી રૂપ.
રયણં–રત્ન.
એયં–આ
નંદઉ–સમૃદ્ધિ પામો.
જા–યાવત્
વીરજિણુ–વીર સ્વામીનું.
તિત્થં–તીર્થ.

**શબ્દાર્થ**—મલધારી ગચ્છના હેમચંદ્રસૂરિના શિષ્યમાં લેશ સમાન એવા ( **ચંદ્રસૂરિએ** ) આ સંગ્રહણી રૂપ રત્ન રૂડે પ્રકારે રચ્યું. તે જયાં સુધી વીરભગવાનનું તીર્થ છે, ત્યાંસુધી [ ચતુર્વિધ સંઘ ભણુતાં ] આનંદ પામો.

॥ श्री बृहत्संग्रहणी सार्थ समाप्त ॥

# પ્રશ્નો

૧. નપુંસક વેદવાળા જીવો કયા? અંગુલના ભેદો કેટલા? અને કયા અંગુલથી કઈ વસ્તુ મપાય તથા તે દરેકનું સ્વપર પ્રમાણ કેટલું?

૨. કુલકોટી એટલે શું? અપ્કાય વનસ્પતિકાય તેઇંદ્રિય અને ભુજ-પરિસર્પની કુલકોડી કેટલી?

૩. અચિત્ત અને મિશ્ર યોનિ કોને હોય? તથા અચિત્ત યોનિવાળા જીવોની કુલકોડી કેટલી? પરભવનું આયુષ્ય ક્યારે બંધાય? ખંધક મુનિના શિષ્યોનું આયુષ્ય કેવા પ્રકારનું હતું?

૪. અપવર્તનીય આયુષ્યનું સ્વરૂપ તેના કારણો સાથે કહો. અનપ-વર્તનીય આયુષ્ય કોને હોય? વક્રગતિ કોને કહેવી? તે કેટલા સમયની છે? અને તેમાં પરભવના આયુષ્યનો ઉદય ક્યારે હોય? નિરૂપક્રમ આયુષ્ય કયા કયા જીવોને હોય? તે વિસ્તારથી કહો. આયુષ્યનો ઉપક્રમ કેટલા પ્રકારે હોય? તેના ભેદોનું વિવેચન કરો.

૫. બૃહત્સંગ્રહણીના કર્તા કોણ? તે ક્યારે થયા? અને તેમના ગુરૂનું નામ શું?

૬. નીચેના શબ્દોનો અર્થ વિસ્તારથી સમજાવો.

સુયકેવલી. પુવ્વ, વજ્જ રૂષભ નારાચ, હુંડ, પલ્લગ, સંખવત્તા, વિગ્ગહગઇ, નિવ્વાઘાએ, તિપડોયાયારા, પજ્જત્તિ, સન્ના, હયગબ્ભ, અભિન્ન દસપુવ્વી, ઉવક્કમ, પાણુ, અબાહાકાનો અને કાવલિઓ.

૭. જંબૂદ્વીપમાં બે ચંદ્રોની વચ્ચે ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર કેટલું? સિદ્ધશિલા ઉપર સિદ્ધના જીવો સિવાય બીજા કયા જીવો હોય? તે કહો.

૮. સર્વથી મોટું શરીર સ્વાભાવિક કોનું હોય? ૧ સમયે જીવ કેટલા યોજન જાય? તે કહો.

૯. બે પ્રકારના જીવો આશ્રયી કેટલા સમય સુધી જીવો અણાહારી હોય? કયા જીવો મનુષ્ય ગતિમાં જ ઉપજે? નારકી જીવો શ્વાસોશ્વાસ અને આહાર કેટલા કાળે લે? તે કહો.

૧૦. શિક્ષકે કેટલીક મૂલ ગાથાઓ અને તેના અર્થ પૂછવા.

# ઉપયોગી પ્રક્ષેપ ગાથાઓ.

**પંચ સયા બાવીસા, તિન્નેવ સયા ઉ હુંતિ છપ્પન્ના,**
**તિન્નિ સયા અડયાલા, સણંકુમારસ્સ વટ્ટાઇ.**

**શબ્દાર્થ**—સનત્કુમારનાં વાટલાં વિગેરે વિમાનો અનુક્રમે ૫૨૨ ગોળ, ૩૫૬ ત્રિખુણાં અને ૩૪૮ ચોખુણાં છે.

**સત્તરિસયમણૂણં, તિન્નેવ સયા હવન્તિ છપ્પન્ના,**
**તિન્નિ સયા અડયાલા, વટ્ટાઈ માહિંદ સગ્ગસ્સ. ૨**

**શબ્દાર્થ**—માહેંદ્ર દેવલોકનાં વાટલાં વિગેરે વિમાનો અનુક્રમે સંપૂર્ણ ૧૭૦ ગોળ, ૩૫૬ ત્રિખુણાં અને ૩૪૮ ચોખુણાં (વિમાનો) છે.

**ચોવત્તરિ ચુલસીયા, છસુત્તરયા દુવે દુવે સયાઓ,**
**કપ્પંમિ બંભલોએ, વટ્ટા તંસા ય ચઉરંસા. ૩**

**શબ્દાર્થ**—બ્રહ્મદેવલોકને વિષે વાટલાં વિમાનો ૨૭૪, ત્રિખુણાં ૨૮૪ અને ચોખુણાં ૨૭૬ વિમાનો છે.

**તિ નઉય ચેવ સયં, દો ચેવ સયા સયં ચ બાણઉયં,**
**કપ્પંમિ લંતગંમિ, વટ્ટા તંસા ય ચઉરંસા. ૪**

**શબ્દાર્થ**—લાંતક દેવલોકને વિષે ૧૯૩ નિશ્ચે વાટલાં, ૨૦૦ નિશ્ચે ત્રિખુણાં અને ૧૯૨ ચોખુણાં વિમાનો છે.

**અટ્ઠાવીસં ચ સયં, છત્તીસ—સયં સયં ચ બત્તીસં,**
**કપ્પંમિ મહાસુક્કે, વટ્ટા તંસા ય ચઉરંસા. ૫**

**શબ્દાર્થ**—મહાશુક્ર દેવલોકને વિષે ૧૨૮ વાટલાં, ૧૩૬ ત્રિખુણાં અને ૧૩૨ ચોખુણાં વિમાનો છે.

**અટ્ઠુત્તરસય સોલસ-સય પુણ અટ્ઠુત્તરં સયં પુણ્ણં,**
**કપ્પંમિ સહસ્સારે, વટ્ટા તંસા ય ચઉરંસા. ૬**

**શબ્દાર્થ**—સહસ્રાર દેવલોકને વિષે ૧૦૮ વાટલાં, વળી ૧૧૬ ત્રિખુણાં અને સંપૂર્ણ ૧૦૮ ચોખુણાં વિમાનો છે.

**અડસીઇ બાણુઉઈ, અટ્ઠાસીઈ ય હોઈ બોધવ્વા,**
**આણય-પાણય કપ્પે, વટ્ટા તંસા ય ચઉરંસા. ૭**

**શબ્દાર્થ**—આનત અને પ્રાણત દેવલોકનાં (મળીને) ૮૮ વાટલાં વિમાન, ૯૨ ત્રિખુણાં અને ૮૮ ચોખુણાં વિમાનો છે એમ જાણવાં.

**ચઉસટ્ટી બાવત્તરિ, અડસટ્ટી ચેવ હોઇ નાયવ્વા,**
**આરણ અચ્ચુય કપ્પે, વટ્ટા તંસા ય ચઉરંસા. ૮**

**શબ્દાર્થ**—આરણ અને અચ્યુત દેવલોકમાં ૬૪ વાટલાં, ૭૨ ત્રિખુણાં અને ૬૮ ચોખુણાં વિમાન જ છે એમ જાણવાં.

**પણતીસા ચત્તાલા, છત્તીસા હેટ્ઠિમંમિ ગેવિજ્જે,**
**તેવીસા અટ્ઠવીસા, ચોવીસા ચેવ મજ્ઝિમએ. ૯**

**શબ્દાર્થ**—હેઠલી ત્રણ ગ્રૈવેયકમાં ૩૫ ગોળ, ૪૦ ત્રિખુણાં અને ૩૬ ચોખુણાં વિમાન છે. મધ્યની ત્રણ ગ્રૈવેયકમાં **૨૩** ગોળ, ૨૮ ત્રિખુણાં અને ૨૪ નિશ્ચે ચોખુણાં વિમાનો છે.

**ઈક્કારસ સોલસ, બારસેવ ગેવિજ્જે ઉવરિમે હુંતિ,**
**એક્કં વટ્ટા તંસા, ચઉરો ય અણુત્તર વિમાણે. ૧૦**

**શબ્દાર્થ**—ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં ૧૧ ગોળ, ૧૬ ત્રિખુણાં અને ૧૨ નિશ્ચે ચોખુણાં વિમાન છે. અનુત્તર વિમાનમાં ૧ ગોળ અને ૪ ત્રિખુણાં વિમાનો છે.

**અચ્ચિ તહાચ્ચિમાલી, વઇરોયણ પભંકર ય ચંદાભં,**
**સુરાભં સુક્કાભં, સુપઈટ્ઠાભં ચ રિટ્ઠાભં. ૧૧**
**સારસ્સય-માઇચ્ચા, વણ્હી વરૂણા ય ગદ્દતોયા ય,**
**તુસિયા અવ્વાબાહા, અગ્ગિ તહ ચેવ રિટ્ઠા ય. ૧૨**

**શબ્દાર્થ**—૧ અર્ચિ, તેમજ ૨. અર્ચિમાલી, ૩. વૈરોચન, ૪ પ્રભંકર, ૫ ચંદ્રાભ, ૬. સૂર્યાભ, ૭. શુક્રાભ, ૮. સુપ્રતિષ્ઠાભ અને ૯. અરિષ્ઠાભ (આ ૯ વિમાનો લોકાન્તિક દેવોનાં છે.)

**શબ્દાર્થ**—૧. સારસ્વત, ૨. આદિત્ય, ૩, વહ્નિ, ૪, વરૂણ, ૫. ગર્દતોય, ૬. તુષિત, ૭. અવ્યાબાધ, ૮. અગ્નિ, તેમજ નિશ્ચે ૯. અરિષ્ટ. (આ ૯ લોકાન્તિક દેવોનાં નામો છે.)

**નાણુસ્સ કેવલીણં, ધમ્માયરિયસ્સ સવ્વસાહૂણં,**
**માઇ અવણ્ણવાઈ, કિબ્બિસિય ભાવણં કુણઇ. ૧૩**

**શબ્દાર્થ**—જ્ઞાનના, કેવળીના, ધર્માચાર્યના અને સર્વ સાધુના અવર્ણવાદને બોલનારો, તથા માયી જીવ પાપી ભાવનાને કરે છે એટલે કિલ્બિષિક દેવપણે ઉપજે છે.

**કોઊય ભૂઈકમ્મે, પસિણાપસિણે નિમિત્તમાજીવે,**
**ઇડ્ઢિ રસ સાય ગરૂઓ, અભિઓગં ભાવણં કુણઈ. ૧૪**

**શબ્દાર્થ**—કૌતુક કરનાર, ભૂતિકર્મ કરનાર, પ્રશ્નથી કે પ્રશ્ન વિના નિમિત્ત કહેનાર, નિમિત્તથી આજીવિકા કરનાર, રૂદ્ધિ, રસ અને શાતા ગારવ કરનારો જીવ અભિયોગિક ભાવનાને કરે છે (નોકર દેવપણે ઉપજે છે.)

**તેસીયા પંચસયા, ઇક્કારસ ચેવ જોયણ સહસ્સા,**
**રયણાએ પત્થડંતર, મેગો ચિય જોયણ તિભાગો. ૧૫**

**શબ્દાર્થ**—રત્નપ્રભા પૃથ્વીમાં પ્રતરનું અંતર ૧૧૫૮૩⅓ યોજન નિશ્ચે છે.

**સત્તાણુ વઇ સયાઈં, બીયાએ પત્થડંતરં હોઈ,**
**પણહુત્તરિ તિન્નિ સયા, બારસ સહસ્સ તઈયાએ. ૧૬**

**શબ્દાર્થ**—બીજી પૃથ્વીમાં પ્રતરનું અંતર ૯૭ સો યોજન છે. અને ત્રીજી પૃથ્વીમાં ૧૨,૩,૭૫ યોજન છે.

**છાવટ્ઠિ સયં સોલસં, સહસ્સ એગો ય દો વિભાગાઇ,**
**અડ્ઢાઈજ્જ સયાઈં, પણવીસ સહસ્સ ધૂમાએ. ૧૭**

**શબ્દાર્થ**—ચોથી નરક પૃથ્વીમાં ૧૬,૧,૬૬⅔ યોજન છે અને ધૂમપ્રભામાં ૨૫ હજાર અઢીસો યોજન છે.

**બાવન્ન સહસ્સાઈં, પંચેવ હવંતિ જોયણ સયાઈં,**
**પત્થડમંતર મેયં, છટ્ઠી પુઢવીએ નેયવ્વં. ૧૮**

**શબ્દાર્થ**—છટ્ઠી પૃથ્વીમાં બાવન હજાર પાંચસો જોજન એ પ્રતરનું અંતર છે એમ જાણવું.

# શ્રી શ્રીપાલ રાજાનો રાસ

આજ દિન સુધીમાં આવી સંકલનાથી બહાર પડયો નથી તેવો આ શ્રી શ્રીપાલ રાજાનો રાસ અમારા તરફથી પ્રગટ થતાં અમે અત્યાનંદ અનુભવીએ છીએ.

આ રાસમાં દરેક ગાથાઓમાં આવતા લગભગ બધાજ કઠીન શબ્દોના અર્થ મૂકવામાં આવ્યા છે તેમજ દરેક ગાથાઓના અર્થ મૂકવામાં આવ્યા છે આ છે અમારી આ ગ્રંથ પ્રકાશનમાં નવીનતા, ચાર ખંડમાં બધી જ ઢાળો મૂકવામાં આવી છે. પાછળ નવે પદની વિધિ, સ્તવનો વિગેરે પણ આપવામાં આવેલ છે. ભારે કાગળ, સુંદર છપાઈ, ઝેકેટ વિગેરે મૂકી પુસ્તકને બને તેટલું સુંદર બનાવેલ છે. પુસ્તકમાં ૧૧ ચિત્રો મૂકવામાં આવ્યા છે જેમાં 'શ્રી શ્રીપાલ રાજા' અને 'મયણા સુંદરી' ના ચિત્રો પણ મૂકવામાં આવ્યા છે. **કિંમત રૂા. ૧૨-૦૦**

# શ્રી જૈન ધર્મ પ્રકરણ રત્નાકર

આ પુસ્તકમાં અભ્યાસને યોગ્ય ક્રમસર, નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છકર્મગ્રંથ, શ્રી તત્ત્વાર્થ સૂત્ર, બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ, દશવૈકાલિકસૂત્ર, ચઉસરણ પયન્ના, આઉર પચ્ચક્ખાણ, વીતરાગ સ્તોત્ર, યોગશાસ્ત્ર આદિ અતિ મનનીય, અભ્યસનીય બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. અભ્યાસકને અભ્યાસ કરવામાં ખુબ અનુકુળતા રહે તે મુજબ સંકલના કરવામાં આવી છે. સુંદર છપાઇ, પાકું બાઈન્ડીંગ છતાં **કિંમત ફક્ત રૂા. ૩-૫૦** રાખી છે.

**જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪ ડોશીવાડાની પોળ, ખત્રીની ખડકી,

**અમદાવાદ ૧.**

**શ્રી વિવિધ પૂજા સંગ્રહ**
**ભાગ ૧ થી ૧૧**

પં. વીરવિજયજી, પં. રૂપવિજયજી, શ્રી લક્ષ્મીસૂરિ, ઉ. યશોવિજયજી, આદિ અનેક પૂર્વાચાર્યવિરચિત તથા અર્વાચીન મુનિમહારાજાઓની બનાવેલી પૂજાઓનો સંગ્રહ પૃષ્ટ ૮૯૮ ભાવવાહી રંગીન જેકેટ સુંદર કાગળ પાકું બાઈન્ડીંગ

**મૂલ્ય રૂા, ૭–૦૦**

**ભાગ ૧ થી ૯ રૂા. ૬–૦૦ ભાગ ૧ થી ૬ રૂા. ૪–૦૦**

જૈન ધર્મના દરેક ભાષાના દરેક વિષયનાં પુસ્તકો મળશે.
કમિશન માટે પૂછાવો.

**જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪ ડોશીવાડાની પોળ, **અમદાવાદ–૧.**

અમારૂં નવું પ્રકાશન

**શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી**
**[ આવૃત્તિ પાંચમી ]**

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ–ભગવાન તથા ગૌતમસ્વામી, સિદ્ધચક્ર, વીશસ્થાનક, ઘંટાકર્ણ, માણીભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી, અંબિકાદેવી તથા શત્રુંજયાદિ તીર્થો સાથે ૪૪ પૂર્ણરંગી ચિત્રો સાથે ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે પ્લાસ્ટીક કવર સાથે કીં. રૂા. ૨–૦૦ વધુ લેનારને યોગ્ય કમીશન આપવામાં આવશે.

**ઠે. જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪ ડોશીવાડાની પોળ, **અમદાવાદ–૧.**

# શ્રી બૃહત્ સંગ્રહણી પ્રકરણ મૂળ.

---

નમિઉં અરિહંતાઇં, ઠિઇ ભવણો-ગાહણા ય પત્તેયં,
સુર-નારયાણ વુચ્છં, નર તિરિયાણં વિણા ભવણં. ૧.
ઉવવાય-ચવણ-વિરહં, સંખં ઇગ-સમઇયં ગમા-ગમણે,
દસ વાસ સહસ્સાઇં, ભવણવઇણં જહન્ન ઠિઇ. ૨.
ચમર બલિ સાર-મહિઅં, તદ્દેવીણં તુ તિન્નિ ચત્તારિ,
પલિયાઇં સડ્ઢાઇં, સેસાણં નવનિકાયાણં. ૩.
દાહિણ દિવડ્ઢ પલિયં, ઉત્તરઓ હુન્તિ દુન્નિ દેસૂણા,
તદ્દેવી-મદ્ધ પલિયં, દેસૂણં આઉ-મુક્કોસં. ૪.
વંતરિયાણં જહન્નં, દસ વાસ સહસ્સ પલિય-મુક્કોસં;
દેવીણં પલિયદ્ધં, પલિયં અહિયં સસિ-રવીણં. ૫.
લક્ખેણ સહસ્સેણ ય, વાસાણ ગહાણ પલિય-મેએસિં,
ઠિઇ અદ્ધં દેવીણં, કમેણ નક્ખત્ત તારાણં. ૬.
પલિયદ્ધં ચઉભાગો, ચઉ અડ ભાગાહિગાઉ દેવીણં,
ચઉ જુઅલે ચઉભાગો, જહન્ન-મડ ભાગ પંચમએ. ૭.
દો સાહિ સત્ત સાહિય, દસ ચઉદસ સત્તર અયર જા સુક્કો,
ઇક્કિક્ક-મહિય-મિત્તો, જા ઇમતિસુવરિ ગેવિજ્જે. ૮.
તિતીસ-ણુત્તરેસુ, સોહમ્માઇસુ ઇમા ઠિઇ જિટ્ઠા,
સોહમ્મે ઇસાણે, જહન્ન ઠિઇ પલિય-મહિયં ચ. ૯.

દો સાહિ સત્ત દસ ચઉદ્દસ, સત્તર અયરાઇં જા સહસ્સારો,
તપ્પરઓ ઇક્કિક્કં, અહિયં જાણુત્તર-ચઉક્કે. ૧૦

ઇગતીસ સાગરાઇં, સવ્વટ્ઠે પુણ જહન્ન ઠિઇ નત્થિ,
પરિગ્ગહિયાણિ-યરાણિ ય, સોહમ્મી-સાણ દેવીણં. ૧૧.

પલિયં અહિયં ચ કમા, ઠિઇ જહન્ના ઇઓ ય ઉક્કોસા,
પલિયાઇં સત્ત પન્નાસ, તહ ય નવ પંચવન્ના ય. ૧૨.

પણ છ ચઉ ચઉ અટ્ઠ ય, કમેણ પત્તેય-મગ્ગમહિસીઓ,
અસુર નાગાઇ વંતર, જોઇસ કપ્પ દુગિંદાણં. ૧૩.

દુસુ તેરસ દુસુ બારસ, છ પણ ચઉ ચઉ દુગે દુગે ય ચઉ,
ગેવિજ્જ-ણુત્તરે દસ, બિસટ્ઠિ પયરા ઉવરિ લોએ. ૧૪.

સોહમુક્કોસ ઠિઇ, નિય પયર વિહત્ત ઇચ્છ સંગુણિઓ,
પયરુક્કોસ ઠિઇઓ, સવ્વત્થ જહન્નઓ પલિયં. ૧૫

સુરકપ્પઠિઇ વિસેસો, સગ પયર વિહત્ત ઇચ્છ સંગુણિઓ,
હિટ્ઠિલ્લ ઠિઇ સહિઓ, ઇચ્છિય પયરમ્મિ ઉક્કોસા. ૧૬.

કપ્પસ્સ અંતપયરે, નિય કપ્પ-વડિંસયા વિમાણાઓ,
ઇંદ નિવાસા તેસિં, ચઉદિસિ લોગપાલાણં. ૧૭.

સોમ જમાણં સતિભાગ, પલિય વરૂણસ્સ દુન્નિ દેસૂણા,
વેસમણે દો પલિયા, એસ ઠિઇ લોગપાલાણં. ૧૮.

અસુરા નાગ સુવન્ના, વિજ્જુ અગ્ગી ય દીવ ઉદહી અ,
દિસિ પવણ થણિય દસવિહ, ભવણવઇ તેસુ દુદુ ઇંદા. ૧૯.

ચમરે બલી અ ધરણે, ભૂયાણંદે ય વેણુદેવે ય,
તત્તો ય વેણુદાલી, હરિકંતે હરિસ્સહે ચેવ. ૨૦.
અગ્ગિસિહ અગ્ગિમાણવ, પુન્ન વિસિટ્ઠે તહેવ જલકંતે,
જલપહ તહ અમિઅગઇ,મિયવાહણ દાહિણુત્તરઓ.૨૧.
વેલંબે ય પભંજણ ઘોસ,મહાઘોસ એસિ-મન્નયરો,
જંબુદ્દીવં છત્તં, મેરૂં દંડં પહુ કાઉં. ૨૨
ચઉતીસા ચઉચત્તા, અટ્ઠતીસા ય ચત્ત પંચણ્હં,
પન્ના ચત્તા કમસો, લક્ખા ભવણાણ દાહિણઓ. ૨૩.
ચઉ ચઉ લક્ખા વિહૂણા,તાવઇયા ચેવ ઉત્તર દિસાએ,
સવ્વેવિ સત્તકોડી, બાવત્તરિ હુન્તિ લક્ખા ય. ૨૪.
રયણાએ હિટ્ઠુવરિં, જોયણ સહસ્સં વિમુત્તું તે ભવણા,
જંબુદ્દીવ સમા તહ, સંખ-મસંખિજ્જ વિત્થારા. ૨૫.
ચુડામણિ ફણિ ગરુડે, વજ્જે તહ કલસ સીહ અસ્સે ય,
ગય મયર વદ્ધમાણે, અસુરાઇણં મુણસુ ચિંધે. ૨૬.
અસુરા કાલા નાગુ-દહિ,પંડુરાતહ સુવન્ન દિસિ થણિયા,
કણગાભવિજ્જુસિહિદીવ,અરૂણા વાઉપિયંગુનિભા.૨૭
અસુરાણ વત્થ રત્તા,નાગો-દહિ વિજ્જુ દીવ સિહિ નીલા,
દિસિ થણિય સુવન્નાણં,ધવલા વાઉણ સંઝ-રુઇ. ૨૮.
ચઉ-સટ્ઠિ સટ્ઠિ અસુરે, છચ્ચ સહસ્સાઇં ધરણમાઇણં,
સામાણિયા ઇમેસિં, ચઉગ્ગુણા આયરક્ખા ય. ૨૯.

રયણાએપઢમ જોયણ,સહસ્સે હિટ્ઠુવરિંસય સય વિહૂણે
વંતરિયાણં રમ્મા, ભોમા નયરા અસંખિજ્જા. ૩૮
બહિં વટ્ટા અંતો, ચઉરંસા અહો ય કણ્ણિઆયારા
ભવણવઈણં તહ વંતરાણ, ઇંદ ભવણાઓ નાયવ્વા.૩૧
તહિં દેવા વંતરિયા, વર તરુણી ગીય વાઇય રવેણં,
નિચ્ચં સુહિયા પમુઇયા, ગયં પિ કાલં ન યાણંતિ. ૩૨
તે જંબુદ્દીવ ભારહ, વિદેહ સમ ગુરૂ જહન્ન મજ્ઝિમગા
વંતર પુણ અટ્ઠવિહા, પિસાય ભૂયા તહા જક્ખા. ૩૩
રક્ખસ કિંનર કિંપુરિસા, મહોરગા અટ્ઠમા ય ગંધવ્વા
દાહિણુત્તર ભેયા, સોલસ તેસિં ઇમે ઇંદા. ૩૪
કાલે ય મહાકાલે, સુરુવ પડિરુવ પુન્નભદ્દે ય,
તહ ચેવ માણિભદ્દે, ભીમે ય તહા મહાભીમે.. ૩૫
કિંનર કિંપુરિસે સપ્પુરિસા, મહાપુરિસ તહય અઇકાએ
મહાકાય ગીયરઇ, ગીયજસે દુન્નિ દુન્નિ કમા. ૩૬
ચિંધં કલંબ સુલસે, વડ ખટ્ટંગે અસોગ ચંપયએ.
નાગે તુંબરૂ અ ઝએ, ખટ્ટંગ વિવજ્જિયા રૂક્ખા. ૩૭
જક્ખ પિસાય મહોરગ, ગંધવ્વા સામ કિંનરા નીલા
રક્ખસ કિંપુરિસા વિય, ધવલા ભૂયા પુણો કાલા. ૩૮
અણપન્ની પણપન્ની, ઇસિવાઇ ભૂયવાઇએ ચેવ,
કંદીય મહાકંદી, કોહંડે ચેવ પયંગે ય. ૩૯

ઇય પઢમ જોયણ સએ, રયણાએ અટ્ઠ વંતરા અવરે,
તેસુ ઇહ સોલસિંદા, રુયગ અહો દાહિણુત્તરઓ. ૪૦.
સંનિહિએ સામાણે, ધાઇ વિહાએ ઇસીય ઇસીવાલે,
ઇસર મહેસરે વિય, હવઇ સુવચ્છે વિસાલે ય. ૪૧.
હાસે હાસરઇ વિય, સેએ ય ભવે તહા મહાસેએ,
પયંગે પયંગવઇ વિય, સોલસ ઇંદાણ નામાઇં. ૪૨.
સામાણિયાણ ચઉરો, સહસ્સ સોલસ ય આયરક્ખાણં,
પત્તેયં સવ્વેસિં, વંતરવઈ સસિ રવીણં ચ. ૪૩.
ઇંદ સમ તાયતીસા, પરિસતિયા રક્ખ લોગપાલા ય,
અણિય પઇન્ના અભિઓગા,
કિબ્બિસં દસ ભવણ વેમાણી. ૪૪.
ગંધવ્વ નટ્ટ હય ગય, રહ ભડ અણિયાણિ સવ્વ ઇંદાણં,
વેમાણિયાણ વસહા, મહિસા ય અહોનિવાસીણં. ૪૫.
તિત્તીસ તાયતીસા, પરિસતિયા લોગપાલ ચત્તારિ;
અણિઆણિ સત્ત સત્તય, અણિયાહિવ સવ્વઇંદાણં. ૪૬.
નવરં વંતર જોઇસ, ઇંદાણ ન હુન્તિ લોગપાલાઓ,
તાયત્તીસ-ભિહાણા, તિયસાવિ ય તેસિં ન હુ હુન્તિ.૪૭.
સમભૂતલાઓ અટ્ઠહિં, દસૂણ જોયણ સએહિં આરબ્ભ,
ઉવરિ દસુત્તર જોયણ, સયંમિ ચિટ્ઠન્તિ જોઇસિયા. ૪૮.
તત્થ રવી દસ જોયણ, અસીઈ તદ્ધવરિં સસીય રિક્ખેસુ,
અહ ભરણિ સાઇ ઉવરિં, બહિં મૂલો ભિંતરે અભિઈ.૪૯.

તાર રવી ચંદ રિક્ખા, બુહ સુક્કા જીવ મંગલ સણિયા
સગ સય નઉય દસ અસિઇ,
ચઉ ચઉ કમસો તિયા ચઉસુ. ૫૦
ઇક્કારસ જોયણ સય, ઇગવીસિક્કાર સાહિયા કમસો,
મેરુ અલોગા-બાહં, જોઇસ ચક્કં ચરઇ ઠાઇ. ૫૧.
અદ્ધ કવિટ્ઠાગારા, ફલિહમયા રમ્મ જોઇસ-વિમાણા,
વંતર નયરેહિંતો, સંખિજ્જ ગુણા ઇમે હુન્તિ. ૫૨.
તાઇં વિમાણાઇં પુણ, સવ્વાઇં હુન્તિ ફાલિહ-મયાઇં,
દગ-ફાલિહ મયા પુણ, લવણે જે જોઇસ વિમાણા. ૫૩.
જોયણિ-ગસટ્ઠિ ભાગા, છપ્પન્ન અડયાલ ગાઉ દુ ઇગ-દ્ધં;
ચંદાઈ વિમાણા-યામ, વિત્થડા અદ્ધ-મુચ્ચત્તં. ૫૪
પણયાલ લક્ખ જોયણ, નર-ખિત્તં તત્થિમે સયા ભમિરા
નરખિત્તાઉ બહિં પુણ, અદ્ધ-પમાણા ઠિઆ નિચ્ચં. ૫૫.
સસિ રવિ ગહ નક્ખત્તા, તારાઓ હુન્તિ જહુત્તરં સિગ્ઘા,
વિવરીયા ઉ મહઢ્ઢિઅ, વિમાણ-વહગા કમેણે-સિં. ૫૬.
સોલસ સોલસ અડ ચઉ, દો સુર સહસ્સા પુરઓ દાહિણઓ,
પચ્છિમ ઉત્તર સીહા, હત્થી વસહા હયા કમસો. ૫૭.
ગહ અટ્ઠાસી નક્ખત્ત, અડવીસં તાર કોડિ-કોડીણં,
છાસટ્ઠિ સહસ્સ નવસય, પણહત્તરિ એગ સસિ સિન્નં. ૫૮.
કોડા કોડી સન્નં-તરં તુ મન્નન્તિ ખિત્ત-થોવતયા,
કેઇ અન્ને ઉસ્સે-હંગુલ-માણેણ તારાણં. ૫૯.

કિણ્હં રાહુ વિમાણં, નિચ્ચં ચ દેણ હોઈ અવિરહિયં,
ચઉરંગુલ-મપ્પત્તં, હિટ્ઠા ચંદસ્સ તં ચરઇ. ૬૦

તારસ્સ ય તારસ્સ ય, જંબુદ્દીવંમિ અંતરં ગુરુયં,
બારસ જોયણ સહસ્સા, દુન્નિ સયા ચેવ બાયાલા. ૬૧.

નિસઢો ય નીલવંતો,ચત્તારિ સય ઉચ્ચ પંચ સય કૂડા,
અદ્ધં ઉવરિં રિક્ખા, ચરંતિ ઉભય-ટ્ઠ બાહાએ. ૬૨.

છાવટ્ઠા દુન્નિ સયા, જહન્ન-મેયં તુ હોઈ વાઘાએ,
નિવ્વાઘાએ ગુરુ લહુ, દો ગાઉ ય ધણુ સયા પંચ. ૬૩

માણુસ-નગાઓ બાહિં, ચંદા સુરસ્સ સૂર ચંદસ્સ,
જોયણ સહસ્સ પન્નાસ, ણુણગા અંતરં દિટ્ઠં. ૬૪

સસિ સસિ રવિ રવિ સાહિય,જોયણ લક્ખેણ અંતરં હોઈ,
રવિ અંતરિયા સસિણો,સસિ અંતરિયા રવિ દિત્તા. ૬૫.

બહિયા ઉ માણુસુત્તરઓ,ચંદા સૂરા અવટ્ઠિ-ઉજ્જોયા;
ચંદા અભિઇ-જુત્તા, સૂરા પુણ હુન્તિ પુસ્સેહિં. ૬૬.

ઉદ્ધાર સાગર દુગે, સડ્ઢે સમએહિં તુલ્લ દીવુદહિ,
દુગુણા દુગુણ પવિત્થર, વલયાગારા પઢમ વજ્જં. ૬૭

પઢમો જોયણ લક્ખં, વટ્ટો તં વેઢિઉં ઠિઆ સેસા,
પઢમો જંબુદ્દીવો, સયંભૂરમણોદહી ચરમો. ૬૮.

જંબૂધાયઇ પુક્ખર,વારુણીવર ખીર ઘય ખોય નંદીસરા,
અરુણ-રૂણુવાય કુંડલ,સંખરુયગ ભુયગ કુસકુંચા. ૬૯.

પઢમે લવણો જલહી, બીએ કાલોય પુક્ખરાઈસુ,
દીવેસુ હુન્તિ જલહી, દીવ–સમાણેહિં નામેહિં. ૭૦

આભરણ વત્થ ગંધે,ઉપ્પલતિલએ ય પઉમ નિહિરયણે,
વાસહર દહ નઈઓ, વિજયા વક્ખાર કપ્પિંદા. ૭૧.

કુરૂ મંદર આવાસા, કૂડા નક્ખત્ત ચંદ સૂરા ય,
અન્નેવિ એવમાઈ, પસત્થ–વત્થૂણ જે નામા. ૭૨.

તન્નામા દીવુદહી, તિપડોયાયાર હુન્તિ અરુણાઈ,
જંબૂ–લવણાઈયા, પત્તેયં તે અસંખિજ્જા. ૭૩.

તાણં–તિમ સૂરવરા–વભાસ જલહી પરંતુ ઇક્કિક્કા,
દેવે નાગે જક્ખે, ભૂએ ય સયંભૂરમણે ય. ૭૪.

વારુણીવર ખીરવરો ઘયવર લવણો ય હુન્તિ ભિન્નરસા,
કાલોય પુક્ખરો–દહિ, સયંભૂરમણો ય ઉદગરસા. ૭૫.

ઇક્ખુરસ સેસ જલહી,લવણે કાલોએ ચરિમિ બહુમચ્છા,
પણ સગ દસ જોયણ સય, તણુ કમા થોવ સેસેસુ. ૭૬.

દો સસિ દો રવિ પઢમે, દુગુણા લવણંમિ ધાયઈ સંડે,
બારસસસિબારસરવિ,તપ્પભિઇનિદિટ્ઠસસિરવિણો. ૭૭.

તિગુણા પુવ્વિલ્લ જુયા, અણંતરા–ણંતરંમિ ખિત્તંમિ,
કાલોએ બાયાલા, બિસત્તરી પુક્ખરદ્ધંમિ. ૭૮.

દો સસિ દો રવિપંતી એગંતરિયા છસટ્ઠિ સંખાયા,
મેરું પયાહિણંતા, માણુસ–ખિત્તે પરિઅડન્તિ. ૭૯.

એવં ગહાઇણો વિ હુ, નવરં ધુવ પાસવત્તિણો તારા,
તં ચિય પયાહિણંતા, તત્થેવ સયા પરિભમન્તિ. ૮૦

પન્નરસ ચુલસી ઇ સયં,
ઇહિ–સસિ–રવિ મંડલાઇં તક્ખિત્તં,
જોયણ પણ–સય દસહિય, ભાગા અડયાલ ઇગસટ્ઠા ૮૧.

તીસિ–ગસટ્ઠા ચઉરો, ઇગ ઇગસટ્ઠસ્સ સત્ત ભઇયસ્સ,
પણતીસં ચ દુ જોયણ, સસિ–રવિણો મંડલં–તરયં.૮૨.

મંડલ દસગં લવણે, પણગં નિસઢંમિ હોઇ ચંદસ્સ,
મંડલ–અંતર–માણં, જાણ પમાણં પુરા કહિયં. ૮૩.

પણસટ્ઠી નિસઢંમિ ય, દુન્નિ ય બાહા દુજોયણં–તરિયા;
ઇગુણવીસં તુ સયં, સૂરસ્સ ય મંડલા લવણે. ૮૪

સસિ–રવિણોલવણંમિય, જોયણસયતિન્નિતીસ અહિયાઇં;
અસીયં તું જોયણ સયં, જંબુદ્દીવંમિ પવિસન્તિ. ૮૫.

ગહ રિક્ખ તાર સંખં, જત્થે-ચ્છસિ નાઉ મુદહિ-દીવે વા,
તસ્સસિહિ એગ–સસિણો, ગુણ સંખં હોઇ સવ્વગ્ગં.૮૬.

બત્તીસ-ટ્ઠાવીસા, બારસ અડ ચઉ વિમાણ લક્ખાઇં,
પન્નાસ ચત્ત છ સહસ્સ, કમેણ સોહમ્માઇસુ. ૮૭.

દુસુ સયચઉ દુસુ સય-તિગ, મિગારસહિયં સયં તિગે હિટ્ઠા,
મજ્ઝે સત્તુત્તર-સય, મુવરિ તિગે સય–મુવરિ પંચ. ૮૮.

ચુલસીઈ લક્ખ સત્તાણુવઈ, સહસ્સા વિમાણ તેવીસં,
સવ્વગ્ગ મુદ્ધ લોગમિ, ઇંદયા બિસટ્ઠિ પયરેસુ. ૮૯.

ચઉ દિસિ ચઉ પંતીઓ.બાસટ્ઠિ વિમાણિયા પઢમપયરે
ઉવરિ ઇક્કિક્ક હીણા, અણુત્તરે જાવ ઇક્કિક્કં. ૯૦.

ઇંદય વટ્ટા પંતીસુ, તો કમસો તંસ ચઉરંસા વટ્ટા,
વિવિહા પુપ્ફવકિન્ના, તયંતરે મુત્તું પુવ્વ-દિસિં. ૯૧.

એગં દેવે-દીવે, દુવે ય નાગોદહીસુ બોધવ્વે,
ચત્તારિ જક્ખ-દીવે, ભૂય-સમુદ્દેસુ અટ્ઠેવ. ૯૨.

સોલસ સયંભૂરમણે, દીવસુ પઇટ્ઠિયા ય સુરભવણા,
ઇગતીસં ચ વિમાણા સયંભૂરમણે સમુદ્દે ય. ૯૩.

વટ્ટં વટ્ટસ્સુવરિં, તંસ ત સસ્સ ઉવરિમં હોઇ,
ચઉરંસે ચઉરંસં, ઉડ્ઢં તુ વિમાણ સેઢીઓ. ૯૪

સવ્વે વટ્ટ-વિમાણા, એગ-દુવારા હવન્તિ નાયવ્વા,
તિન્નિ ય તંસ વિમાણે, ચત્તારિ ય હુન્તિ ચઉરંસે. ૯૫.

પાગાર-પરિક્ખિત્તા વટ્ટવિમાણા હવન્તિ સવ્વેવિ,
ચઉરંસ વિમાણાણં, ચઉદિસિં વેઇયા હોઇ. ૯૬.

જત્તો વટ્ટ વિમાણા, તત્તો તંસસ્સ વેઇયા હોઇ,
પાગારો બોધવ્વો, અવસેસેસું તુ પાસેસુ. ૯૭.

આવલિય-વિમાણાણં,અંતરં નિયમસો અસંખિજ્જં,
સંખિજ્જ-મસંખિજ્જ ,ભણિયં પુપ્ફાવકિન્નાણં. ૯૮.

અચ્ચંત-સુરહિ ગંધા, ફાસે નવણીય-મઉય સુહફાસા,
નિચ્ચુજ્જોયા રમ્મા, સયં પહા તે વિરાયંતિ. ૯૯.

જે દક્ખિણેણ ઇંદા, દાહિણઓ આવલી મુણેયવ્વા,
જે પુણ ઉત્તર ઇંદા, ઉત્તરઓ આવલી મુણે તેસિં.૧૦૦.

પુવ્વેણ પચ્છિમેણ ય, સામન્ના આવલી મુણેયવ્વા,
જે પુણ વટ્ટ વિમાણા, મજ્ઝિલ્લા દાહિણિલ્લાણં. ૧૦૧.

પુવ્વેણ પચ્છિમેણ ય, જે વટ્ટા તે વિ દાહિણિલ્લસ્સ,
તંસ ચઉરંસગા પુણ, સામન્ના હુન્તિ દુણ્હં પિ. ૧૦૨.

પઢમં-તિમ પયરાવલિ,વિમાણ મુહ ભૂમિ તસ્સમાસદ્ધં,
પયર ગુણ-મિટ્ઠ કપ્પે, સવ્વગ્ગં પુપ્ફકિન્નિયરે. ૧૦૩.
ઇગદિસિ-પંતિ વિમાણા, તિવિભત્તા તંસ ચઉરંસા વટ્ટા,
તંસેસુ સેસ-મેગં, ખિવ સેસ દુગસ્સ ઇક્કિક્કં. ૧૦૪.

તંસેસુ ચઉરંસેસુ ય, તો રાસિ તિગં પિ ચઉગુણં કાઉં,
વટ્ટેસુ ઇંદયં ખિવ, પયર ધણં મીલિયં કપ્પે. ૧૦૫.

સત્ત-સય સત્તવીસા, ચત્તારિ-સયા ય હુન્તિ ચઉનઉયા,
ચત્તારિ ય છાસીયા, સોહમ્મે હુન્તિ વટ્ટાઇ. ૧૦૬.

એમેવ ય ઇસાણે, નવરં વટ્ટાણ હોઇ નાણત્તં,
દો સય અટ્ઠતીસા, સેસા જહ ચેવ સોહમ્મે. ૧૦૭.

પુવ્વા-વરા છ લંસા, તંસા પુણ દાહિણુત્તરા બજ્ઝ,
અબ્ભિન્તર ચઉરંસા,સવ્વા-વિ ય કણ્હરાઇઓ.૧૦૮.

ચુલસી અસિઇ બાવત્તરિ,સત્તરિ સટ્ઠીય પન્ન ચત્તાલા,
તુલ્લ સુર તીસ વીસા,
દસ સહસ્સ આયરક્ખ ચઉગુણિયા. ૧૦૯.
કપ્પેસુ ય મિય મહિસો, વરાહ સીહા ય છગલ સાલૂરા,
હય ગય ભુયંગ ખગ્ગી, વસહા વિડિમાઇ ચિંધાઇં.૧૧૦.
દુસુ તિસુ તિસુ કપ્પેસુ,
ઘણુદહિ ઘણવાય તદુભયં ચ કમા,
સુર–ભવણ–પઇટ્ઠાણં, આગાસ પઇટ્ઠિયા ઉવરિં. ૧૧૧.
સત્તાવીસ સયાઇં, પુઢવિ–પિંડો વિમાણ–ઉચ્ચત્તં;
પંચ સયા કપ્પ દુગે, પઢમે તત્તો ય ઇક્કિક્કં. ૧૧૨.
હાયઇ પુઢવીસુ સયં, વડ્ઢઇ ભવણેસુ દુ દુ દુ કપ્પેસુ,
ચઉગે નવગે પણગે, તહેવ જા–ણુત્તરેસુ ભવે. ૧૧૩.
ઇગવીસ સયા પુઢવી, વિમાણ–મિક્કારસેવ ય સયાઇં,
બત્તીસ જોયણ સયા, મિલિયા સવ્વત્થ નાયવ્વા. ૧૧૪.
પણ ચઉ તિ દુ વન્ન વિમાણ,
સધય દુસુ દુસુ ય જા સહસ્સારો,
ઉવરિ સિય ભવણવંતર,જોઇસિયાણં વિવિહવન્ના.૧૧૫.
રવિણો ઉદય-ત્થંતર, ચઉનવઇ સહસ્સ પણસય છવ્વીસા,
બાયાલ સટ્ઠિ ભાગા, કક્કડ–સંકંતિ દિયહંમિ. ૧૧૬.
એયંમિ પુણો ગુણિએ,તિ પંચસગ નવ ય હોઇ કમમાણં,
તિગુણંમિ ય દો લક્ખા,તેસીઇ સહસ્સ પંચ સયા.૧૧૭.

અસીઇ છ સટ્ઠિ ભાગા, જોયણ ચઉ લક્ખ જિસત્તરિ
સહસ્સા;
છચ્ચ સયા તેત્તીસા,તીસ કલા પંચ ગુણિયંમિ. ૧૧૮.
સત્ત ગુણે છ લક્ખા, ઇગસટ્ઠિ સહસ્સ છ સય છાસીયા,
ચઉપન્ન કલા તહ નવ,ગુણંમિ અડલક્ખ સટ્ઠાઓ.૧૧૯.
સત્તસયા ચત્તાલા. અટ્ઠારસ કલા યઇય કમા ચઉરો,
ચંડા ચવલા જયણા, વેગા ય તહા ગઈ ચઉરો. ૧૨૦.
ઇત્થ ય ગઈ ચઉત્થિં, જયણયરિં નામ કેઇ મન્નંતિ,
એહિં કમેહિ-મિમાહિં, ગઇહિં ચઉરો સુરા કમસો.૧૨૧.
વિક્ખંભં આયામં, પરિહિં અબ્ભિંતરંચ બાહિરિયં,
જુગવં મિણંતિ છમ્માસ, જાવ ન તહાવિ તે પારં. ૧૨૨.
પાવંતિ વિમાણાણં; કેસિં પિહુ અહવ તિગુણયાઇએ,
કમ ચઉગે પત્તેયં, ચંડાઈ ગઈ ઉ જોઇજ્જા. ૧૨૩.
તિગુણેણ કપ્પ ચઉગે, પંચ ગુણેણં તુ અટ્ઠસુ મુણિજ્જા,
ગેવિજ્જે સત્ત ગુણેણં, નવ ગુણે-ણુત્તર ચઉક્કે. ૧૨૪.
પઢમ પયરંમિ પઢમે, કપ્પે ઉડુ નામ ઇંદય વિમાણં,
પણયાલ લક્ખ જોયણ, લક્ખં સવ્વુવરિ સવ્વટ્ઠં. ૧૨૫.
ઉડુ ચંદ રયય વગ્ગુ, વીરિય વરુણે તહેવ આણંદે,
બંભે કંચણ રુઇરે, ચંદ અરુણે ય વરુણે ય. ૧૨૬.
વેરૂલિય રુયગ રુઇરે, અંકે ફલિહે તહેવ તવણિજ્જે;
મેહે અગ્ઘ હલિદ્દે,નલિણે તહ લોહિયક્ખે ય. ૧૨૭

વઇરે અંજણ વરમાલ, રિટ્ઠ દેવે ય સોમ મંગલએ,
બલભદ્દે ચક્ક ગયા, સોવત્થિય ણંદિયાવત્તે. ૧૨૮.
આભંકરે ય ગિદ્ધી, કેઉ ગરુલે ય હોઇ બોધવ્વે,
બંભે બંભહિએ પુણ, બંભુત્તર લંતએ ચેવ. ૧૨૯.
મહસુક્ક સહસ્સારે, આણય તહ પાણએ ય બોધવ્વે,
પુપ્ફે-લંકાર આરણ, તહા વિય અચ્ચુએ ચેવ. ૧૩૦.
સુદંસણ સુપડિબદ્ધે, મણોરમે ચેવ હોઇ પઢમ તિગે,
તત્તો ય સવ્વભદ્દે, વિસાલએ સુમણે ચેવ. ૧૩૧.
સોમણસે પીઇકરે, આઇચ્ચે ચેવ હોઇ તઇય તિગે,
સવ્વટ્ઠસિદ્ધિ નામે, ઇંદયા એવ બાસટ્ઠી. ૧૩૨
પણયાલીસં લક્ખા, સીમંતય માણુસં ઉડુ સિવં ચ;
અપયટ્ઠાણો સવ્વટ્ઠ, જંબૂદ્દીવો ઇમં લક્ખં. ૧૩૩.
અહ ભાગા સગ પુઢવીસુ.રજ્જુ ઇક્કિક્ક તહેવ સોહમ્મે,
માહિંદ લંત સહસ્સાર,અચ્ચુઅ ગેવિજ્જ લોગંતે,૧૩૪.
સમ્મત્ત ચરણ સહિયા, સવ્વંલોગંફુસે નિરવસેસં,
સત્ત ય ચઉદસ ભાએ, પંચ ય સુય દેસ વિરઇએ.૧૩૫.
ભવણ વણ જોઇ સોહમ્મી-સાણે સત્ત હત્થ તણુ-માણં;
દુ દુ દુ ચઉક્કે ગેવિજ્જ-ણુત્તરે હાણિ ઇક્કિક્કં. ૧૩૬.
કપ્પ દુગ દુ દુ દુ ચઉગે, નવગે પણગે ય જિટ્ઠ-ઠિઇ અયરા,
દો સત્ત ચઉદ-ટ્ઠારસ, બાવીસિગતીસ તિત્તીસા. ૧૩૭.

વિવરે તાણિ ક્કુણે, ઇક્કારસગા ઉ પાડિએ સેસા,
હત્થિક્કારસ ભાગા, અયરે અયરે સમહિયંમિ. ૧૩૮.
ચય પુવ્વ સરીરાઓ, કમેણ ઇગુત્તરાઇ વુડ્ઢીએ,
એવં ઠિઇ વિસેસા, સણંકુમારાઇ તણુ–માણં. ૧૩૯.
ભવ ધારણિજ્જ એસા, ઉત્તર વેઉવ્વિ જોયણા લક્ખં,
ગેવિજ્જ–ણુત્તરેસુ, ઉત્તર વેઉવ્વિયા નત્થિ. ૧૪૦.
સાહાવિય વેઉવ્વિય, તણુ જહન્ના કમેણ પારંભે,
અંગુલ અસંખ ભાગો, અંગુલ સંખિજ્જ ભાગોય.૧૪૧.
સામન્નેણં ચઉવિહ, સુરેસુ બારસ મુહુત્ત ઉક્કોસા,
ઉવવાય વિરહકાલો, અહ ભવણાઇસુ પત્તેયં. ૧૪૨.
ભવણ વણ જોઇ સોહમ્મી,–સાણેસુ મુહુત્ત ચઉવીસં,
તો નવદિણ વીસ મુહુ, બારસ દિણ દસ મુહુત્તાય. ૧૪૩.
બાવીસ સડ્ઢ દિયહા, પણયાલ અસીઇ દિણ સયં તત્તો,
સંખિજ્જા દુસુ માસા, દુસુ વાસા તિસુ તિગેસુ કમા.૧૪૪.
વાસાણ સયા સહસ્સા, લક્ખ તહ ચઉસુ વિજયમાઇસુ,
પલિયા અસંખ ભાગો, સવ્વટ્ઠે સંખભાગો ય. ૧૪૫.
સવ્વેસિંપિ જહન્નો, સમઓ એમેવ ચવણ વિરહો વિ,
ઇગદુ તિસંખ–મસંખા, ઇગ સમએ હુન્તિ ય ચવંતિ.૧૪૬.
નર પંચિંદિય તિરિયા–ણુપ્પત્તી સુરભવે પજ્જત્તાણં,
અજ્ઝવસાય વિસેસા, તેસિં ગઇ તારતમ્મં તુ. ૧૪૭.
નર તિરિ અસંખ જીવી, સવ્વે નિયમેણ જંતિ દેવેસુ,
નિય આઉય સમ હીણા–ઉએસુ ઇસાણ અંતેસુ.૧૪૮.

જંતિ સમુચ્છિમ તિરિયા.ભવણ-વણેસુ ન જોઇમાઇસુ,
જં તેસિં ઉવવાઓ, પલિયા-સંખંસ આઉસુ. ૧૪૯.
બાલતવે પડિબદ્ધા, ઉક્કડરોસા તવેણ ગારવિયા,
વેરેણ ય પડિબદ્ધા, મરિઉં અસુરેસુ જાયંતિ. ૧૫૦.
રજ્જુગહ-વિસ ભક્ખણ-જલ-જલણ-પવેસ-તણ્હ-
છુહ-દુહઓ,
ગિરિસિર પડણાઉમુઆ,સુહભાવા હું તિ વંતરિયા ૧૫૧.
તાવસ જા જોઇસિયા, ચરગ પરિવ્વાય બંભલોગો જા,
જા સહસ્સારો પંચિંદિ, તિરિય જા અચ્ચુઓ સટ્ઢા.૧૫૨.
જઇ લિંગ મિચ્છ દિટ્ઠી, ગેવિજ્જા જાવ જંતિ ઉક્કોસં,
પયમવિ અસદ્દહંતા, સુત્તત્થં મિચ્છદિટ્ઠીઓ. ૧૫૩.
સુત્તં ગણહર-રઇયં, તહેવ પત્તેય બુદ્ધ-રઇયં ચ,
સુય કેવલિણા રઇયં. અભિન્ન-દસ-પુવ્વિણા રઇયં.૧૫૪.
છઉમત્થ સંજયાણં, ઉવવા ઉક્કોસઓ અ સવ્વટ્ઠે,
તેસિં સટ્ઢાણં પિ ય, જહન્નઓ હોઇ સોહમ્મે. ૧૫૫.
લંતંમિ ચઉદ પુવ્વિસ્સ, તાવસાઇણ વંતરેસુ તહા,
એસિં ઉવવાય વિહિ, નિય કિરિયઠિયાણ સવ્વોવિ ૧૫૬.
વજ્જરિસહ નારાયં, પઢમં બીયં ચ રિસહ નારાયં,
નારાય-મદ્ધ નારાય, કીલિયા તહ ય છેવટ્ઠં. ૧૫૭.
એએ છ સંઘયણા, રિસહો પટ્ટો ય કીલિયા વજ્જં,
ઉભઓ મક્કડ બંધો,નારાઓ હોઈ વિન્નેઓ. ૧૫૮.

છ ગબ્ભ તિરિનરાણં,સમુચ્છિમ પણિંદિ વિગલ છેવટ્ઠં;
સુર નેરઇયા એગિ દિયા ય સવ્વે અસંઘયણા. ૧૫૯.
છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, ચઉરો જા કપ્પ કીલિયાઇસુ:
ચઉસુ દુ દુ કપ્પ વુડ્ઢી, પઢમેણં જાવ સિદ્ધી વિ. ૧૬૦.
સમચઉરંસે નગ્ગોહ, સાઇ વામણ ય ખુજ્જ હુંડે ય;
જીવાણ છ સંઠાણા, સવ્વત્થ સુલક્ખણં પઢમં. ૧૬૧.
નાહીએ ઉવરિ બીયં,તઇય-મહો પિટ્ઠિ ઉયર ઉરવજ્જં;
સિર ગીવ પાણિ પાએ, સુલક્ખણં તં ચઉત્થં તુ. ૧૬૨.
વિવરીયં પંચમગં, સવ્વત્થ અલક્ખણં ભવે છટ્ઠં;
ગબ્ભય નર તિરિય છહા, સુરા સમાહુંડયા સેસા. ૧૬૩.
જંતિ સુરા સંખાઉ ય,ગબ્ભયપજ્જત્તમણુય તિરિએસુ;
પજ્જત્તેસુ ય બાયર, ભૂ-દગ-પત્તેયગ-વણેસુ. ૧૬૪.
તત્થવિ સણંકુમારં, પભિઈ એગિંદિએસુ નો જંતિ;
આણય પમુહા ચવિઉં, મણુએસુ ચેવ ગચ્છન્તિ ૧૬૫.
દો કપ્પ કાયસેવી, દો દો દો ફરિસ રૂવ સદ્દેહિં;
ચઉરો મણેણુ-વરિમા,અપ્પવિયારા અણંતસુહા.૧૬૬.
જં ચ કામસુહં લોએ, જં ચ દિવ્વં મહાસુહં;
વીયરાય-સુહસ્સ ય, ણંતભાગં પિ નગ્ઘઇ. ૧૬૭.
ઉવવાઓ દેવીણં, કપ્પ દુગં જા પરઓ સહસ્સારા;
ગમણાગમણં નત્થી, અચ્ચુય પરઓ સુરાણંપિ. ૧૬૮.

તિ પલિય તિ સાર તેરસ,સારા કપ્પ દુગ તઇય લંત અહો;
કિબ્બિસિય ન હુન્તિ ઉવરિં,અચ્ચુયપરઓ-ભિઓગાઇ
અપરિગ્ગહ દેવીણં, વિમાણ લક્ખા છ હુંતિ સોહમ્મે;
પલિયાઇ સમયાહિય.ઠિઇ જાસિં જાવ દસ પલિયા. ૧૭૦
તાઓ સણંકુમારા, ણેવં વટ્ટન્તિ પલિય દસગેહિં;
જા બંભ સુક્ક આણય, આરણ દેવાણ પન્નાસા. ૧૭૧.
ઇસાણે ચઉ લક્ખા,સાહિય પલિયાઇ સમય અહિય ઠિઇ;
જા પન્નર પલિય જાસિં, તાઓ માહિંદ દેવાણં. ૧૭૨.
એએણ કમેણ ભવે, સમયાહિય પલિય દસગ વુડ્ઢીએ:
લંત સહસ્સાર પાણય, અચ્ચુય દેવાણ પણપન્ના. ૧૭૩.
કિણ્હા નીલા કાઊ,તેઊ પમ્હા ય સુક્ક લેસ્સાઓ;
ભવણ વણ પઢમ ચઊ લેસ, જોઇસિ કપ્પ દુગે તેઊ. ૧૭૪.
કપ્પ તિય પમ્હ લેસા, લંતાઇસુ સુક્કલેસ હુન્તિ સુરાઃ
કણગાભ પઉમકેસર,વન્ના દુસુતિસુઉવરિધવલા.૧૭૫.
દસવાસ સહસ્સાઇં, જહન્ન-માઉં ધરંતિ જે દેવા;
તેસિં ચઉત્થાહારે, સત્તહિં થોવેહિં ઊસાસો. ૧૭૬.
આહિ વાહિ વિમુક્કસ્સ, નિસાસુસ્સાસ એગગો;
પાણુ સત્ત ઇમો થોવો, સોવિ સત્ત ગુણો લવો. ૧૭૭.
લવસત્તહત્તરીએ, હોઇ મુહુત્તો ઇમંમિ ઊસાસા;
સગતીસ સય તિહુત્તર, તીસ ગુણા તે અહોરત્તે. ૧૭૮.

પક્ખં તેરસ સહસા, નઉયસયં અયર સંખયા દેવે;
પક્ખેહિં ઊસાસે, વાસ સહસ્સેહિં આહારો. ૧૭૯.
દસવાસ સહસ્સુવરિં, સમયાઇ જાવ સાગરં ઊણું;
દિવસ મુહુત્ત પુહુત્તા, આહારુસાસ સેસાણું. ૧૮૦.
સરીરેણ ઓયાહારો, તયાઇ ફાસેણ લોમ આહારો;
પક્ખેવાહારો પણ, કાવલિઓ હોઇ નાયવ્વો. ૧૮૧.
ઓયાહારા સવ્વે, અપજ્જત્ત પજ્જત્ત લોમ આહારો;
સુર નિરય ઇગિંદિ વિણા, સેસા ભવત્થા સપક્ખેવા. ૧૮૨
સચિત્તા-ચિત્તો-ભય, રૂવો આહાર સવ્વ તિરિયાણું;
સવ્વ-નરાણં ચ તહા, સુર-નેરઇયાણ અચ્ચિત્તો. ૧૮૩.
આભોગા-ણાભોગા, સવ્વેસિં હોઇ લોમ આહારો;
નિરયાણં અમણુન્નો, પરિણમઇ સુરાણ સમણુન્નો. ૧૮૪.
તહ વિગલ નારયાણં, અંતમુહુત્તા સ હોઈ ઉક્કોસો;
પંચિંદિ તિરિ નરાણં, સાહાવિઓ છટ્ઠ અટ્ઠમઓ. ૧૮૫.
વિગ્ગહ ગઈ- માવન્ના, કેવલિણો સમુહયા અજોગી ય;
સિદ્ધા ય અણાહારા, સેસા આહારગા જીવા. ૧૮૬.
કેસટ્ઠિ મંસ નહ રોમ, રુહિ વસ ચમ્મ મુત્ત પુરિસેહિં;
રહિયા નિમ્મલ દેહા, સુગંધ નીસાસ ગય લેવા. ૧૮૭.
અંતમુહુત્તેણં ચિય, પજ્જત્તા તરુણ પુરિસ સંકાસા;
સવ્વંગ ભૂસણધરા, અજરા નિરુયા સમા દેવા. ૧૮૮.

અણિમિસ નયણા મણ, કજ્જ સાહણા પુપ્ફ દામ
અભિલાણા.
ચઉરંગુલેણ ભૂમિં, ન છિવન્તિ સુરા જિણા બિંતિ. ૧૮૯
પંચસુ જિણકલ્લાણેસુ, ચેવ મહરિસિ તવાણુભાવાઓ,
જમ્મંતર નેહેણ ય, આગચ્છન્તિ સુરા ઇહયં. ૧૯૦.
સંકંતિ દિવ્ય-પેમા, વિસય-વસત્તા-સમત્ત-કત્તવ્વા;
અણહીણમણુયકજ્જા, નરભવ-મસુહં નઇંતિ સુરા. ૧૯૧.
ચત્તારિ પંચ જોયણ, સયાઇં ગંધો ય મણુય લોગસ્સ,
ઉડ્ઢં વચ્ચઇ જેણં, ન હુ દેવા તેણ આવન્તિ. ૧૯૨.
દોકપ્પ પઢમ પુઢવિં. દો દો દો બીય તઇયગં ચઉત્થિં,
ચઉ ઉવરિમ ઓહીએ, પાસન્તિ પંચમં પુઢવિં. ૧૯૩.
છટ્ઠિં છ ગેવિજ્જા, સત્તમીયરે અણુતર સુરા ઉ,
કિંચુણ લોગનાલિં, અસંખ દીવુદહિ તિરિયં તુ. ૧૯૪.
બહુઅરગં ઉવરિમગા, ઉવ્ઢં સવિમાણ ચુલિય ધયાઇ,
ઊણદ્ધ સાગરે સંખ, જોયણા તપ્પર-મસંખા. ૧૯૫.
પણવીસ જોયણ લહુ, નારય ભવણ વણ જોઇ કપ્પાણં,
ગેવિજ્જ-ણુત્તરાણ ય, જહસંખં ઓહિ આગારા. ૧૯૬.
તપ્પાગારે પલ્લગ, પડહગ જલ્લરિ મુઇંગ પુપ્ફ જવે,
તિરિયમણુએસુ ઓહિ, નાણવિહસંઠિઓ ભણિઓ. ૧૯૭.
ઉડ્ઢં ભવણ વણાણં, બહુગો વેમાણિયાણ હો ઓહી,
નારય જોઇસ તિરિયં, નર તિરિયાણં અણેગવિહો. ૧૯૮.

ઇય દેવાણં ભણિયં, ઠિઇ પમુહં નારયાણ વુચ્છામિ,
ઇગ તિન્નિ સત્ત દસ સત્તર, અયર બાવીસ તિત્તીસા.૧૯૯.
સત્ત ય પુઢવીસુ ઠિઇ, જિટ્ઠો–વરિમાઇ હિટ્ઠ પુઢવીએ,
હોઇ કમેણ કણિટ્ઠા, દસવાસ સહસ્સ પઢમાએ. ૨૦૦
નવઇ સમ સહસ લક્ખા,પુવ્વાણં કોડી અયર દસ ભાગ,
ઇક્કિક્ક ભાગ વુડ્ઢી, જા અયરં તેરસે પયરે. ૨૦૧.
ઇઅ જિટ્ઠ જહન્ના પુણ,દસ વાસ સહસ્સ લક્ખ પયર દુગે,
સેસેસુ ઉવરિ જિટ્ઠા. અહો કણિટ્ઠાઉ પઇ પુઢવિં.૨૦૨.
ઉવરિ ખિઇ ઠિઇ વિસેસો,
સગ પયર વિહત્તુ ઇચ્છ સંગુણિઓ,
ઉવરિમ ખિઇ ઠિઇ સહિઓ,
ઇચ્છિય પયરંમિ ઉક્કોસા. ૨૦૩.
બંધણ ગઇ સંઠાણા, ભેયા વન્ના ય ગંધ રસ ફાસા,
અગુરૂલહુ સદ્દ દસહા,અસુહા વિય પુગ્ગલા નિરએ.૨૦૪.
નરયા દસવિહ વેયણ, સી ઊસિણ ખુહ પિવાસ કંડૂહિં,
પરવસ્સં જર દાહં, ભય સોગં ચેવ વેયંતિ. ૨૦૫.
સત્તસુ ખિત્તજ વિયણા, અન્નન્ન કયા વિ પહરણેહિ વિણા,
પહરણ કયા વિ પંચસુ,તિસુ પરમાહમ્મિય કયાવિ.૨૦૬.
રયણપ્પહ સક્કરપહ, વાલુયપહ પંકપહ ય ધૂમપહા;
તમપહા તમતમપહા, કમેણ પુઢવીણ ગોત્તાઇં. ૨૦૭.
ઘમ્મા વંસા સેલા, અંજણ રિટ્ઠા મઘા ય માઘવઇ,
નામેહિં પુઢવીઓ, છત્તાઇછત્ત સંઠાણા. ૨૦૮.

અસીય બત્તીસ અડવીસ,વીસા અટ્ઠાર સોલ અડસહસા
લક્ખુવરિ પુઢવિ પિંડો,ઘણુદહિ ઘણવાયતણુવાયા.૨૦૯
ગયણં ચ પઇટ્ઠાણં, વીસ સહસ્સાઇં ઘણુદહી પિંડો,
ઘણતણુ વાયાગાસા, અસંખ જોયણ જુયા પિંડો.૨૧૦
ન ફુસંતિ અલોગં,ચઉદિસંપિ પુઢવીય વલય સંગહિયા.
રયણાએ વલયાણં, છદ્ધ પંચમ જોયણં સડ્ઢં. ૨૧૧.
વિક્ખંભો ઘણઉદહી. ઘણ તણુવાયાણ હોઇ જહસંખં,
સતિભાગ ગાઉયં,ગાઉયંચ તહ ગાઉય તિભાગો.૨૧૨.
પઢમ મહીવલએસું, ખિવિજ્જ એયં કમેણ બીયાએ,
દુ તિ ચઉ પંચ છ ગુણં,તઇયાઇસુતંપિ ખિવકમસો.૨૧૩.
મજ્ઝે ચિય પુઢવી અહે,ઘણુદહિ પમુહાણપિંડ પરિમાણં,
ભણિયં તઓ કમેણં, હાયઈ જા વલય પરિમાણં.૨૧૪.
તીસ પણવીસ પન્નરસ,દસ તિન્નિ પણૂણ એગ લક્ખાઇં,
પંચ ય નરયા કમસો, ચુલસી લક્ખાઇં સત્તસુ વિ.૨૧૫.
તેરિક્કારસ નવ સગ, પણ તિન્નિગ પયર સવ્વિગુણવન્ના,
સીમંતાઈ અપ્પઇ-ઠાણંતા ઇંદયા મજ્ઝે. ૨૧૬.
તેહિંતોદિસિવિદિસિં,વિણિગ્ગયાઅટ્ઠનિરય આવલીયા,
પઢમે પયરે દિસિ ગુણ-વન્ન વિદિસાસુ અડયાલા.૨૧૭.
બીયાઇસુ પયરેસુ, ઇગ ઇગ હીણા ઉ હુન્તિ પંતીઓ,
જા સત્તમી મહી પયરે,દિસિ ઇક્કિક્કો વિદિસિ નત્થિ.૨૧૮.

ઇટ્ઠ પયરેગ દિસિ,સંખ અડગુણા ચઉવિણા સઇગસંખા;
જહ સીમંતય પયરે, એગુણનઉયા સયા તિન્નિ. ૨૧૯.
અપયટ્ઠાણે પંચ ઉ, પઢમો મુહ-મંતિમો હવઇ ભૂમી;
મુહભૂમી સમાસદ્ધં, પયરગુણં હોઇ સવ્વધણં. ૨૨૦.
છન્નવઈ સય તિવન્ના, સત્તસુ પુઢવીસુ આવલી નિરયા;
સેસ તિયાસી લક્ખા,તિસય સિયાલા નવઇ સહસા. ૨૨૧.
તિસહસ્સુચ્ચા સવ્વે, સંખ-મસંખિજ્જ વિત્થડાયામા;
પણયાલ લક્ખ સીમંતઓ ય લક્ખં અપઇટ્ઠાણો.૨૨૨.
છસુ હિટ્ઠોવરિ જોયણ,સહસ્સ બાવન્ન સડ્ઢ ચરિમાએ;
પુઢવીએ નરય રહિયં. નરયા સેસંમિ સવ્વાસુ. ૨૨૩.
બિસહસ્સૂણાપુઢવી, તિસહસગુણિએહિં નિયય પયરેહિં;
ઊણા રુવૂણ નિય પયર, ભાઇયા પત્થડંતરયં. ૨૨૪.
પઉણટ્ઠ ધણુ છ અંગુલ, રયણાએ દેહમાણ-મુક્કોસં;
સેસાસુ દુગુણ દુગુણં,પણધણુ સય જાવ ચરમાએ.૨૨૫.
રયણાએ પઢમ પયરે, હત્થતિય દેહમાણ-મણુપયરં;
છપ્પન્નંગુલસડ્ઢા, વુડ્ઢી જા તેરસે પુન્નં. ૨૨૬.
જં દેહ પમાણ ઉવરિમાએ, પુઢવીઇ અંતિમે પયરે;
તં ચિય હિટ્ઠિમ પુઢવી, પઢમ પયરંમિ બોધવ્વં. ૨૨૭.
તં ચેગુણગ સગ પયર, ભઇયં બીયાઇ પયર વુડ્ઢિ ભવે;
તિકર તિ અંગુલ કરસત્ત, અંગુલા સટ્ઠિ ગુણવીસં.૨૨૮.

પણ ધણુ અંગુલ વીસં, પનરસ ધણુ દુન્નિ હત્થ સઢ્ઢા ય।
આસટ્ટિ ધણુહ સઢ્ઢા, પણ પુઢવી પયર વુઢ્ઢિ ઇમા. ૨૨૯
ઇઅ સાહાવિય દેહો, ઉત્તર વેઉવ્વિઓ ય તદ્દુગુણો;
દુવિહોવિ જહન્ન કમા, અંગુલ અસંખ સંખંસો.૨૩૦.
સત્તસુ ચઉવીસ મુહૂ, સગ પન્નર દિણેગ દુ ચઉ છમ્માસા
ઉવવાય ચવણ વિરહો, ઓહે બારસ મુહુત્ત ગુરૂ. ૨૩૧.
લહુઓ દુહાવિ સમઓ સંખા પુણ સુર સમા મુણેયવ્વા
સંખાઉ પજ્જત્ત પણિંદિ, તિરિ નરા જંતિ નરએસુ.૨૩૨
મિચ્છદ્દિટ્ઠિ મહારંભ, પરિગ્ગહો તિવ્વકોહ નિસ્સીલો;
નરયાઉઅં નિબંધઇ, પાવમઇ રૂદ્દ પરિણામો. ૨૩૩.
અસન્નિ સરિસિવ પક્ખી, સીહ ઉરગિત્થિ જન્તિ જા છટ્ઠિ
કમસો ઉક્કોસેણં, સત્તમ પુઢવિં મણુય મચ્છા. ૨૩૪.
વાલા દાઢી પક્ખી, જલયર નરયા–ગયા ઉ અઇકૂરા;
જંતિ પુણો નરએસુ, બાહુલ્લેણં ન ઉણ નિયમો. ૨૩૫
દો પઢમ પુઢવિ ગમણં, છેવટ્ટે કીલિયાઈ સંઘયણે;
ઇક્કિક્ક પુઢવિ વુઢ્ઢી, આઇતિલેસ્સાઉ નરએસું. ૨૩૬.
દુસુ કાઉ તઇયાએ, કાઉ નીલાય નીલ પંકાએ;
ધૂમાએ નીલ કિણ્હા, દુસુ કિણ્હા હુન્તિ લેસ્સાઓ.૨૩૭.
સુર નારયાણ તાઓ, દવ્વ લેસા અવટ્ઠિઆ ભણિયા;
ભાવ પરાવત્તીએ, એસિં હુન્તિ છલ્લેસા. ૨૩૮.

નિરઉવ્વટ્ટા ગબ્ભય, પજ્જત્ત સંખાઉ લદ્ધિ એએસિં,
ચક્કિ હરિ જુઅલ અરિહા.
જિણુ જઇ દિસિ સમ્મ પુહવિ કમા.૨૩૯.
રયણાએ ઓહિ ગાઉઅ ચત્તારિ અદ્ધુટ્ઠ ગુરૂ લહુ કમેણ,
પઇ પુઢવિ ગાઉયદ્ધં, હાયઇ જા સત્તમિ ઇગદ્ધં. ૨૪૦
ગબ્ભ નર તિ પલિયાઊ, તિ ગાઉ ઉક્કોસ તે જહન્નેણં,
મુચ્છિમદુહાવિ અંતમુહૂ,અંગુલ અસંખભાગતણૂ.૨૪૧.
બારસ મુહુત્ત ગબ્ભે, ઇયરે ચઉવીસ વિરહ ઉક્કોસો,
જમ્મ-મરણેસુ સમઓ,જહન્ન સંખાસુર સમાણા.૨૪૨.
સત્તમિ મહિ નેરઇએ, તેઊ વાઊ અસંખ નર તિરિએ;
મુત્તૂણ સેસ જીવા, ઉપ્પજ્જંતિ નરભવંમિ ૨૪૩.
સુર નેરઇએહિં ચિય, હવંતિ હરિ અરિહ ચક્કિ બલદેવા,
ચઊવિહ સુર ચક્કિ બલા, વેમાણિય હુન્તિ હ ર અરિહા.
હરિણો મણુસ્સ રયણાઇં, હુન્તિ નાણુત્તરેહિં દેવેહિં,
જહ સંભવ-મુવવાઓ,હય ગય એગિંદિ રયણાણં.૨૪૫.
વામ પમાણં ચક્કં, છત્તં દંડં દુહત્થયં ચમ્મં,
બત્તીસંગુલ ખગ્ગો, સુવન્નકાગિણિ ચઉરંગુલિયા.૨૪૬.
ચઉરંગુલો દુ અંગુલ-પિહુલો વ મણિ પુરોહિ ગયતુરયા,
સેણાવઇ ગાહાવઇ, વડ્ઢ ઇત્થી ચક્કિ રયણાઇં. ૨૪૭.
ચક્કં ધણુહં ખગ્ગો, મણી ગયા તહ ય હોઇ વણમાલા,
સંખો સત્ત ઇમાઇં, રયણાઇં વાસુદેવસ્સ. ૨૪૮.

સંખ નરા ચઉસુ ગઇસુ,જંતિપંચસુવિ પઢમ સંઘયણે,
ઇગ દુ તિ જા અટ્ઠસય , ઇગસમએ જંતિ તે સિદ્ધિં.૨૪૯.
વીસિત્થિ દસ નપુંસગ, પુરિસ-ટ્ઠસયં તુ એગસમએણં,
સિજ્ઝઇગિહિઅન્ન સલિંગ,ચઉદસ અટ્ઠાહિય સયંચ.૨૫૦
ગુરૂલહુ મજ્ઝિમ દો ચઉ, અટ્ઠસયં ઉડ્ઢહો તિરિયલોએ,
ચઉ બાવીસ-ટ્ઠસયં, દુ સમુદ્દે તિન્નિ સેસ જલે.૨૫૧.
નરય તિરિયા-ગયા દસ, નરદેવ ગઇઉ વીસ અટ્ઠસયં,
દસ રયણા સક્કર વાલુયાઉ, ચઉ પંક ભૂ દગઓ.૨૫૨.
છચ્ચ વણસ્સઇ દસ તિરિ,
તિરિત્થી દસ મણુય વીસ નારીઓ,
અસુરાઈ વંતરા દસ, પણ તદ્દેવિઉ પત્તેયં. ૨૫૩.
જોઈ દસ દેવિ વીસ , વેમાણિય-ટ્ઠસય વીસ દેવીઓ,
તહ પુંવેએહિંતો, પુરિસો હોઊણ અટ્ઠસયં. ૨૫૪.
સેસટ્ઠ ભંગએસુ, દસ દસ સિજ્ઝન્તિ એગ સમએણં,
વિરહો છમાસ ગુરૂઓ, લહુ સમઓ ચવણમિહ નત્થિ.
અડ સગ છ પંચ ચઉ તિન્નિ,દુન્નિ ઇક્કો ય સિજ્જમાણેસુ,
બત્તીસાઈસુ સમયા, નિરંતરં અંતરં ઉવરિં. ૨૫૬.
બત્તીસા અડયાલા, સટ્ઠી બાવત્તરી ય બોધવ્વા,
ચુલસીઇ છન્નવઈ, દુરહિય-મટ્ઠુત્તર સયં ચ. ૨૫૭.
પણયાલલક્ખજોયણ,વિક્ખંભાસિદ્ધસિલફલિહવિમલા,
તદુવરિગ જોયણંતે, લોગંતો તત્થ સિદ્ધ-ઠિઈ. ૨૫૮.

બાવીસસગ તિ દસ વાસ,સહસ ગણિતિદિણુ બેઇંદિયાઇસુ,
બારસવાસુણ પણુદિણ,છમ્માસ તિપલિયઠિઇજિટ્ઠા.૨૫૯.
સણ્હા ય સુદ્ધ વાલુય, મણોસિલા સક્કરા ય ખર પુઢવી,
ઇગ બાર ચઉદ સોલસ, ઢ્ઢારસ બાવીસ સમ સહસા.૨૬૦.
ગબ્ભભુય જલયરો-ભય,ગબ્ભોરગ પુવ્વકોડિ ઉક્કોસા,
ગબ્ભચઉપ્પય પક્ખિસુ,તિપલિય પલિયાઅસંખંસો.૨૬૧
પુવ્વસ્સ ઉ પરિમાણં, સયરિં ખલુ વાસ કોડિ લક્ખાઓ,
છપ્પન્નં ચ સહસ્સા, બોધવ્વા વાસ કોડીણં. ૨૬૨.
સમુચ્છિ પણિંદિ થલ ખયર,ઉરગ ભુયગ જિટ્ઠ ઠિઇકમસો,
વાસ સહસ્સા ચુલસી,બિસત્તરિ તિપન્ન બાયાલા.૨૬૩.
એસા પુઢવાઇણં, ભવઠિઇ સંપયં તુ કાયઠિઇ,
ચઉ એગિંદિસુણેયા,ઉસ્સપ્પિણિઓ અસંખિજ્જા.૨૬૪.
તાઓ વણંમિ અણંતા,સંખિજ્જા વાસ સહસ વિગલેસુ;
પંચિંદિ તિરિ નરેસુ, સત્તટ્ઠ ભવા ઉ ઉક્કોસા. ૨૬૫.
સવ્વેસિંપિ જહન્ના, અંતમુહુત્તં ભવે ય કાયે ય,
જોયણ સહસ્સ-મહિયં, એગિંદિય દેહ મુક્કોસં. ૨૬૬.
બિ તિ ચઉરિંદિ સરીરં,બારસ જોયણ તિકોસ ચઉકોસં,
જોયણ સહસ પણિંદિય, ઓહે વુચ્છં વિસેસં તુ. ૨૬૭.
અંગુલઅસંખ ભાગો,સુહુમનિગોઓ અસંખગુણવાઊ,
તો અગણિ તઓ આઉ, તત્તો સુહુમા ભવે પુઢવી.૨૬૮.

ના બાયર વાઉ ગણી, આઊ પૃઢવી નિગોય અણુક્કમસો,
પત્તેઅવાણુ સરીરં, અહિયં જોયણુ સહસ્સં તુ. ૨૬૯.

ઉસ્સેહંગુલ જોયણ, સહસ્સમાગે જલાસએ નેયં,
તં વલ્લિ પઉમ પમુહં, અઓ પરં પુઢવીરૂવં તુ. ૨૭૦.

બારસ જોયણ સંખો, તિકોસ ગુમ્મીય જોયણું ભમરો,
મુચ્છિમ ચઉપય ભુય,ગુરગગાઊ-ધણુ-જોયણ-પુહુત્તં.૨૭૧

ગબ્ભ ચઉપ્પય છગ્ગાઉયાઇ ભુયગાઉ ગાઉય પુહુત્તં,
જોયણ સહસ્સ-મુરગા, મચ્છા ઉભયે વિય સહસ્સં.૨૭૨.

પક્ખિ દુગધણુ પુહુત્તં,સવ્વાણું-ગુલ અસંખ ભાગ લહુ,
વિરહો વિગલાસન્નીણ, જન્મ મરણેસુ અંતમુહૂ. ૨૭૩.

ગબ્ભે મુહુત્ત બારસ, ગુરૂઓ લહુ સમય સંખ સુર તુલ્લા,
અણુસમય-મસંખિજ્જા,એગિંદિય હુંતિ ય ચવંતિ.૨૭૪.

વણકાઇઓ અણંતા, ઇક્કિક્કાઓ વિ જં નિગોયાઓ,
નિચ્ચ-મસંખો ભાગો, અણંત જીવો ચયઈ એઈ.૨૭૫.

ગોલા ય અસંખિજ્જા, અસંખ નિગોયઓ હવઇગોલો,
ઇક્કિક્કંમિ નિગોએ, અણંત જીવા મુણેયવ્વા. ૨૭૬.

અત્થિ અણંતા જીવા,જેહિં ન પત્તો તસાઇ પરિણામો,
ઉપ્પજ્જંતિ ચયંતિ ય, પુણો વિ તત્થેવ તત્થેવ.૨૭૭.

સવ્વોવિકિસલઓખલુ,ઉગ્ગમમાણો અણંતઓભણિઓ,
સો ચેવ વિવડ્ઢંતો, હોઈ પરિત્તો અણંતો વા. ૨૭૮.

જયા મોહોદઓ તિવ્વો, અન્નાણં ખુ મહબ્ભયં,
પેલવં વેયણીયં તુ, તયા એગિંદિયત્તણં. ૨૭૯.
તિરિએસુ જંતિ સંખાઉ, તિરિ નરા જા દુકપ્પ દેવાઓ;
પજ્જત્ત સંખ ગબ્ભય, બાયર ભૂ દગ પરિત્તેસુ. ૨૮૦.
તો સહસારંત સુરા, નિરયા પજ્જત્ત સંખ ગબ્ભેસુ;
સંખપણિંદિયતિરિયા, મરિઉંચઉસુવિગઇસુજન્તિ.૨૮૧.
થાવર વિગલા નિયમા, સંખાઉ ય તિરિ નરેસુ ગચ્છન્તિ;
વિગલાલબ્ભિજ્જવિરઈ,સમ્મંપિનતેઉવાઉચુયા.૨૮૨.
પુઢવી દગ પરિત્તવણા, બાયર પજ્જત્ત હુન્તિ ચઉલેસા;
ગબ્ભય તિરિય નરાણં, છલ્લેસા તિન્નિ સેસાણં. ૨૮૩.
અંતમુહુત્તંમિ ગએ, અંતમુહુત્તંમિ સેસએ ચેવ;
લેસાહિ પરિણયાહિં, જીવા વચ્ચંતિ પરલોયં. ૨૮૪.
તિરિ નર આગામિ ભવ, લેસ્સાએ અઇગયે સુરા નિરયા;
પુવ્વ ભવ લેસ્સ સેસે, અંતમુહુત્તે મરણમિ તિ. ૨૮૫.
અંતમુહુત્ત ઠિઇઓ, તિરિય નરાણં હવન્તિ લેસ્સાઓ,
ચરિમા નરાણ પુણ નવ, વાસૂણા પુવ્વકોડી વિ. ૨૮૬.
તિરિયાણ વિ ઠિઇપમુહં,ભણિય-મસેસં પિ સંપઇ વુચ્છં,
અભિહિય દાર-બ્ભહિયં,ચઉગઇ જીવાણ સામન્નં.૨૮૭.
દેવા અસંખ નર તિરિ, ઇત્થી પુંવેય ગબ્ભ નર તિરિયા;
સંખાઉયા તિ વેયા, નપુંસગા નારયાઇઆ. ૨૮૮.

આયંગુલેણ વત્થું, સરીર–મુસ્સેહ–અંગુલેણ તહા;
નગ–પુઢવિ–વિમાણાઈં, મિણસુ પમાણં–ગુલેણં તુ.૨૮૯;
સત્થેણ સુતિક્ખેણ વિ, છત્તું ભિત્તું ચ જં કિર ન સક્કા;
તં પરમાણું સિદ્ધા, વયંતિ આઈં પમાણાણં. ૨૯૦.
પરમાણુ તસરેણુ, રહરેણુ વાલઅગ્ગ લિક્ખા ય;
જુય જવો અટ્ઠગુણા, કમેણ ઉસ્સેહ–અંગુલયં. ૨૯૧
અંગુલ છક્કં પાઓ, સો દુગુણ વિહત્થિ સા દુગુણ હત્થો;
ચઉહત્થં ધણુ દુસહસ, કોસો તે જોયણં ચઉરો. ૨૯૨.
ચઉસયગુણં પમાણં, ગુલ મુસ્સેહં–ગુલાઉ બોધવ્વં,
ઉસ્સેહં–ગુલ દુગુણં, વીરસ્સાયં–ગુલં ભણિયં. ૨૯૩.
પુઢવાઇસુ પત્તેયં, સગ વણ પત્તેય ણંત દસ ચઉદ;
વિગલે દુદુ સુર નારય,તિરિ ચઉચઉચઉદસ નરેસુ.૨૯૪.
એગિંદિએસુ પચસુ, બાર સગ તિ સત્ત અટ્ઠવીસા ય;
વિગલેસુસત્તઅડનવ,જલખહચઉપય ઉરગ ભુયગે.૨૯૫.
અદ્ધ તેરસ બારસ, દસ દસ નવગં નરામરે નિરએ;
બારસ છવ્વીસ પણવીસ,હુન્તિ કુલ કોડિ લક્ખાઇં.૨૯૬.
ઇગ કોડિ સત્ત નવઈ, લક્ખા સડ્ઢા કુલાણ કોડીણં;
સંવુડજોણિસુરેગિંદિ,નારયાવિયડવિગલગબ્ભુભયા.૨૯૭.
અચિત્ત જોણિ સુર નિરય, મીસ ગબ્ભે તિભેય સેસાણં.
સી ઉસિણનિરય સુરગબ્ભ,મીસતેઉસિણસેસતિહા.૨૯૮.

હયગબ્ભ સંખવત્તા, જોણી કુમુન્નયાઇ જાયંતિ;
અરિહ હરિ ચક્કિ રામા, ચંસી પત્તાઈ સેસનરા. ૨૯૯.
આઉસ્સ બંધ કાલો, અબ હકાલો ય અંતસમઐા ય;
અપવત્તણ-ણપવત્તણ, ઉવક્કમ-ણુવક્કમા ભણિયા.૩૦૦.
બંધન્તિ દેવ નારાય, અસંખ નર તિરિ છ માસ સેસાઊ
પરભવિયાઊ સેસા, નિરૂવક્કમ તિભાગ સેસાઊ. ૩૦૧.
સોવક્કમાઉયા પુણ, સેસ તિભાગે અહવ નવમ ભાગે;
સત્તાવીસઇમે વા, અંતમુહુત્તં-તિમે વા વિ. ૩૦૨.
જઇમિ ભાગે બંધો, આઉસ્સ ભવે અબાહ કાલો સો,
અંતે ઉજ્જુગઇઇગ,સમય વક્ક ચઉ પંચ સમયંતા.૩૦૩
ઉજ્જુગઇ પઢમ સમએ, પરભવિયં આઉયં તહા-હારો
વક્કાઇ બીય સમએ, પરભવિયાઉં ઉદય-મેઇ. ૩૦૪.
ઇગ દુ તિ ચઉ વક્કાસુ, દુગાઇસમએસુ પરભવાહારો;
દુગવક્કાઇસુ સમયા, ઇગ દો તિન્નિય અણાહારા. ૩૦૫
બહુકાલ વેયણિજ્જં, કમ્મં અપ્પેણ જમિહ કાલેણ,
વેઇજ્જઇ જુગવં ચિય, ઉઇન્ન સવ્વ-પએસગ્ગં. ૩૦૬.
અપવત્તણિજ્જ-મેયં, આઉં અહવા અસેસ-કમ્મંપિ;
બંધ સમએ વિ બદ્ધં,સિઢિલં ચિય તં જહા જોગં. ૩૦૭.
જં પુણ ગાઢ નિકાયણ, બંધેણં પુવ્વમેવ કિલ બદ્ધં;
તં હોઈ અણપવત્તણ,જુગ્ગં કમ વેયણિજ્જ ફલં. ૩૦૮.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમદાવાદ.